કૉમ્પ્યુટર કી બોર્ડ તેની ડીઝાઇન અને બંધારણમાં વિવિધતા ધરાવે છે. પરંતુ તે બધા ખૂબ જ સમાન હોય છે. તે બધામાં 101, 104 અથવા વધારાની કી-બોર્ડ હોય છે. તેનાં મુખ્ય લક્ષણોમાં કેપ્સ લોક્સ, નેમલોક, ફંક્શન કી, નિયમન બેક સ્પેસ, ટેબ, પ્રીન્ટ સ્ક્રીન અને ઘણાં અન્ય કાર્યોનો સમાવેશ થાય છે. અત્યાધુનિક કી-બોર્ડમાં વધારાનાં લક્ષણો જેવાં કે વધારાનાં બટન જે વ્યક્તિને વેબ તરફની સુવિધા આપે. ફાઇલ્સની શોધ અને એક સ્પર્શ સાથે સંગીત સુવિધાની સુવિધા પુરી પાડે છે. આના ઉપયોગમાં આવતુ પ્રખ્યાત કી-બોર્ડ QWERTY કી-બોર્ડ છે. કી-બોર્ડનું કાર્ય એક મિનિટમાં ભાગ્યે જ સો શબ્દો છે. બીજા પ્રકારના કી-બોર્ડ કે જે ઘણા દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે તે ડી-વોર્ક કી-બોર્ડ તરીકે ઓળખાય છે જે તેના શોધકના નામ પરથી પડ્યું છે. ઘણા લોકોએ એવો દાવો કરેલ છે કે આ કી-બોર્ડ QWERTY કી-બોર્ડ કરતા વધારે અસરકારક છે. આ બંને કી-બોર્ડ વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે QWERTY તંત્રમાં આલ્ફાબેટ Q થી શરૂ થાય છે. પછી W પછી E જ્યારે બીજા તંત્રમાં તે વિભિન્ન આલ્ફાબેટથી શરૂ થાય છે.

#### ◆ માઉસ (MOUSE)

માઉસ (Mouse) એ એક અતિ સામાન્ય ઇનપુટ સાધન (Input Devices) બન્યાં છે. વિભિન્ન પ્રકારના માઉસ હોય છે. સામાન્ય વપરાશમાં આવતા માઉસમાં રોલીંગ બોલ અને ઘણા બટન હોય છે. જે દબાવવાથી ચોક્કસ આદેશ મળે છે. જેવી રીતે માઉસ ફરે છે તેમ તેનો બોલ ગોળ ફરે છે અને યાંત્રિક સિગ્નલને કૉમ્પ્યુટરમાં પહોંચાડે છે. અને સ્ક્રીન પર કર્સર પણ ફરે છે. આ પ્રકારના માઉસ સાથે એક સમસ્યા જોડાયેલ છે જે ધૂળ (dust) ની છે, જ્યારે તે ઉપયોગમાં હોય ત્યારે તે રોલર દ્વારા ધૂળને જમા કરે છે. આ ધૂળ સામાન્ય રીતે માઉસની સરળ મૂવમેન્ટને અસર કરે છે. પરિણામે કર્સર સ્ક્રીન પર ઊંચું રહી જાય છે. ઓપ્ટીકલ માઉસના ઉપયોગથી આ પ્રકારની સમસ્યાઓને ઓછી કરી શકાય છે.

#### ◆ સ્કેનર્સ (Scanners)

છાપલું સાહિત્ય સરળતાથી કૉમ્પ્યુટરમાં આવી જાય છે. તેને ફરીવખત લખવાની જરૂર પડતી નથી. સ્કેનર એ એક એવું સાધન છે જે આ કાર્યને પૂર્ણ કરે છે. સ્કેનર માહિતીને પકડે છે. (Capture) અને ગ્રાફીક સ્વરૂપમાં ગ્રાફીકલ સ્ક્રીન પર દર્શાવવા માટે તેનો સંગ્રહ કરે છે. સ્કેનરમાં બે ઘટકો આવેલા હોય છે. પ્રથમ એક કે જે પ્રકાશિત થાય છે જેથી ઓપ્ટીકલ ઇમેજ પકડવામાં આવે છે અને બીજુ ઘટક એ કૉમ્પ્યુટર દ્વારા આ ઓપ્ટીકલ ઇમેજને ડીજીટલ સ્વરૂપમાં સંગ્રહ માટે ફેરવે છે. આવી રીતે ગ્રાફીક ઇમેજ પણ હવે સ્કેન થાય છે. જે કૉમ્પ્યુટર દ્વારા જોઈ શકાય છે. અથવા તો તેની પર પ્રક્રિયા કરી શકાય છે.

સ્કેનિંગ સાધનો વિવિધ પ્રકારનાં આવે છે. પરંતુ તેમાંના બે કે જે ખૂબ જ વિશાળ ઉપયોગમાં લેવામાં આવે છે. તેમાનું એક ફ્લેટ બેડ સ્કેનર (Flat Bed Scanner) અને બીજું બારકોડ સ્કેનર છે. આધુનિક ફ્લેટ બેડ સ્કેનરને લખાણ/ અને ઇમેજ એ બંનેનું સ્કેન કરવા માટે વપરાય છે. જ્યારે લખાણ/ઇમેજનું સ્કેનીંગ કરવાનું હોય તે એકવાર ડીજીટલ સ્વરૂપમાં આવી જાય ત્યાર પછી જે તે સોફ્ટવેર દ્વારા પ્રક્રિયા કરવામાં આવે છે. જેથી ઇમેજની દરેક લાઇન લખાણમાં પરિવર્તિત થાય. ચિત્રો પણ આ જ રીતે સ્કેન થઈ શકે છે. આ ઉપરાંત, સ્કેનર જે તે ઇમેજના ભાગોને ડીજીટલ સ્વરૂપમાં ફેરવે છે. અને તેને નાનાં ટપકાંવાળી (જેને Pixels કહેવામાં આવે છે.) ઇમેજમાં છાપે છે. રંગોને એક એક પીક્સલ (Pixels by Pixels) કરીને એક ગ્રાફિક ઇમેજ બનાવીને કૉમ્પ્યુટરમાં દાખલ કરવામાં આવે છે.

પ્રોદ્યોગિકીના વિકાસને લીધે હવે સ્કેનર આર્થિક રીતે પોસાય તેવા બન્યા છે. અને કેટલીક કૉમ્પ્યુટર સીસ્ટમ સાથે સ્કેનર પણ પૂરા પાડવામાં/આપવામાં આવે છે.

સ્કેનરની બીજી ભાત (પ્રકાર, Variety) એ બારકોડ સ્કેનર તરીકે ઓળખાય છે. (Barcode Scanner) આ સાધનો નાનાં અને હાથમાં પકડી શકાય તેવાં સાધનો છે. કે જે UPC (Universal Product Code) એટલે કે સાર્વત્રિક પેદાશ કોડને વાંચે છે. આ સાધનનું એક અમલીકરણ ગ્રંથાલયોમાં જે તે પુસ્તકોના એક્સેસન નંબર (Accession Number) સ્કેન કરવા ઇશ્યૂ કાઉન્ટર ઉપર થતું જોવા મળે છે.

◆ **ગ્રાફિક ટેબલેટ (Graphic Tablets)**

ગ્રાફિક ટેબલેટ એ ઇલેક્ટ્રોનિક પેન્ટોગ્રાફ (Pantograph) જેવું સાધન છે. પેન્ટોગ્રાફ મશીનો ચિત્રકામ (drawing) નું અનુરેખણ કરવા માટે વિકસાવવામાં આવ્યા હતા. આ સાધનમાં બે પેન હોય છે. જે યાંત્રિકીરણ દ્વારા જોડાયેલ હોય છે. એક પેન વડે ચિત્રકામનું અનુરેખણ થાય છે/કરે છે. જ્યારે બીજી પેન હલનચલન કરે છે અને ઓરીજનલ ડ્રોઇંગની નકલ બનાવે છે. ઇલેક્ટ્રોનીક ગ્રાફિક ટેબલેટને એક પેડ (Pad) પર ચારેતરફ ફેરવવામાં આવે છે અથવા તો સ્ટાઇલસનો ઉપયોગ નવું ચિત્રકામ તૈયાર કરવામાં થાય છે. આ પેડ પર આપણે જેમ જેમ દોરતા જઇએ છીએ તેમ કૉમ્પ્યુટરમાં ઇલેક્ટ્રોનીક સિંગ્નલ મોકલવામાં આવે છે. આ પેડ ઘણાબધા પિક્સલમાં વહેંચાયેલું હોય છે. જ્યારે આપણે કોઈ એક પિક્સલ ઉપરથી પસાર થઇએ કે પિક્સલ દબાવીએ ત્યારે તેને લાગુ પડતા પિકસલ્સ કે જે સ્ક્રીન પર રહેલા હોય છે તે ઝળકી ઊઠે છે, સ્ક્રીન પર લાઇટ કરે છે.

◆ **સ્પર્શ સ્ક્રીન (Touch Screens)**

કેટલાક કૉમ્પ્યુટરને સ્પર્શસ્ક્રીન હોય છે. જે માનવ સ્પર્શથી સંવેદનશીલ હોય છે. આપણે આપણી આંગળીનો ઉપયોગ સ્ક્રીનને સ્પર્શ કરવામાં કરીએ છીએ અને આદેશ પ્રાપ્ત થાય છે. કૉમ્પ્યુટર સ્ક્રીનને માનવ સ્પર્શથી સંવેદનશીલ બનાવવા ઘણા બધા સાધનોનો ઉપયોગ થાય છે. તેમાના કેટલાક ઇન્ફ્રારેટ સ્ક્રીન વાતાવરણવાળા હોય છે. LCD સ્ક્રીન ઇન્ફ્રારેક પ્રકાશને બહાર કાઢે છે. જ્યારે કોઈ આંગળી વડે બીજાને તોડે ત્યારે કૉમ્પ્યુટર તેને શોધી કાઢે છે. તેમાં દબાણના સંવેદનવાળી સ્ક્રીન પણ હોય છે. જે માયલરની શીટ સંપર્કમાં આવે છે. આમ, કૉમ્પ્યુટર દ્વારા શોધવામાં આવેલ યાંત્રિક સર્કિટ પૂર્ણ થાય છે.

◆ **અવાજ / વાણી ઇનપુટ (Voice/Speech Input)**

"એ નોંધવુ જોઇએ કે કૉમ્પ્યુટરની કાર્યની ઝડપી પ્રક્રિયા હોવા છતાં કી-બોર્ડ તેને ધીમો પાડે છે." આ એટલા માટે કારણ કે કૉમ્પ્યુટર દ્વારા માહિતી પ્રક્રિયા કરવા માટે તમારે પહેલા કૉમ્પ્યુટરમાં તેને દાખલ કરવી પડે. લોકો માત્ર ચોક્કસ ગતિએ લખી શકે છે જે કૉમ્પ્યુટરની કાર્ય કરવાની ગતિને મળતી નથી. તેથી જ આદર્શ પરિસ્થિતિ એ કહેવાય કે જેમા લોકો કૉમ્પ્યુટર સાથે બોલી શકે. જેમ કે, પોતાના સાથી મિત્રો સાથે બોલતા હોય. જે લોકો લખાણ ટાઇપ કઇ રીતે કરવું તે નથી જાણતા તેવા લોકો માટે આ કૉમ્પ્યુટરને ઝડપી અને સરળ પ્રક્રિયાવાળું બનાવશે.

માનવને કૉમ્પ્યુટર સાથે વાતચીત કરવા સક્ષમ બનાવવા અવાજ/વાણી ઇનપુટ સાધન વિકસાવવામાં આવે છે. વાસ્તવમાં આ એક માત્ર સાધનો ખૂબ જ ઉત્તેજક ક્ષેત્ર છે કે જેમા માનવના અવાજ/વાણી ઓળખવાના હોય છે. જેથી કૉમ્પ્યુટર સીધી રીતે જ કાર્ય કરે. આ અભિગમ ડેટામાં કી-ઉપયોગ ઘટાડી દે છે. જ્યાં સુધી વાણી ઓળખયંત્ર કોણ બોલે છે અને તેનો સંદેશો શું છે ? તે ઓળખવા સક્ષમ નહીં બને ત્યાં સુધી સંશોધન માટે ઘણી સમસ્યાઓ રહેશે. અવાજ ઓળખ પ્રયુક્તિમાં ઘણીબધી અન્ય પ્રયુક્તિઓ પણ સમાયેલ છે. જે અવાજના તરંગોને યોગ્ય શબ્દમાં અને તે શબ્દને યોગ્ય અર્થમાં ઊતારે છે. જે વ્યાવસાયિક ધોરણે કોમ્પ્રેહેન્સીવ (Comprehensive) વાણી ઓળખ તંત્રની જરૂરિયાત હોય છે. આપણે આ દિશામાં કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. આજે વ્યાવસાયિક સાધનો ઉપલબ્ધ થયાં છે. જે માનવ અવાજને મર્યાદિત સ્કોપ અને અમલીકરણ દ્વારા ઓળખે અને વર્ણવે છે. વર્તમાન તંત્ર શીખેલા અવાજવાળી વ્યક્તિના નાની સંખ્યાના શબ્દો અને શબ્દ સમૂહ પકડે છે અને પ્રતિભાવ

આપે છે. ઓળખના ભાવ ખૂબ જ ઊંચા હોય છે. પરંતુ તે વિશાળ પ્રમાણમાં અમલમાં નથી આવ્યું. અવાજની ઓળખ એ પાંચમી પેઢીના કૉમ્પ્યુટરની કેન્દ્રિય થીમ છે.

◆ **ડીજીટલ કેમેરા (Digital Cameras)**

ડીજીટલ ફોટોગ્રાફી શબ્દ ફિલ્મના ઉપયોગ વિના પિક્ચર્કર્સ લેવામાં આવે તેમા વાપરી શકાય. ઈમેજ કેમેરાની મેમરી મોડ્યુલમાં બચાવેલી હોય છે અને ત્યારબાદ કૉમ્પ્યુટરની ગ્રાફીક પ્રોગ્રામમાં લોડેડ થાય છે. ત્યાં કોઈપણ સુધારી શકે અને પ્રિન્ટ કરી શકે. ફોટોગ્રાફીકનો આ અભિગમ તાત્કાલીકતા અને ઉપયોગની સરળતા પૂરી પાડે છે જે પહેલાની ફોટોગ્રાફીકમાં પ્રાપ્ત ન હતી. આ બધુ ખાસ સાધનના ઉપયોગ દ્વારા શક્ય બન્યું છે. જે ડીજીટલ કેમેરા તરીકે ઓળખાય છે. ડીજીટલ કેમેરા કૉમ્પ્યુટરમાં ઈનપુટ સાધન તરીકે કાર્ય કરે છે.

ઈમેજનું ઉત્પાદન કરવા માટે આધુનિક કેમેરા નાના પ્રકાશની સંવેદનાઓનો ઉપયોગ કરતો કે જે યાંત્રિક દબાણના પ્રકાશને પ્રસ્તુત કરતું હતું. આ સ્કેનર આધુનિક કોપી અને વિડિયો કેમેરામાં ઉપયોગમાં આવતી સમાન પ્રોદ્યોગિકી હતી. સંવાદિત ક્ષેત્રમાં અસંખ્ય ચિત્ર ઘટકો (Pixels) ઓપ્ટીકલ વ્યવસ્થાપન કરે છે કે જેનાથી ચિત્ર લઈ શકાતા હતા. ઉદા. તરીકે જો કેમેરાને ઓપ્ટીકલ રીવોલ્યુશન 640 × 480 પિક્સલ હોય, જેમા 307, 200 વ્યક્તિગત સેન્સર્સ હોય છે જે અંતિમ ઈમેજને પેદા કરે છે. સંપૂર્ણ સેન્સરની ગોઠવણી ચાર્જ કપલ્ડ સાધન (CCD) તરીકે બોલાય છે અને ઘણા આધુનિક કેમેરામાં ઉપયોગી થાય છે. આધુનિક કેમેરાએ ઈમેજ અને વિડિયો બંનેને કૉમ્પ્યુટરમાં લાવવું સરળ બનાવ્યું. આમાના ઘણાબધા સાધનો નાના છે અને તેનું USB પોર્ટ દ્વારા અથવા વિડિયો દ્વારા જોડાણ સરળ બન્યું છે. કેટલાક કેમેરાઓ ફ્લોપી ડીસ્ક અને ફાઈલ્સના ઉપયોગની સંમતિ આપે છે કે જે ફ્લોપી ડ્રાઈવમાં થઈને કૉમ્પ્યુટરમાં નાંખે છે. વર્તમાનમાં ડિજીટલ કેમેરાઓ ખૂબ જ ખર્ચાળ છે. પરંતુ જે રીતે સમય પ્રગતિ કરે છે અને પ્રોદ્યોગિકી વિકાસ કરે છે તેથી એવી આશા બાંધી શકાય કે તેના ભાવ નીચા જાય અને ડિજીટલ કેમેરા બધા કૉમ્પ્યુટર માટે આકર્ષક એસેસરી બને.

◆ **ચુંબકીય શાહી અક્ષરોની ઓળખ (Magnetic Ink Character Recognition)**

ચુંબકીય શાહી અક્ષરોની ઓળખ (MICR) એ અક્ષર વાંચવાની પ્રક્રિયા છે. જે ચુંબકીય શાહીમાં છાપેલા હોય છે. MCIR સાધનો સામાન્ય રીતે બેન્કીંગ ઉદ્યોગ દ્વારા ચેક્સ પર રહેલા ખાતા નંબર સીધી રીતે વાંચવા અને જરૂરી પ્રક્રિયા કરવા વપરાય છે. આ સાધનો ઝડપી અને ભૂલરહિત હોય છે. પરંતુ તે આંકડાઓ અને ખાસ ચાર અક્ષરો સ્વીકારે છે. ચેકમાં આંકડાઓની હરોળ તેના તળિયે ચુંબકીય શાહીથી છાપેલી હોય છે. આ ખર્ચાળ અને વિશિષ્ટ યંત્ર કે જે અક્ષરોનો ઉપયોગ દસ્તાવેજ પર આર્યન ઓક્સાઈડ વાળી ખાસ શાહી વડે છાપવા થાય છે. આ આર્યન ચુંબકીય હોય છે અને આ ચુંબકીય સ્વયંસંચાલિત સાધનની મદદ વડે વાંચી શકાય છે. એ ચેકને અલગ પાડે છે અને તેમાંથી ડેટા ઈનપુટ કરે છે.

◆ **ઓપ્ટીકલ અક્ષર વાંચન (Optical Character Readers)**

ઓપ્ટીકલ અક્ષર વાંચન (OCR) નો ડેટા ઈનપુટ કરવાના સાધન તરીકે ઉપયોગ થાય છે. જે છાપેલા અથવા લખેલા અક્ષરોને પ્રકાશ સ્કેનીંગ પ્રક્રિયા દ્વારા ઓળખી શકે છે. ઘણા વ્યાવસાયિક દસ્તાવેજો જેવા કે ટેલીફોન બિલ, ઈલેક્ટ્રીક બિલ, વગેરે. તેના તળિયે હરોળમાં આંકડાઓ હોય છે કે જે OCR સ્કેનર દ્વારા વાંચી શકાય છે. વિશિષ્ટ પ્રકારનું ફેસ અક્ષરો માટે વપરાય છે કે જે સહેલાઈથી વાંચવા સક્ષમ બનાવે છે.

OCR ની સરળ વિવિધતા માર્ક સેન્સીંગ અથવા ઓપ્ટીકલ માર્કની ઓળખ (OMR) છે. માર્ક સેન્સ સાધન દસ્તાવેજમાં પેન્સીલથી ઝાંખા કરેલ ચોક્કસ ક્ષેત્રને ઓળખી શકે છે. પુનરાવર્તિત પ્રકાશના ઉપયોગ દ્વારા માર્ક (નિશાની)ની ઓળખ થાય છે. માર્ક સેન્સ દસ્તાવેજના UPSC પરીક્ષા અરજી ફોર્મ, પરીક્ષા જવાબવહી, ફૂટબોલના કુપન્સ, ગેસ અને યાંત્રિક ઊર્જા મીટર વાંચન માટે વાપરવામાં આવતા સ્વરૂપો આ બહુવૈકલ્પિક પ્રશ્નોવાળી પરીક્ષામાં નિશાની માટે પણ ઉપયોગમાં આવે છે.

આ બધા સાધનોની અત્યાર સુધી ચર્ચા કરેલ છે. તે એકલા ઇનપુટ સાધનો તરીકે ઓળખાય છે. જેવી રીતે કી થી ટેપ, કી થી ડિસ્ક અને કી થી ડીસ્કેટ તે નોંધવું જોઇએ. ઇનપુટ ડિવાઇસની વિશાળ શ્રેણી છે અને કોઇએક તેની પસંદગી મુજબ તેમાંથી પસંદગી કરી શકે છે. ચાલો, હવે આઉટપુટ સાધનોના વિસ્તાર અને તેનાં લક્ષણોનું પરીક્ષણ કરીએ.

### 1.5.2 આઉટપુટ ઘટકો/સાધનો (Output Devices)

આના પહેલાના વિભાગમાં આપણે કેટલાંક મહત્ત્વનાં ઇનપુટ સાધનો અને તેના મહત્ત્વનાં લક્ષણો વિશે ભણ્યા. આપણે વર્તમાન સમયમાં કૉમ્પ્યુટર પ્રક્રિયાનાં વાતાવરણમાં વપરાતા આઉટપુટ સાધનો વિશે પણ જાણવું જોઇએ.

જ્યારે તમે કૉમ્પ્યુટર સાથે કામ કરો. ત્યારે તમે શું કામ કરો છો તે તેમને જોવું ગમશે. સ્ક્રીન પર રહેલ ઇમેજ સામાન્ય રીતે નરમ નકલ (Soft Copy) તરીકે પ્રસ્તુત થાય છે. કારણ કે તેઓ દૃશ્ય છે, પરંતુ તેઓ હજી ડિજીટલ સ્વરૂપમાં જ છે કે જેને તમે ભૌતિક રીતે નિયંત્રિત નથી કરી શકતા. તમારે તમારી કામની નકલ કાગળ પર લેવી જોઇએ કે જેથી તમે તેને ફાઇલ પણ કરી શકો. આ પ્રકારના આઉટપુટને 'સખત નકલ' કહેવાય છે. કારણ કે તે ભૌતિક છે. અને હવે તમે તેને સંભાળવા સક્ષમ થયા છો. સાધનો કે જે તમને આવું કરવા સક્ષમ બનાવે તેને આઉટપુટ સાધનો કહેવાય છે. તેઓને કહેવામાં આવે છે જેથી સાધનો કૉમ્પ્યુટરમાંથી માહિતી પ્રાપ્ત કરી શકો છો.

સામાન્ય રીતે આઉટપુટ બે રીતે ઉત્પન્ન થાય છે : કાં તો ડિસપ્લે સાધનોના એકમમાં અથવા કાગળ પર બીજા પ્રકારના આઉટપુટ જેવા કે વાણી આઉટપુટ, યાંત્રિક આઉટપુટ પણ બીજા અમલીકરણ ઉપયોગમાં આવે છે.

◆ **ડિસ્પ્લે સાધનો (Display Devices)**

કૉમ્પ્યુટરમાં એક અતિ મહત્ત્વનું સાધન ગ્રાફિક ડિસ્પ્લે સાધન છે. પરંપરાગત કૉમ્પ્યુટરમાં કૉમ્પ્યુટર ડિસ્પ્લે ટર્મિનલ આલ્ફા આંકડાકીય ટર્મિનલ તરીકે ઓળખાય છે. ડિસ્પ્લેના અક્ષરો ઘણાં બધાં ટપકાંમાંથી આવેલ હોય છે. (સામાન્ય રીતે 5×7 અથવા 7×9) આ સ્ક્રીન પર દર્શાયેલ લખાણ માહિતી વાંચવા માટે ઉપયોગી થાય છે. આ ઉપરાંત વપરાશકર્તા માટે અસરકારક પ્રત્યાયન અને નિર્ણય લેવા માટે માહિતીનું દૃશ્ય પ્રદર્શન સારૂ થાય તે માટે ગ્રાફ, ડાયેગ્રામ અને ચિત્રોના ડિસ્પ્લેની માંગ ખૂબ વધી છે.

ગ્રાફિક ડિસ્પ્લે ટપકાની શ્રેણી દ્વારા બને છે જે પિક્સલ તરીકે ઓળખાય છે. જેની પદ્ધતિ ઇમેજ ઉત્પન્ન કરે છે. સ્ક્રીન પર રહેલ દરેક ટપકું વ્યક્તિગત રીતે નિયંત્રણમાં આવે ત્યાં સુધી ચિત્ર દોરવાની વધારે સાનુકૂળતા મળે છે. કૉમ્પ્યુટર વિજ્ઞાનના સાહિત્યમાં ત્રણ પ્રકારની ડિસ્પ્લે સ્ક્રીન પ્રોદ્યોગિકીમાં ઓળખવામાં અને ચર્ચવામાં આવેલ છે. જે આ મુજબ છે.

- કેથોડ પ્રકાશિત ટ્યુબ (CRT) (Cathode Ray Tubs)
- પ્રવાહી ક્રીસ્ટલ ડિસ્પ્લે (Liquid Crustal Display)
- પ્રોજેક્શન ડિસ્પ્લે (Projection Display)

◆ **કેથોડ પ્રકાશિત ટ્યુબ (CRT) (Cathode Ray Tube)**

CRT ડિસ્પ્લેમાં ઇલેક્ટ્રોગન એ મુખ્ય સાધન છે. ઇલેક્ટ્રોન બિમ, ઇલેક્ટ્રો મેગ્નેટીક ફિલ્ડ દ્વારા પૂરું પાડે છે. ઇલેક્ટ્રોન ગન ઇલેક્ટ્રોન બિમને ફેલાવે છે કે જે સીધું જ ઇમેજનું સર્જન કરવા ઇલેક્ટ્રોમેગ્નેટીક ક્ષેત્ર દ્વારા ફોસ્ફર આરક્ષિત ડિસ્પ્લે તરફ સીધું જ જાય છે. તે નોંધવું જોઇએ કે બે પ્રકારના CRT ડિસ્પ્લે છે. વેક્ટર અને રાસ્ટર સ્કેન.

વેક્ટર CRT ડિસ્પ્લેમાં ઇલેક્ટ્રોનીક બીજા માત્ર એવા જ સ્થળો પર જાય છે જ્યાં ઇમેજ બનાવી શકાય. બીજી રીતે રાસ્ટર સ્કેન ડિસ્પ્લેમાં ઇમેજ સ્ક્રીન પર પ્રદર્શિત થાય છે. જે ઇલેક્ટ્રોન બિમ દરેક હરોળના ચિત્રમાંથી સ્ક્રીનમાં ઉપરથી નીચેની તરફ પ્રદર્શિત થાય છે. આ પ્રકારની ડિસ્પ્લે ઊંચી ડાયનામિક ક્ષમતા પૂરી પાડે છે. ત્યારથી ઇમેજ સતત તાજી કર્યા કરે છે અને તે સતત વપરાશકર્તાને

ઇનપુટ અને આઉટપુટ વાપરવાની સંમતિ આપે છે. તે પૂર્ણ રંગની સ્ક્રીન આપે છે. જેનો ખર્ચ ઓછો હોય છે. રાસ્ટર સ્કેન ડિસ્પ્લે વધારે અને વધારે પ્રખ્યાત બનતા થયાં છે.

◆ **પ્રવાહી ક્રિસ્ટલ ડિસ્પ્લે (LCD) (Liquid Crystal Display)**

આ પ્રથમ 1970માં ઘડિયાળમાં પરિચયમાં આવ્યું હતું. LCD હવે ડિસ્પ્લે ટર્મિનલમાં અમલમાં આવે છે. LCD નો મુખ્ય લાભ ઓછી ઊર્જાનો વપરાશ છે. CRT ઇમેજને ઉત્પન્ન કરવા તેને લિક્વીડ ક્રિસ્ટલ દ્વારા બદલાય છે. આને કલરની ક્ષમતા નથી હોતી અને ઇમેજની ગુણવત્તા મહદઅંશે નબળી હોય છે. લિક્વીડ ક્રિસ્ટલ ડિસ્પ્લે સામાન્ય રીતે ફેરવી શકાય. તેવા સાધનોમાં વપરાય છે. જેમા ઓછી ઊર્જાની જરૂર પડે છે. કૉમ્પ્યુટરમાં હવે (સપાટ) સ્ક્રીનનો પણ ઉપયોગ થાય છે.

◆ **પ્રોજેક્ટ ડિસ્પ્લે (Projected Display)**

આ સામાન્ય રીતે વિશાળ સંગઠનના પ્રદર્શનમાં ઉપયોગમાં આવે છે. આ યંત્ર કૉમ્પ્યુટરમાં જોડી શકાય છે. અને જે કૉમ્પ્યુટરમાં પ્રદર્શિત થાય છે. તે ટર્મિનલ પ્રાપ્ત કરે છે. અને વિશાળ સ્ક્રીન પર પ્રદર્શિત થાય છે. આ સાધન સામાન્ય રીતે સેમીનાર, વર્ગખંડ, માર્કેટીંગ પ્રદર્શનમાં ઉપયોગમાં આવે છે.

◆ **ટર્મિનલ્સ (Terminals)**

ટર્મિનલ્સ ઇનપુટ અને આઉટપુટ એકમમાં પ્રખ્યાત બન્યું છે. ટર્મિનલ જ્યારે CPU સાથે સંપર્કમાં જોડાયું હોય ત્યારે કૉમ્પ્યુટરમાં સીધા જ માહિતી અને સૂચના મોકલે છે. ટર્મિનલ્સ બે પ્રકારે સંગઠિત થાય છે. જેના નામ હાર્ડ કોપી ટર્મિનલ્સ અને સોફ્ટકોપી ટર્મિનલ્સ છે. હાર્ડકોપી ટર્મીનલ કાગળ પર પ્રિન્ટ આઉટ પુરી પાડે છે. જ્યારે સોફ્ટ કોપી ટર્મિનલ સ્ક્રીન પર દૃશ્ય ડિસ્પ્લે પુરૂ પાડે છે. ટર્મિનલ ડમ્બ ટર્મિનલ અથવા ઇન્ટેલીડન્ટ ટર્મિનલ તરીકે પણ વર્ગીકૃત થાય છે જે કોઈ ઇન્ટેલીજન્ટ અથવા તો ટર્મિનલ પર આધારિત હોય છે. વર્તમાન પ્રોદ્યોગિકી ઇન્ટેલીજન્ટ અને ડમ્બ ટર્મિનલ વચ્ચે ઓછી કિંમતનો તફાવત બતાવે છે. પરિણામે ઇન્ટેલીજન્ટ ટર્મિનલ્સ ડમ્બ કરતા વધારે વપરાય છે.

◆ **ગ્રાફિક ડિસ્પ્લે ટર્મિનલ (Graphic Display Terminal)**

ડિસ્પ્લે ટર્મિનલ ડિસ્પ્લેની માહિતીને અક્ષર અને ગ્રાફિક બંને સ્વરૂપમાં રજૂ કરે છે. આ પ્રકારના ટર્મિનલ્સ બહોળા પ્રમાણમાં CAD/CAMમાં (કૉમ્પ્યુટર સંલગ્ન ડિઝાઇન અને કૉમ્પ્યુટર સંલગ્ન ઉત્પાદન) અમલ થાય છે.

◆ **પ્રિન્ટર્સ (Printers)**

પ્રિન્ટર્સ આઉટપુટ સાધનનું અતિ સામાન્ય સાધન છે. તે કાગળ પર આઉટપુટને પ્રદર્શન કરવા વપરાય છે. પ્રિન્ટીંગ સાધનોની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે કે જે છાપકામની ગુણવત્તા અને છાપકામની ગતિને આધારે વર્ગીકૃત થાય છે. ખૂબ જ અંત્યાધુનિક ધારણા મુજબ 1500 પ્રકારના વ્યવસાયિક પ્રિન્ટરો ઉપલબ્ધ છે કે જે લગભગ 15 વિભિન્ન છાપકામ પ્રોદ્યોગિકીનો નિર્દેશ કરે છે. ચાલો તેમાંના કેટલાકનું પરીક્ષણ કરીએ.

**(A) પ્રિન્ટીંગ પ્રોદ્યોગિકી - ઇમ્પેક્ટ પ્રિન્ટર્સ વિરૂદ્ધ બિન ઇમ્પેક્ટ પ્રિન્ટર્સ**

ઇમ્પેક્ટ પ્રિન્ટર્સ ઉત્તમ ટાઇપરાઇટર છાપકામ યાંત્રિક ક્રિયા વિવિધતાનો ઉપયોગ કરે છે. જ્યાં હથોડી શાહીવાળી રિબન દ્વારા કાગળ પર પછડાય છે. નોન ઇમ્પેક્ટ પ્રિન્ટર્સ રસાયણ, ગરમી અથવા યાંત્રિક સિગ્નલ અથવા સંજ્ઞાઓને કાગળ પર પાડે છે.

**(B) અક્ષર સ્વરૂપ - પૂર્ણ સ્વરૂપ અક્ષર વિરૂદ્ધ ડોટ મેટ્રીક્સ (Fully Formated Vs. Dotmatrix) (Character Form)**

પૂર્ણ સ્વરૂપમાં અક્ષરો મજબૂત રેખાઓ અને વળાંકો ટાઇપરાઇટરનાં અક્ષરો જેવા બનાવેલા છે. જ્યારે ડોટમેટ્રિક અક્ષરો એકબીજાની નજીક રહેલાં ટપકાં કાળજીપૂર્વક ક્રમમાં ગોઠવી

બનાવે છે. ચોક્કસ રીતે છાપકામની ગુણવત્તા પૂર્ણ સ્વરૂપના અક્ષરોની ગુણવત્તા કરતા ટપકાંવાળા અક્ષરોની નબળી હોય છે.

**(C) પ્રિન્ટીંગ અનુક્રમ - શ્રેણીબદ્ધ વિરુદ્ધ લાઇન વિરૂદ્ધ પાનું (Serial Vs. Line Vs. Page) (Printing Sequence)**

આ પ્રિન્ટર તેની એક પ્રક્રિયા દ્વારા કેટલીક સંખ્યામાં માહિતી આઉટપુટ કરે તે દર્શાવે છે. SCM પ્રિન્ટીંગ અક્ષરો દ્વારા થાય છે, જ્યારે લાઇન પ્રિન્ટીંગનું સ્વરૂપ આખી લાઇનને આખી છાપે છે, અને પાનાનું છાપકામ અક્ષરોનું આખું પાનું એક પ્રક્રિયા દરમ્યાન પેદા કરે છે. આ ઉપરથી એ સાબિત થાય કે આઉટપુટની ગતિ પ્રિન્ટીંગના સાધનમાં રહેલ છાપકામની ક્રમબદ્ધતા પર આધાર રાખે છે. બીજા શબ્દોમાં, જ્યારે અક્ષર પ્રિન્ટર્સ ધીમું આઉટપુટ પુરું પાડે છે ત્યારે પેજ પ્રિન્ટર્સ ઝડપથી આઉટપુટ આપે છે અને જે અન્ય સરખામણીએ મોંઘા પણ હોય છે.

**ચાલો હવે બે અતિમહત્ત્વનાં પ્રિન્ટરો વિશે ચર્ચા કરીએ.**

◆ **ડોટ મેટ્રીક્સ પ્રિન્ટર્સ (Dot Matrix Printer)**

પર્સનલ કૉમ્પ્યુટર યંત્ર માટે ઉપયોગમાં આવતુ આ એક પ્રખ્યાત પ્રિન્ટર છે. આ પ્રિન્ટર અન્ય પ્રિન્ટરોની સરખામણીએ સસ્તા છે. ડોટમેટ્રીક્સ પ્રિન્ટર ઇમ્પેક્ટ પ્રોદ્યોગિકીનો ઉપયોગ કરે છે. એના પ્રિન્ટના હેડમાં વાયરના ગૂંચળા હોય છે. જે ખૂબ જ વધારે ગતિએ કાગળ અને રીબીનમાંથી પસાર થાય છે. અક્ષરો મેટ્રીક્સના સ્વરૂપમાં ઉપલબ્ધ થાય છે. ગતિ મર્યાદા 40 અક્ષરો પ્રતિ સેકન્ડથી 1000 અક્ષર પ્રતિ સેકન્ડ સુધીની હોય છે. આ પ્રિન્ટરના ઉપયોગનો ગેરફાયદો એ છે કે એના મુદ્રણની ગુણવત્તા અને ગતિ ઓછી હોય છે.

◆ **લેઝર પ્રિન્ટર્સ (Laser Printers)**

જે પ્રોદ્યોગિકી લેઝર પ્રિન્ટર્સ સાથે જોડાયેલી છે તે ઊંચી ગુણવત્તા, ઊંચી ગતિ અને ઊંચા વોલ્યુમની વિવિધતા ધરાવે છે. તે કાંશ કાગળ પર બિન-અસરકારી બનાવટ/આકાર (નોન-ઇમ્પેક્ટ) સ્વરૂપે કાર્ય કરે છે. ફોટો ક્રમની સંવેદનશીલ સપાટી પર લેઝર બિમનુ પરાવર્તન કરવાની પ્રક્રિયાથી પ્રિન્ટીંગ થાય છે. અને આ સુષુપ્ત ઇમેજ ટોનરને ઇમેજ એરીઆ તરફ આકર્ષે છે. ત્યારબાદ આ ટોનર ઇલેક્ટ્રોસ્ટેસ્ટીકલી (Electrostatically) યાંત્રિક રીતે કાગળ પર પરાવર્તિત થાય છે અને તે કાયમી પ્રતિકૃતિ (Image) તરીકે ગોઠવાય છે. આ પ્રોદ્યોગિકી અન્યની તુલનાએ ખૂબ ખર્ચાળ છે. પરંતુ તેની ગુણવતા, ગતિ અને અવાજરહિત પ્રક્રિયા જેવા ગુણ/ફાયદાઓને કારણે ખૂબ જ પ્રખ્યાત છે.

◆ **ડીજીટલ પ્લોટર્સ (Digital Plotters)**

ચિર (Chip) અને PCB ડિઝાઇન, એન્જીનિયરીંગ અને આર્કિટેક્ચર જેવા કૉમ્પ્યુટરકૃત ડિઝાઇન (Computer Aided Design) જેવાં કાર્યો માટે ડિજીટલ પ્લોટર્સનો ઉપયોગ થાય છે. આ સાધન દ્વારા કલાત્મક નકશા, બાંધકામ ચિત્ર, ચિપનું માળખું, અને નકશાઓ દોરી શકાય છે. ડિજીટલ પ્લોટર્સને એક પેન હોય છે. જે કાગળની સપાટી પર ફરે છે. અને કૉમ્પ્યુટર દ્વારા નિયંત્રિત હોય છે. તેની ઘણીખરી આવૃત્તિઓ રંગોની શ્રેણી સાથે કામ કરે છે. ડિજીટલ પ્લોટર્સ એ ખૂબ જ ધીમું આઉટપુટ સાધન છે અને તેને નિયંત્રીત કરવા વિશિષ્ટ સોફ્ટવેરની જરૂર પડે છે.

◆ **વાણી સંયોજન (Speech Synthesis)**

વાણી સંયોજન એ એક અવાજ ઓળખ ઇનપુટનો ભાગ છે. અવાજ ઓળખની જેમ જ વાણી સંયોજન એ વર્તમાનમાં સઘન સંશોધનનો વિષય છે. અમુક વાણી સંયોજન આઉટપુટ સાધનોને અમલમાં મૂકવામાં આવ્યા છે, પરંતુ આ પ્રયુક્તિની સંપૂર્ણ મહત્તા હજી સુધી અનુભવવામાં આવી નથી. વાણી સંયોજન મુખ્ય અવાજ નંબરને ડિજીટલ સ્વરૂપમાં સંગ્રહ કરી કામ કરે છે. શબ્દો આ કોડ્સનાં સંયોજન દ્વારા બનાવવામાં આવે છે અને પછી ડિજીટલ પદ્ધતિથી ડિકોડ કરી સર્કિટને યોગ્ય સમૂહ દ્વારા સ્પીકર સાથે જોડેય છે. એથી અલગ પ્રકારની વાણીનું આઉટપુટ મળે છે. જ્યાં મુખ્ય શબ્દો અને શબ્દ સમૂહોને

રેકોર્ડ કરવામાં આવે છે અને સોફ્ટવેરનાં કારણે તે યોગ્ય ક્રમમાં ગોઠવાઈ આઉટપુટ તરીકે મળે છે.

◆ **માઈક્રોફિલ્મ પર કૉમ્પ્યુટર આઉટપુટ (COM)**

COM એ આઉટપુટ પ્રયુક્તિ છે જે વધુ સ્વીકાર્ય છે. COM હવે બેંક દ્વારા તેનાં રોજીંદા ખાતાની રકમની માહિતી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તે મ્યુઝીયમમાં રૂપરેખાની માહિતી ઐતિહાસિક ભવનો અને ગ્રંથાલયોમાં પણ ઉપયોગી બને છે. તે પ્રિન્ટર કાગળના જથ્થાનાં ખર્ચને ઘટાડે છે. આઉટપુટનું પાનું ડિસ્પ્લે થાય છે અને ખાસ કેમેરા દ્વારા ફોટોગ્રાફી લેવામાં આવે છે. એક પાનાની ફિલ્મ ઈમેજ 1/4 ઈંચ ચોરસનું માપ ધરાવે છે. ફિલ્મને પોસ્ટકાર્ડનાં કદની માઈક્રોફીચમાં કાપવામાં આવે છે. તે લગભગ એક સો પાનાની ઈમેજનો સમાવેશ કરે છે. માઈક્રોફિલ્મનો વાચક સ્ક્રીન પર પાનાની ઈમેજને વિસ્તૃત કરવા પ્રોજેક્ટરનો ઉપયોગ કરે છે.

આ વિભાગમાં આપણે ઈનપુટ/આઉટપુટ સાધનો વિશે જાણ્યું જે વર્તમાનમાં કૉમ્પ્યુટરાઇઝ પ્રવૃત્તિમાં ઉપયોગમાં આવે છે. આ ઉપરાંત તે પણ નોંધવુ જોઈએ કે આ સાધનોની પસંદગી તેનાં પાસાઓની સંખ્યાને ધ્યાનમાં રાખી કરવી જોઈએ. જે સંજોગો પર આધારિત છે. જે જરૂરિયાત પૂરી કરે છે તે યોગ્ય સાધન પસંદ કરવું જોઈએ.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(9) કૉમ્પ્યુટર માટેનાં વિભિન્ન વર્ગોનાં I/O સાધનોને ઓળખવો.

(10) વાણી સંયોજન આઉટપુટનાં લક્ષણો ચર્ચો.

**નોંધ :** (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 1.6 ઉપસંહાર (SUMMARY)

આ એકમમાં કૉમ્પ્યુટર પ્રોદ્યોગિકીમાં થઈ રહેલા વિકાસનો જનરલ ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે. આ જ સમયે જે પ્રોદ્યોગિકીની પેઢીમાં થઈ ગયેલા વિકાસને જાણવાની બારી પણ પૂરી પાડે છે. કૉમ્પ્યુટર પેઢી, પ્રોસેસર પ્રોદ્યોગિકી સંગ્રહ, પ્રોદ્યોગિકી અને ઈનપુટ/આઉટપુટ સાધનોનાં ક્ષેત્રોની ચર્ચા કરવામાં આવેલ છે. કૉમ્પ્યુટર કલાનો ખ્યાલ ટૂંકમાં ચર્ચવામાં આવ્યો છે તે ઐતિહાસિક ખ્યાલથી શરૂ થઈ કૉમ્પ્યુટર કલા અને કૉમ્પ્યુટર સંચાલન બંને વચ્ચેનાં તફાવત પણ આપ્યા છે.

આમાં પ્રોસેસર પ્રોદ્યોગિકીમાં થયેલા તફાવત પણ આપ્યા છે માઈક્રોપ્રોસેસર તે મુખ્ય મેમરી અને CPU વચ્ચેનો ગતિનો તફાવત તે ઓછો કરવા પર કાર્ય કરે છે. સંગ્રહ પ્રોદ્યોગિકીમાં વર્તમાન વાંચન માટે માત્ર મેમરી (ROM) અને એકવાર લખો અને ઘણીવાર વાંચો (WORM) અને ફરી વખત લખાણ સંગ્રહનો સમાવેશ થાય છે. મેગ્નેટીક કાઉન્ટર વિભાગનો ઓપ્ટીકલ સંગ્રહ એ લાંબા સમયનો સંગ્રહ છે.

કૉમ્પ્યુટર માટે ઉપલબ્ધ ઈનપુટ/આઉટપુટ સાધનોમાં વિવિધતા છે. તેમાં અતિ મહત્ત્વનું કી-બોર્ડ અને સ્ક્રીન સાથેનું ઈન્ટરએક્ટીવ ટર્મિનલ છે. આને બાદ કરતા આધુનિક સાધનો જેવા કે માઉસ, સ્કેનર, ગ્રાફીક ટેબલેટ, લાઈટ પેન, ટચ સ્ક્રીન, વોઈસ ઈનપુટ અને આધુનિક કેમેરાને તેનાં મહત્ત્વનાં લક્ષણો સાથે ટૂંકમાં ચર્ચવામાં આવ્યા છે.

આઉટપુટ સાધનોનું વર્ણન કરતી વખતે તેનાં લક્ષણોને મહત્ત્વના બનાવવામાં જે સાધનો રખાય છે તેનાં ડિસ્પ્લે સાધન, લિક્વિડ નિસ્ટલ ડિસ્પ્લે (LCD), ગ્રાફીક ડિસ્પ્લે ટર્મિનલ, લેજર પ્રિન્ટર્સ, પ્લોટર્સ, સ્પીચ સિન્થેસીસ, માઈક્રોફિલ્મ પર કૉમ્પ્યુટર આઉટપુટ વગેરે છે. આ એકમમાં તમારી

પ્રગતિ ચકાસોની સાથે તેનાં આદર્શ જવાબો અને પસંદગીયુક્ત સંદર્ભોનો પણ સમાવેશ થાય છે. આ લક્ષણો આગળ સ્વ-અધ્યયન પ્રક્રિયા માટે ખૂબ મહત્ત્વનાં છે અને તે આ એકમને લગતી જટિલ બાબતોમાં વધારાની માહિતી પ્રાપ્ત કરવાની સુવિધા આપે છે.



## 1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ (ANSWERS TO SELF CHECK EXERCISE)

(1) પ્રોદ્યોગિકી એ કોઈપણ કાર્યને ચોક્કસ રીતે કરવાનો રસ્તો છે. બીજા શબ્દોમાં પ્રોદ્યોગિકી એ સમસ્યાનાં નિરાકરણની પ્રક્રિયા છે. માહિતી પ્રોદ્યોગિકી (IT) એ વર્તમાન શબ્દ છે કે જે 1970નાં અંત સુધીમાં પ્રખ્યાત બન્યો. આ શબ્દ મૂળભૂત સંયુક્ત ડેટા પ્રક્રિયા અને ટેલીપ્રત્યાયન પ્રોદ્યોગિકી વિભિન્ન ટ્રાન્સમીશન ક્ષમતા થકી વિકસિત પ્રોદ્યોગિકી અને તેનાં અમલીકરણને દર્શાવે છે. પહેલા આ બંને પ્રોદ્યોગિકીઓ અભ્યાસનાં મુખ્ય ક્ષેત્ર ગણાતા ચોક્કસ રીતે, તે કૉમ્પ્યુટર અને ટેલીપ્રત્યાયનનું સ્વરૂપ છે. માઈક્રોઈલેક્ટ્રોનિક સાથે તેનું અમલીકરણ વિભિન્નપણે આધારિત છે જેને લોકો માહિતી પ્રોદ્યોગિકી (IT) નાં અર્થમાં સમજે છે. IT માં પાંચ સાધનો છે : ઈલેક્ટ્રોનિક અને ફોટોનિક પ્રોદ્યોગિકી, કૉમ્પ્યુટર પ્રોદ્યોગિકી, પ્રત્યાયન પ્રોદ્યોગિકી, કૃત્રિમ ઈન્ટેલીજન્શ અને માનવ યાંત્રિક ઈનરફેસ પ્રોદ્યોગિકી IT માહિતી વ્યવસ્થાપન માટે ઉપયોગી છે, જેમાં સંપાદન, પ્રક્રિયા, સંગ્રહ, સુધારા, પ્રદર્શન, ફરી ઉત્પાદન અને છાપકામનો સમાવેશ થાય છે.

(2) **કૉમ્પ્યુટરની વિભિન્ન પેઢીઓનો ક્રમવાર વિકાસ આ મુજબ છે.**

| | |
|---|---|
| 1940 થી<br>1950ની શરૂઆત | પ્રથમ પેઢી વેક્યુમ ટ્યુબ આધારિત વિશાળ, વધારે ઊર્જા વાપરતી. |
| 1960ની શરૂઆત | બીજી પેઢી ટ્રાન્સમીટર પ્રોદ્યોગિકી આધારિત, કદમાં નાની, ઓછી ઊર્જા વાપરનારી, પ્રથમ પેઢી કરતાં વધારે વિશ્વસનીય. |
| 1970ની શરૂઆત | ત્રીજી સંકલિત સરકીટનો ઉપયોગ કરતી, કદમાં નાની, ઊર્જા ઓછી વાપરનારી, વિશ્વસનીયતામાં સુધારો, માનવ-યાંત્રિક ઈન્ટરફેસ માટે સારી, વિવિધ પ્રોગ્રામની સુવિધા |
| 1980ની શરૂઆત | ચોથી પેઢી નાના સ્તરનું સંકલન, મધ્યમ સ્તર સંકલન, વિશાળ સ્તર સંકલન, ખૂબ વિશાળ સ્તર સંકલનનો વિકાસ |
| 1980 નો અંત<br>1990 | નાના કૉમ્પ્યુટરનું અસ્તિત્વ સુપર કૉમ્પ્યુટરને સમાન પ્રક્રિયામાં તંત્ર પાંચમી પેઢીનાં કૉમ્પ્યુટર બિન-આંકડાકીય અમલીકરણનું નિયમન જેવા કે પેર્ટન ઓળખ, વાણી ઓળખ, જ્ઞાન પ્રક્રિયા વગેરે. તેમાં આધુનિક યંત્રો, જ્ઞાન આધારો, પ્રાથમિક ભાષા ઈન્ટરફેસ, ફોટોનિક સાધનો અને ઓપ્ટીકલ ધોરણે કૉમ્પ્યુટીંગનો સમાવેશ થતો. |

(3) **પ્રોસેસર પ્રોદ્યોગિકી :** કૉમ્પ્યુટર એ કૉમ્પ્યુટર તંત્રનું એક મુખ્ય સાધન છે. તે એવું ઘટક છે જે અંકગણિત અને માહિતીની તાર્કિક ક્રિયા દ્વારા પ્રોગ્રામનું સંચાલન કરે છે. પ્રોસેસરમાં સૂચના, નિયંત્રણ એકમ અને અંકગણિત એકમનો સમાવેશ થાય છે. પરંપરાગત તંત્રમાં માત્ર એક તંત્ર હોય છે જેમાં કેન્દ્રિય પ્રક્રિયા એકમ અથવા વિશાળ સ્તર સંકલનના વિકાસને CPU તરીકે ઓળખાય છે. એક પ્રોસેસરવાળા તંત્રને શ્રેણી પ્રોસેસર અથવા સ્કેલર પ્રોસેસર પણ કહેવાય છે. આધુનિક કૉમ્પ્યુટરને બે ભાગ હોય છે. જેમાં મેમરી પ્રોદ્યોગિકી અને પ્રોસેસર પ્રોદ્યોગિકીનો સમાવેશ થાય છે. સૂચના રજીસ્ટર વર્તમાન સૂચનાને પકડી રાખે છે અને પ્રોગ્રામ કાઉન્ટર નવી સૂચનાનો ઈશારો આપે છે. અતિ મહત્ત્વનો વિકાસ કેશ મેમરીનો છે, જે મુખ્ય મેમરી અને CPUની વચ્ચે થાય છે. બે યાંત્રિક ક્રિયાઓ નાના ગાળા માટે ભેગી થાય છે અને તેને આધારે કેશ મેમરીનો ખ્યાલ વિકસ્યો છે.

(4) માઈક્રોપ્રોસેસર પ્રોદ્યોગિકીનાં બે વર્ગો છે. 1) પરંપરાગત CISC (Complex Instruction Set Computing) પ્રોદ્યોગિકી અને 2) વર્તમાન RISC (Reduced Instruction Set Computing) પ્રોદ્યોગિકી. CPU વધારાની સૂચનાઓ હોય છે, સૂચનાઓ ગોઠવાય છે જે ખૂબ જ જટિલ સૂચનાઓ હોય તેટલીવાર CPU ને શોધવા ક્લોક સાયકલની જરૂરિયાત

લાગે. પરંપરાગત CISC પ્રોદ્યોગિકીની જટિલ ગોઠવણ 150થી300 સૂચનાઓ અને પ્રક્રિયાની વચ્ચે હોય છે, એક સમયે એક જ સૂત્ર પ્રાપ્ત થાય છે.

બીજી બાજુ RISC ચીપ કદાચ 70થી80 સૂચનાઓનો ઉપયોગ કરે છે અને દરેક ક્લોક સાયકલ પર નવી સૂચનાની પ્રક્રિયા કરવા સક્ષમ છે. RISC ...... પ્રોદ્યોગિકીનો ઉપયોગ કરે છે કે જે માત્ર સોફ્ટવેર ભાષાને યાંત્રિક ભાષામાં અનુવાદ કરવાનો કે તેને CPUમાં મોકલવાનો હુકમ નથી આપતી પરંતુ તે શબ્દમાળાની એવી સૂચનાઓનો ઉપયોગ કરે છે કે જેના કેશની રિર્ઝવ મેમરીમાં સંગ્રહ કરતી વખતે ટૂકડા થઈ ગયા હોય. તેમાં પાઈપલાઈનીંગ અને સમાન પ્રક્રિયાનો આંતરિક બોટલ નેક્સ દૂર કરવા માટે પ્રક્રિયાની ઝડપ વધારવા ઉપયોગ થાય છે.

(5) કૉમ્પ્યુટરનું વર્ણન કરવામાં ઘણી વખત 'કૉમ્પ્યુટર કલા' અને 'કૉમ્પ્યુટર સંચાલન' વચ્ચે ભેદ પડે છે. તેમ છતાં આ શબ્દોની ચોક્કસ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે કે જે સર્વસંમતિ દ્વારા દરેક ક્ષેત્રને આવરી લે.

કૉમ્પ્યુટર કળા તંત્રના એવા પાસાઓને રજૂ કરે છે જે પ્રોગ્રામર દ્વારા જોઈ શકાય છે. અથવા અન્ય રીતે કહીએ તો એવા પાસા જે સીધાં જ તાર્કિક રીતે કાર્યક્રમ સાથે જોડાણ પામે. બીજા શબ્દોમાં કહીએ તો કૉમ્પ્યુટર કલા એ કૉમ્પ્યુટર તંત્ર અને તેઓ કેવી રીતે જોડાયેલાં છે તેનાં ઘટકોનો અભ્યાસ છે. બીજી બાજુ કૉમ્પ્યુટર સંચાલન કમ્પ્યૂટર કલાનું અમલીકરણ છે. તે કાર્યાન્વિત એકમોને પ્રસ્તુત કરે છે અને તેનાં આંતરીક જોડાણો કે કળાત્મક વિભાવનાઓને જાહેર કરે છે. ઉદા. કળાત્મક ડિઝાઈન જોવે છે કે કૉમ્પ્યુટરને વૈવિધ્યસભર સૂચનાઓ આપે છે. સંચાલનની બાબત તે જોવે છે કે કૉમ્પ્યુટરને વૈવિધ્યસભર સૂચનાઓ આપે છે. સંચાલનની બાબત તે જોવે છે કે તે સૂચનાઓ 'ખાસ વૈવિધ્ય એકમ' દ્વારા અનુકરણમાં લઈ શકાશે અથવા યંત્ર દ્વારા તંત્રમાં સમાયેલ એકમનો ફરી ફરી ઉપયોગ થઈ શકશે. સંચાલન નિર્ણય યોગ્ય સુગમતા વિવિધ સૂચનાઓનો ઉપયોગ કરવાની બે અભિગમોની યોગ્ય ગતિ અને ખર્ચ અને ખાસ વૈવિધ્ય કદનાં આધારે નક્કી કરવાની હોય છે.

(6) કૉમ્પ્યુટર મેમરી સંગ્રહ તરીકે પણ જાણીતી છે. મેમરી સાથે સંકળાયેલ પ્રોદ્યોગિકી પણ સંગ્રહ પ્રોદ્યોગિકી તરીકે ઓળખાય છે. મેમરી પ્રક્રિયા અને ગતિ વધતા ખર્ચ વધે છે અથવા પ્રક્રિયા સમય ઘટે છે. વિભિન્ન રીતે મેમરી તંત્રનું કાર્ય બે ભિન્ન માપ દ્વારા તારવાયેલું છે. "પ્રક્રિયા સમય" અને "સાયકલ સમય". પ્રક્રિયા સમય "પ્રતિભાવ સમય" અથવા "લેન્ટસી વિલંબતા" તરીકે પણ ઓળખાય છે. જે મેમરી કેવી રીતે ઝડપથી લખાણ અને વાંચન વિનંતી પર પ્રતિભાવ પાડે છે તે બતાવે છે. ઘણા પાંસાઓ મેમરી યંત્રની પ્રક્રિયા સમયમાં ફાળો આપે છે. મુખ્ય પાસું મેમરી ચીપમાં ઉપયોગમાં આવતું ભૌતિક સંચાલન છે. મેમરી સાયકલ સમય બે સફળ વિનંતી વચ્ચે ઓછા તબક્કોને બતાવે છે. આ બધા સંગ્રહ પ્રોદ્યોગિકીને લગતા કેટલાંક લક્ષણો છે.

(7) સરળ હોવા છતા કૉમ્પ્યુટર મેમરીનો ખ્યાલ વિશાળ શ્રેણી, પ્રકાર પ્રોદ્યોગિકી સંચાલન, કાર્ય અને કૉમ્પ્યુટર તંત્ર ગમે તે સુવિધાના ખર્ચનો સમાવેશ ધરાવે છે. એક પણ પ્રોદ્યોગિકી કૉમ્પ્યુટર તંત્ર માટે મેમરીની જરૂરિયાત ન સંતોષી શકે તેવી સક્ષમ નથી. સામાન્ય રીતે પરંપરાગત કૉમ્પ્યુટર યંત્રમાં મેમરીના પેટાતંત્ર ક્રમબદ્ધ રીતે ગોઠવાયેલા હોય છે. કેટલાક યંત્રમાં આંતરિક (પ્રોસેસર દ્વારા સીધા વાપરી શકાય) અને કેટલાક બાહ્ય (I/O સાધનો દ્વારા પ્રોસેસર દ્વારા વાપરી શકાય) હોય છે.

કૉમ્પ્યુટર મેમરી ક્રમબદ્ધ ગોઠવાયેલી હોય છે. ઊંચા સ્તરે પ્રક્રિયાનું રજીસ્ટર હોય છે. પછીનું એક અથવા વધારાનાં સ્તરોમાં 'કેશ' હોય છે. જ્યારે વધારે સ્તરોનો ઉપયોગ હોય ત્યારે તેને L1 અને L2 દ્વારા દર્શાવેલ હોય છે. ત્યારબાદ મુખ્ય મેમરી જે ડાયનામિક રેન્ડમ પ્રક્રિયા મેમરી (DRAM) દ્વારા સામાન્ય રીતે બનેલ હોય. આ બધું કૉમ્પ્યુટર તંત્રમાં આંતરિક હોય છે. ક્રમબદ્ધતા બાહ્ય મેમરી સાથે સતત રહે છે. પછીનું સ્તર પરંપરાગત સ્થાયી હાર્ડ ડિસ્ક દ્વારા હોય છે અને એક અથવા વધારે સ્તરો દૂર કરતા મિડીયા જેવા કે ઓપ્ટીકલ ડિસ્ક અને

ટેપનો સમાવેશ કરતા હોય છે.

(8) ઓપ્ટીકલ સંગ્રહને વિસ્તૃત રીતે ત્રણ વર્ગમાં વહેંચવામાં આવે છે.

- એકવાર લખો ઘણીવાર વાંચો (WORM)
- માત્ર વાંચન મેમરી (ROM)
- ફરી વખત લખાણ મેમરી

WORM નું જરૂરી લક્ષણ એ છે કે રેકોર્ડીંગ, રિવર્સ ન થઈ શકે. જે એકવાર સંગ્રહ થયું તે અસલ માહિતી સાથે બદલાતું નથી. ડેટા સેક્ટરનું લખાણ પરંપરાગત રીતે કેટલાંક કિલોબાઇટનું કદ ધરાવે છે. ડેટાનું જીવન નિશ્ચિત નથી હોતુ અને જેટલી વાર વાંચવામાં આવે તેટલું તેનું જીવન ઘટે છે. સામાન્ય રીતે 10 વર્ષનું અથવા 30 વર્ષનું જીવન WORM ડિસ્ક માટે વધારે માનવામાં આવે છે.

કૉમ્પ્યુટર ક્ષેત્રમાં ROMનું સફળ અમલીકરણ CD-ROM છે, જે કોમ્પેક્ટ ડિસ્ક માત્ર વાંચન માટેની મેમરી માટે હોય છે. આ પ્રક્રિયામાં આખી ડિસ્કની નકલ એક જ ક્રિયા દ્વારા થઈ જાય છે, વિભાગોમાં નથી થતું એકવાર નકલ થયેલ સાહિત્યને કોઇ રીતે બદલી શકાતું નથી.

ઓપ્ટીકલ સાધનનો ત્રીજો વર્ગ સામાન્ય રીતે ફરી વખત લખાણ માટેનો મનાય છે કારણ કે ડિસ્ક પર લખાયેલ ડેટા ભૂંસી શકાય છે અથવા તાજા ડેટા વડે બદલી પણ શકાય છે. ડેટા વિભાગો ભૂંસી અને લખી શકાય છે. પ્રારંભિક વિભાગ બદલાઇ શકે છે. ફરી વખત લખવાની પ્રક્રિયા બે તબક્કાની પ્રક્રિયા છે. પ્રથમ ભૂંસવા માટે પસાર થાય છે અને બીજી લખવા માટે પસાર થાય છે. રેકોર્ડીંગ કાં તો એનાલોગ અથવા ડિજીટલ હોય છે.

(9)

| ઈનપુટ સાધનો | આઉટપુટ સાધનો |
|---|---|
| - કી-બોર્ડ | - ડિસ્પ્લે સ્ક્રીન |
| - માઉસ | - ગ્રાફિક ડિસ્પ્લે ટર્મિનલ |
| - સ્કેનીંગ સાધનો | - કાથોડ પ્રકાશિત ટ્યુબ |
| - ગ્રાફિક ટેબલેટ | - પ્રિન્ટર્સ |
| - લાઇટ પેન | - પ્લોટર્સ |
| - ટચ સ્ક્રીન | - વાણી સંયોજન |
| - વોઇસ ઇનપુટ | - COM |
| - ડિજીટલ કેમેરા | |

10) કૉમ્પ્યુટર વિજ્ઞાનમાં સંશોધનનું ઉત્તેજક ક્ષેત્ર "કૉમ્પ્યુટર વાણી પ્રત્યાયન સમજવા માટે કૉમ્પ્યુટર શિક્ષણ" છે. જેમ કે વાણી ઇનપુટને ભવિષ્યની પ્રોદ્યોગિકી તરીકે વિકસિત કરવા તે દિશામાં પ્રયત્નો ચાલુ થઈ ગયા છે.

વાણી સંયોજન એ વાણી ઓળખ ઇનપુટનો એક ભાગ છે. વાણી ઓળખની જેમ વાણી સંયોજન પણ વર્તમાનમાં સંશોધનનો વિષય છે. કેટલાંક વાણી સંયોજનનાં સાધનો શોધાયા છે પરંતુ સંપૂર્ણ શોધથી આપણે દૂર છીએ. વાણી સંયોજન, કી સાઉન્ડનાં નંબરને સંગ્રહિત કરી આધુનિક કોડ દ્વારા કામ કરે છે. આ કોડનાં જોડાણથી શબ્દ બને છે અને ત્યારબાદ સરકીટ યોગ્ય સમૂહને ડિકોડીંગ પદ્ધતિ દ્વારા સ્પીકર સાથે જોડે છે. વાણી આઉટપુટનો બીજો પ્રકાર કે જેમાં કી વર્ડસ અને ઉપવાક્યો રેકોર્ડ થાય છે અને સોફ્ટવેર યોગ્ય ક્રમમાં આઉટપુટ કરે છે. વાણી ઓળખ પ્રયુક્તિ ઘણી અને આ હેતુ માટે શબ્દને અનુરૂપ અર્થ તારવવો જરૂરી છે. આપણને આ ક્ષેત્રમાં મર્યાદિત સફળતા મળી છે અને અતિ વ્યવસાયિક ધોરણે માનવ અવાજોને કાર્યના મર્યાદિત માત્રામાં ઓળખવાના સાધનો પ્રાપ્ય છે. ચોક્કસ રીતે આ પદ્ધતિ ડેટામાં મહત્ત્વની જરૂરિયાત ઊભી કરે છે.

## 1.8 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**અંકગણિત અને તાર્કિક એકમ (ALU):** કૉમ્પ્યુટરનો એક ભાગ કે જે અંકગણિત અને તર્ક અને અન્ય સંબંધિત કાર્યો કરે.

**સંયોજિત ભાષા :** કૉમ્પ્યુટર આધારિત ભાષા જેમાં સૂચનાઓ સામાન્ય રીતે કૉમ્પ્યુટર સૂચનાઓ સાથે પ્રત્યાયન કરે અને જે યાંત્રિક ભાષા આઉટપુટ 'O' અને 'I' માં પ્રાપ્ત કરાવે.

**સંલગ્નિત મેમરી :** મેમરી કે જેનું સંગ્રહ સ્થાન તેનાં જથ્થા દ્વારા ઓળખાઇ જાય અથવા જથ્થાનાં વિભાગ દ્વારા અથવા તેનાં નામ અથવા સ્થિતિ દ્વારા

**કેશ મેમરી :** ખાસ વધારાનો સંગ્રહ, મુખ્ય મેમરી કરતા નાનું અને ઝડપી કે જે નકલ સૂચનાને પકડી રાખે અને મેઇન સંગ્રહના ડેટા કે જે આગળ માટે જરૂરી હોય તે પ્રોસેસર દ્વારા અને તે સ્વયંસંચાલિત રીતે મુખ્ય સંગ્રહમાંથી લેવામાં આવે છે.

**CD-ROM :** કોમ્પેક્ટ ડિસ્ક. માત્ર વાંચન માટે ન ભૂંસી શકાય તેવી ડિસ્ક કૉમ્પ્યુટર ડેટાનો સંગ્રહ કરવા વપરાય છે. ઉત્તમ યંત્ર 12 CM ડિસ્ક અને તે 500 Mbytes ને પકડી શકે છે.

**સૂચન સેટ :** ઓપરેટરો માટે કૉમ્પ્યુટરની સૂચનાઓનો સંપૂર્ણ સેટ કે જે અર્થ, વર્ણન કારણભૂત માની શકાય. મશીનના પર્યાય તરીકે.

**ઈનપુટ સાધનો :** એવા સાધનો જેના દ્વારા ડેટા કૉમ્પ્યુટરમાં નાખી શકાય.

જેવી રીતે મેમરીની ક્રમબદ્ધ શ્રેણીમાં જેમ નીચા જઇએ તેમ, કોઈ એક ઓછો ખર્ચ/બ્રીટ, ક્ષમતામાં વધારો અને ધીમો પ્રક્રિયા સમય મેળવે છે. માત્ર ઝડપથી મેમરીનો ઉપયોગ કરવો એ જ સારું છે કારણ કે તે ખૂબ ખર્ચાળ મેમરી છે, આપણે ધીમી મેમરીનો વધારે ઉપયોગ કરી ખર્ચ માટે પ્રક્રિયા સમય વધારી દઇએ છીએ.

**આઉટપુટ સાધનો :** એવા સાધનો જે માહિતીને કૉમ્પ્યુટરનાં આંતરિક સંગ્રહમાંથી વપરાશકર્તા માટે બાહ્ય સંગ્રહમાં ફેરવે.

**ઈનપુટ-આઉટપુટ સાધનો :** કાં ઇનપુટ અથવા આઉટપુટ અથવા બંને જે કૉમ્પ્યુટર અને તેને જોડેલ સાધન વચ્ચે ડેટાની આપ-લે કરે છે.

**માહિતી પ્રોદ્યોગિકી :** માહિતીનું સંપાદન, પ્રક્રિયા, સંગ્રહ અને અવાજનું પ્રસારણ, સચિત્ર, શાબ્દિક અને સંખ્યાત્મક માહિતી માઇક્રોઇલેક્ટ્રોન આધારિત કૉમ્પ્યુટર અને દૂરસંચાર દ્વારા થાય છે.

**સંગ્રહ સાધન :** કૉમ્પ્યુટરમાં એક એકમ જેના ડેટાને નાંખી શકાય, ફેરવી શકાય અને પછી સુધારી પણ શકાય.

## 1.9 સંદર્ભ અને વધારાનું વાંચન (REFERENCE AND FURTHER READING)

Amdahl, G.M., et al (1964). Architecture of IBM system/360. IBM Journal of Research and Development, 8(2), 87-101.

Bradley, A.C. (1989). Optical storage for computers: technology] and applications. Ghichester: Ellis Horwood Limited.

Ceruzzi, P.E. (1998). A history of modern computing. Cambridge, M.A.: MIT Press.

Clemens, A. (2000). The undergraduate curriculum in computer architecture. IEE Micro, May/June 2000.

Halal, William E. (1993). The information technology revolution: computer hardware, software and services into the 21st century. Technological Forecasting and Social Change, 44, 69-86.

Hennessy, J.L. and Patterson, D.A. (1990). Computer architecture: a quantitative approach. N.P: Morgan-Kauffman.

Hussain, Khateeb M. and Hussain, Donna (1989). Computers: technology applications, '"dnS social implications. New Delhi: Prentice-Hall of India..

Hwang, K. (1993). Advanced computer architecture. New York: Me Graw-Hill.

Martin, James (1989). Information engineering: introduction. New Jersey: Prentiqe-Hall..

Martin, William J. (1995). Global information society. 2nd rev.ed. London: Aslib. pp. 33-63.

Saffady, William. (1992). Optical storage technology 1992: a state of the art review. Westport: Meckler.

Sima, Dezso, et al (2003). Advanced computer architectures: a design space approach. Delhi: Pearson Education Inc.

Smith, R.E. (1989). A historical overview of computer architecture. Annals of the History of Computing, 10, 277-303.

Stallings, William. (2003). Computer organisation and architecture: designing for performance. 6th ed. Delhi: Pearson Education Inc.

Vranesic, Z. and Thurber, K. (1980). Teaching computer structures. Computer, June 1980.

# એકમ–2 સોફ્ટવેર (software)

: બંધારણ :

2.0 હેતુઓ
2.1 પરિચય
2.2 સોફ્ટવેર
2.3 સોફ્ટવેરનાં કાર્યો
2.4 સોફ્ટવેરના પ્રકારો
2.4.1 સિસ્ટમ સોફ્ટવેર
2.4.2 અમલીકરણ સોફ્ટવેર
2.5 માર્કઅપ ભાષા
2.6 ઉપસંહાર
2.7 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો
2.8 ચાવીરૂપ શબ્દો
2.9 સંદર્ભો અને વધારાનું વાંચન

## 2.0 હેતુઓ (OBJECTIVES)

પાછળનાં એકમમાં તમે કૉમ્પ્યુટર પ્રોદ્યોગિકીનાં હાર્ડવેરના ખ્યાલો વિશે શીખ્યા. આ એકમમાં આપણે સોફ્ટવેરનાં પાસાઓ વિશે ચર્ચા કરીશું કે જે કૉમ્પ્યુટર પ્રોદ્યોગિકી માટે મુખ્ય ઘટકો છે.

**આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે આ સમજી શકશો.**

- 'સોફ્ટવેર' એટલે શું તેનો ખ્યાલ સમજશો.
- સોફ્ટવેરનાં મૂળભૂત કાર્યો વિશે જાણશો.
- સોફ્ટવેરનાં તેનાં અનુક્રમિત સંબંધો તે સંબંધિત જુદાં-જુદાં અભિગમોની યાદી.
- વિભિન્ન સિસ્ટમ સંચાલન તંત્રને સમજી શકો.
- સિંગલ અને મલ્ટી યુઝર સંચાલન તંત્ર વચ્ચેના તફાવતોનાં વિચાર ભેગા કરી શકો.
- વિભિન્ન અમલીકરણ સોફ્ટવેર અંગે તમારું જ્ઞાન વિકસાવી શકો.
- ગ્રંથસૂચિને લગતાં DBMS ને સંબંધિત મહત્ત્વના મુદ્દાઓ ચર્ચી શકો.
- અંતે સોફ્ટવેરના મૂળભૂત સિદ્ધાંતો સમજી શકશો.

## 2.1 પરિચય (INTRODUCTION)

કૉમ્પ્યુટરની શરૂઆતથી કે શોધથી તેની સાથે બે આંતર આધારિત ખ્યાલો જોડાયેલા છે : હાર્ડવેર અને સોફ્ટવેર. કૉમ્પ્યુટર વિશે જો કહેવામાં આવે તો તેનો અર્થ એ છે કે જેની કેબીનેટ અંદર યાંત્રિક સરકીટ સ્કીન અને કી-બોર્ડ હોય. આ બધા હાર્ડવેર કહેવાય છે, જેનું ભૌતિક અસ્તિત્વ છે, કોઈપણ તે વસ્તુને સ્પર્શી શકે છે, તેની હાજરીનો અનુભવ થાય છે. 'હાર્ડવેર' શબ્દ કૉમ્પ્યુટર યંત્રનાં યાંત્રિકીકરણ અથવા સાધનોને દર્શાવે છે. તેઓ દશ્ય અને મૂર્ત છે. કૉમ્પ્યુટર પોતાની જાતે કશું કરી શકતું નથી. જ્યાં સુધી તેને કેટલીક સૂચનાઓ આપવામાં ન આવે તે બહેરું અને મૂંગું છે. જો ચોક્કસ રીતે કહીએ તો ઇચ્છિત કામ કરવા માટે કૉમ્પ્યુટરને આયોજિત સૂચનાઓની જરૂર પડે છે. એક ભાષામાં લખાયેલ ક્રમબદ્ધ સૂચનોને 'પ્રોગ્રામ' કહેવામાં આવે છે. આ પ્રોગ્રામ કૉમ્પ્યુટર દ્વારા થતી પ્રક્રિયાની પ્રવૃત્તિનું નિયમન કરે છે અને ઇચ્છિત કામ કરે છે. આ બધું સોફ્ટવેરમાં જોવા મળે છે. "સોફ્ટવેર" એટલે પ્રોગ્રામ અથવા સૂચનાઓની ક્રમબદ્ધતા કે જે કૉમ્પ્યુટરમાં ચોક્કસ કામ માટે વપરાય છે. સામાન્ય રીતે લોકો સોફ્ટવેરનાં અસ્તિત્વને અનુભવી શકતા નથી કારણ કે તે ભૌતિક વસ્તુ તરીકેનો આકાર ધરાવતો નથી. સામાન્ય રીતે આપણા ઘરમાં યાંત્રિક વાયરીંગ હોય, આપણે બલ્બમાંથી પ્રકાશ મેળવીએ છીએ પરંતુ વાયરમાં ઇલેક્ટ્રીકસીટીનાં સતત પ્રવાહને અનુભવી શકતા નથી. આવી રીતે આ યુનિટમાં કૉમ્પ્યુટરનાં સોફ્ટવેરની સામાન્ય રૂપરેખાનો ખ્યાલ મેળવીશું.

## 2.2 સોફ્ટવેર (SOFTWARE)

સોફ્ટવેર સામાન્ય રીતે પ્રોગ્રામની ગોઠવણ છે જે કૉમ્પ્યુટરને ઇચ્છિત કાર્યો કરવા માટે તૈયાર કરે છે. સાદી ભાષામાં સોફ્ટવેર પ્રોગ્રામ એ કૉમ્પ્યુટર માટે સૂચનાઓની ગોઠવણ છે. બીજા શબ્દોમાં તે બધા પ્રોગ્રામ કે જે કૉમ્પ્યુટરમાં કાર્ય કરી તેને પ્રદર્શિત કરે છે. પ્રોગ્રામો ઘણી બધી ભાષામાં લખાયેલા હોય છે, જેને પ્રોગ્રામીંગ ભાષા કહેવાય છે. પરંપરાગત સોફ્ટવેર પ્રોગ્રામ સહાયકારી સંગ્રહ મિડીયાને જરૂરી પડે CPUમાં સ્થળાંતર કરવાની જાળવણી કરે છે. સોફ્ટવેરનાં મહત્ત્વનાં ભાગો તરીકે પ્રોગ્રામમાં તર્ક અને અમલ સમજવા માટે ડોક્યુમેન્ટ અભિન્ન ભાગ છે.

સોફ્ટવેર અતિ બૌદ્ધિક પેદાશ છે. જે ભૌતિક રીતે દેખાતી નથી કે સ્પર્શી શકાતી નથી. કૉમ્પ્યુટરનું સોફ્ટવેર ઘટક એ પૂર્વનિર્ધારિત પ્રોગ્રામ સૂચના છે કે જે મેગ્નેટીક અથવા ઓપ્ટીકલ સંગ્રહ માધ્યમની જાળવણી કરે છે, જે કાર્યસિદ્ધિ માટે CPUનાં RAMનાં ગોઠવાય છે. કેટલાંક કૉમ્પ્યુટર સિસ્ટમમાં આ સોફ્ટવેર પેકેજ ઉત્પાદકતા દ્વારા કૉમ્પ્યુટર એકમનાં વિભાગ તરીકે મૂકવામાં આવેલ હોય છે.

## 2.3 સોફ્ટવેરનાં કાર્યો (FUNCTIONS OF SOFTWARE)

સોફ્ટવેરનું મુખ્ય કાર્ય હાર્ડવેરને ઇચ્છિત કાર્ય કરવા માટે તૈયાર કરવું તે છે. જુદાં-જુદાં પ્રકારનાં કામો માટે, જુદાં-જુદાં સોફ્ટવેરો રચાયાં અને વિકસિત થયાં છે. તેઓ તેનાં ચોક્કસ કાર્યોને આધારે શ્રેણીબદ્ધ રીતે ગોઠવાયેલા હોય છે. ઉદા. એપ્લીકેશન સોફ્ટવેરનો સામાન્ય હેતુ વર્ડ પ્રોસેસીંગ, સ્પેડશીટ, ગ્રાફીક્સ વગેરે જેવાં કામો કરવાનો છે, જ્યારે વિશિષ્ટ હેતુવાળા એપ્લીકેશન સોફ્ટવેર વિશિષ્ટ કાર્ય માટે હોય છે; જેમ કે પેરોલ, ઇન્કમ ટેક્ષ, ગ્રંથાલય સંચાલન વગેરે. સામાન્ય રીતે સિસ્ટમ સોફ્ટવેર સિસ્ટમ નિયંત્રણ પ્રોગ્રામને સંભાળવા માટે હોય છે જેમાં ઓપરેટીંગ સિસ્ટમ ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ, પ્રત્યાયન, મોનીટર, સિસ્ટમ વિકાસનાં પ્રોગ્રામ જેમાં; ઉપયોગિતા, જોબ એકાઉન્ટ, વગેરે અને સિસ્ટમ આધારનાં પ્રોગ્રામ જેમાં; કમ્પાઇબર્સ, ઇન્ટરપ્રિટર્સ, એસેમ્બલર્સ વગેરેનો સમાવેશ થાય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(1) સોફ્ટવેર એટલે શું ?

(2) સોફ્ટવેરનાં કાર્યો શું છે ?

**નોંધ :** (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 2.4 સોફ્ટવેરના પ્રકારો (TYPES OF SOFTWARE)

સોફ્ટવેરનાં સંગઠનમાં વિભિન્ન મતો રહેલા છે. કેટલાંક તેના મૂળભૂત ચાર પ્રકારો બનાવવાની તરફેણ કરે છે. તેઓનાં મત મુજબ સિસ્ટમ સોફ્ટવેર, અમલીકરણ સોફ્ટવેર, ઉપયોગિતા સોફ્ટવેર અને સોફ્ટવેર પેકેજ એમ ચાર પ્રકાર છે. સિસ્ટમ સોફ્ટવેર એ પ્રોગ્રામનો સંગ્રહ છે જે કૉમ્પ્યુટર દ્વારા થયેલ વર્તમાન કાર્યનું સંચાલન કરે છે. જેમાં અમલીકરણ સોફ્ટવેર પ્રોગ્રામની કાર્ય સિદ્ધિનો સમાવેશ થાય છે. અમલીકરણ સોફ્ટવેર વિશિષ્ટ કાર્યો જેવા કે ગ્રંથાલય સ્વયસંચાલન અને MIS કાર્ય વ્યવસ્થાપન અથવા અન્ય ઉપયોગી કાર્યો કે જે કોમ્પ્યુટરને પોતાને સીધી જ રીતે તેનાં કાર્ય સાથે સંબંધિત ન હોય. ઉપયોગિતા સોફ્ટવેર એ પ્રોગ્રામોની ગોઠવણ છે કે જે દૈનિક કાર્યો કરે છે જેવી કે યાદી કરવી અથવા માહિતી ગોઠવવી, ફાઈલની નકલ કરવી વગેરે. સોફ્ટવેર પેકેજ કોમ્પ્યુટર અમલીકરણ છે જેમાં ચોક્કસ પ્રકારનાં કામો માટે યોગ્ય પ્રોગ્રામો ગોઠવાયેલાં હોય છે. સોફ્ટવેર પેકેજ સામાન્ય રીતે મોડ્યુલ્સમાં ગોઠવાયેલાં હોય છે. દરેક મોડ્યુલ સ્વતંત્ર રીતે ચોક્કસ કાર્યને મદદ કરે છે. તેમાં કેટલાક તબક્કે સંકલન, આંતરજોડાણ અને માહિતીપ્રવાહ હોય છે. ઉદા. ગ્રંથાલય સંચાલન સિસ્ટમમાં સોફ્ટવેર પેકેજમાં મોડયુલ્સ જેવાકે કેટલોગ સંચાલન, સક્યુલેશન, સામયિક સબસ્ક્રીપ્શન,

સભ્યપદ, નવાં આવેલા બજેટ નિયમન વગેરેનો સમાવેશ થાય છે. ઘણાં લોકો મુખ્યત્વે બે પ્રકારના સિસ્ટમ અને અમલીકરણ સોફ્ટવેર રાખવા માંગે છે.

### 2.4.1 સિસ્ટમ સોફ્ટવેર (System Software)

સિસ્ટમ સોફ્ટવેર એ એક અથવા વધારે પ્રોગ્રામોની ગોઠવણ છે જે કૉમ્પ્યુટરનાં કાર્યને સંચાલિત કરવા માટે રચાયેલ છે. સિસ્ટમ સોફ્ટવેર કૉમ્પ્યુટર યંત્રનું કાર્ય અસરકારક અને ઉત્તમ બનાવે છે. સામાન્ય રીતે સિસ્ટમ સોફ્ટવેર અન્ય સોફ્ટવેરની સરળ દોડને મદદ કરે છે; અન્ય ઘટકો સાથે પ્રત્યાયન કરી; તે બીજા પ્રકારનાં સોફ્ટવેરના વિકાસમાં મદદ કરે છે અને વિવિધ હાર્ડવેર સ્રોતોનાં ઉપયોગનું નિયમન કરે છે. ટૂંકમાં તે અમલીકરણ સોફ્ટવેરનાં સંચાલન અને વિકાસનું વાતાવરણ પુરું પાડે છે. વિભિન્ન પ્રકારનાં સિસ્ટમ સોફ્ટવેરો ઉપલબ્ધ છે.

(a) ફર્મવેર (b) ઓપરેટીંગ (c) અનુવાદક (d) સિમ્યુલેટર્સ અને (e) ઇમ્યુલેટર્સ

◆ **ફર્મવેર :**

જ્યારે કૉમ્પ્યુટર શરૂ થાય ત્યારે, CPU ને કેટલીક સૂચનાઓ અને માઇક્રોપ્રોસેસરનાં ROMમાં સૂચનો અને માહિતી સંગ્રહાયેલી જોઇએ. આવી સૂચનાઓ જરૂરી હોય છે જેમાં ચીપ્સનાં અન્ય ભાગોની શરૂઆત, કી-બોર્ડ સાથે પ્રત્યાયન સ્થાપન વગેરે માટેની હોય છે. સતત વપરાયેલી પ્રોગ્રામ સૂચનાઓ કે જેમાંથી કૉમ્પ્યુટરની કાર્ય સિદ્ધિ થાય છે. તે કાયમી રીતે ROM ચીપ્સમાં સંગ્રહ થાય છે. આ બધા પ્રોગ્રામો CPUમાં ઉપલબ્ધ હોય છે જે જરૂર પડ્યે તરત જ પ્રાપ્ત થાય છે. આ પ્રોગ્રામોને 'ફર્મવેર'નાં વર્ગમાં મૂકવામાં આવે છે. ફર્મવેર વગર કોઇપણ કૉમ્પ્યુટર પ્રોગ્રામ પર કાર્ય કરી શકતું નથી. કૉમ્પ્યુટરને શરૂ કરવાનું લખાણ પણ ફર્મવેરનાં સ્વરૂપ લખાયેલ હોય છે.

◆ **ઓપરેટીંગ સિસ્ટમ :**

ઓપરેટીંગ સિસ્ટમ કૉમ્પ્યુટરમાં સુપર નિયંત્રણ પ્રોગ્રામ તરીકે કાર્ય કરે છે. તે CPUમાંથી વિવિધ ઘટકો તરફ આવતા સિગ્નલોના પ્રવાહને નિયંત્રિત કરે છે. બીજા શબ્દોમાં ઓપરેટીંગ સિસ્ટમ એ પ્રોગ્રામોની ગોઠવણ છે કે જે કૉમ્પ્યુટરને વિવિધ કાર્યો જેવા કે, પ્રત્યાયન, કમાન્ડસ, યશ, ઉપયોગકર્તા સાથે તે કરવા સક્ષમ બનાવે છે. તે કૉમ્પ્યુટરને પોતાનાં કાર્યનું નિરીક્ષણ કરવાનું કરે છે. જેને અમલીકરણ પ્રોગ્રામમાં બોલાવાય છે અને ઉપયોગકર્તા દ્વારા જરૂરિયાત વખતે આઉટપુટની પેદાશનું કાર્ય કરી શકાય છે. ઓપરેટીંગ યંત્ર મેમરી સંચાલન, ફાઇલ સંચાલન, પ્રોગ્રામ વાર્તાલાપ, પ્રત્યાયન સંચારણ, ગ્રાફિક સંચાલન અને અન્ય ઉપયોગિતાનું કાર્ય કરે છે. ઓપરેટીંગ સિસ્ટમ નીચેનાં પ્રકારે વિભાજીત કરવામાં આવે છે.

બેચ પ્રોસેસીંગ સિસ્ટમ, મલ્ટીટાસ્કીંગ સિસ્ટમ, ટાઇમ વિભાજન અને મલ્ટી પ્રોસેસીંગ સિસ્ટમ.

**(a) બેચ પ્રોસેસીંગ સિસ્ટમ**

આ સંચાલન સિસ્ટમ કાર્યને સ્વીકારે છે અને શ્રેણી આધારિત તેમાં કાર્યસિદ્ધિ થાય છે. કાર્યસિદ્ધ થતા પહેલાં કાર્યો કલારમાં હોય છે. આવા પ્રસંગે ડેટા ઘણા દિવસો અથવા અઠવાડિયાથી ટ્રાન્મીક્શન ફાઇલમાં સંગ્રહાયેલા હોય છે અને પછી બધા એક સમયે પ્રક્રિયા કરે છે. જેની માસ્ટર ફાઇલની સામે બેચ હોય છે. પેરોલ સિસ્ટમની તબક્કાવાર પ્રક્રિયા એ આવા યંત્રનું ઉદાહરણ છે.

**(b) મલ્ટીટાસ્કીંગ સિસ્ટમ :**

આ સંચાલન સિસ્ટમ એક CPU તેમજ એક કૉમ્પ્યુટર પર બે અથવા વધારે કાર્યો એક સમયે થાય છે. ઉદા. યંત્ર અહેવાલ લખવા માટે કમાન્ડ ફો સ્વીકારે છે. જ્યારે બીજો પ્રોગ્રામ ડેટાબેઝની શોધનો હોય છે અથવા પ્રક્રિયા થયેલ વસ્તુની નકલની છાપણી કરતો હોય છે. આનું ઉત્તમ અમલીકરણ હવેનાં દિવસોમાં સૂક્ષ્મ કૉમ્પ્યૂટર્સમાં વિન્ડો આધારિત પર્યાવરણમાં કરી શકાય છે. તેમ છતાં CPUમાં એક પ્રોગ્રામની પ્રક્રિયા એક સમયે થતી હોય છે. આની કાર્ય કરવાની ગતિ ખૂબ જ ઝડપી છે. માનવ પ્રતિક્રિયાનો સામાન્ય રીતે 0.1 સેકન્ડ છે. પરંતુ જો આમાં કાર્ય સિદ્ધિની કોઈ સમસ્યા ન હોય તો CPU દ્વારા આના કરતાં ઓછા સમયમાં પ્રતિક્રિયા આપે છે.

**(c) મલ્ટી પ્રોગ્રામીંગ સિસ્ટમ**

મલ્ટી પ્રોગ્રામીંગ શબ્દનો ઉપયોગ મુખ્યત્વે મલ્ટી યુઝર પર્યાવરણ માટે થાય છે. પરંતુ જ્યારે તે વ્યક્તિગત કૉમ્પ્યુટર માટે આકાર પામે છે ત્યારે તેઓ સહવર્તી/સમાંતર પ્રક્રિયા સંચાલન સિસ્ટમ બોલાય છે. મલ્ટી પ્રોગ્રામીંગ એ બે અથવા વધારે પ્રોગ્રામો કે જે મલ્ટી યુઝર ઓપરેટીંગ સિસ્ટમમાં વિવિધ યુઝર ટર્મિનલ દ્વારા તરત જ કાર્ય સિદ્ધ થાય છે. મલ્ટીટાસ્કીંગ સિસ્ટમની જેમ, અહીંયા CPU ચોક્કસ સમયે દરેક પ્રોગ્રામનો એક પછી એક માટે કેટલાક જથ્થામાં ખર્ચ કરે છે.

### (d) ટાઈમ વિભાજન સિસ્ટમ

ટાઈમ વિભાજન સિસ્ટમ અસંખ્ય સ્વતંત્ર વપરાશકર્તા દ્વારા સીધી રીતે જ કોમ્પ્યુટરનાં CPUમાં પ્રક્રિયા કરે છે. ઘણા વપરાશકર્તા સમય આધારિત ફ્રેમવર્ક સિન્ગલ કોમ્પ્યુટરનાં સ્ત્રોતોનો ઉપયોગ કરી શકે છે. સમય વિભાગ કે જેની હાર 10 થી 20 મિલીસેકન્ડ દરેક માટે વિભાજીત કરવામાં આવે છે. મલ્ટીટાસ્કીંગ અને સમય વિભાજન યંત્ર વચ્ચેનો તફાવત એ હકીકતમાં રહેલ છે કે મલ્ટીટાસ્કીંગ સિસ્ટમ CPU સીધી રીતે જ પ્રોગ્રામને વિભિન્ન સમયનાં પૂરો પડાયેલો જથ્થો જરૂર પડ્યા મુજબ પૂરો પાડે છે, ત્યારે સમય વિભાજન યંત્રમાં CPU દરેક પ્રોગ્રામથી આગળ ગયા પહેલા ચોક્કસ સમયનો જથ્થો પૂરો પાડે છે.

### (e) મલ્ટી પ્રોસેસીંગ સિસ્ટમ

મલ્ટી પ્રોસેસીંગ સિસ્ટમમાં એક કરતાં વધારે કોમ્પ્યુટર દ્વારા એક સમયે, બે અથવા વધારે પ્રોગ્રામની એક સાથે પ્રક્રિયાનો સમાવેશ થાય છે. આ મલ્ટી પ્રોગ્રામીંગની વિરૂદ્ધમાં છે કે જેમાં બે અથવા વધારે પ્રોગ્રામ સિંગલ દ્વારા પ્રક્રિયા પામે છે. મલ્ટી પ્રોસેસીંગમાં કોમ્પ્યુટર એકબીજા સાથે વિવિધ પ્રોગ્રામ માટે જોડાય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(3) સિસ્ટમ સોફટવેર એટલે શું ?

(4) ઓપરેટીંગ સિસ્ટમ વિવિધ પ્રકારો કયાં છે ?

**નોંધ :** (1) નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

◆ **એક વપરાશકર્તા સંચાલન સિસ્ટમ :**

આ સંચાલન સિસ્ટમો એક સમયે CPU સાથે ઇનપુટ સાધનને એક સંચાર માટેની તક આપે છે; આથી તેનું નામ વપરાશકર્તાનું સંચાલન સિસ્ટમ છે. MS. Dos એ આ પ્રકારનું ઉદાહરણ છે.

MS. Dos (માઇક્રોસોફ્ટ ડિસ્ક ઓપરેટીંગ સિસ્ટમ) :

MS. Dos એ એક વપરાશકર્તાની સંચાલન સિસ્ટમ છે જે IBM સુસંગત કોમ્પ્યુટરો માટે 1981માં વિકસાવવામાં આવેલ છે. આ સંચાલન સિસ્ટમનું IBM સ્વરૂપ પણ PC.Dos તરીકે જાણીતું છે. MS. Dos એ વપરાશકર્તાનાં લખાણ ઇન્ટરફેસ માટે ખૂબ જાણીતું છે. વપરાશકર્તાએ કોમ્પ્યુટરનો પ્રતિભાવ મેળવવા માટે કી-બોર્ડનાં ઉપયોગ દ્વારા લાઇનને કમાન્ડ આપી, કમાન્ડ ટાઇપ કરવાનો હોય છે.




**આકૃતિ 2.1 MS. Dos સ્ક્રિન**

આ કમાન્ડને બે જૂથમાં વિભાજીત કરવામાં આવે છે : આંતરિક અને બાહ્ય કમાન્ડસ. આંતરિક કમાન્ડ (Viz, DIR, DEL, Copy વગેરે) સિંગલ અલગ ફાઇલ COMMAND.COM સાથે હોય છે. જેને કમાન્ડ પ્રોસેસર કહેવામાં આવે છે અને તે બુટીંગના સમયે RAMમાં પ્રવેશે છે. આથી તેઓ RAMમાંથી સીધી જ કાર્યસિદ્ધિ કરાવે છે. બાહ્ય કમાન્ડસ (VIZ, CHKDSK, EDIT, FORMAT વગેરે) નામો પ્રોગ્રામનાં છે જે ડિસ્ક ફાઇલમાં સંગ્રહાયેલાં હોય છે. તેથી તેઓ જ્યારે જરૂરિયાત હોય ત્યારે RAMમાં પ્રવેશ છે. નવું સ્વરૂપ પ્રદર્શિત થતા એ વાસ્તવિકતા છે કે કેટલાંક કમાન્ડસ કેટલીક વખત નીકળી જાય છે અને કેટલાંક નવા કમાન્ડસ પરિચયમાં આવે છે. ઉપરનાં આંકડાઓ DIR કમાન્ડની કાર્યસિદ્ધિનું પરિણામ બનાવે છે.

**WINDOWS :** માઇક્રોસોફ્ટ કોર્પોરેશન દ્વારા IBM સિસ્ટમ સાથે ઇન્ટેલ માઇક્રોપ્રોસેસર્સ સાથે વિન્ડોઝનાં સંચાલન સિસ્ટમનો વિકાસ થયો. Dosમાં કમાન્ડને લખવાને બદલે, તેમાં ગ્રાફીકલ યુઝર ઇન્ટરફેસ (GWI) પુરૂ પાડે છે કે જે પ્રોગ્રામ, પ્રક્રિયા, ફાઇલ, કમાન્ડ વગેરેને ગ્રાફીકલ નિશાની વપરાશકર્તા માઉસ દ્વારા પસંદ કરી શકે છે અને તેનાં બટન પર ક્લિક કરી શકે છે. જ્યારે વિન્ડોઝ Dos સાથે ઉપયોગમાં લેવાતો હોય ત્યારે વપરાશકર્તા ગ્રાફીકલ ઇન્ટરફેસની સુવિધા પ્રાપ્ત કરી શકે છે. વિન્ડોઝ ચોરસ છે. જે સ્ક્રીન પર દેખાય છે અને કેટલાંક વિશિષ્ટ હેતુ માટે માહિતીને પ્રદર્શિત કરે છે. વિન્ડો આધારિત સંચાલન સિસ્ટમ ઘણી વિન્ડોને સ્ક્રીન પર રજૂ કરે છે, તે દરેક જુદાં હેતુ માટે હોય છે અને તે દરેક જુદાં પ્રોગ્રામો જેવા કે વર્ડ પ્રોસેસીંગ, સ્પેડશીટ વગેરેમાં આવેલ છે જે ગ્રાફીકલ યુઝર ઇન્ટરફેસ શીટ MS.Dos અથવા PC.Dos સંચાલન તંત્રમાં પડેલું હોય છે. વિન્ડોઝનો તેનાં કાર્યો માટે સતત ઉપયોગ કરે છે.

આજે વિશાળ ઉપયોગમાં વિન્ડોઝનાં ઘણા સ્વરૂપ હાજર છે. વિન્ડોઝ-2000, વિન્ડોઝ XP, વિન્ડોઝ 2003 વર્જનો આજે પ્રખ્યાત છે. દરેક સ્વરૂપમાં પાછળનાં સ્વરૂપ કરતા કાંઇક સુધારો જોવા મળે છે. તેમ છતાં વિન્ડોઝનાં મૂળભૂત લક્ષણો સમાન રહે છે. ઘણા વિન્ડોઝ સમાન સ્ક્રીન પર હાજર હોય છે. વિન્ડોઝ પણ એક સમયે એક કરતા વધુ પ્રોગ્રામ ચલાવવાની સુવિધા આપે છે અને દરેક પ્રોગ્રામ અન્ય પ્રોગ્રામ સાથે માહિતીની વહેંચણી કરે છે.

બટનને શરૂ કરો અને ટાસ્કબાર સ્ક્રીનનાં નીચેના ભાગે સ્થિત થઈ જાય છે. જ્યારે વિન્ડો પ્રથમ વખત શરૂ થાય છે ત્યારે વિન્ડોઝ ચાલુ હોય ત્યારે તેઓએ હંમેશા દેખાય છે. ટાસ્કબાર બધા ખૂલેલા પ્રોગ્રામ માટે એક લોગ પૂરો પાડે છે. પ્રોગ્રામને સ્વિચ કરવાથી ટાસ્કબારનું બટન પ્રોગ્રામ ક્લિક થયો છે તે દર્શાવે છે. ઉપરનાં આંકડાઓ પરંપરાગત વિન્ડોઝની શરૂઆત સ્ક્રીન પર દેખાડે છે.



આકૃતિ-2.2 વિન્ડો સ્ક્રીન

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(5) Dosમાં વિભિન્ન પ્રકારમાં કમાન્ડને વર્ણવો ?

(6) વિન્ડોઝ શું છે ?

**નોંધ :** (1) નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

◆ **મલ્ટી યુઝર સંચાલન સિસ્ટમ (Multi User Operating System) :**

આ સંચાલન સિસ્ટમ એક સમયે CPU સાથે પ્રત્યાયનમાં ઇનપુટ ઘટકો ને સંમતિ આપે છે. આથી આનું નામ મલ્ટી યુઝર સંચાલન સિસ્ટમ છે. UNIX, LINUX આ પ્રકારનાં જાણીતાં ઉદાહરણો છે.

**UNIX :**

બેલ ટેલીફોનની સંશોધન લેબોરેટરીમાં 4T & T માહિતી સિસ્ટમના વિભાગમાં 1999માં UNIX મલ્ટી ટાસ્કીંગ અને મલ્ટી યુઝર સંચાલન સિસ્ટમનો વિકાસ થયો. તે વિશાળ યંત્રો માટે વિકસાવવામાં આવ્યું. સંચાલન સિસ્ટમનો મોટો ભાગ ઉચ્ચકક્ષાની C ભાષામાં લખાયેલ છે, તે પ્રથમ ખુલ્લી સંચાલન સિસ્ટમ બની છે કે જે PC માંથી સુપર કૉમ્પ્યુટરનાં કોઇપણ તબક્કે દાખલ થઈ શકે છે. સદનસીબે UNIX આ સમયે UNIXમાં ઘણી વિવિધતા લાવે છે. UNIXનાં લગભગ 18 સ્વરૂપો છે. Sco, UNIX, Solaris, UNIX-QSF/1, LINUX વગેરે. આ સંચાલન યંત્રની માઇક્રોસોફ્ટ શ્રેણી UENIX તરીકે પણ જાણીતી છે.

UNIXએ પ્રખ્યાત સંચાલન યંત્ર છે કારણ કે તે ઝડપથી કોઇપણ કૉમ્પ્યુટર યંત્રમાં દાખલ કરી શકાય છે. UNIXની બે મૂળભૂત વર્જન છે. જેમાં XT & T માંથી સિસ્ટમ V બોલાય છે. અને બીજું બકેલી મહાવિદ્યાલયનું બકેલી વર્જન બોલાય છે. ઇન્ડિગો કૉમ્પ્યુટરમાં સિલિકોન ગ્રાફીક્સ માટે ઉપયોગમાં લેવાતું UNIXનું સ્વરૂપ વાસ્તવિક રીતે V અને બકેલી શ્રેણીનું મિશ્રણ છે. UNIX એ લાઇન આધારિત સિસ્ટમ છે, જે MS. Dos ને સમાન છે. સંચાલન સિસ્ટમ માટે દરેક આદેશ 'રીટર્ન' અથવા 'દાખલ' કી દ્વારા થાય છે. UNIX કેસ (અક્ષર) પ્રત્યે સંવેદનશીલ છે અને તે ASCII અક્ષર વ્યવસ્થાનો ઉપયોગ કરે છે અને ઉપરનાં અને નીચા કેસને સહાય કરે છે. ઉપરના અને નીચેના બને કેસનો ઉપયોગ કરવાનો ગેરફાયદો એ છે કે કમાન્ડ અને ફાઇલનું નામ ફરજિયાત રીતે સાચા કેસમાં લખાયેલું હોવું જોઈએ. ઘણા UNIX કમાન્ડસ અને ફાઇલનાં નામ નીચેના કેસમાં હોય છે.

**UNIX અક્ષરો :**

UNIXમાં ત્રણ સ્તરો આવેલાં હોય છે - UNIX-કર્નલ, UNIX-શેલ અને UNIX ઉપયોગિતા/ અમલીકરણ સ્તર. આ સ્તરો સુરક્ષા પોઇન્ટમાંથી વિકસિત થયેલાં હોય છે અને દરેક સ્તર ચોક્કસ કાર્ય માટે હોય છે.

**UNIX કર્નલ :**

આ અતિ અગત્યનું અને આંતરિક સ્તર છે. તેમાં પ્રક્રિયાનું સમયપત્રક હોય છે, અનુક્રમિત ફાઇલ બંધારણ અને પ્રક્રિયા માટેનું યાંત્રિકીકરણ એકબીજા સાથે પ્રત્યાયન કરે છે.

**UNIX-શેલ :**

આ વચ્ચેનું સ્તર છે જેમાં કમાન્ડ ઇન્ટરપ્રિટરનો સમાવેશ થાય છે. તે વપરાશકર્તાનાં કમાન્ડસ અને પ્રોગ્રામને કાર્યસિદ્ધિ સુધી પહોંચાડે છે.

**UNIX ઉપયોગિતા/અમલીકરણ :**

આ બહારનું સ્તર છે જેમાં પ્રોગ્રામિંગ સાધનો અને અમલીકરણ પ્રોગ્રામનો સમાવેશ થાય છે. પ્રોગ્રામિંગ સાધનોમાં એસેમ્બલર્સ, કમ્પાઇલર્સ, સંપાદકો વગેરેનો સમાવેશ થાય છે. અમલીકરણ પ્રોગ્રામમાં ડેટાબેઝ સંચાલનમાં પેકેજ વર્ડ પ્રોસેસીંગ, ગ્રાફીક્સ વગેરેનો સમાવેશ થાય છે.

**Linux :**

લિનક્સ એ મુક્ત સંચાલન તંત્ર છે કે જે લિનક્સ ટોર્વાલ્ડસ દ્વારા અસ્તિત્વમાં આવ્યું તે 1991માં મહાવિદ્યાલયનો વિદ્યાર્થી હતો ત્યારે બનાવવામાં આવ્યું હતું. લિનક્સ લોકો માટે આરક્ષિત નથી કે વિભાજીત નથી. તે મુક્ત સોફ્ટવેર છે. સામાન્ય રીતે તેને ફ્રીવેર અથવા ખુલ્લાં સ્ત્રોત સોફ્ટવેર કહેવામાં આવે છે. કોઇ એક આપી દે અથવા નકલો વેચે પરંતુ સાથે સ્ત્રોત કોડનો સમાવેશ જરૂરી હોય છે. તે POSIX (UNIX માટે પોર્ટેબલ સંચાલન સિસ્ટમ ઇન્ટરફેસ)ધોરણોને અનુસરે છે. તેથી લિનક્સ UNIX જેવું લાગે છે, પરંતુ તે સમાન સ્ત્રોત કોડમાંથી આવતું નથી.

લિનક્સમાં સંચાલન સિસ્ટમને માત્ર કર્નલ હોય છે, જે હાર્ડવેર નિયંત્રણ, ફાઇલ ગોઠવણ, પ્રક્રિયા વિભાજન, અને ઘણાં સમાન કાર્ય કરે છે. એક સંપૂર્ણ સંચાલન સિસ્ટમ રચવા માટે ઉપયોગિતા અને કાર્યક્રમો સમૂહો સાથે લિનક્સનાં વિવિધ જોડાણો હોય છે. આ દરેક જોડાણને લિનક્સનું વિભાજન કહેવામાં આવે છે. આ દરેક જોડાણ કૉમ્પ્યુટર હાર્ડવેરની વચ્ચે રહે છે. કેન્દ્ર કર્નલ છે જે ઘણા કૉમ્પ્યુટર કાર્યો (સિસ્ટમ મેમરી વ્યવસ્થા, પ્રોસેસરની ફાળવણી, સાધનો ખોલવા તથા બંધ કરવા વગેરે) પૂરા પાડે છે. આ ઉપરાંત કર્નલ લિનક્સ નીચેની અન્ય સેવાઓ આપે છે.

**ફાઇલ સિસ્ટમ :**

ફાઇલ સિસ્ટમ એ એવું બંધારણ છે જેમાં કૉમ્પ્યુટરમાં માહિતી સંગ્રહ થાય છે. માહિતી ફાઇલમાં સંગ્રહ થાય છે. પ્રાથમિક તબક્કે કૉમ્પ્યુટરની અંદરની હાર્ડ-ડિસ્કમાં થાય છે. ફાઇલ અનુક્રમિત ડિરેક્ટરી સાથે ગોઠવાય છે. લિનક્સ ફાઇલ સિસ્ટમ ડેટા ફાઇલ્સને જકડી રાખે છે. પ્રોગ્રામ આવે છે અને સિસ્ટમ ગોઠવવા ફાઇલનું અમલીકરણ કરે છે.

**ડિવાઇસ ડ્રાઇવર્સ :**

આ કૉમ્પ્યુટર સાથે જોડાયેલા દરેક સાધનોને ઇન્ટરફેસ પૂરું પાડે છે. ડિવાઇસ ડ્રાઇવર, હાર્ડવેરનાં દરેક ઘટકો કઈ રીતે અમલીકરણ પામે છે તેની વિગત જાણ્યા વગર, પ્રોગ્રામને લખવા સક્ષમ બનાવે છે. પ્રોગ્રામ સાધનને ખોલે છે, ડેટાને પ્રાપ્ત કરે છે અને મોકલે છે, અને સાધનને બંધ કરે છે.

**યુઝર ઇન્ટરફેસ :**

સંચાલન સિસ્ટમ વપરાશકર્તાને પ્રોગ્રામ ચલાવવા અને ફાઇલ સિસ્ટમમાં પ્રક્રિયા કરાવવા રસ્તો પૂરો પાડવાની જરૂરિયાત હોય છે. લિનક્સને ગ્રાફિકલ અને લખાણ આધારિત વપરાશ કર્તા એમ બંને ઇન્ટરફેસ છે. GNIME (GNOME નેટવર્ક ઓબજેક્ટ મોડેલિંગ પર્યાવરણ) અને KDE (K ડેસ્કટોપ પર્યાવરણ) ગ્રાફીક્સ વપરાશકર્તાને ઇન્ટરફેસ પુરું પાડે છે. જ્યારે શેલ કમાન્ડ ઇન્ટરપ્રિટર્સ કમાન્ડ અને વિકાસનાં લખાણ દ્વારા પ્રોગ્રામને ચલાવે છે.

**સિસ્ટમ સેવા :**

સંચાલન સિસ્ટમ, સિસ્ટમ સેવા પૂરી પાડે છે, તેમાંની ઘણી કૉમ્પ્યુટર જ્યારે બુટ થાય ત્યારે સ્વયંસંચાલિત રીતે શરૂ થાય છે. લિનક્સમાં સિસ્ટમ સેવા પ્રક્રિયાનો સમાવેશ કરે છે કે જે ફાઇલ સિસ્ટમ આવકારે છે, સંચાર શરૂ કરે છે અને દૈનિક કાર્યને ચલાવે છે.

વિન્ડોઝની જેમ સમાન રીતે UNIXની લિનક્સ તરાહ પ્રખ્યાતી ખામી છે. અત્યારે એક ઓફીસ સુટ (કોરેલ) લિનક્સ સ્ટેજ માટે ઉપલબ્ધ છે, જે ખૂબ જ સહકાર આપે છે અને તે બિનખર્ચાળ છે. તે હાર્ડવેર સ્ત્રોતોની પણ ઓછી માંગ કરે છે. લિનક્સ ઇન્ટરનેટ અને ઔદ્યોગિકી ધોરણવાળા ઘટકોનો

ઉપયોગ કરે છે અને સિસ્ટમને પ્રોટોકલ સાથે સંપૂર્ણ સંચારી સંકલન આપે છે. સંચાલન સિસ્ટમ ઘણી ફાઈલ સેવા પ્રોટોકોલ માટે સર્વરનું કાર્ય કરે છે અને બધા મુખ્ય ઇન્ટરનેટ અમલીકરણો પૂરા પાડે છે. લિનક્સ સામાન્ય રીતે વિભાજન તરીકે સ્વીકારવામાં આવે છે. આ લિનક્સ સંચાલન સિસ્ટમ કર્નલ અને અન્ય સાધનો, ઉપયોગિતા અને અમલીકરણનું સંયોજન છે. આમાંના કેટલાંક ઇન્ટરનેટ પર અને અન્ય CD-ROM પર મુક્ત રીતે ઉપલબ્ધ છે. લિનક્સ મુક્ત સોફ્ટવેર છે તેથી તેની મુક્ત નકલ થાય છે, ઘણા વિભાજનો ઇન્ટરનેટ પર ઉપલબ્ધ થાય છે અને CD-ROM સાથે યોગ્ય સહકાર પૂરો પાડી વહેંચવામાં આવે છે.

**નેટવર્ક સંચાલન સિસ્ટમ :**

નેટવર્ક સંચાલન સિસ્ટમ એ સંચાર પર્યાવરણમાં કામ કરવાનું મુખ્ય સિસ્ટમ સોફ્ટવેર છે અને ઘણા એ બધા કૉમ્પ્યુટરોનું સંગઠન છે. એકબીજા સાથે જોડાયેલાં હોય છે. કેન્દ્ર સર્વરથી તેઓ સ્રોત વહેંચણી દસ્તાવેજ અને પ્રિન્ટર્સને વહેંચી શકે. નેટવર્ક વિભિન્ન સિસ્ટમ ધરાવતાં વિવિધ પ્લેટફોર્મ હોય છે. વધારામાં સર્વર બીજા સર્વર માટે ક્લાઇન્ટ તરીકે પણ કાર્ય કરે છે. યંત્ર ક્લાઇન્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ તે સર્વર નથી. ઘણી બધી સંચાલન સિસ્ટમોને Mos તરીકે વાપરી શકાય છે.

તે ઇન્ટરનેટની પ્રક્રિયા મેળવવામાં મદદ કરે છે અને ઇ-મેઇલનો ઉપયોગ કરી સંદેશા મોકલે છે/પ્રાપ્ત કરે છે, અને ઓફિસ અને હોમ કૉમ્પ્યૂટર્સને જોડવામાં મદદ કરે છે. આ ડેસ્કટોપ પર દેખાતા નેટવર્કનાં પડોશી આઇકોન દ્વારા પૂર્ણ થાય છે. આ આઇકોન પર બે ક્લિકિંગ દ્વારા કોઈ એક વર્કગ્રુપમાં જોડાયેલા બધા કૉમ્પ્યુટરનો સામાન્ય ખ્યાલ મેળવી શકે છે અથવા કોઇપણ નેટવેર સર્વર પ્રાપ્ત કરે છે કે જે કૉમ્પ્યુટર સાથે જોડાયેલું હોય છે.

UNIX આધારિત LANનાં વાતાવરણમાં TCP/IP નેટવર્ક પ્રોટોકોલ તરીકે ઉપયોગમાં આવે છે. નેટવર્કનું દરેક તંત્ર સંયોજીત રીતે ચાર બાઇટ IP સરનામું મોકલે છે, માત્ર ઇન્ટરનેટમાં કે જે ઘણુ ખરું TCP/IP નો ઉપયોગ કરવો. PC આધારિત Dos માટેનો આવો જ એક પ્રોગ્રામ PCTCP/IP છે જે સુપર કૉમ્પ્યૂટીંગ અમલીકરણ માટે રાષ્ટ્રીય કેન્દ્ર (NCSA)માંથી મુક્ત થયેલ છે. આ ઉપરાંત X વિન્ડો આધારિત પ્રોગ્રામોનો ઉપયોગ કરવા માટે, PC માં X ઇમ્યુલેટર હોવું જોઇએ. નેટવર્કની TCP/IP પ્રવૃત્તિ હેઠળ યુનિક્સે ઇન્ટરનેટ પર તેનો વ્યાપ વધાર્યો છે. UNIX એ ઇન્ટરનેટમાં ઘણુ પ્રખ્યાત OS છે કે જ્યાં સર્વરનો LAN અથવા ઇન્ટરનેટ સર્વર તરીકે ઉપયોગ કરી શકાય છે. હકીકતમાં LINUX પણ નેટવર્ક પર્યાવરણમાં ઉપયોગી થઈ શકે છે.

**વિન્ડોઝ NT :**

માઇક્રોસોફ્ટમાંથી વિન્ડોઝ NT એ મૂળભૂત બે કારણો માટે પ્રખ્યાતિ મળેલી છે. તે વિન્ડોઝ વાતાવરણ પુરૂ પાડે છે અને તે સસ્તુ છે. ખૂબ મોડેથી તેણે નોવેલ નેટવેર પર પ્રખ્યાતિ પ્રાપ્ત કરેલ છે, તેમ છતાં UNIX ચલણમાં છે.

1993માં માઇક્રોસોફ્ટ દ્વારા વિકાસ પામેલું વિન્ડોઝ NT (NT એટલે નેટવર્ક પ્રોદ્યોગિકી) એ સંચાલિત નેટવર્ક છે જે મલ્ટી યુઝર, મલ્ટી ટાસ્કીંગ લક્ષણો સાથે ગ્રાફિક્સ ઇન્ટરફેસ પુરું પાડે છે. તે મુખ્યત્વે કૉમ્પ્યુટરનાં વિશાળ સંચારને મદદ કરવા શોધાયું છે. પહેલાના વિન્ડોઝ સંચાલિત વાતાવરણને બાદ કરતા વિન્ડોઝ NT સાચી સંચાલન સિસ્ટમ છે જે સીધું જ હાર્ડવેર સાથે પ્રત્યાયન કરે છે. વિન્ડોઝ NT ખૂબ જ આધુનિક PC સાથે શક્તિશાળી થઇને કાર્ય કરે છે. જેમાં ઇન્ટેલનું પેન્ટીયમ અને મોટોરોલાનાં પાવર PCનો સમાવેશ થાય છે. તે ક્લાઇન્ટ/સર્વર કાર્યરત મોડ પૂરો પાડે છે જે સંચારિત કૉમ્પ્યુટર સિસ્ટમમાં ઉપયોગમાં આવે છે. ક્લાઇન્ટ યંત્રને વિનંતી કરે છે અને સર્વર સિસ્ટમ પહોંચાડે છે. સર્વર સામાન્ય રીતે ઘણા બધા કૉમ્પ્યુટરમાં સંચાર પર સેવાઓ પૂરી પાડે છે જે ક્લાઇન્ટ તરીકે ઓળખાય છે. વિન્ડોઝ NT દાખલ કરવામાં અને ઉપયોગમાં સરળ છે. વિન્ડોઝ શ્રેણી (જેવી કે વિન્ડોઝ 2000, ME, XP વગેરે) વિન્ડોઝ NT પછી વિકાસ પામી છે જે વિન્ડોઝ NT પ્રોદ્યોગિકીને આધારિત છે.

**નેટવેર :**

આ પેદાશ નોવેલ સંગઠનમાંથી આવેલ છે. વાસ્તવમાં નેટવેર Dos યંત્રમાં નેટવર્ક મદદ કરવા આકારિત કરવામાં આવેલ છે. હાલની તેની તરાહ LAN પર સિસ્ટમ વિશાળ વિભિન્નતાઓ આપે છે અને તે ઇન્ટરનેટ સર્વર સુધી વિસ્તરે છે. અંત્યાધુનિક આવૃત્તિ નોવેલનાં પોતાના IPX પ્રોટોકોલ TCP/IPને સહકાર આપે છે. મજબૂત સ્પર્ધક વિન્ડોઝ NT છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(7) UNIXનાં સ્તરો દ્વારા તમે શું સમજી શકો ?

(8) લિનક્સનાં સામાન્ય લક્ષણો લખો.

(9) ખુલ્લો સ્રોત શું છે ?

(10) Mosનો અર્થ શું છે ?

**નોંધ :** (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

◆ **યાંત્રિક સ્તરની ભાષાના ઉત્પાદક**

**1) અનુવાદક (Translator) :** અનુવાદકનો અર્થ એક ભાષાને બીજી ભાષામાં અનુવાદિત કરવી. તેથી અનુવાદક કૉમ્પ્યુટર સાથે સંબંધિત છે. કૉમ્પ્યુટરની બાબતમાં તેનાં હાર્ડવેરનાં ભાગો ત્યારે જ સંચાલિત થઈ શકે જ્યારે સરખા 0ની અને 1ની બનેલા હોય. પરંતુ માનવ માટે તેને સારી રીતે પસંદ કરી યાદ રાખવું સહેલું નથી. મેમોનિકલ લેટરની સંજ્ઞાઓ દ્વારા મશીન કોડની આગળ સૂચનાઓ મોકલાય છે. મેમોનિક પ્રોગ્રામ અસરકારક પ્રોગ્રામ લખવા માટે સરળ હોય છે. પરંતુ એક દુરભાષિત એજન્ટની જરૂર પડે. જે મેમોનિક કોડને યાંત્રિક કોડમાં અનુવાદિત કરી શકે. વિવિધ શ્રેણીનાં ભાષા સોફ્ટવેર માટે વિવિધ પ્રકારનાં અનુવાદકો હોય છે. એસેમ્બલર, એસેમ્બલી ભાષા માટે, અનુવાદક ઊંચા સ્તરની ભાષા માટે.

**2) એસેમ્બલર (Assembler) :** જ્યારે એસેમ્બલી ભાષા પ્રોગ્રામને ચલાવવાની જરૂરિયાત હોય અને કૉમ્પ્યુટરમાં કાર્યસિદ્ધ કરવાની હોય ત્યારે તેની યોગ્ય મશીન ભાષા પ્રોગ્રામમાં પરિવર્તન થયેલ હોવી જોઇએ. મેમોનિક ક્રિયાન્વિત કોડ, યોગ્ય આંકડાકીય ક્રિયાન્વિત કોડમાં અનુવાદિત થયેલા હોય છે. અનુવાદક કે જે આ રૂપાંતર કરે છે તેને એસેમ્બલર તરીકે ઓળખવામાં આવે છે. જેવી રીતે એસેમ્બલી ભાષા યંત્ર આધારિત છે. તેમાં એસેમ્બલર પણ યંત્ર આધારિત છે. સિસ્ટમ કાર્યક્રમ કે જે ફરજિયાતપણે ઉત્પાદક દ્વારા પહોંચવામાં આવે છે. આથી, એસેમ્બલર પ્રોગ્રામ સ્રોત પ્રોગ્રામને એસેમ્બલી ભાષામાં ઓલ્કેક્ટ પ્રોગ્રામને યાંત્રિક ભાષામાં અનુવાદિત કરે છે.

**3) દૂભાષિયો (Interpreter) :** ઉચ્ચ સ્તરની ભાષા વિભિન્ન કૉમ્પ્યુટરમાં પ્રોગ્રામની કાર્યસિદ્ધ માટે યંત્ર સ્વતંત્ર હોય છે. યાંત્રિક સ્વતંત્રતા મેળવવા માટે વિભિન્ન અનુવાદકો ઉચ્ચ સ્તરનાં ભાષા પ્રોગ્રામને વિવિધ કૉમ્પ્યુટરોની ભાષામાં અનુવાદ કરવા એક થી વધુ અનુવાદક પ્રયુક્તિઓ અપનાવે છે. બધા ઉચ્ચ સ્તરનાં ભાષા અનુવાદકો, ત્રણ વિભિન્ન તબક્કા ધરાવે છે. શાબ્દિક (લેક્સીકલ) પૃથક્કરણ વાક્યરચનામાં (સિન્ટેટીકલ) પૃથક્કરણ અને અર્થપૂર્ણ (સિમેન્ટીક) પૃથક્કરણ ઊંચા સ્તરનાં ભાષા પ્રોગ્રામ મળે છે. બે પ્રકારનાં અનુવાદકો હોય છે દૂભાષિયો અને સંકલન કરનાર (કંપાઇલર). દુભાષિયો એ છે કે તે જે સમયે સ્રોત પ્રોગ્રામનાં એક વિધાનને એક અથવા વધારે યાંત્રિક સૂચના વિષયમાં અનુવાદિત કરી શકે અને ત્યારબાદ તે કૉમ્પ્યુટરને તે સૂચના પર તરત કાર્ય કરવાની સૂચના આપે. આ ક્રિયા નિયંત્રણ બીજા વિધાન પર જાય તે પહેલા કરવાની હોય છે. બીજા શબ્દોમાં દુભાષિયો એક

પ્રોગ્રામ છે કે જે ઊંચા સ્તરનાં ભાષા પ્રોગ્રામનાં એક વિધાનને યાંત્રિક કોડમાં અનુવાદિત કરે છે. દુભાષિયો નાનો પ્રોગ્રામ છે જેથી તેમાં કાયમી વસ્તુની મોડ્યુલની સંકલન કરનારમાં જરૂર પડે છે, તેમ પડતી નથી. આથી તેમાં કામ માટે ઓછી મેમરીની જરૂર પડે છે. દુભાષિયાનો મુખ્ય ગેરફાયદો એ છે કે એક કાર્યક્રમ ચલાવવા માટે તે દરવખતે શરૂઆતથી જ શરૂ કરે છે. આમ તેને કૉમ્પ્યુટર પર ચલાવવા માટે વધારે સમયની જરૂર પડે છે.

**4) સંકલક (Compiler) :** સંકલક એ છે જેમાં ઊંચા સ્તરનાં ભાષા પ્રોગ્રામ સંગ્રહ થાય છે, તે સ્કેન થાય છે અને આખા પ્રોગ્રામને તે જ સમયે યોગ્ય યાંત્રિક ભાષા પ્રોગ્રામમાં અનુવાદિત કરે છે. સંકલક સ્રોત પ્રોગ્રામને અનુવાદિત કરે છે અને સંપૂર્ણ યાંત્રિક ભાષા પ્રોગ્રામને પેદા કરે છે. બીજા શબ્દોમાં સંકલક ઊંચા સ્તરનાં ભાષા પ્રોગ્રામનું સંકલન કરે છે. જેવા કે FORTRAN, C++, COBOL વગેરે. તેને યાંત્રિક ભાષા પ્રોગ્રામમાં બદલે છે. ઊંચા સ્તરનાં ભાષા પ્રોગ્રામનું સંકલન જટિલ પ્રક્રિયા છે જેમાં વિસ્તૃત રીતે બે તબક્કાનો સમાવેશ થાય છે. પૃથક્કરણ તબક્કો અને સંશ્લેષણ તબક્કો. પૃથક્કરણ તબક્કામાં સ્રોત પ્રોગ્રામનું તેના શાબ્દિક (લેક્સીકલ) સીન્ટેકટીકલ અને અર્થનિર્ધારણ (સીમાન્ટીક) બંધારણ માટે પૃથક્કરણ થાય છે. બીજો તબક્કામાં યાંત્રિક ભાષામાં ઉદ્દેશ કાર્યક્રમની રચના થાય છે. સંકલક બધા પ્રકારની મર્યાદા, શ્રેણી, ભૂલો વગેરેને તપાસે છે. એકવાર તપાસનું પરિણામ સંતોષકારક અને ભૂખરહિત આવે, તે સંપૂર્ણ યાંત્રિક ભાષા પ્રોગ્રામને નાની લંબાઈ કાર્યસિદ્ધિ માટે તૈયાર કરે છે. આ કાર્યસિદ્ધિ પ્રોગ્રામ, અલગ ફાઇલમાં સંગ્રહ થયેલો હોય છે અને તે સંગ્રહ મિડિયા જેવા કે ફ્લોપી, CD-ROM માં એક યંત્રમાંથી બીજામાં ફેરવી શકાય છે. જ્યાં તે કાર્યસિદ્ધિ પામ્યો હોય તે સંકલનની હાજરી વિના થઈ શકે છે. સંકલક કરવામાં દુભાષિયા કરતાં વધારે સમય લે છે. પરંતુ સંકલક પ્રોગ્રામ દુભાષિયા પ્રોગ્રામ કરતાં વધારે ઝડપથી ચાલે છે.

**5) ડિવાઈસ ડ્રાઈવર :** સાધનો વિભિન્ન હેતુઓ માટે કૉમ્પ્યુટર સાથે જોડાયેલા હોય છે. ઉદા. તરીકે પ્રિન્ટર હાર્ડકોપી આઉટપુટનાં પેદાશ માટે જોડાયેલું હોય છે. તેથી તે આઉટપુટ સાધન તરીકે ઓળખવામાં આવે છે, જેમ કે CD-ROM, સ્કેનર વગેરે. હાર્ડવેરનાં આવા સાધનો, કૉમ્પ્યુટરનાં હાર્ડવેર અને યોગ્ય સોફ્ટવેર વચ્ચે પ્રત્યાયનમાં સ્થાપનની માટે ખાસ પ્રોગ્રામની જરૂર છે. જેથી તે સાધનો યોગ્ય રીતે કામ કરે. તેઓ ઓછાવત્તા અંશે ઇન્ટરફેસ પ્રોગ્રામ તરીકે કાર્ય કરે છે. આ પ્રોગ્રામોને ડિવાઈસ ડ્રાઈવર કહેવામાં આવે છે. તે બે યોગ્ય ખ્યાલો ધરાવે છે. સિમ્યુલેટસ અને ઇમ્યુલેટર્સ. સિમ્યુલેટર એ કૉમ્પ્યુટર પ્રોગ્રામના ડેટા પ્રોસેસીંગ યંત્ર કે જે યંત્રના વર્તનનાં ચોક્કસ લક્ષણો દર્શાવે છે. ઇમ્યુલેટર્સ હાર્ડવેર અથવા સોફ્ટવેર છે, જે એક ડિવાઈસ રૂપે વર્તવાનું સૂચવે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(11) દુભાષિયાનો અર્થ શું છે ?

(12) સંકલક શું છે ?

**નોંધ :** (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ તપાસો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 2.4.2 અમલીકરણ સોફ્ટવેર (Application Software)

અમલીકરણ સોફ્ટવેર વિશિષ્ટ કાર્ય અથવા અન્ય કામોનું કોમ્પ્યૂટર છે. જેમાં એક અથવા વધારે પ્રોગ્રામોનું સર્જન ચોક્કસ કાર્ય કરવા માટે થાય છે. ઘણી સંસ્થાઓની જરૂરિયાતને સંતોષવા તેને આકારિત કરવામાં આવેલ છે. તેના ઉદાહરણો એડોબ ફોટોશોપ, M.S. વર્ડ, લોટસ 123 એક્સેલ, પેજમેકર, કોરલ ડ્રો, પાવર પોઇન્ટ, M.S. ફોટો એડીટર, ફોક્સ પ્રો, ડિબેઇઝ, કેડ વગેરે છે. કેટલાક લોકો પ્રોગ્રામની ગોઠવણી માટે ફરી વખત જુદી શ્રેણીની પસંદગી કરે છે. કે જે રોજિંદા કાર્યો કરે છે. જેવા કે યાદી અથવા માહિતી વિસ્તરણ વાયરસના અસરમાંથી બચાવવું વગેરે આને ઉપયોગિતા સોફ્ટવેર અથવા યંત્ર સોફ્ટવેર કહેવામાં આવે છે કે તે યંત્ર અથવા તેના ઘટકોની જાળવણીનું કાર્ય કરે છે. તેથી તે સેવા સોફ્ટવેર તરીકે પણ જાણીતો છે. વિનજીપ, PC સાધનો, નોર્ટન ઉપયોગિતા વગેરે તેના ઉદાહરણો છે. વિભિન્ન પ્રકારના અમલીકરણ સોફ્ટવેર નીચેના વિભાગમાં દર્શાવવામાં આવેલ છે.

◆ **ડેટા બેઝ સંચાલન તંત્ર**

(A) **ડેટા બેઝ ખ્યાલ :** માહિતી અક્ષરોની ગોઠવણ અથવા સંજ્ઞા તરીકે ઓળખાય છે. જે ચોક્કસ વસ્તુ, વિચાર અથવા કિંમત વિશેની હકીકતને પ્રસ્તુત કરે છે. પોતાની રીતે ડેટા માત્ર અક્ષરોની ગોઠવણ રજૂ કરે છે, જેમાં કોઈ ભાવ હોતો નથી. ક્રિયામાં અર્થ માહિતી સાથે જોડાયેલ હોય છે જે માહિતીમાં પરિવર્તન પામે છે. ઉદાહરણ તરીકે ડીઝીટ 09271972 તે કાલ્પનિક છે, જે કોઈ તેની પ્રક્રિયા જાણતું ન હોય. એથી તે આવી રીતે કહેવામાં આવે મહિનો, તારીખ વર્ષ (mmddyyyy) સ્વરૂપમાં રજૂ કરવામાં આવે તો પ્રથમ બે આંકડા (મહિનો - 09) મહિનાને પ્રસ્તુત કરે છે, અને છેલ્લા બે (વર્ષ - 1972) વર્ષને પ્રસ્તુત કરે છે. પછી તે સમજવા લાયક બને છે. આ ચોક્કસ સંજ્ઞાઓનું સંગઠન 1972 ના સપ્ટેમ્બરમાં મહિનાની 27 મી તારીખ રજૂ કરે છે.

આવી રીતે સંજ્ઞાઓ કે નિશાનીઓ કે જે ડેટા માહિતી બનાવે છે તે ચોક્કસ વિચારને રજૂ કરે છે. પરંતુ જો સંજ્ઞાઓ યોગ્ય રસ્તે પ્રક્રિયા કરે તો જ વિચાર પ્રસારિત થાય છે. વિચાર કોઈપણ માહિતીમાં રહેલો હોય છે, જો તે યોગ્ય રીતે પ્રસારિત થાય તો તે માહિતી તરીકે ઓળખાય છે, આથી આખો માહિતીઉદ્યોગ, યોગ્ય ડેટા મેનેજમેન્ટ પર આધાર રાખે છે. આને ડેટાના સંચાલનનો અર્થ, તેનો યોગ્ય સંગ્રહ, વધારો, જાળવણી અને પ્રક્રિયા કહે છે. સંચાલનની સુગમતા માટે વ્યક્તિગત પરંતુ સંબંધિત ડેટા વસ્તુઓ સાથે એકસાથે સંગંઠિત થાય છે.

(B) **ડેટા બેઝ :** ડેટા બેઝ એ તાર્કિક સંબંધિત પરંતુ ભૌતિક વિભિન્ન ડેટા ફાઈલોનો વ્યવસ્થિત સંગ્રહ છે જેમાં ડેટા બદ્ધ સ્વરૂપે ગોઠવાયેલા હોય છે, અને વપરાશકર્તાની જરૂરિયાત મુજબની માહિતી પ્રાપ્ત કરાવવા આકારિત થયા હોય છે. ડેટાબેઝના પ્રશ્નોના જવાબોની મદદ વડે નિર્ણય સ્રોતને ઓળખે છે અને સ્થિત કરે છે. ગ્રંથપાલ અને માહિતી વિખ્યાતો હંમેશાં ડેટાબેઝના નિષ્ણાતો હોય છે. પરંતુ ડેટાબેઝ એ સામાન્ય રીતે આપેલા સંદર્ભોથી માહિતીના અન્ય સ્રોતો અથવા દસ્તાવેજ કે જે ઐતિહાસિક ડેટાબેઝ કહેવાય તેની સાથે આદાન-પ્રદાન કરે છે. ડેટાબેઝ આંકડાકીય અને બિનઆંકડાકીય અથવા લખાણ ડેટા-બેઝમાં સંગંઠિત થાય છે; બિનઆંકડાકીય ડેટાબેઝ ફરી વખતે પૂર્ણલખાણ અને ઐતિહાસિક ડેટાબેઝમાં વિભાજિત થાય છે.




કોમ્પ્યુટર વિશ્વમાં આપણે સહજપણે ફાઈલ સાથે આદાનપ્રદાન કરીએ છીએ જે, બહારની ઓળખસીમા છે અથવા વિભિન્ન પરંતુ, તાર્કિક રીતે સંબંધિત ફાઈલ્સનો સંગ્રહ છે; ફાઈલ સમાન દસ્તાવેજોનો સંગ્રહ છે; દસ્તાવેજ એ ક્ષેત્રો અને પેટાક્ષેત્રોનો સંગ્રહ છે.

(C) **DBMS** : ડેટાબેઝ સંચાલનતંત્ર એ પ્રોગ્રામનું બંધારણ છે કે જે, પરંપરાગત રીતે બંધારિત યોગ્ય માહિતી, ભૂલસુધારણા સુવિધાનું સંચાલન કરે છે. DBMS સોફ્ટવેર પ્રોગ્રામ સખત જટિલ બંધારણ છે કે જે સંસ્થા - સંગ્રહ અને ડેટાની સુધારણાનું ડેટાબેઝમાં નિયંત્રણ કરે છે. તે ડેટાબેઝની સુરક્ષા અને વ્યવસ્થાનું પણ નિયંત્રણ કરે છે. DBMS અમલીકરણ પ્રોગ્રામમાંથી માહિતી માટેની વિનંતી સ્વીકારે છે અને સંચાલન તંત્રને યોગ્ય માહિતી બદલવા સૂચના આપે છે.

જ્યારે DBMS નો ઉપયોગ થાય. માહિતીતંત્ર તેની માહિતીની જરૂરિયાત બદલાય તે રીતે સહેલાઈથી બદલાઈ જાય છે. નવી શ્રેણીની માહિતીઓ અસ્તિત્વ ધરાવતા તંત્રના ખલેલ વગર ડેટાબેઝમાં ઉમેરવામાં આવે છે.

ડેટાની સુરક્ષા ડેટાબેઝના સુધારા અથવા રચનાત્મક ખ્યાલમાંથી અનઅધિકૃત વપરાશકર્તાથી જાળવણી કરે છે. પાસવર્ડના ઉપયોગ દ્વારા વપરાશકર્તાને સંપૂર્ણ ડેટાબેઝ થવા ડેટાબેઝના પેટાવિભાગને કે જે સબસ્કીમા બોલાય છે. તેમાં પ્રક્રિયા કરવાની મંજૂરી મળે છે. ઉદાહરણ તરીકે કર્મચારી ડેટાબેઝમાં વ્યક્તિગત કર્મચારી વિશેના ડેટાઓનો સમાવેશ થાય છે. પરંતુ અધિકૃત વપરાશકર્તાનું સંગઠન માત્ર પગારપત્રકનો ડેટા મેળવી શકે છે. જ્યારે અન્ય માત્ર કામની વિગતો અને મેડિકલ ડેટા સાથે પ્રક્રિયા કરી શકે છે.

DBMS એક સમયે એક જ માહિતી પર એક કરતા વધારે વપરાશકર્તાઓ પ્રક્રિયા કરવાની મંજૂરી આપતું નથી, તે દ્વારા તે ડેટાબેઝની સંપૂર્ણતાની જાળવણી કરે છે. DBMS ડેટાબેઝમાંથી નકલી માહિતીઓને રાખી શકે છે; ઉદા. તરીકે બે ગ્રાહકો બે સમાન ગ્રાહક નંબર સાથે ગ્રાહક ડેટાબેઝમાં પ્રવેશી શકે છે. DBMS ડેટાબેઝમાં પ્રવેશી શકે છે. જ્યારે અન્ય માત્ર કામની વિગતો અને મેડિકલ ડેટા સાથે પ્રક્રિયા કરી શકે છે.

DBMS એક સમયે એક જ માહિતી પર એક કરતા વધારે વપરાશકર્તાઓને પ્રક્રિયા કરવાની મંજૂરી આપતું નથી. તે દ્વારા તે ડેટાબેઝની સંપૂર્ણતાની જાળવણી કરે છે. DBMS ડેટાબેઝમાંથી નકલી માહિતીઓને રાખી શકાય છે; ઉદા. તરીકે, બે ગ્રાહકો બે સમાન ગ્રાહક નંબર સાથે ગ્રાહક ડેટાબેઝમાં પ્રવેશી શકે છે. DBMS કોર્સ-6 ના એકમ-3 માં વિગતે વર્ણવવામાં આવ્યું છે.

◆ **વર્ડ પ્રોસેસર**

વર્ડ પ્રક્રિયા પેકેજ પ્રોગ્રામ એ સોફ્ટવેર છે. જેનો ફોર્મેટમાં, લખાણ સાહિત્યના લખાણમાં, નકલમાં, સંગ્રહમાં અને સુધારામાં ઉપયોગ થાય છે. લખાણ સાહિત્યમાં પત્ર, એહવાલ, લોન્જ, ગ્રંથ, પુસ્તક, ઈનવોઇસ, યોજના અથવા ગમે તેનો સમાવેશ થાય છે. વર્ડ પ્રક્રિયા એ સોફ્ટવેર છે કે જે વર્ડ પ્રક્રિયાનું કામ કરે છે. વર્ડ પ્રોસેસર એ પરંપરાગત ટાઈપરાઈટરની તુલનામાં દસ્તાવેજનું ઝડપથી કાર્ય કરે છે. લખાણની બાબત કોમ્પ્યુટરમાં કિ-બોર્ડ વડે લખાય છે. કિ-બોર્ડ પર ચોક્કસ પ્રકારની કિ-હોય છે. જે પરંપરાગત ટાઈપરાઇટરમાં નથી હોતી. લખાણની બાબતમાં લખાણ ઉમેરવું વાક્યનું ભૂસવું, પેરેગ્રાફ, માર્જિનની વ્યવસ્થા, સ્પેલિંગની તપાસ વગેરે ટાઈપરાઈટીંગ, વર્ડ પ્રક્રિયામાં સહેલા અને સરળ હોય છે. આથી લાંબા ડોક્યુમેન્ટ્સ, પુનરાવર્તિત અક્ષરો મેમોસ અને સામાન્ય આદાન-પ્રદાન એ વર્ડ પ્રોસેસર માટે વિસ્તૃત વપરાશનું અમલીકરણ છે. ખૂબ જ અત્યાધુનિક વર્ડ પ્રોસેસરનો ફાયદો એ છે કે તે પેદાશને વધારે છે.

◆ **ડેસ્કટોપ પબ્લિશિંગ (DTP)**

ડેસ્કટોપ પબ્લિશિંગ હવે સંપૂર્ણ સુવિધાયુક્ત ટેકનોલોજી છે. તે વ્યક્તિગત કૉમ્પ્યુટર અમલીકરણનાં સૌથી ઝડપી વિકસતાં ક્ષેત્રોમાંની એક છે. ઘણી વખત વર્ડ પ્રોસેસર તંત્ર ASCII લખાણ ફાઇલને સમજણ દ્વારા DTPને સૂચન કરે છે. ખાસ કરીને લખાણના સેટિંગમાં DTP અને W વચ્ચે માપનો ખૂબ જ નાનો એવો તફાવત રહેલો છે. આ ઉપરાંત DTP એ વર્ડ પ્રોસેસરના તાર્કિક વિસ્તરણ કરતા વધારે નાની દેખાય છે અને સમય પસાર થતા WP પેકેજમાં વધારેમાં વધારે DTPનો ઉપયોગ થાય છે.

ધીમે ધીમે આ બંને અમલીકરણ સોફ્ટવેર પેકેજ ભેગા થાય અને એક સુંદર ડોક્યુમેન્ટ પેદાશ પેકેજ બને છે. તેના નીચે મુજબ નવા ખ્યાલો છે :

(a) લખાણનું, ચિત્રનું અને દૃશ્યનું સરળ સ્થાન

(b) માત્ર યોગ્ય માહિતી પૂરી પાડવા માટે પ્રગતિજનક વિકાસ

(c) યંત્રને કાર્યાન્વિત કરવા કમાન્ડો વચ્ચે એકસૂત્રતા

(d) WYSIWYG (What you see is what you get) અંતિમ પેદાશની પ્રતિકૃતિ દૃશ્યમાન કરવા.

DTP નો ઇતિહાસ અને તેનો વિકાસ જોતાં તે સમજમાં આવે છે કે 1980માં આલ્ડ્સ સંગઠનના પ્રમુખ પોલ બ્રેનર્ડે શક્તિશાળી વર્ડ પ્રક્રિયાનો વિકાસ કર્યો જે પેજમેકર કહેવાય છે. એપલ કૉમ્પ્યુટરના આવરણને દબાવવા માટે આલ્ડસ સાથે જોડાયું અને પેકેજની ઓફર કરી. જેમાં આવરણ લેઝરરાઇટર અને પેજમેકરનો સમાવેશ થતો હતો. જેને બેનર્ડે તેને ડેસ્કટોપ પબ્લિશર તરીકે સમજાવ્યું. ત્યારથી ઘણા ઉત્પાદકો IBM સહિત આ ખ્યાલને વિકસાવવાની તૈયારી કરી રહ્યા છે. 1987માં DTP ભારતમાં પ્રવેશ્યું જ્યારે રેડ એપલ પ્રિન્ટરનું પ્રદર્શન PMEW-87 તરીકે પ્રદર્શિત થયું. ત્યારબાદ તેનું નામ ડેસ્કટોપ પબ્લિશન થયું.

◆ **DTP તંત્રનાં ઘટકો**

તે પહેલેથી જ નોંધાયું છે કે, DTP તંત્ર વિશિષ્ટ વસ્તુઓ સાથે કેટલાક જરૂરી ઘટકોથી બંધાય છે. DTP તંત્રના આ ઘટકોમાં ઇનપુટ સાધનો, પેઇજ પ્રક્રિયા અને આઉટપુટ સાધનોનો સમાવેશ થાય છે. DTP તંત્રમાં ઇનપુટ ઘણાબધા સ્રોતોમાંથી આવી શકે છે. કોઇપણ વર્ડ પ્રોસેસર કે જે ઉત્તમ ASCII ટેક્સ ફાઇલ પેદા કરી શકે. તે DTP ના લખાણના સાધન તરીકે ઉપયોગમાં આવી શકે. (ઓપ્ટીકલ કેરેક્ટર રેકોગનાઇજેશન) ગ્રાફિક્સ DTP તંત્રમાં આવી શકે જે કાંતો કોઇની પોતાની ફોટોગ્રાફિની આધુનિકતા દ્વારા પૂર્વાપર આધુનિક ક્લિપ આર્ટ અથવા કોઇપણ કલર સોફ્ટવેર દ્વારા લાઇન આર્ટને આધુનિક કરી શકે છે. અંતે સ્કેનર્સ કે જે બિન કિ-બોર્ડ ઇનપુટ સાધન છે તે લખાણના પાનાઓને સ્કેન કરી શકે છે અને લખાયેલી સ્ક્રિપ્ટને કૉમ્પ્યુટરમાં લખાણ ફાઇલ તરીકે પ્રવેશ કરાવી શકે છે. આ એકમાત્ર OCR પેકેજનો ઉપયોગ કરે છે. હવેના દિવસોમાં સારા નંબરે સોફ્ટવેર કે જે પેઇજ ક્રિયા પ્રયુક્તિ ધરાવતા તેવા શોધાયા છે. જેમાં પાનાં પેઇજ ક્રિયા પ્રયુક્તિ ધરાવે તેવા શોધાયા છે. એમાં પાના સંપાદન સોફ્ટવેરનો ઉપયોગ અને પાના વિસ્તરણનો સમાવેશ થાય છે. આઉટપુટ સાધનો માટે ગુણવત્તાની દૃષ્ટિએ સારા હોય છે. ઉદાહરણ તરીકે, લેઝર ઝેટ પ્લસનો ખર્ચ લેઝર પ્રિન્ટર અથવા લેઝર રાઇટર પ્લસ કરતાં ઓછો હોય છે. ઇંચ પર મૂકવામાં આવતાં ટપકાંનો ઘટાડો કરતાં તેનો અર્થ ગ્રાફિક્સનું નીચું પ્રદર્શન અને ટાઇપોગ્રાફી ઘટક એમ થાય છે.

◆ **DTPના ફાયદાઓ**

**(a)** **ઓછા ખર્ચે ઉત્પાદન :** લેઝર પ્રિન્ટર કે જે ઊંચા પ્રદર્શન એટલે કે, વધુ ડીપીઆઈ સાથે પાનાને પેદા કરે છે. તે આની પહેલા યોગ્ય કિંમતે ઘણી શ્રેણીમાં આવ્યું હતું. DPI નો વધારો થતા અક્ષરો નરમ બને છે અને ગ્રાફિક્સ ઊંચા પદાર્પણ સાથે પેદા થાય છે. આવી રીતે આકર્ષક ઊંચું પબ્લિકેશન વધારી શકાય છે. આ ઉપરાંત કૉમ્પ્યુટર મેમરીના ખર્ચામાં ઘટાડો થતા તથા માઇક્રોચીપ્સના ખર્ચમાં ઘટાડો થતા કોઈ એક આધુનિક ટાઇપોગ્રાફિક લક્ષણો મેળવી શકે છે, જે ભૂતકાળમાં શક્ય ન હતું. ઉદા. તરીકે, પોસ્ટ સ્ક્રિપ્ટ પેજ વિસ્તૃત સોફ્ટવેર અક્ષરોનું હલનચલન કરાવે છે. જે આની પહેલા ખૂબ જ ખર્ચાળ યાંત્રિક ટાઇપ સેટિંગ સાધનમાં શક્ય નહતું.

**(b)** **ઓછા સમયની જરૂરિયાત :** ટાઈપરાઈટરમાંથી ઈનપુટ થતા અક્ષરોને કારણે ઘણો સમય ખર્ચાતો હતો. હવે લેખકો વર્ડ પ્રોસેસર સાથે ખૂબ જ ઊંચું આદાન-પ્રદાન કરી શકે છે. જે કાર્યને પેદા કરે છે. આથી પ્રકાશન સમય ઓછો થાય છે.

**(c)** **ગુણવત્તામાં લવચિકતા :** વ્યક્તિગત પ્રકાશન ઉત્ક્રાંતિનું હૃદય ગણાય છે. ડેસ્કટોપ તંત્ર સાથે પ્રકાશક કેવું દેખાશે તેની કલ્પના કરવાની જરૂરિયાત રહેતી નથી અને અંતિમ પરિણામ આવતા અપેક્ષિત પરિણામ ન આવે ત્યારે નિરાશા સહન કરવી પડે છે. પછીના ડિઝાઇનર

પેઈજ સોફ્ટવેર ભાષાને પસંદ કરી શકે છે. જેવી કે 600થી1200 DPIનું લેઝર પ્રિન્ટર સાથે ઉત્પન્ન થાતું તે પોસ્ટસ્ક્રિપ્ટ છે. આગળ દરેક પ્રસંગે ટાઈપનો પ્રકાર અને અક્ષર-કદ તરત બદલાય છે. આવી રીતે પ્રકાશન ગુણવત્તાનું સ્તર સંપૂર્ણ રીતે ડિઝાઈનર અને બજેટ પર આધાર રાખે છે.

(d) **ડિઝાઈનર માટે સુવિધા :** વર્ડ અને પેરેગ્રાફ પર આધુનિક અમલીકરણ શક્યતમ રીતે અતિ મહત્ત્વનાં અને યોગ્ય જોડાણ પૂરા પાડે છે. આવી રીતે ભૂલ સુધારણાના પ્રસંગે વધારે આદાન-પ્રદાન કરતા લેખકો પ્રક્રિયા કરે છે. WYSIWYGની ક્ષમતા સાથે કોઈ એક પેઈજ ડિઝાઈનને માણી શકે છે. લેઆઉટ અને ટાઈપોગ્રાફી આખા વિભાગમાં જે રીતે તે ઉત્પાદિત થયું હોય તે રીતે રિવ્યૂ આપે છે. આ ઉપરાંત સિંગલ શબ્દો અને વાક્યોનું એકલો રિવ્યૂ કામ કરે છે.

(e) **કાર્યાલયમાં તંત્રનું સંચાલન :** ગ્રંથાલય અમલીકરણ પ્રકાશન તંત્ર PC નેટવર્ક અને ઈ-મેઈલ તંત્ર સાથે સંકલન પામી શકે છે. આવા સંચાર અમલીકરણ સાથે ઈ-મેઈલ દ્વારા ઈમેઈજ પ્રાપ્ત કરી શકાય છે, જે પેઈજમાં સંગઠિત હોય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(13) વર્ડ પ્રોસેસર શું છે ? ફોર્મેટિંગ ડૉક્યૂમેન્ટનો અર્થ શું થાય ?

(14) DTPના ફાયદાઓ લખો.

**નોંધ :** (1) નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ તપાસો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

◆ **પ્રદર્શન સોફ્ટવેર**

પ્રદર્શન સોફ્ટવેર એ વિશિષ્ટ પ્રકારનો ગ્રાફિક્સ (અથવા ગ્રાફિક્સથી પ્રસ્તુત લખાણ) છે જેમાં મૂવીના વિસ્તરણમાં અસર ઊભી કરવા ઉપયોગી છે. MS પાવર પોઈન્ટ એ પ્રદર્શન સાધન છે જે આંખને પરડે તેથી સ્લાઈડમાં સર્જન માટે ઉપયોગી સાબિત થાય છે. સ્લાઈડ યાંત્રિક રીતે દર્શાવાય છે (કૉમ્પ્યુટર ઉપયોગ વડે) અથવા ઉત્તમ 35 MM સ્વરૂપમાં (સ્લાઈડ પ્રોજેક્ટર ઉપયોગ વડે) અથવા છાપિત સ્વરૂપે ઓવરહેડ ટ્રાન્સપરન્સીસ અથવા કાગળ પર તે લેક્ચરને પ્રસ્તુત કરવા માટે અને અસરકારક અને યોગ્ય પ્રદર્શન માટેનાં ઉપયોગી સંદર્ભોની નોંધમાં પણ મદદ કરે છે.

**(A) પાવર-પોઈન્ટનો ખ્યાલ/અવલોકન**

માઈક્રોસોફ્ટ પાવરપોઈન્ટ ત્રણ મુખ્ય ખ્યાલ છે : સામાન્ય ખ્યાલ, સ્લાઈડ શોર્ટર ખ્યાલ અને સ્લાઈડ શો ખ્યાલ આમાંનું કોઈપણ એક પાવરપોઈન્ટનાં અવલોકનમાં મદદરૂપ બની શકે.

(1) **સામાન્ય ખ્યાલ/અવલોકન :** સામાન્ય અવલોકન એ મુખ્ય લખાણનું આવલોકન છે, કે જે પ્રદર્શનને લખાણમાં અને આકારિત કરવામાં વપરાય છે. આ ખ્યાલને ત્રણ કાર્યક્ષેત્ર છે : ડાબી બાજુએ ટેબ જે સ્લાઈડ લખાણની આઉટલાઈન અને સ્લાઈડ પ્રદર્શનની વચ્ચે ગોઠવાયેલી છે, જમણી બાજુએ સ્લાઈડ પેન જે વિસ્તૃત અવલોકન પ્રવર્તમાન સ્લાઈડ તે કરે છે અને તળિયે નોંધ પેન હોય છે.




**Fig. 2.3 Power Point (Normal View)**

આઉટલાઈન ટેબ સ્વરૂપમાં સ્લાઈડનાં લખાણને દેખાડે છે, આ ક્ષેત્ર એ વસ્તુના લખાણની શરૂઆત માટે મોટું સ્થાન છે - તે વિચારોને પકડે છે, તેને પ્રસ્તુત કરવાનું આયોજન કરે છે. એ સ્લાઈડને અને લખાણને ફેરવે છે. સ્લાઈડ ટેબ અંગૂઠાનાં નખનાં કદની ઈમેજમાં દેખાય છે. આ અંગૂઠાનો નખ તે પ્રદર્શન તરફ અસર દેખાડવામાં સરળતા કરી આપે છે. સ્લાઈડ પેન વર્તમાન સ્લાઈડને વિશાળ અવલોકનમાં દેખાડે છે. તેમાં લખાણ ઉમેરે છે, ચિત્રો ઉમેરે છે. નોટસ પેન નોંધને ઉમેરે છે. જે દરેક સ્લાઈડનાં વિષયવસ્તુ સાથે સંબંધ ધરાવે છે. વિભિન્ન પેનોનાં આકારને સામાન્ય રીતે પેનની હદ ખેંચી ફરી વખત ગોઠવી શકાય છે.

(2) **સ્લાઈડ શોર્ટર ખ્યાલ/અવલોકન** : સ્લાઈડ શોર્ટર ખ્યાલ/અવલોકન એ તમારી સ્લાઈડમાં રહેલ થંબનેલ સ્વરૂપનું અતિ આકર્ષક સ્વરૂપ છે. જ્યારે તમે તમારા પ્રદર્શનના સર્જન અને લખાણને સંપૂર્ણ કરો સ્લાઈડ શોર્ટર તેનો આખો મત વિગતે રજૂ કરે છે રેકોર્ડર કરવા માટે તે સરળ બનાવે છે, સ્લાઈડને ઉમેરવી અને ભૂંસી નાખવી તેમજ તમારા કામનો અહેવાલ અને કાલ્પનિક ચિત્રની અસર આપે છે.



**આકૃતિ 2.4 પાવર પોઈન્ટ સ્લાઈડ શોર્ટરનો ખ્યાલ**

(3) **સ્લાઇડ શો ખ્યાલ/અવલોકન :** સ્લાઇડ શો ખ્યાલ પૂર્ણ કૉમ્પ્યુટરની સ્ક્રીનનો ખ્યાલ ધરાવે છે, જેમ કે વાસ્તવિક સ્લાઇડ શોનું પ્રદર્શન હોય તેમ આ પૂર્ણ સ્વરૂપના અવલોકનમાં સંપૂર્ણ પ્રદર્શનમાં ગ્રાફિક પ્રદર્શિત થાય છે, સમય, મૂવીઝ, કાલ્પનિક ઘટક અને અસરોનું સ્થળાંતર વાસ્તવિક શોમાં દેખાય છે.




**આકૃત્તિ 2.5 પાવર પોઇન્ટ સ્લાઇડ શોર્ટરનો ખ્યાલ**

**(B) પ્રદર્શનનું સર્જન**

માઇક્રોસોફ્ટ પાવરપોઇન્ટનાં પ્રદર્શનનાં સર્જનમાં મૂળભૂત આકારથી શરૂ કરીને, નવી સ્લાઇડ અને વિષય-વસ્તુનું ઉમેરણ, લે-આઉટની પસંદગી, સ્લાઇડ આકારનું આધુનિકીકરણ તમે ઇચ્છતા હો તો, કલર ઉમેરણનાં બદલાવ દ્વારા અથવા વિભિન્ન આકાર રેમ્પલેટનાં અમલીકરણ દ્વારા અને અસરોનું સર્જન જેવું કે કાલ્પનિક સ્લાઇડ સર્જન, નવા પ્રદર્શનની ટાસ્ક પેન, પાવર પોઇન્ટ રસ્તાઓની વિશાળ હારમાળા આપે છે કે જેનાંથી પ્રદર્શન સર્જનની શરૂઆત થાય છે. તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(1) **ખાલી પ્રદર્શન (Blank Presentation) :** આ કેસમાં સ્લાઇડ નાના આકાર સાથે શરૂ થાય છે અને તેમાં રંગ હોતા નથી. પરંતુ રંગો, અક્ષરો અને અન્ય આકાર લક્ષણો સાથે પૂર્વનિર્ધારીત સ્લાઇડ સ્વરૂપ અને ક્લિક આર્ટ ગ્રંથાલયનું પ્રદર્શનમાં અનુકરણ કરી શકાય છે. આ પૂર્વનિર્ધારીત સ્લાઇડ સ્વરૂપ સ્લાઇડનું ઝડપથી સર્જન કરવામાં મદદ કરે છે જે લે-આઉટનાં ધોરણો અને તેને ભજવેલાં લક્ષણો પર આધારિત હોય છે.

(2) **અસ્તિત્વ ધરાવતું પ્રદર્શન (Existing Presentation) :** નવું પ્રદર્શન પહેલેથી લખાયેલ અને આકારિત થયેલા પર આધાર રાખે છે. આ કમાન્ડ અસ્તિત્વવાળા પ્રદર્શનની નકલનું સર્જન કરે છે. જેથી આકાર અથવા વિષયવસ્તુ નવા પ્રદર્શનની જરૂરિયાત મુજબ ફેરવી શકાય.

(3) **આકાર ટેમ્પલેટ (Design Template) :** પ્રદર્શન, પાવર પોઇન્ટ ટેમ્પલેટનાં આધારે બને છે કે જેને પહેલેથી આકાર, ખ્યાલ, અક્ષરો અને રંગ સુવિધા હોય છે. કેટલાક ટેમ્પલેટ પાવર-પોઇન્ટની સાથે આવે છે અને કેટલાંક વેબસાઇટમાંથી લેવામાં આવે છે. ઓટો વિષય વસ્તુ વિઝાર્ડ ડિઝાઇન ટેમ્પલેટને લગાડે છે. જેમાં સ્લાઇડમાં લખાણને લગતી સૂચનાઓનો સમાવેશ થાય છે. માઇક્રોસોફ્ટ કોમ ટેમ્પલેટ ગેલેરીમાંથી ટેમ્પલેટની પસંદગી કરવામાં મદદ કરે છે. જે પ્રદર્શનનાં પ્રકાર પ્રમાણે ગોઠવાયેલ હોય છે.

(4) **અન્ય સ્રોતો :** સ્લાઇડનું વિષયવસ્તુ પ્રદર્શનનાં અન્ય સ્રોતોમાંથી અથવા લખાણ (ઉદા. MSવર્ડ)માંથી પણ ઉમેરી શકાય છે. OLE ની સુવિધા પણ ઉપલબ્ધ છે.

**(C) OLE (પદાર્થોનું જોડાણ અને બેસાડવું)**

પાવર પોઈન્ટ પ્રદર્શનને OLEની સુવિધા આપે છે. જોડાણ પામેલા પદાર્થો અને બેસાડેલા પદાર્થોની વચ્ચે મુખ્ય તફાવત એ છે કે તે ડેસ્ટીનેશન ફાઈલમાં મૂક્યા પછી ડેટા ક્યાં સંગ્રહ થાય છે અને ડેટા કંઈ રીતે વિકસિત થાય તે નોંધે છે. જ્યારે પદાર્થો જોડાયેલ હોય ત્યારે માત્ર જો તમે સ્રોત ફાઈલને રૂપાંતરિત કરો તો જ માહિતી વિકસિત થાય છે. જોડાયેલા ડેટા સ્રોત ફાઈલમાં સંગ્રહ થાય છે. ડેસ્ટીનેશન ફાઈલ માત્ર જ્યારે પદાર્થો બેસાડેલા હોય ત્યારે જો તમે સ્રોત ફાઈલ રૂપાંતરિત કરો તો ડેસ્ટીનેશન ફાઈલ માહિતીને બદલતી નથી. બેસાડેલા પદાર્થો ડેસ્ટીનેશન ફાઈલનો ભાગ બને છે અને એક વખત દાખલ થયા બાદ તે લાંબા સમય સુધી સ્રોત ફાઈલનો ભાગ રહેતા નથી.

**(D) દૃશ્ય ઘટકોમાં ફેરફાર**

- **રંગ મિશ્રણમાં ફેરફાર :** પ્રદર્શનનું સર્જન થયા બાદ તેની પૃષ્ઠભૂમિ અથવા રંગની ચોક્કસ જરૂરિયાતને પામવા ફેરફાર થાય છે. રંગ મિશ્રિણ ડાયલોગ પેટી એક સ્લાઇડના રંગને પસંદ કરવા અથવા શ્રેણી સ્લાઇડના રંગને પસંદ કરવા વપરાય છે. બેશક, રંગ જે એકમાં પૂરો પાડવામાં આવેલ હોય તે જરૂરિયાત મૂજબ વાપરી શકાય છે.
- **સ્લાઇડ માસ્ટરમાં ફેરફાર :** દરેક આકારમાં સ્લાઇડ માસ્ટર હોય છે. જે લખાણ અને ગ્રાફિક પદાર્થોની સ્થિતિ, અક્ષરોની શૈલી, દૃશ્ય ઘટકો અને બધી સ્લાઇડોની પૃષ્ઠભૂમિને ઓળખે છે. કોઈપણ સુધારણા સ્લાઇડ માસ્ટરમાં લેવાયેલ હોય તે માસ્ટરને આધારે દરેક સ્લાઇડમાં જોવાય છે.
- **પદાર્થોનું ઉમેરણ :** ચોક્કસ સ્લાઇડ લે-આઉટને પસંદ કર્યા પછી પાવર પોઈન્ટ પદાર્થોના ઉમેરણ માટે મંજૂરી આપે છે ઉદા. લખાણ ક્લીપ આર્ટ, કોષ્ટક, ચાર્ટ અવાજ અથવા વિડીયો ક્લીપ અને અન્ય પદાર્થો.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(15) પ્રદર્શનનાં સર્જનનો રસ્તો શું છે ?

(16) OLEનો અર્થ શું છે ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) આ એકમને અંતે જવાબ સાથે તમારો જવાબ તપાસો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

◆ **યાંત્રિક સ્પ્રેડશીટ**

યાંત્રિક સ્પ્રેડશીટ એ કૉમ્પ્યુટર ઉત્પાદિત વર્કશીટ છે. જેમાં સંખ્યાબંધ ઊભી લાઈન અને આડી લાઈનનો સમાવેશ થાય છે. જે કોઈપણ માહિતીથી ભરેલ હોય છે. યાંત્રિક સ્પ્રેડશીટ વિશાળ કોષ્ટક અને માહિતીનાં પૃથક્કરણ માટે ઉપયોગી સાધન છે. તે ઘણાં ક્ષેત્રોમાં ઉપયોગમાં આવે છે કે જે આંકડા અથવા જથ્થાકીય આંકડા સાથે પ્રદર્શિત થાય છે. સ્પ્રેડશીટનાં મુખ્ય કાર્યો આ મુજબ છે.

- ગણતરી માટે કોઈ ગુણાત્મક માહિતી કે કોષ્ટક રજૂઆતમાં મદદ કરવી.

- જો કોઇપણ અસ્તિત્વ ધરાવતા ડેટાસેટના બદલાવની અસર ઊભી થઈ હોય તો તેની ફરી ગણતરીમાં સફળતાથી મદદ.
- સરળ અને આંકડાકીય ગણતરી કરવી.
- ડેટાસેટ વચ્ચેનાં સંબંધોને દર્શાવવામાં મદદ
- બજેટનાં સર્જનમાં, આર્થિક અહેવાલ, જરૂરી રોકડમાં મદદ
- ગ્રાફીકલ પ્રદર્શનની સુવિધા

લોટસ 123એ પ્રખ્યાત યાંત્રિક સ્પ્રેડશીટ છે તેમ છતાં તે ત્રણ સ્પ્રેડશીટોનું DBMS અને ગ્રાફિક્સનું સંકલન છે. આ દિવસોમાં MS એક્સેલ એ MS ઓફીસ પેકેજનું અતિ મહત્ત્વનું ઘટક છે, જે પ્રખ્યાત રીતે યાંત્રિક સ્પ્રેડશીટમાં ઉપયોગમાં આવે છે.

**લક્ષણો :** યાંત્રિક સ્પ્રેડશીટની ડિસ્પ્લે સ્ક્રીન હરોળમાં વિભાજીત થયેલ હોય છે. જે આંકડાકીય રીતે ગોઠવાયેલ હોય છે અને હરોળ એબીસીડીનાં અક્ષરો મુજબ ગોઠવાયેલી હોય છે. એક્સેલની વર્કશીટમાં 256 આડી હરોળ હોય છે અને 65,536 ઊભી હરોળ હોય છે. આ બંને હરોળનાં નાના વિભાગોને સ્કેલ કહેવામાં આવે છે. આ કોલમનું નામ કોલમનાં અક્ષર, વિભાગ કોલમ અને રો છે. આવા નામોને સેલ એડ્રેસ કહેવામાં આવે છે.




**ફિગર 2.6 સ્પ્રેડશીટનું અવલોકન**

સેલમાં લખાણ અથવા આંકડાનો સમાવેશ થાય છે. લખાણને પ્રવેશવા યોગ્ય સેલ ભેગા કરીને વાપરી શકાય છે. જે સેલમાં માહિતી પ્રવેશવામાં આવેલ હોય તેને સક્રિય સેલ કહેવાય છે. સેલમાં ત્રણ પ્રકારના ડેટા દાખલ કરવામાં આવે છે. લેબલ : અક્ષરોની ગોઠવણ જે વર્ણન માટે, મથાળા અને શીર્ષક માટે ઉપયોગી છે. સામાન્ય રીતે લેબલની શરૂઆત આલ્ફાબેટથી થાય છે. વેલ્યૂ : આંકડાકીય ડેટા કે જેનાથી પ્રક્રિયા અથવા પૃથક્કરણ થાય છે. ફોર્મ્યુલા : સેલની વેલ્યૂ અથવા તેનાં કાર્યો વચ્ચેનો સંબંધ.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(17) યાંત્રિક સ્પ્રેડશીટનાં કાર્યો શું છે ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ તપાસો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

◆ **ગ્રાફિક**

એડોબ ફોટોશોપ સોફ્ટવેર નવી સુવિધાનો પરિચય કરાવે છે. જેમાં ઇમેજના લખાણ સાથે શક્તિશાળી નવા લક્ષણો કે જે દરેક વપરાશકર્તા માટે કાંઇક નવું લાવે છે તે આપે છે. વિક્ટર દોરવાના સાધનમાં બંધાઇને અને લેયરનાં નિયંત્રણને વધારી, ફોટોશોપ મોટાપાયે તમારા સર્જનમાં વિકલ્પને વિસ્તારે છે. વેબ ગ્રાફીક્સ માટે અન્ય કોઈ પ્રોગ્રામ સાધનોની વિશાળ શ્રેણી પૂરી પાડતો નથી. જે ફોટોશોપ અને તેની અતિઆધુનિક વેબ પ્રક્રિયા સાધનો એડોબ ઇમેજ રેડી TM 3.0 સોફ્ટવેર પૂરો પાડે છે. ઇન્ટરફેસનો વધારો શરૂઆતમાં વધારે ઝડપથી શીખવે છે અને વપરાશકર્તા તેનાં કૌશલ્યોનો વ્યવસ્થિત ઉપયોગ કરી શકે છે. વપરાશકર્તાનાં વિશ્વની આસપાસ વેબસાઇટ, બ્રોસર્સ, પ્રદર્શન અને ઘણા બધાની ઊંચી ગુણવત્તા પૂરી પાડવા એડોબ ફોટોશોપ એ આધુનિક ઇમેજનું કેન્દ્ર છે. તેના ફરી સ્પર્શ, કલર, ચિત્ર અને વેબ સાધનો વડે ફોટોશોપ કોઈ ઇમેજ લખાણ કાર્ય અસરકારક રીતે કરવામાં મદદ કરે છે. અને તેનાં લક્ષણો જેવા કે ઇતિહાસ પેલેટ અને લખાણ સ્તર અસર વડે, તમે મુક્ત રીતે અસરકારકતાનો ત્યાગ કર્યા વિના પ્રયોગ કરી શકો છો.




**આકૃતિ 2.7 ગ્રાફિક્સનો ખ્યાલ**

ફોટોશોપ ઊંચી કક્ષાની ઇમેજનું લખાણ ફરી ઉત્પાદન સાધનો પૂરા પાડે છે. જે ઉત્તમ કક્ષાનું વ્યાવસાયિક ગુણવત્તાનું પરિણામ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કોરલ ડ્રો અને અન્ય કેટલાક ગ્રાફિક સોફ્ટવેર પણ આજ પ્રકારની સુવિધા આપે છે.

◆ **એનીમેશન :**

એનીમેશન એ ઇમેજ અથવા છબીની ક્રમબદ્ધતા છે જે તે સમયે પ્રદર્શિત થાય છે. જ્યારે ફ્રેમ ઝડપી ક્રમમાં પ્રદર્શિત થતી હોય ત્યારે દરેક ફ્રેમ ફિસીકીંગ ફ્રેમમાંથી વિવિધ રીતથી દેખાય છે, જે ભ્રામક હલન-ચલનનું સર્જન કરે છે.

ઇમેજને વિવિધ એનીમેશન હોય છે. જે વિભિન્ન રોલઓવર સ્વરૂપ સાથે સંકળાયેલા હોય છે. ઉદા. સામાન્ય રોલઓવરમાં એનીમેશનનું ઉમેરણ. પરિણામે એનીમેશન ચાલુ થાય છે. જ્યારે પ્રથમ વખત વેબ બ્રાઉઝર દ્વારા વેબ પેજ ઉમેરવામાં આવે ત્યારે એનીમેશનનું અન્ય રોલઓવર સ્ટેટમાં ઉમેરણ પરિણામ એનીમેશન ચાલુ થાય છે અને વેબ વપરાશકર્તા કોઈ ચોક્કસ કાર્ય કરે.

એનીમેશન, જેને તમે વેબ બ્રાઉઝરમાં અવલોકન કરો છે, તેને એનીમેટેડ GIF કહેવાય છે. જ્યારે તમે આશાવાદી ડોક્યુમેન્ટ એનીમેશન હોય તેને સેવ કરો છો ત્યારે તમે HTMLની પેદાશ પસંદ કરી શકો છો. તેમાં વેબપેજમાં એનીમેટેડ GIFના દૃશ્ય માટે કોડનો સમાવેશ થતો હોય છે. પરિણામે વેબપેજ માત્ર એનીમેટેડ GIF અથવા વધારાના વેબ લક્ષણો જેવા કે જોડાણ અને રોલઓવર જે સ્રોત ડોક્યુમેન્ટ પર આધારિત હોય તેનો સમાવેશ કરે છે.

તમે ઓપ્ટીમાઇજેશન વ્યવસ્થાને એનીમેટેડ ઇમેજમાં જેવી રીતે બિન-એનીમેટેડ ઇમેજીસમાં કરો તે રીતે અમલીકરણ કરાવી શકો છો. તમારે હંમેશા એનીમેશનને GIF સ્વરૂપમાં જોવી જોઇએ. કારણ કે GIF માત્ર ઇમેજનું રેડી સ્વરૂપ છે જે વેબમાં એનીમેટેડ ઇમેજનાં વિસ્તૃતીકરણમાં સહકાર આપે છે. જ્યારે તમે ઇમેજને ઓપ્ટીમાઇઝ કરો ત્યારે તેમાં JPEG અથવા PNG સ્વરૂપમાં એનીમેશન સમાવેશ પામે છે, આ સ્વરૂપો એનીમેશનને સહકાર આપતા નથી. પરિણામે વેબ પેજ માત્ર એનીમેશનની વર્તમાન છબીમાં પ્રદર્શિત થાય છે.

વધારામાં ઉત્તમ GIF સ્વરૂપ માટે ઉત્તમ ઓપ્ટીમાઇઝેશન વિકલ્પે તમે છબીનું ઓપ્ટીમાઇઝ કરી શકો છો. જેમાં માત્ર તે જ ક્ષેત્રનો સમાવેશ થતો હોય જે છબીથી છબી બદલતો રહે. (આ એનીમેટેડ GIF ફાઇલનું કદ ઘટાડે છે.) ઇમેજ રેડી એનીમેશનમાં ખાસ ડિથરીંગ (કંપનયુક્ત) પ્રયુક્તિ પણ અમલમાં લાવી શકો જે ડિથર પદ્ધતિનો વધારો કરે. બધી છબીની વચ્ચે અને તેની ક્રિયા વખતે ધ્રુજવામાંથી બચાવે. આ વધારાનાં ઓપ્ટીમાઇમેશન કાર્યોને લીધે ઇમેજ રેડી ઓપ્ટીમાઇઝ ઉત્તમ GIF કરતાં ઓપ્ટીમાઇઝ એનીમેટેડ GIF વધારે સમય લે છે.

◆ **ઓડીયો/વિડીયો સોફ્ટવેર**

ઓડીયો વિડીયો હવે આધુનિક સ્વરૂપમાં ઉપલબ્ધ થયા છે અને તે કૉમ્પ્યુટર સાથે વગાડી શકાય છે. વાણી કે ગીતો કે જે આપણે ટેપરોકોર્ડર અથવા રેડિઓથી સાંભળતા તે સમાન સ્વરૂપે હતી. ઓડીયો કેપ્ચર કાર્ડ દ્વારા ઓડીયો પ્લેયરને તંત્ર સાથે જોડી ઓડીયોનું આધુનિકીકરણ થઈ શકે છે. અને ત્યારબાદ અવાજને વિવિધ ફોરમેટ જેવા કે, વેવ, MP3, ઝિડી વગેરેનો ઉપયોગ કરી તંત્રમાં રેકોર્ડ કરી શકાય છે. વિડીયો કેપ્ચરને વિડિયો કેપ્ચર કાર્ડ સાથે વિડીયો કેસેટ પ્લેયર અથવા કેમેરા વડે રેકોર્ડીંગની પણ જરૂર પડે છે. આધુનિક ફાઇલ mov અથવા avi, divx, mpeg માં સેવ કરી શકાય છે.

માઇક્રોસોફ્ટ વિન્ડોઝ મિડીયા પ્લેયર માઇક્રોસોફ્ટ વિન્ડોઝ સાથે સરળ રીતે ઉપલબ્ધ છે. તે સાર્વત્રિક મીડીયા પ્લેયર છે. જેમાં કોઈ એક ઓડીયો, વિડીયો અને મિશ્રીત-મિડીયા ફાઇલને અતિ પ્રખ્યાત સ્વરૂપમાં અવકારણ ઉપયોગમાં લઈ શકે. વિન્ડોઝ મિડીયા પ્લેયરને સાંભળવા, વેબ જીવંત સમાચારો માટે અથવા તમારી પસંદગીની રમતનું પ્રસારણ કરવા, વેબસાઇટ પર મિડીયા વિન્ડોઝનાં અહેવાલ, સભા સંમેલનને સાંભળવા અથવા નવી મૂવી ફિલ્મ લેવા ઉપયોગી થઈ શકે છે. વિન્ડો મિડીયા પ્લેયર એ અતિ સરળ, આધુનિક અને અસરકારક મિડીયા પ્લેયર છે. તેઓ ફાઇલ પ્રકારની વિશાળ શ્રેણી સરળ રીતે વગાડવી, ઊંચી ગુણવત્તા મલ્ટીમિડીયા અનુભવ, મિડીયાના વિષય-વસ્તુની પ્રક્રિયા અને સરળતાથી તમે તમારી પસંદગી પાસે પહોંચો તેવી સુવિધા પૂરી પાડે છે.

◆ **મલ્ટીમિડીયા ઉત્પાદક સોફ્ટવેર**

ઓડીયો, વિડીયો, ગ્રાફીક, લખાણ અને એનીમેશનનું સંકલન મલ્ટીમિડીયા તરીકે ઓળખાય છે. સોફ્ટવેરની શોધ જટીલ ઉત્પાદન અને પ્રસ્તુતિકરણ માટે થઈ. આંતરિક સંબંધિત મિડીયા પદાર્થોએ વધારાનું મહત્ત્વ મેળવેલ છે અને તે મલ્ટી મિડીયા ઉત્પાદક સાધનો તરીકે ઓળખાય છે.

આથી મલ્ટીમિડીયા ઉત્પાદક સાધનોનો અર્થ એવો થાય છે કે એ મલ્ટીમિડીયા પ્રદર્શનની સંમતિ આપે છે. જેમાં સિન્થેસાઇઝડ વિષય વસ્તુનું સર્જન, લખાણ, ગ્રાફીક વિડીયો અને ઓડીયો લખાણ સાધનોથી સિંગલ પ્રદર્શનથી થાય છે. આવા સોફ્ટવેરનાં ચાર વર્ગ પડે છે.

**કાર્ડ અથવા પેજ આધારિત સાધનો :** મલ્ટી મિડીયા સાધનો એવી રીતે ગોઠવાયેલા હોય છે જેવી રીતે પાનાં અથવા કાર્ડનું બંડલ. આ એક ઉત્તમ ઉપયોગ છે. જ્યારે વિષય-વસ્તુનાં જથ્થામાં વ્યક્તિગત ઘટકોના અવલોકનનો સમાવેશ થતો હોય ત્યાં હાયપરલિન્કસ વપરાશકર્તાને બીનરેખીય રીતે બ્રાઉસ કરાવે છે. ઉદા. હાયપરકાર્ડ, સુપરકાર્ડ, મિડીયાપદાર્થો, સાધનપુસ્તક વગેરે.

**આઇકોન આધારિત સાધનો :** આ બાબતમાં મલ્ટીમિડીયા ઘટક અને વપરાશકર્તાનું આદાનપ્રદાન, બંધારીત છબીકામમાં વ્યવસ્થિત પદાર્થ તરીકે ગોઠવાય છે. આ સાધનો હકીકતમાં પ્રવૃત્તિનાં ફલો ડાયોગ્રામ સાથે બ્રાન્ડીંગ પાથને પ્રદર્શિત કરી વિષય વસ્તુને ગોઠવવામાં મદદ કરે છે. ઉત્તમ ઉદાહરણોમાં ઓથરવેર, આઇતોનઓથર, કવિવર વગેરે.

**સમય આધારિત સાધનો :** પ્રસંગો અને ઘટકો સમયરેખાની સાથે ગોઠવાયેલા હોય છે. જ્યારે ચોક્કસ સમય મર્યાદામાં સંદેશ અથવા માહિતી પૂરી પાડવામાં આવે ત્યારે તેના આ સાધનોનો ઉત્તમ ઉપયોગ થઈ શકે છે. આ પ્રકારનાં ઉદા. મેક્રોમિડીયા ડાયરેક્ટર છે.

**પદાર્થ આધારિત સાધનો :** અહીં ઘટકો અને પ્રસંગો પદાર્થ બને છે કે જે અનુક્રમમાં મા-બાપ અને બાળકની સંબંધની ભૂમિકામાં રહે છે. આ રીત રમતો માટે ઉપયોગી છે. જેમાં ઘણી લાક્ષણિકતાઓ સાથેના ઘણા ઘટકોનો સમાવેશ થાય છે. ઉત્તમ ઉદાહરણો MTROPOLIS, એપલ મિડીયા સાધનો, મિડીયા ફોર્જ વગેરે છે.

કોઇપણ મલ્ટીમિડીયા ઉત્પાદક સોફ્ટવેર માટે સામાન્ય લક્ષણો અતિમહત્ત્વના છે. જેમાં લખાણ, વ્યવસ્થાપન, પ્રોગ્રામિંગ, પ્રત્યાયન, કાર્યબજવણી, પ્લેબેક, ડીલીવરી, ક્રોસપ્લેટફોર્મનો સમાવેશ થાય છે. ઓવરીંગ પર્યાવરણ એ વિચારણા માટેનું અતિમહત્ત્વનું ક્ષેત્ર છે. મૂળભૂત રીતે ઓવરિંગ પર્યાવરણ બે રીતે હોય છે. (1) ડ્રેગ અને ડ્રોપ ફલો ચાર્ટિંગ સાથે આઇકોન આધારિત (2) પદાર્થ આધારિત અને જરૂરી લખાણ.

ઉત્પાદક સાધનો વિશાળ લખાણ, ગ્રાફિક્સ, એનિમેશન, વિડિયો અને અવાજનું નિયમન કરવા સક્ષમ હોય છે. હાયપર વેકસ્ટ અને સમીકરણના લખાણની ક્ષમતા પણ જરૂરી છે. અમલીકરણના ઉપયોગમાં આવતી મિડિયા આધારિત વિભિન્ન ફાઇલ ફોરમેટનું નિયમન કરવા વિકસીત સાધનો સક્ષમ હોવા જોઇએ. નીચેનું કોષ્ટક મિડિયાના પ્રકારો અને વિવિધ ફાઇલ ફોરમેટ કે જેમાં વિષયવસ્તુ સંગ્રહ કરેલ હોય તેને પ્રસ્તુત કરે છે. વિવિધ મિડિયા પ્રકારો માટે નીચે ફોરમેટ આપેલા છે.

ઇમેજ - BMP, DIB, PCX, TGA, GIF, JPG, TIF, PICT

અવાજ - WAV, MID, MP3, SND

એનિમેશન - FLI, FLC, MMM

વિડીયો - MPG, MOV, TGA, AVI

◆ **ઓથોવેરની પ્રાપ્તિ :**

વેબપેજ અને ઓનલાઇન અમલીકરણને આધારે મલ્ટીમિડિયાનું સર્જન કરવા ઓવરવેરની પ્રાપ્તિ એ આગળ પડતું દશ્ય સમૃદ્ધ મિડિયાનું અધિકૃત સાધન છે. તે ડેવલપર્સને, ડિઝાઇનરને અને વિષયનિષ્ણાંતને શિખવાના અમલીકરણની પ્રક્રિયાના વિકાસમાં ભાગ ભજવે છે. તેઓને વેબ, લેન અને સીડીરોમની વચ્ચે પહોંચાડે છે.

◆ **ડાયરેક્ટર :**

મેટ્રોમિડિયાનું ડાયરેક્ટર એ મલ્ટીમિડીયા માટેનું શક્તિશાળી ઓથરિંગ સાધન છે. ઊંચી કક્ષાના મલ્ટીમિડિયાના શીર્ષકોના સર્જન માટે ડાયરેક્ટર વપરાશકર્તાને મિડિયા પદાર્થોની આયાત, સંકલન અને સુધારણાની સેવા આપે છે અને આ શીર્ષકો વિન્ડોઝ મેકીનટોસ અને વેબમાં પહોંચાડે છે.

**ફ્લેશ :** મેક્રોમિડીયોની ફ્લેશ એ લો બેન્ડવિથ એનીમેશન, પ્રદર્શન અને વેબ સાઇટનાં આકારમાં અને તેને પહોંચાડવામાં ઉપયોગી છે. તે આકર્ષક અમલીકરણ, વેબ ઇન્ટરફેસ અને તાલીમ મોડ્યુલના સર્જન માટે સ્ક્રિપ્ટ ક્ષમતા અને સર્વર સાઇડનું જોડાણ પુરું પાડે છે. નાના અને ઝડપી શોકવેવ મલ્ટીમિડીયા સર્જન માટે ખૂબ જ સરળ છે, એનીમેશનનું સર્જન કરે છે અથવા તમારી વેબસાઇટમાં, ડાઉનલોડ બેગ વગર અસ્તિત્વ ધરાવતા ગ્રાફીક્સનું સંકલન કરે છે.

આ ઉપરાંત ઘણી બધી સંખ્યામાં બજારમાં ઉત્પાદક પેકેજીસ ઉપલબ્ધ છે. તેમાના ઘણા સામાન્ય અને કેટલાંક અદ્વિતીય લક્ષણો ધરાવતા હોય છે. ઉદા. ઓથરવેર કમ્પ્યૂટર શિક્ષણ આધારિત મલ્ટીમિડીયા માટે સારું છે. મેક્રોમિડીયા ફ્લેશ ખાસ વેબ અમલીકરણ માટે સારી છે. ઓથર વેર અને ફ્લેશમાં ઓછા યાંત્રિક કૌશલ્યોની જરૂર પડે જ્યારે ડાયરેક્ટરમાં ઊંચા યાંત્રિક કૌશલ્યો હોવા જોઇએ.

◆ **પેઇન્ટિંગ સોફ્ટવેર :**

પેઇન્ટ એ પેઇન્ટિંગ સોફ્ટવેર વિન્ડો સાથે જોડાયેલું છે. તે કોઈ એક સરળ અથવા વિસ્તૃત ચિત્રનું સર્જન કરી શકે છે. આ ચિત્રો કાં તો કાળા અને સફેદ અથવા રંગીન હોય છે અને તે બિટમ ફાઇલ્સ તરીકે સેવ થાય છે. આ ચિત્રો ડેસ્કટોપની પૃષ્ઠભૂમિ માટે ઉપયોગમાં લઈ શકાય છે અથવા તે અન્ય દસ્તાવેજમાં મોકલી શકાય છે. પેઇન્ટ અવલોકન અને સેવ ફોટોનાં લખાણ માટે પણ ઉપયોગી છે. કોઇ એક તેને ચિત્ર સાથેનાં કામમાં પણ વાપરી શકે છે. જેવા કે jpg, gif અથવા bmp ફાઇલ્સ તમે સર્જન કરેલા દસ્તાવેજને અન્ય દસ્તાવેજમાં મોકલી શકો છો અથવા તેનો ડેસ્કટોપ પૃષ્ઠભૂમિ તરીકે ઉપયોગ કરી શકો છો.

પેઇન્ટ નીચેનાં મુખ્ય કાર્યો કરે છે.

- હોરીઝોન્ટલ, વર્ટીકલ અથવા ડાયેગ્નોલ લાઇનને દોરે છે.
- ગ્રાફીકલના ક્ષેત્રોને ભરવા બેકગ્રાઉન્ડ અને ફોરગ્રાઉન્ડ રંગનો ઉપયોગ
- પેઇન્ટમાં સર્જન પામેલા ચિત્રનો ડેસ્કટોપ માટેનાં બેકગ્રાઉન્ડમાં ઉપયોગ
- ગ્રિડલાઇનમાં પ્રદર્શન દ્વારા ઇમેજનાં આકાર અને રંગની વિગતોનો બદલાવ કરવા.

આધુનિક કેમેરા અને સ્કેનરને કોમ્પ્યુટર સાથે જોડી તે સાધનમાંથી ઇમેજને પ્રાપ્ત કરી શકાય છે. પેઇન્ટ પર કામ કરી શકાય છે અને લખાણ અથવા ઇમેજ પર કામ કર્યા બાદ ઇમેલ દ્વારા તેને મિત્રો, વ્યવસાયિકો અથવા અન્યોને મોકલી શકાય છે.

◆ **પ્રત્યાયન સોફ્ટવેર :**

સંચાર, ઇમેલ અને ઇન્ટરનેટનાં વિકાસથી, પ્રત્યાયન સોફ્ટવેર અસ્તિત્વમાં આવ્યું. આ વર્ગનાં ઘણા સોફ્ટવેર ઉપલબ્ધ છે. ઇન્ટરનેટ એક્સપ્લોરર એમાનું એક છે.

◆ **ઇન્ટરનેટ એક્સપ્લોરર :**

ઇન્ટરનેટ એક્સપ્લોરર એ NCSA's મોઝેઇક ટેક્નોલોજી પર આધારિત નેશનલ સેન્ટર ફોર સુપર કોમ્પ્યુટીંગ એપ્લિકેશન કેન્દ્ર ખાતે વિકસાવવામાં આવ્યું હતું. આ પ્રત્યાયન સોફ્ટવેર વર્લ્ડ વાઇડ વેબ નિયમનની સરળતા કરી આપે છે. જ્યાં નવી માહિતીની શોધ અથવા પસંદગીની વેબસાઇટનું બ્રાઉસીંગ થાય છે. સ્વયંસંચાલિત રીતે વેબ-એડ્રેસ સંપૂર્ણ કરી, સંચાર જોડાણને ભૂંસી, બિલ્ટ ઇન પ્રોદ્યોગિકી રોજીંદા વેબ કાર્યો પૂર્ણ કરી સમય બચાવે છે. બ્રાઉઝીંગ વેબની સરળતા અને ઝડપ માટે કેટલીક બ્રાઉસિંગ વેબની મૂળભૂત વસ્તુઓ સમજવી જરૂરી છે. વેબ બ્રાઉસીંગને શરૂ કરવા, ડેસ્કટોપનાં ઇન્ટરનેટ એક્સપ્લોરર આઇકોન પર ક્લિક કરો અને એડ્રેસ બારમાં ઇન્ટરનેટ એડ્રેસને લખો, ત્યારબાદ કાં તો એન્ટર કી પ્રેસ કરો અથવા ગો બટન દબાવો : આ ઇચ્છિત વેબ પેજ સ્ક્રીન પેજ પર દેખાડશે. આ ઉપરાંત કોઈ પસંદગીનું પેજ અથવા હોમ પેજ ઇન્ટરનેટ એક્સોપ્લોરર પ્રોપર્ટીમાં ડિફોલ તરીકે હોય છે અને ઇન્ટરનેટ એક્સપ્લોરરમાં પેજ માંગેલું હોય છે. વસ્તુ પર માઉસ પોઇન્ટરને ફેરવી પેજમાં કોઇપણ વસ્તુમાં હાઇપર લિંક છે તે તપાસી શકાય છે. જો પોઇન્ટર હાથમાં બદલાય તો વસ્તુનું અન્ય પેજ છે. લિન્ક સામાન્ય રીતે કાં તો ચિત્ર અથવા 3-D ઇમેજ અથવા રંગીન લખાણ દ્વારા પ્રસ્તુત થાય છે.




આકૃતિ 2.8 ઇન્ટરનેટ પ્રોપર્ટીસ

આ ઉપરાંત એડ્રેસ બારમાં URL (યુનિફોર્મ રિસોર્સ લોકેટર)નો ઉપયોગ થાય છે. URL ઈન્ટરનેટના એડ્રેસ માટે વેબપેજને ખોલવા વપરાય છે. (દા.ત. www.ioslic.org) પ્રોગ્રામને ચલાવવા પ્રોગ્રામ નામ પાથ, અથવા ફોલ્ડરને બ્રાઉઝ કરવા ફોલ્ડર પાથ. ઘણા સ્વ-વિસ્તૃત વિકલ્પો ટૂબ બાર સાથે ઉપલબ્ધ હોય છે. ઉદા. તરીકે બેક, ફોરવર્ડ, રિફ્રેશ, હોમ, ફેવરીટ, સર્ચ, હિસ્ટરી વગેરે.



આકૃતિ ૨.૯ ઈન્ટરનેટ એક્સપ્લોરર

◆ **સુરક્ષા અને ગુપ્તતા :**

ઈન્ટરનેટમાં કે જ્યાં કોઈપણ કોમ્પ્યુટર સાથે આપણી આંગળી દ્વારા પ્રત્યાયન થતુ હોય, ડેટા સુરક્ષા અને ગુપ્તતાનો ખ્યાલ ત્યાં અતિ મહત્ત્વનો બને છે. ઈન્ટરનેટ એક્સપ્લોરર સુરક્ષા અને ગુપ્તતા સંબંધિત સારા લક્ષણો ધરાવે છે કે જે એક બીજાને પ્રક્રિયાની મંજૂરી વિના આપવા નથી માંગતો, જેવી કે ક્રેડીટ કાર્ડની માહિતી. સુરક્ષા લક્ષણો અસુરક્ષિત ડાઉનલોડેડ સોફ્ટવેરથી કોમ્પ્યુટરની જાળવણી કરે છે. ઈન્ટરનેટ એક્સ્લોરેર સુરક્ષા પ્રમાણપત્ર દ્વારા સુરક્ષા પુરી પાડે છે કે જે વેબસાઇટની સુરક્ષા અથવા વ્યક્તિ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોય. 128 બિટ સુરક્ષિત જોડાણ, સુરક્ષિત વેબસાઇટનાં ઉપયોગ માટે, માઇક્રોસોફ્ટ ઓથેન્ટીકોડ પ્રોદ્યોગિકી કે જે ઉમેરેલા પ્રોગ્રામની ઓળખને તપાસે છે. ઈન્ટરનેટ એક્સપ્લોરરને બે વિભિન્ન પ્રકારનાં પ્રમાણપત્રો હોય છે.

(1) વ્યક્તિગત પ્રમાણપત્ર વપરાશકર્તાની ઓળખ રજૂ કરે છે. આ માહિતી ત્યારે વાપરવામાં આવે જ્યારે વ્યક્તિગત માહિતી ઈન્ટરનેટમાંથી વેબસાઇટમાં મોકલવામાં આવે કે જેની ઓળખને પ્રમાણિત કરવા પ્રમાણપત્રની જરૂર પડે. આ હેતુ માટે પોતાની ચાવી વપરાય છે. જ્યારે ઇ-મેલ પ્રોગ્રામ સાથે, સૂરક્ષા પ્રમાણપત્ર વ્યક્તિગત, ચાવી સાથે હોય ત્યારે તે આધુનિક IDS તરીકે પણ ઓળખાય છે.

(2) સુરક્ષા પ્રમાણપત્ર કાં તો તે વ્યક્તિગત પ્રમાણપત્ર અથવા વેબસાઇટ પ્રમાણપત્ર પબ્લિક કી ની ઓળખ સાથે જોડાયેલ હોય છે. માત્ર આ પ્રમાણપત્રનો માલિક પ્રાઇવેટ કીનું આદાન પ્રદાન જાણતો હોય છે. પ્રાઇવેટ કી માલિકને આધુનિક સહી કરવા અથવા ડીસ્ક્રિપ્ટ માહિતી સાથે પ્રત્યાયન કરવા પબ્લિક ચાવીની મંજૂરી આપે છે. જો કોઈ પ્રમાણપત્ર અન્ય લોકોને મોકલવા માંગતા હોય, વાસ્તવિક રીતે તે પબ્લિક કીને વહેંચે કરે છે કે જેથી સુરક્ષિત વેબસાઇટ એડ્રેસની શરૂઆત http થી થાય છે. જે સ્વયંસંચાલિત રીતે તેનાં પ્રમાણપત્રો મોકલે છે. સુરક્ષા પ્રમાણપત્રનાં આધુનિક શાહી ઘટકો યાંત્રિક ઓળખ કાર્ડ છે. જે માહિતીનાં સંગ્રહની પ્રમાણભૂતતા ગ્રહણ કરે છે, અને તે ખોટી અથવા અનઅધિકૃત નથી હોતી.

- ગુપ્તતા લક્ષણો, વેબસાઇટ માહિતીમાં કેવી રીતે કામ કરે છે તે ચોક્કસ છે. હુકીસ વેબસાઇટ દ્વારા સર્જન પામેલ ફાઇલ છે જે તમારી સાઇટે લીધેલ મુલાકાતથી તમારી પસંદગીની માહિતીનો તમારા કોમ્પ્યુટરમાં સંગ્રહ કરે છે. હુકીસ વ્યક્તિગત ઓળખ માહિતીનો પણ સંગ્રહ કરે છે જેવી કે તમારું નામ અથવા ઇ-મેલ એડ્રેસ.

- ગુપ્તતા સાવચેતી કે જે તમે જ્યારે સાઇડ પર પ્રક્રિયા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો ત્યારે તે તમારી ગુપ્તતા વ્યવસ્થાની લાયકાતને મળે છે, તેના વિશે જણાવે છે.
- ગુપ્તતા પસંદગી યોજના માટે વેબસાઇટના પ્લેટફોર્મનાં અવલોકનની ક્ષમતા પણ હોય છે.

◆ **અસુરક્ષિત સોફ્ટવેરમાંથી કૉમ્પ્યુટરની સુરક્ષા :**

અત્યારે અને પછી અસંખ્ય સોફ્ટવેરો વિભિન્ન સાઇટમાંથી ડાઉનલોડ થાય છે. પરંતુ તે કૉમ્પ્યુટર માટે કેટલાં સારા છે ? તેઓ જાણીતા, વિશ્વસનીય સ્રોતમાંથી ઉમેરવામાં આવેલ છે ? સુરક્ષા પૂરી પાડવા, ઇન્ટરનેટ એક્સપ્લોરર માઇક્રોસોફ્ટ ઓથેન્ટીકોડ પ્રોદ્યોગિકીનો ઉપયોગ કરે છે, જે પ્રોગ્રામની ઓળખને તપાસે છે. ઓથેન્ટીકોડ પ્રોદ્યોગિકી, પ્રોગ્રામને માન્ય પ્રમાણપત્ર છે : સોફ્ટવેર ઉત્પાદકર્તાની ઓળખ પ્રમાણપત્રને મળે છે અને પ્રમાણપત્ર હજી માન્ય છે તેવી બાબતોને તપાસે છે. તે નોંધવુ જોઇએ કે તમારા કૉમ્પ્યુટરમાં ચાલતા અથવા ઉમેરેલા અને નબળી રીતે ચાલતા પ્રોગ્રામની જાળવણી નથી કરતું પરંતુ તે કોઇકના પ્રોગ્રામના ખોટા પ્રદર્શનની તકને ઘટાડે છે કે જેનો આશય ખરાબ રીતે અથવા જાણી જોઇને નુકસાન કરવાનો હોય. આવેલ ઝોનના આધારે કોઈ એક વિવિધ વ્યવસ્થા ચોક્કસ કરે છે, જેમાં ઇન્ટરનેટ એક્સપ્લેરર ઉમેરેલા પ્રોગ્રામની ફાઇલ્સને નિયમનમાં રાખે છે.

**(B) નેટસ્કેપ નેવિગેટર**

નેટસ્કેપએને વિગેટરને અતિ વધારે ઉપયોગી ગ્રાફિકલ વેબ બ્રાઉઝર છે અને નેટસ્કેપ તરીકે પ્રખ્યાત છે. નેટસ્કેપનાં લક્ષણો નીચે મુજબ છે.

- તે લખાણ, ચિત્રો, ગ્રાફિકલ અને એનિમેશનને ઘણી આકર્ષિત રીતે જોડે છે.
- તે વ્યાજબી બિનખર્ચાળ ડાયલ-અપ જોડાણથી ચાલે છે.
- સળંગ આવૃત્તિઓમાં નવી ઇન્ટરનેટ સેવાઓ ઉમેરવા અપડેટ કરવામાં આવે છે.
- તેના લેખકો મુક્તતા આપે છે.

નેટસ્કેપ એ સારી રીતે ગોઠવાયેલ, સારી રીતે કામ કરતું અને ખૂબ જ અસકારક વેબ સાધન છે. તે અદ્યતન HTML ડેટા તરીકે ઓળખાય છે. નેક્સ્કેપ નેવિગેટર વિસ્તૃત ઉપયોગમાં આવતી HTMLને સહકાર આપે છે. સ્વચ્છ ઇન્ટરકેસ, નિયંત્રણનો સહેલો ઉપયોગ અને સીધી રીતે વ્યવસ્થા પણ આ બ્રાઉઝરમાં ઉમેરવામાં આવે છે. નેટસ્કોપની પેજ કોમ્પોઝરની નિમ્ન આવૃત્તિ કે જેમાં HTML દસ્તાવેજને લખવાની અને તેને બ્રાઉઝીંગ કરવાની બંને પ્રકારની સુવિધા છે. આવી રીતે HTMLથી નેટસ્કેપમાં આવન-જાવનની ક્રિયાને દૂર કરી શકાય છે.

ચોક્કસ URL ને ઉમેરવા, વેબસાઇટનું એડ્રેસ, ફાઇલમેનુમાં જાવ, ત્યારબાદ લોકેશનને ખોલો. તમે ડાયલોગ બોક્સ મેળવશો જે એડ્રેસનું પૂછશે. ત્યારે માત્ર URLમાં લખવાનું છે અને ત્યારબાદ 40 બટન દબાવો અથવા એન્ટર કી ને દબાવો. ટુલબાર તમને કહેશે ત્યાં લિંક તમારે લઈ જવી. જ્યારે તમે માઉસ પોઇન્ટ ફેરવો ત્યારે લિંક્સ કે જે પહેલેથી આ વિભાગમાં વાપરવામાં આવેલ હોય તે વાદળીના બદલે લેશે. આવુ એટલા માટે થાય છે કારણ કે લિન્ક નીચા જાય છે. યંત્ર ધીમું પડે છે, સર્વરમાં ખૂબ જ બોજો લદાયેલ હોય ત્યારે અન્ય અસંખ્ય સમસ્યા થાય છે. તમે રાહ જોઇને થાકી ગયા હો તો તમારે માત્ર Stro બટન દબાવવું. તે લાલ હશે અને વર્તમાન ફેરફાર અટકી જશે. તમે કહી શકો જો નેટસ્કેપ હજી કાંઇક ઉમેરવાનો પ્રયત્ન કરતું હોય કારણ કે સ્ટાર્સ ઝૂમ મોટા N માં જમણા ખૂણામાં ઉપરની બાજુએ થશે. બૂક માર્કિંગ એક રસ્તો છે. નેટસ્કેપ કેટલીક હાર્ડ કોપી જોતી હોય વર્તમાન વેબ પેજના માત્ર ટૂલબારનાં PRINT બટન પર ક્લિક કરો અને ત્યારબાદ OK દબાવો. પાનું પ્રિન્ટરમાં પ્રિન્ટ થઈ જશે.

જ્યારે તમે નેટસ્કેપને તેને વિગેટરમાંથી સ્વિચિંગ કરો અથવા માત્ર એક કરતાં વધારે બ્રાઉઝર ઉપયોગ કરવા માંગતા હો તો, ઇન્ટરનેટ એક્સપ્લોરરનો ઉપયોગ શીખવું સરળ થઈ પડે છે. કી-બોર્ડ શોટકર્ટમાંથી બૂકમાર્ક તમે આદાન-પ્રદાન પ્રક્રિયા સરળ અને ઝડપી કરી શકો.

- ઇન્ટરનેટ એક્સપ્લોરર અને નેટસ્કેપ નેવિગેટર માટે આવૃત્તિ તેમાં જો તમે અન્ય વેબ બ્રાઉઝરને ઉમેરો, તમારા ઇન્ટરનેટ એક્સ્પ્લોરરની કેટલીક વ્યવસ્થામાં બદલાવ આવશે.
- નેવિગેટર અને ઇન્ટરનેટ એક્સપ્લોરરની શરતોને સરખાવો. જો તમે ભૂતકાળમાં

નેવિગેટરનો ઉપયોગ કરેલ હોય, તો સામાન્ય ક્રિયા અથવા લખાણના શબ્દો ઇન્ટરનેટ એક્સપ્લોરરમાં વિભિન્ન હશે એ તમે જોશો.

- તમારી પસંદગીનાં બૂકમાર્ક રાખો. ઇન્ટરનેટ એક્સપ્લોરર સ્વયં સંચાલિત રીતે તમારા બધા બૂકમાર્ક ફેરફાર વગર નેવિગેશનને પ્રદર્શિત કરે છે.
- તમારી પસંદગીનાં કી-બોર્ડ શોર્ટકટનો ઉપયોગ કરો. ઇન્ટરનેટ એક્સપ્લોરર અને નેવિગેટર ઘણા સમાન કી-બોર્ડ શોર્ટકટ વહેંચશે. વધારામાં ઇન્ટરનેટ એક્સપ્લોરર કી-બોર્ડના ઉપયોગથી પૂર્ણ ઉપયોગી છે, જેથી તમે ઇચ્છતા હો તો તમારા માઉસને માર્ક પણ કરી શકે.
- ઇન્ટરનેટ એક્સપ્લોરાર કેવું દેખાય છે ? તમે કઇ રીતે જોડી શકો ? તમારી સુરક્ષા વ્યવસ્થા અને ઘણા અન્ય વિકલ્પોને વિસ્તારીને તપાસો. ટુલ્સમેનુ અને ત્યારબાદ ઇન્ટરનેટ વિકલ્પમાં ક્લિકીંગ કર્યા બાદ આ વ્યવસ્થા વધારાની ઉપલબ્ધ થશે.

### ◆ OCR સૉફ્ટવેર

અક્ષર ઓળખ એ એવી પ્રક્રિયા છે જે ઇમેજમાંથી લખાણને અલગ તારવે છે. આ ઇમેજ પેપર ડોક્યુમેન્ટનાં સ્કેનીંગ અથવા યાંત્રિક ઇમેજ ફાઇલ ખોલવાના પરિણામે પ્રાપ્ત થતી હોય છે. ઇમેજોને લખવા લાયક અક્ષરો નથી હોતા; તેઓને ઘણા પિક્સલ હોય છે જે અક્ષરનાં આકારમાં ગોઠવાયેલા હોય છે. જે પેજ પર લખાણનું ચિત્ર પ્રસ્તુત કરે છે. OCR અક્ષરોનાં આકારનું ઇમેજમાં પૃથક્કરણ કરે છે અને લખવા લાયક લખાણની સમસ્યાનું નિરાકરણ પેદા કરે છે. OCR પછી તમે વર્ડ પ્રોસેસીંગની વિભિન્નતા, લખાણ, ડેસ્કટોપ, પબ્લિશીંગ અથવા સ્પ્રિડશીટ અમલીકરણને સેવ કરી શકો. જ્યારે તમે સ્કેનર ખરીદો ત્યારે સામાન્ય રીતે OCR સૉફ્ટવેર મુક્ત મળે છે. આ ઉપરાંત ઓમ્નીપેજ પ્રો કે જે એક પ્રખ્યાત, શક્તિશાળી અને બહોળી રીતે ઉપયોગમાં આવતો વ્યવસાયિક સૉફ્ટવેર છે.



### ◆ OCR સૉફ્ટવેરની ક્ષમતા :

વધારાનું લખાણ ઓળખ શક્તિશાળી OCR સૉફ્ટવેર, OCR પ્રક્રિયામાંથી નીચેના ઘટકો ડોક્યુમેન્ટમાં છૂટાં કરે છે.

ગ્રાફિક્સ : ફોટોસ, લોગોસ, અને ગ્રાફિક્સનાં ઉદા. ચિત્રો છે.

લખાણ શુદ્ધિકરણ : અક્ષર પ્રકાર, કદ અને શૈલી (જેવી કે બોલ્ડ, ઇટાલિક અને અન્ડરલાઇન) અક્ષર શુદ્ધિકરણનાં ઉદા. છે. ઇન્જેન્ટ, ટેબ અને લાઇનની જગ્યા એ પેરેગ્રાફનાં શુદ્ધિકરણનાં ઉદા. છે.

પેજ શુદ્ધિકરણ : કોલમનું બંધારણ, કોષ્ટક સ્વરૂપ અને ગ્રાફિક્સ અને મથાળાની જગ્યા એ પેજ શુદ્ધિકરણનાં ઉદા. છે.

Modulation ના ભાગની જરૂરિયાત આપમેળે જ ઉદ્‌ભવે છે. આવૃત્તિનો વર્ણપટ એ વિશાળ અંતર 1Hz to $10^{22}$ Hz માંથી રજૂ થાય છે. માનવ કર્ણ એ આવૃતિના સ્તર માટે ઘણા સંવેદનશીલ હોય છે. 20 Hz to 20kHz આ આવૃત્તિના સ્તરને audio spectrum (અવાજ વર્તાયા) તરીકે જાણી શકાય. કોઈપણ આવૃતિ જે 20HZ થી ઓછી અથવા 20KHZ થી વધારે એ માનવીય કર્ણ દ્વારા સાંભળી શકાતી નથી. રેડિયો પ્રસારણ અવાજ આવૃત્તિના ફેરબદલ જે લાંબા અંતરની હોય તે સંદર્ભમાં રજૂ કરે છે. baseband signal આ બાબતમાં i.e. audio signal થોડા સો મીટરથી વધારે આગળ વધી શકતુ નથી. બીજી બાજુ જોઈએ તો આવૃત્તિઓ AM પ્રસારવા માટે ઉપયોગી હોય છે, 550 kHz to 1600 kHz ફેરબદલ ની છૂટ હોય છે કે જે પૃથ્વીના નીચલા સ્તર અંતર કે જે 50km હોય તેનું મૂલ્ય ઘટાડ્યા વગર ફેરબદલની છૂટ હોય છે આ મુજબ carrier signal ના આંદોલનને AM પ્રસારવાના અંતરમાં modula કરવા માટે અને Module carrier ને અવકાશ આપવા માટે baseband નો ઉપયોગ થાય છે. રેડિયો પ્રાપ્તિકારને carrier આવૃત્તિમાં બંધબેસતુ ઈલેક્ટ્રોનીક પ્રાપ્તિકાર એ carrier માંથી ઉદાહરણ આપવા માટે જોઈએ તો દિલ્હી... રેડિયો સ્ટેશન... આવૃત્તિ... નો ઉપયોગ કરે છે. ડિજીટલ પ્રત્યાયનમાં 0 અને 1 ની ફેરબદલમાં નિયંત્રણની જરૂર હોય છે. ડિઝીટલ પદ્ધતિઓમાં 1 અને 0 બે અલગ અલગ વોલ્ટેઝના સ્તર દ્વારા પ્રસ્તુત થાય છે. આ વોલ્ટેઝ સ્તરોને સીધી રીતે ટેબલ ઉપર ફેરબદલ કરવા. નથી બીજી બાજુએ શુદ્ધ તરંગો ફેરબદલી માટેની ટેક્નોલોજી ઘણી વિકસીત અને વિશ્વસનીય અને કાર્યક્ષમ છે. તેથી ડિઝીટલ નિયંત્રણ પદ્ધતિઓ 1 અને 0 ને બે અલગ અલગ શુદ્ધ તરંગો દ્વારા પ્રસ્તુત કરે ચે. જેના વિભાગ 4.3.2 માં જોઈ ગયા, શુદ્ધ તરંગોની ત્રણ માપી શકાય તેવી લાક્ષણિકતાઓ છે. એક અથવા વધારે માપન, અલગ અલગ મૂલ્યોની પસંદગી દ્વારા અલગ અલગ શુદ્ધ તરંગો લઈ શકાય. આ મુજબ અહીં ત્રણ ડિજીટલ નિયંત્રિત પધ્ધતિઓ નીચે મુજબ છે.

(1) Amptitude shift keying (ASK)
(2) Frequency shift keying (FSK)
(3) Phase shift keying (PSK)

ASK માં બે શુદ્ધ તરંગો સમાન આવૃત્તિ અને વિકાસના તબકકા હોય પરંતુ વધારે આંદોલનનો ઉપયોગથી અલગ હોય છે. એક આંદોલન દ્વિગુણી 1 અને બીજો દ્વિગુણી 0માંથી મળે છે. FSK એ

શુદ્ધ તરંગોની બે અલગ અલગ આવૃત્તિ સાથે અને સમાન વધુમાં વધુ આંદોલન અને વિકાસના તબક્કાનો ઉપયોગ થતો હોય છે. PSK માં બે શુદ્ધ તરંગોને સમાન આંદોલન અને આવૃત્તિ હોય છે પરંતુ અલગ વિકાસના તબક્કાનો ઉપયોગ થયો હોય છે. IC Chips and Circuits નિયંત્રિત અને અનિયંત્રિત કાર્યોને અમલમાં મૂકી વિકસીત કરે છે. આવી સરકીટને મોડમ સરકીટ અથવા માત્ર મોડેમ કહેવાય છે. પ્રત્યાયન સંચાર સ્રોતના અસરકારક અને પૂર્વ ઉપયોગી બાબત એ મૂલ્યમાં ઘટાડો છે. માહિતીને પ્રત્યાયન માધ્યમમાં લઈ જવાની ક્ષમતા સિગ્નલ માહિતી ફેરબદલ માધ્યમ કરતા ઓપ્ટીકલ કે કીપરના કેબલમાં ઘણી વધારે હોય છે. પ્રત્યાયન માધ્યમ પર, તો માધ્યમની ક્ષમતામાંનો સારો ઉપયોગ થઈ શકે. ગુણાંકન પદ્ધતિ કે જે એક સાથે એક કરતા વધારે માહિતીના ફેરબદલને એક જ સાધન વડે કરે કરે છે અને આમાં બે આધારભૂત રસ્તાઓ છે જેમાં ગુણાંકન એકવાર આવૃત્તિના ક્ષેત્રમાં અને બીજામાં ટાઈમ ક્ષેત્રમાં થાય છે. Freuency Division Multipleting (FDM) અને Time Devision Multiplexing (TDM) આ પ્રમાણે છે. ઓપ્ટીકલ સિગ્નલોને ધ્યાનમાં રાખીને એક એવી પધ્ધતિ કે જે (FDM) જેવી જ છે તે Wave Division Multiplexing (WDM) તરીકે જાણીતી છે અને ઉપયોગમાં છે. ગુણાંકન એક કરતા વધારેના ઉદાહરણ મુજબ આપણા ઘરોમાં કોએક્સીબલ કેબલનો ઉપયોગ કેબલ ટી.વી. માં કરવામાં આવે છે. તે એક ગુણાંકન કે બહુમાર્ગીયનું ઉદાહરણ છે. ફક્ત એક જ કેબલ દશ્યના સિગ્નલો ઘણી બધી ચેનલો ઉપર FDM જેવી જ છે. તે Frequence Division Multiplexing (WDM) તરીકે જાણીતી છે અને ઉપયોગમાં આવે છે. ગુણાંકન એક કરતા વધારેના ઉદાહરણ મુજબ કે જે આપમા ઘરોમાં કોએક્સીલ કેબલનો ઉપયોગ કેબલ ટી.વી.માં કરવામાં આવે છે. તે એક ગુણાંકન કે બહુમાર્ગીયનું ઉદાહરણ છે ફક્ત એક જ કેબલ દશ્યના સિગ્નલો ઘણી બધી ચેનલો ઉપર Multiplexe mode દ્વારા થઈ જાય છે.

કોઈપણ પ્રત્યાયન પદ્ધતિઓમાં ફેરબદલ કરવાવાળા અને મેળવવા વાળાએ સમય ને સમકાલીન થઈને કાર્ય કરવું પડે છે. દા.ત. જે પ્રમાણે કાર્યક્રમને આપણે ટી.વી. કે રેડિયો ઉપર જે તે સમયે આપણા ટી.વી. કે રેડિયોની ટ્યુનને તે જ્યારે કાર્યક્રમ પ્રસારીત થવાનો છે ત્યારે ફેરવવું પડે છે. બીજી બાજુ એ જોઈએ તો ફેરબદલ કરવાવાળા અને સિગ્નલ મેળવવાવાળા બંનેએ એક જ સમયે કાર્યરત રહેવું પડે છે અને ત્યારે જ માહિતીની ફેરબદલ શક્ય બને છે. આ માટે ફેરબદલ કરવાવાળા એ માહિતીના ફેરબદલ પહેલા સમય નક્કી કરવો પડે છે અને મેળવનાર તે નક્કી સમયને સિગ્નલો મેળવવા માટે લોક કરે છે. પ્રત્યાયન પદ્ધતિ એ પેરબદલ અને પ્રાપ્તિકારની વચ્ચે સમય સંદર્ભ બે પ્રકારે સ્થાપે છે. asychronounus અને Synchrounous પ્રત્યાયન પ્રક્રિયાનો મહત્ત્વનું અને છેલ્લુ કાર્ય એ માહિતી સિગ્નલની ખરેખર ફેરબદલ છે. ઈલેક્ટ્રોનીકલ અથવા ઓપ્ટીકલ કેબલ દ્વારા એક સરખું સીધુ પ્રસારણ થાય છે. સિગ્નલનો પ્રવાહ તેને શક્ય બનાવે છે. આની ફેરબદલ લાઈટ સ્વીચની જેમ સરળ હોય છે. રેડિયો અને સેટેલાઈટ પ્રત્યાયનમાં એવી પ્રક્રિયા હોય છે. જેમાં વિદ્યુત શક્તિ સિગ્નલ વિદ્યુત ચુંબકીય શક્તિ સીગ્નલમાં ધ્વનિજાળ દ્વારા સમાવિષ્ટ થાય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

(6) Co axial કેબલને 200 MHz બેન્ડવિથ છે. જો વિડિયો ચેનલ 5MHz બેન્ડની જરૂર હોય તો આ વિડિયો ચેનલ કેટલીકવાર કેબલ પર ગુણાંકિત કરી શકાય છે.

**નોંધ :** (1) નીચે આપેલી જગ્યામાં તમારા જવાબ લખો

(2) આ એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો તપાસો

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

## 4.6 સારાંશ (SUMMARY)

આ એકમમાં પ્રત્યાયન પદ્ધતિના મૂળભૂત દૃષ્ટિકોણની ચર્ચા કરી. પહેલા આધુનિક પ્રત્યાયન પધ્ધતિનું યથાદર્શન પ્રસ્તુત કર્યું. આધુનિક પ્રત્યાન પદ્ધતિનો મુખ્ય હેતુ દા.ત. માહિતીની ફેરબદલ છે. ચાર પ્રકારની પ્રત્યાયન પધ્ધતિ જેવી કે electrical, redio, optical and setellite પ્રત્યાયન પદ્ધતિની ચર્ચા થયેલ છે. સિગ્નલ, અવાજ અને ઘટાડોના મૂળભૂત દૃષ્ટિકોણ બતાવવામાં આવ્યા. સિગ્નલ એ શુદ્ધ તરંગો અને જટિલ તરંગો તરીકે સમજાવેલ છે. ચાર પક્ષ જટિલ સામયિક તરંગોનું મૂલ્યાંકન રજૂ કરેલ છે. સિગ્નલ પર અવાજની અસર અને મહત્વપૂર્ણ સિગ્નલમાં અવાજની સરેરાશ બતાવેલ છે. ડિજીટલ પ્રત્યાયનનું મહત્વ દર્શાવવામાં આવેલ છે. અંતમાં ફેરબદલ કરનાર પ્રાપ્તિકાર છે. આ કાર્યો ચિન્હો, ધ્વનિના નિયમન અને ગુણાંકન પદ્ધતિને ફેરબદલ છેડા સુધી ઉમેરે છે અને પ્રાપ્તિકારના છેડા સુધી પહોંચાડે છે.

## 4.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ (ANSWERS TO SELF CHECK EXERCISE)

(1) સેટેલાઈટ પ્રત્યાયનનું મુખ્ય સ્વતંત્ર સમાંતર સ્રોત અને અંતે સુધી હોય જ્યારે ફાઈબર ઓપ્ટીક પ્રત્યાયન સીધી રીતે સપ્રમાણ અંતરથી હોય.

આમ જોઈએ તો તૂટેલ અંતર X km પછી આપણી પાસે

$2.5 = 0.005x$ હોય

$X = 2.5/0.005 = 500$ km

તેથી સેટેલાઈટ પ્રત્યાયન 500 km ના અંતર માટે સસ્તુ છે.

(2) મૂળભૂત આવૃત્તિ $f = 200$ kHz

સમય $T = 1/f$

$= 1/200$ kHz

$= 0.5 \text{ X km} \times 10^5$

$= 5 \times 10^{-6}$

$= 5$us

તરંગોની લંબાઈ દા.ત. (4.1)

$r = c/f = 3 \times 10^8/200 \times 10^3$

$= 15 \times 10^3$ m

$= 15$ km

(3) SNR ને વિશાળ મુખ્ય જોઈએ. SNR એ સિગ્નલ પાવરનું ધ્વનિ પાવરનું સરેરાશ છે. સારી પ્રત્યાયન પદ્ધતિ માટે સિગ્નલ પાવર વિશાળ હોવું જોઈએ અને ધ્વનિ પાવર ઓછું હોવું જોઈએ. તેથી SNR ઊંચુ હોવું જોઈએ.

(4) SNR માં dB = 10 log (Ps/PN)

$= 10 \log (1000/0.1)$

$= 10 \log (10000)$

$= 10 \times 4 = 40$dB

(5) દ્વિગુણી 1 = +2.5 V દ્વિગુણી '0' = 2.5 v point = 0v

કોઈપણ વોલ્ટેઝ સ્તર જે 0 ની ઉપર હોય અને પ્રાપ્તિકાર દ્વારા દ્વિગુણી 1 ની જેમ દેખાય છે અને કોઈપણ વોલ્ટેઝ સ્તર જે 0 ની નીચે હોય તે દ્વિગુણી 0 દેખાય છે. ચોક્કસ 0 સ્તરએ અચોક્કસ બાબત છે તેને રસ્તા તરીકે સમજી શકાય. ભૂલ, મુશ્કેલી એટલે 1 એ 0 તરીકે પ્રાપ્ત કરી શકાય. આવુ ત્યારે જ બની શકે કે જો - +2.5 V વધારે ધ્વનિ સ્તર પર અસર પામતું હોય તો તેનું પરિણામી વોલ્ટેઝ એ 0 નીચે હોય અને તેથી તેને 0 તરીકે સમજી

શકાય. તેવી જ રીતે ધ્વનિ સ્તર એ કરતાં +2.5 V કરતા વધારે હોય તો તે 0 ને 1 માં ફેરબદલ કરી શકે. (+ve value) તેથી ઓછામાં ઓછા ધ્વનિ સ્તરની જરૂર આવી error +2.5 V 0 માટે અને -2.5 V 1 માટે કારણભૂત છે.

(6) વિડિયો લેન્ડવિથ = 5MHz

કુલ ઉપલબ્ધ બેન્ડવિથ = 200 MHz

તેથી ચેનલની સંખ્યા = 200/5 = 40 Channels પ્રમાણે મોકલવામાં આવે છે.

બે નજીકની ચેનલની દખલગીરી દૂર કરવા, આવૃત્તિ અંતરને Gaurd Band કહેવાય છે જે બંને વચ્ચે અપાયેલ છે જો આપણે ધારીએ કે gaurd band એ MHz પછી સંખ્યાત્મક ચેનલ 200/6 ગુણાંકન કરી શકે દા.ત. 33 ચેનલો.

## 4.8 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

Attenuation : સંચાર માધ્યમોને કારણે સિગ્નલ શક્તિને નુકશાન

**બાઈપોલર** : વિવિઝ પોલારિટીઝ (ધ્રુવાભિમુખતા) ના વોલ્ટેજની મદદથી ડિજીટલ સંકેતોની રજૂઆત.

**વાહક (carrier)** : હાઈ ફ્રિકવન્સી સિગ્નલ કે જે માહિતી સંકેતોનું વહન કરે છે.

**કો-એકસીઅલ વાયર** : સમાન સાથે કેન્દ્રીત સિલિન્ડરોના સ્વરૂપમાં મૂકવામાં આવતી વાહકની જોડ.

**સંદેશાવ્યવહાર માધ્યમો** : ટેલિકોમ્યુનિકેશનનાં ઉપયોગમાં આવતાં કોપર અને ઓપ્ટિકલ વાયર જેવા મીડિયા.

**કોમ્પ્યુનિકેશન સિસ્ટમ (સંચાર પદ્ધતિ)** : કોઈપણ ટેલિકોમ્યુનિકેશન પદ્ધતિ જેવી કે વિદ્યુત કે ઉપગ્રહ સંચાર પધ્ધતિ.

**ડિકોડીંગ** : કોડેડ સંકેતો પર ગાણિતીક કામગીરી કરી જો કોઈ સંભવત ભૂલો શોધે છે.

**ડીમોડ્યુલેશન** : ઉચ્ચ આવૃત્તિના વાહક આધાર સંકેતોનુ એકસ્ટ્રેકશન

**ડિજીટલ પ્લેડવીંગ** : મલ્ટીપ્લેક્સ પ્રવાહના સંકેતોને અલગ માહિતીનાં સંકેતો તરીકે બહાર લાવવા.

**ડિજિટલ સંચાર** : પ્રત્યાયનનું એક સ્વરૂપ છે જેમાં માહિતી એક અને શૂન્ય દ્વારા રજૂ થાય છે.

**એન્કોડિંગ (કોડીંગ)** : વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા વધારવા માટે ડિઝીટલ સંકેતો પર નિર્ધારીત ગાણિતીક પ્રક્રિયા.

**ઊર્જા સ્વરૂપ (એનર્જી ફોર્મ)** : ઈલેક્ટ્રીકલ ઓપ્ટીકલ અથવા ઈલેક્ટ્રોમેઝોટીક ઊર્જા.

**કોરિયર વિશ્લેષણ (એનાલીસીસ)** : સરળ શુદ્ધ તરંગોના સંદર્ભમાં જટીલ તરંગસ્વરૂપનું પૃથક્કરણ.

**ફ્રિકવન્સી સ્પેકટ્રમ** : દૂર સંચાર (ટેલિકોમ્યુનિકેશન) સિસ્ટમોની આવૃત્તિઓની શ્રેણી

**જીયોસ્ટેશનરી સેટેલાઈટ (ઉપગ્રહ)** : એક એવો ઉપગ્રહ કે જેનો તત્કાલ કોણીય વેલોસીટી અને મીન પરિભ્રમણ સમય પૃથ્વી જેટલો જ છે.

**જીયોસિક્રન્સ ઉપગ્રહ** : એક એવો ઉપગ્રહ કે જેનો સરેરાશ પરિભ્રમણ સમય પૃથ્વીના રિવોલ્યુશન સમયગાળા તરીકે જ છે, પરંતુ તેની તત્કાલ કોણીય વેલોસીટી પૃથ્વીની પરિભ્રમણ ગતિ કરતાં સહેજ અલગ હોઈ શકે.

**ઈન્જેક્શન લેસર ડાયોટ (ILD)** : જ્યારે કરંટ ચાલુ થાય છે ત્યારે ઓપ્ટિકલ સ્રોત તીવ્ર પ્રકાશ બીન પેદા કરે છે.

| | | |
|---|---|---|
| **લાઈટ એમિટીંગ ડાયોડ (LED)** | : | ઈલેક્ટ્રીક કરંટ ચાલુ થાય છે ત્યારે નીચા ખર્ચે ઓપ્ટિકલ સ્રોત પ્રકાશ પેદા કરે છે. |
| **મોડ્યુલેશન** | : | ઉચ્ચ આવૃત્તિ વાહકોમાં એમ્બેડિંગ આધાર સંકેતો |
| **મલ્ટીપ્લેક્સીંગ** | : | એક જ સંચાર માધ્યમ પર એક કરતાં વધુ માહિતી સંકેત મોકલે છે. |
| **નોઈઝ (અવાજ)** | : | એક જ સંચાર વ્યવસ્થામાં ખલેલ |
| **ફોટો ડિરેક્ટર** | - | એક ઉપકરણ કે જે પ્રકાશને ઈનપુટ તરીકે સ્વીકારે છે અને ઈલેક્ટ્રીક કરંટને આઉટપુટ તરીકે પેદા કરે છે. |
| **રીપીટર** | : | આ ઉપકરણ માઈક્રોવેવ રેડિયો સંચારમાં ઉપયોગમાં આવે છે કે જે સિગ્નલથી આવતાં ફિલ્ટર અવાજને આગામી સ્ટેશન સુધી અનેકગણો વધારો કરી તે જ આવૃત્તિમાં ફરી પહોંચાડે છે. |
| **શિલ્ડેડ ટ્વીસ્ટેડ પેર (STP)** | : | વાયરની શીલ્ડેડ જોડી કે જે વળ ચડાવેલ (ટ્વીસ્ટેડ) હોય. |
| **સંકેત (સિગ્નલ)** | : | એક જ સમયે વિવિધ વિદ્યુત, ઓપ્ટિકલ અથવા ઈલેક્ટ્રોનીક્સ જથ્થો માહિતી, સ્પીચ, વિડિયો વગેરે રજૂ કરે છે. |
| **ટ્રાન્સપોન્ડર** | : | સેટેલાઈટની અંદરનું એવું સાધન કે જે સંકેતો મેળવે છે. અવાજને બહાર ફિલ્ટર કરે છે. આવૃતિ પર અનેકગણો વધારો કરી ફરીથી પ્રસારણ મેળવે છે. |
| **યુનીપોલર** | : | સમાન પોલેટીરી ઓફ વોલ્ટેજની મદદથી ડિજીટલ સંકેતોની રજૂઆત. |
| **અનચીલ્ડેડ ટ્વિસ્ટેડ પેર (UTP)** | : | અનશીલ્ડેડ વાયરની જોડી કે જે વાળ ચઢાવેલ (ટ્વીસ્ટેડ) જોડી છે. |
| વેવ લેન્થ (તરંગ લંબાઈ) | : | સંકેત તરંગચક્ર દ્વારા કબજે ભૌતિક અંતરની મુક્ત જગ્યામાં પ્રચાર. |

## 4.9 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCES AND FURTHER READING)

Brewster, R.L. (1986). Telecommunications technology. New Delhi: Affiliated East-West Press.

Came, Bryan. E. (1987). Modern telecommunication. New York: Plenum Press. Cherin, A.M. (1983). An introduction to optical fibers. Tokyo: McGraw Hill.

Couch, Leon W. (1998). Modern communication systems: principles and applications. New Delhi: Prentice Hall of India.

Viswanathan, Thiagarajan. (2004). Telecommunications switching systems and networks. New Delhi: Prentice Hall of India.

| એકમ–5 | નેટવર્ક અને નેટવર્કીંગ (Networks and Networking) |
|---|---|

## : માળખું :

5.0 હેતુઓ

5.1 પ્રસ્તાવના

5.2 પાયાગત નેટવર્કીંગ

 5.2.1 સંપૂર્ણ નેટવર્ક જોડવા

 5.2.2 સ્વીચ્ડ નેટવર્ક

 5.2.3 નેટવર્કની પધ્ધતિઓ

5.3 સ્વીચીંગ પદ્ધતિઓ

 5.3.1 સરકીટ સ્વીચીંગ

 5.3.2 પેકેટ સ્વીચીંગ

 5.3.3 સેલ સ્વીચીંગ

5.4 મોટા ટેલિકોમ્પ્યુનિકેશન નેટવર્ક

5.5 ટેલિફોન નેટવર્ક

 5.5.1 લેન્ડલાઈન નેટવર્ક

 5.5.2 મોબાઈલ નેટવર્ક

 5.5.3 ડેટા ટ્રાન્સમીશન ઈન ટેલિફોન નેટવર્ક

5.6 ડિઝીટલ નેટવર્કની સપૂર્ણ સેવાઓ

 5.6.1 ISDN માટે પ્રેરણા

 5.6.2 નવી સેવાઓ

 5.6.3 ISDN ચેનલ

 5.6.4 ઉપભોક્તા ઈન્ટરફેસીસ

5.7 બ્રોડબેન્ડ (ISDN)

5.8 ઉપસંહાર

5.9 સ્વ અધ્યાય અને તેના જવાબો

5.10 ચાવીરૂપ શબ્દો

5.11 સંદર્ભો અને વાંચન

## 5.0 હેતુઓ (OBJECTIVES)

નેટવર્ક અને નેટવર્કીંગના વિકાસથી માહિતી મેળવવામાં વધારો થાય છે. તેથી તેની મૂળભૂત બાબત વિશે જાણવું જરૂરી છે. આ એકમમાં નેટવર્ક અને નેટવર્કીંગના પાયાગત દૃષ્ટિકોણ વિશે ચર્ચા કરીશું.

આ એકમના અભ્યાસ બાદ નીચે મુજબની બાબત સમજી શકાશે.

- ❖ ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક એટલે શું ?
- ❖ સ્વીચ્ડ નેટવર્ક એટલે શું ?
- ❖ નેટવર્ક બનાવવા માટેની પેટા પધ્ધતિઓ
- ❖ સિગ્નલના વિવિધ સ્વરૂપો
- ❖ વિવિધ સ્વીચીંગ ટેકનીક્સ
- ❖ સરકિટ અને પેકેટ સ્વીચીંગ વચ્ચે તફાવત
- ❖ સેલ સ્વીચીંગ એક નવી પધ્ધતિ
- ❖ મોટા ટેલિકોમ્યુનિકેશન નેટવર્કના મુખ્ય પ્રકારો
- ❖ લેન્ડલાઈન અને મોબાઈલ નેટવર્ક
- ❖ લેન્ડલાઈન અને મોબાઈલ નેટવર્ક પ્રત્યાયન કેવી રીતે થાય છે ?
- ❖ ISDN એટલે શું અને તેની નવી સેવાઓ
- ❖ ISDN ના પ્રેરણાત્મક તબક્કા
- ❖ ISDN ચેનલ અને ઉપભોક્તા ઈન્ટરફેસ અને
- ❖ બ્રોડબેન્ડ ISDN

## 5.1 પ્રસ્તાવના (INTRODUCTION)

એકમ - 4 માં મોર્ડન કોમ્યુનીકેશન સિસ્ટમ વિશે સમજ્યા જે હાલમાં ટેલિફોન કોમ્યુનિકેશનમાં વપરાય છે. તથા ઈલેક્ટ્રીક વાયર, સંચાર optical fibre સંચાર, રેડિયો સંચાર અને સેટેલાઈટ સંચાર વિશે પણ શીખ્યા. રેડિયો સંચાર બે પ્રકારમાં વહેંચવામાં આવે છે. ટૂંકા haul અને લાંબા haul રેડિયોનાં ઉદાહરણ છે. ટેલિફોન એક્ષચેન્જનાં વાયરલેસ લિંકેજ અને મોબાઈલ કોમ્પ્યુનિકેશન એ ટૂંકા haul રેડિયોનાં ઉદાહરણ છે. ઊંચી ક્ષમતાવાળા માઈક્રોવેવ અને ટૂંકા તરંગો વાળા પ્રસારણ એ લાંબા haul રેડિયોનાં ઉદાહરણ છે. આ એકમમાં આપણે નેટવર્કનું પાયાનું જ્ઞાન અને નેટવર્કની ટેકનીક વિશે શીખીશું ત્યારે નીચે મુજબના મુદ્દા વિશે ચર્ચા કરીશું. નેટવર્કના બંધારણ, નેટવર્કના કાર્ય વગેરે તથા કોમ્પ્યુનિકેશનના કાર્યો જેવા કે મલ્ટીપ્લેસીંગ અને કોર્ડીંગ નેટવર્કના તથા મોટા ટેલિકોમ્પ્યુનિકેશનના કાર્યો વિશે શીખીશું.

## 5.2 પાયાગત નેટવર્કીંગ (NETWORKING BASICS)

નેટવર્ક આપણા માટે નવુ નથી આપણે પોસ્ટ, રેલવે, એરલાયન્સના નેટવર્ક વિશે જાણીએ છીએ. પોસ્ટ ઓફિસના નેટવર્કમાં અલગ અલગ પોસ્ટ બોક્સમાંથી બધી ટપાલ ભેગી કરવામાં આવે છે. ત્યારબાદ તેને એક સરખા વિસ્તાર કે શહેર પ્રમાણે ગોઠવવામાં આવે છે અને વહેંચવામાં આવે છે. રેલવેમાં ટ્રેન તેના મૂળ સ્ટેશનથી છેલ્લા સ્ટેશન સુધી જાય છે. વચ્ચેના બધા સ્ટેશનથી પેસેન્જરને લઈને જાય છે. આપણે ટેલિકોમ્યુનિકેશના નેટવર્કની વાત શીખીશું. જે રેલવે તથા પોસ્ટ જેવું છે. બીજા કરતા ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક કેવી રીતે અલગ પડે છે ? આ ઈલેક્ટ્રીકલ, ઓપ્ટીકલ તથા ઈલેક્ટ્રોમેગ્નેટીક સાધનથી ચાલે છે.

### 5.2.1 સંપૂર્ણ નેટવર્ક જોડાણ (Fully Connected Networks)

દુનિયાના બીજા છેડે હોય તો પણ ટેલિકોમ્યુનિકેશન કે નેટવર્કમાં એક વ્યક્તિ દુનિયાના એક છેડેથી બીજા વ્યક્તિ સાથે જોડાય. દા.ત. ટેલિફોનનો ગ્રાહક આમાં એક વ્યક્તિ એકથી વધારે જગ્યાએ અલગ અલગ સમયે જોડાઈ શકે છે. આમાં માત્ર એક જ બાબત ધ્યાન રાખવા જેવી છે કે એક ગ્રાહક જે ગ્રાહક સાથે વાત કરવા માંગે છે તે દુનિયાના બીજા છેડે હોય તો પણ દા.ત. ટેલિફોનનો ગ્રાહક બીજા વ્યક્તિ સાથે જોડેલ નથી. આમાં એક વ્યક્તિ એકથી વધારે જગ્યાએ અલગ અલગ સમયે જોડાઈ શકે છે. આમાં માત્ર એક જ બાબત ધ્યાનમાં રાખવા જેવી છે કે એક ગ્રાહક સાથે વાત કરવા માંગે છે તે જોડાયેલ હોવો જોઈએ. બીજા પ્રકારના કોમ્યુનિકેશન કે જે એકમ - 4 ના અભ્યાસ પ્રમાણે તેમાં એકથી એક જ સ્ટેશન જોડી શકાય છે. મેળવનાર અને મોકલનાર વચ્ચે અને બીજા વ્યક્તિ સાથે વાતચીત કરવી હોય તો બે વ્યક્તિ સાથે બીજુ જોડાણ કરવું પડે છે અને આવા અનેક વ્યક્તિ વચ્ચે વાતચીત કરવી હોય તો બધા વચ્ચે અલગ જોડાણ કરવા પડે છે. આકૃતિ 5.1 માં પાંચ ગ્રાહકોનું ઉદાહરણ આપેલું છે. આ પ્રકારના નેટવર્કને સંપૂર્ણ

જોડાણવાળું નેટવર્ક કહેવાય છે. આકૃતિ 5.1 માં 10 જોડાણ છે. જોડાણની પ્રતિ સૂચક હોય તો એક જ માહિતી એક જ સમયે જઈ શકે. ગ્રાહકોની સંખ્યા ત્યારે ઘણું મોટુ નેટવર્ક બને છે. દા.ત. 50 ગ્રાહકોના સંપૂર્ણ જોડાણ માટે 1225 જોડાણની જરૂર પડે.

સામાન્ય રીતે N ગ્રાહકને N (N-1) જોડાણની જરૂર પડશે. N ગ્રાહક માટે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે N - 1 અને બીજા ગ્રાહક માટે N-2 અને ત્રીજા ગ્રાહક માટે N-3 અને ચોથા ગ્રાહક માટે N-4 ની જરૂર પડશે. N જોડાણના કાર્યો નીચે પ્રમાણે છે.

$$L = (N-1) + (N-2) + ... + 1 + 0 = N\,(N-1)/2$$




**Fig. 5.1 Fully connected network with five subscribers**

ઉપર મુજબની અલગ અને સીધી કોમ્યુનિકેશન લીંક એક ગ્રાહકને બીજા ગ્રાહક સાથે જોડે છે. આકૃતિ ૫.1 એ પ્રમાણે મોંઘા છે અને પ્રેક્ટિકલ ઉપયોગમાં આવી શકતા નથી.

### 5.2.2 સ્વીચ્ડ નેટવર્ક (Switched Networks)

ઘણા બધા કામ્યુનીકેશનના જોડાણમાં સંચાલન કરવા માટે સ્વીચનો ઉપયોગ થાય છે. જેનું કામ બે ગ્રાહકો જોડવાનું છે. સ્વીચ તમે જાણો છો તે પ્રમાણે ઈલેક્ટ્રીકલ જોડાણ એક કરવાનું કામ કરે છે. નેટવર્કની અંદર કે તેથી વધારે સ્વીચનો ઉપયોગ થયેલો હોય તેને સ્વીચીંગ નેટવર્ક કહેવામાં આવે છે. સ્વીચ એ નોડ તરીકે જાણીતું છે. સ્વીચીંગ નોડ, સ્વીચીંગ પદ્ધતિ, ટેલિફોન એક્સચેન્જ, સ્વીચીંગ ઓફિસ અથવા સ્વીચીંગ સેન્ટર કહેવાય છે. સ્વીચ નેટવર્કનું ઉદાહરણ 5.2 માં બતાવેલ છે. દરેક ગ્રાહક માટે એક મધ્ય સ્વીચ કામ કરે છે જેટલા ગ્રાહકો હોય તેટલી લીંક સ્વીચ સાથે જોડેલ હોય છે. આમાં સંપૂર્ણ નેટવર્ક જોડાવાની સરખામણીમાં લીંકની જરૂર પડતી હોય છે. દા.ત. ૫0 ગ્રાહકો માટે સંપૂર્ણ નેટવર્ક જોડવામાં 1૨૨૫ લીંકની જરૂરી પડતી હોય છે. જ્યારે સ્વીચ નેટવર્કમાં 50 ની જરૂર પડે છે તેથી સ્વીચમાં એક્સેસ લીંક વાયર વગરની એક્સેસ લીંકનો ઉપયોગ થાય છે.

સ્વીચ નેટવર્ક ગ્રાહકોને એક જ સમયે એક સાથે જોડવા સક્ષમ છે. એક ગ્રાહક શરૂઆતમાં જોડાય છે. તેને કોલીંગ ગ્રાહક કહેવાય છે અને તેના ગ્રાહકને કોલ્ડ ગ્રાહક કહેવાય છે. એ નેટવર્કનો ઉપયોગ માત્ર મનુષ્ય માટે નહીં પરંતુ મશીન માટે પણ થાય છે. આની અંદર પણ સોર્સ અને ડેસ્ટીનેશન એમ બે જગ્યાને એકબીજા સાથે જોડી શકાય છે જ્યારે ગ્રાહક બીજા ગ્રાહક સાથે જોડાવા માંગે છે ત્યારે ઓળખ તપાસવામાં આવે છે. ટેલિફોન નંબર એ ગ્રાહકની ઓળખ છે. તે ઓળખ તપાસવામાં આવે છે. ઈન્ટરનેટમાં IP એ ઈન્ટરનેટની ઓળખ છે. આ એક્સ વિશેની ચર્ચા એકમ - 6 માં કરીશું.

સ્વીચ વિશ્લેષણ સરનામા કોલિંગ અને કહેવાતા ગ્રાહકો વચ્ચે જોડાણ સ્થાપિત કરે છે. જો ગ્રાહક લોકલ હોય તો સ્વીચના બે ગ્રાહક વચ્ચે જોડાણ કરશે અને જો ગ્રાહક લોકલ ન હોય તો બે સ્વીચની એડ્રેસ પ્રમાણે બાજુની અથવા પાડોશી સ્વીચ સાથે પ્રક્રિયા કરવામાં આવે છે. આ કાર્યની ઓળખ મોકલેલ પત્રને અલગ કરવા, મોકલવા પોસ્ટ ઓફિસ સુધી ટેલિફોન નેટવર્કના સંદર્ભમાં એડ્રેસની પ્રક્રિયા ડિજીટલ પ્રક્રિયા તરીકે જાણી શકાય છે.




**Figure 5.2 : A switched network one switch**

ફોરવર્ડીંગ અને રાઉટીંગ એ સ્વીચ નેટવર્કની મહત્ત્વની પ્રક્રિયા છે. સામાન્ય રીતે નેટવર્કના કોઈપણ નોડમાંથી ડેસ્ટીનેશન સુધી પહોંચવા એક કરતા વધુ રસ્તાઓ ઉપલબ્ધ હોય છે. જ્યારે એકથી વધારે રસ્તા હોય ત્યારે ક્યાં રસ્તાથી ગ્રાહકને જોડવાને રાઉટીંગ નક્કી કરે છે.

### 5.2.3 નેટવર્કની પધ્ધતિઓ (Networks Subsystems)

ટેલિફોનનું નેટવર્ક સ્વીચીંગ સેન્ટરોથી બનેલું હોય છે. દરેક સ્વીચીંગ સેન્ટર એકબીજા સાથે જોડાયેલા હોય છે. આ જોડાણને ચોક્કસ લીંક કહેવામાં આવે છે. ટેલી કોમ્યુનિકેશનનું ચાલુ નેટવર્ક આ 5.3 માં બતાવેલ છે. સ્વીચીંગ પદ્ધતિને જોડતા જોડાણને ટ્રાન્સમીશન જોડાણ કહેવામાં આવે છે. આ જોડાણની ક્ષમતા વધારે હોય છે. એક્સેસ લીંકની સરખામણીમાં કોઈપણ માહિતીની આપ-લે ટ્રાન્સમીશન લીંકની મદદથી થાય છે. 32 અથવા 32 ગુણાંકમાં જોડાણ કરવામાં આવે છે. આ જોડાણની ઝડપ 64 અથવા 128 **KBPS** હોય છે. આ જોડાણ એટલે કે એક્સેલીંક અને ટ્રાન્સમીશન જોડાણની ઝડપ 2048 KBPS અથવા તેનાથી વધારે હોય છે. આ જોડાણનું બીજું નામ Trunks કહેવામાં આવે છે.

તમે ડાયલટોન, રીંગ ટોન, એન્ગેજ ટોનથી ટેલિફોન નેટવર્કના પરિચિત છો. આ બધા ટોન સ્વીચીંગ સિસ્ટમને સંદેશા અને જોડાણ કરવાનું કામ કરે છે. સ્વીચીંગનું કાર્ય સીગ્નલીંગ તરીકે જાણી શકાય. સીગ્નલીંગ એ ટેલિ કોમ્યુનિકેશનમાં આંતરિક બાબત છે. ત્રણ પ્રકારના સિગ્નલીંગ આવે છે.

(1) ગ્રાહક નેટવર્કીંગ સીગ્નલીંગ

(2) નેટવર્ક - નેટવર્ક સીગ્નલીંગ

(3) અંતથી અંત સીગ્નલીંગ




**Fig 5.3 : Telecommunication Network**

ગ્રાહક નેટવર્ક સીગ્નલએ ગ્રાહક લુપ સીગ્નલના નામથી ઓળખાય છે. આમા ગ્રાહક અને નેટવર્ક વચ્ચે સીગ્નલથી માહિતી મોકલવામાં આવે છે. જ્યારે નેટવર્કથી નેટવર્ક સીગ્નલમાં બે સ્વીચીંગ સેન્ટર વચ્ચે માહિતી સીગ્નલની મદદથી મોકલવામાં આવે છે તથા end to end સિગ્નલમાં એ સિગ્નલીંગની પેટા પધ્ધતિ જરૂરી સુવિધા પૂરી પાડે છે. તે કોલ અને કોલીંગ ગ્રાહકોની માહિતી સીગ્નલ ફેરબદલીની છૂટ આપે છે. હકીકતમાં end to end singnaling મૂળભૂત કોમ્પ્યુટરાઈઝડ વોઈસ આન્સરીંગ પદ્ધતિ ઉપયોગમાં આવે છે. મોટાભાગે અને સામાન્ય રીતે રેલવે, એરલાઈન્સ, ટેલિફોન માહિતી સેવામાં એને ઉપયોગમાં લેવાય છે. આ વિશેની ચર્ચા આપણે 5.5.1 માં જોઈ ગયા.

સીગ્નલ પદ્ધતિઓ મુખ્ય વર્ગમાં આવેલ છે. ઈન ચેનલ સીગ્નલીંગ અને કોમન ચેનલ સીગ્નલીંગ (CCS) ઈન ચેનલ સીગ્નલમાં એ જ ચેનલ દ્વારા ગ્રાહક પાસે માહિતી મોકલવામાં આવે છે. CCS માં કોમન ચેનલના ઉપયોગથી સીગ્નલની મદદથી માહિતી મોકલવામાં આવે છે. CCS એ હાલના તબક્કામાં નવી શોધાયેલી પદ્ધતિ છે. આકૃતિ 5.3 માં બતાવ્યા પ્રમાણે. અલગ વધારે માહિતી એક જ ચેનલથી મોકલી શકાય છે. હાલના ટેલિફોન નેટવર્કમાં આજ પધ્ધતિનો ઉપયોગ થાય છે. બધા નેટવર્ક ccs માટે વિકસીત છે તેમ છતાં થોડી શંકા છે.

ટેલી કોમ્યુનિકેશન નેટવર્કમાં નીચે મુજબની પાંચ મહત્ત્વની પેટા પધ્ધતિ છે.

(1) ગ્રાહક અને મશીન

(2) એક્સીસ લીંક

(3) સ્વીચીંગ જોડાણો

(4) ટ્રાન્સમીશન જોડાણો

(5) સીગ્નલીંગ જોડાણો

ગ્રાહકથી સાધનમાં ટેલિફોન એટલે કે મોબાઈલ અને લેન્ડ લાઈન, ફેક્સ મશીન વગેરે. પરંતુ આ પદ્ધતિની અંદર એ ખાસ યાદ રાખવું જરૂરી છે કે પ્રક્રિયા માટે એડ્રેસ મહત્વનું છે કારણ કે સ્વીચીંગ પધ્ધતિ એડ્રેસનો જ ઉપયોગ કરશે. હાલની પધ્ધતિઓ સ્વીચીંગ ઈલેક્ટ્રોનીકથી અને કમ્પ્યુટરથી બનેલી હોય છે જેને સ્વીચીંગ સોફ્ટવેર, ચલ સીસ્ટમ કહે છે. બધા જ છેડાઓ/નોડસ અથવા ગ્રાહકો નેટવર્ક સાથે જોડાયેલા હોવા જરૂરી છે. ઘણા નોડસ મધ્યસ્થી તરીકેનો ભાગ ભજવે છે અને તે ટ્રાન્સમીટર એક્સચેન્જ તરીકે ઓળખાય છે. ટ્રાન્સમીટસ નોડ એ માત્ર ટ્રાન્સમીશન લીંકમાં હોય છે. એક્સેસ લીકમાં હોતા નથી. નોડસએ ગ્રાહકોને મદદ કરે છે તેથી ઘણી વખત એન્ડ ઓફિસ પાસે બંને એક્સેસ લીંક હોય છે અને ટ્રાન્સમીશન લીંક પર ફેરબદલ કરે છે જ્યારે ગ્રાહકો તેનો રૂટ બદલે ઈનકમીંગ ટ્રન્ક ચેનલને આઉટ ગોઈંગ Trunk channel માં ત્યારે આ મધ્યસ્થી નોડ તરીકેનું કાર્ય ખાસ આ જોડાણ માટે કરે.

◆ **સ્વ અધ્યયન**

(1) 100 ગ્રાહકો સાથે ફૂલ કનેકટેડ લીંગમાં એક જ દિશાવાળા કોમ્યુનિકેશન લીંગની કેટલી જરૂર પડે તેની ગણતરી કરો, અને સ્વીચ નેટવર્કમાં એક સ્વીચની મદદથી કેટલી લીંક બનશે તેની ગણતરી કરો.

(2) 128 PCM ડિઝીટલ ચેનલ ટૂંક લાઈનમાં Multiplexed થાય છે તો ટ્રંક લાઈન ઉપર ડેટા નક્કી કરો. ટૂંકમાં કયું સ્વરૂપ સૂચવશો.

નોંધ : (1) નીચે આપેલ જગ્યામાં તમારા જવાબ લખો.

(2) તમારા જવાબને એકમના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

## 5.3 સ્વીચીંગ પદ્ધતિઓ (SWITCHING TECHNIQUES)

ટેલિ કોમ્યુનિકેશન નેટવર્કમાં સ્વીચીંગ પદ્ધતિનાં મુખ્ય ત્રણ સ્વરૂપનો ઉપયોગ થાય છે.

(1) સરકીટ સ્વીચીંગ

(2) પેકેટ સ્વીચીંગ

(3) સેલ સ્વીચીંગ

સરકીટ પધ્ધતિ ખૂબ જ જૂની પદ્ધતિ છે જે 120 વર્ષથી અસ્તિત્વમાં છે. પેકેટ પદ્ધતિ 50 વર્ષ જૂની છે. સેલ પદ્ધતિ હાલમાં વપરાય છે. જે 1990માં શોધાયેલી છે. ટેકનીકની વ્યાખ્યાની ચર્ચા કરતા પહેલા આપણે ચેનલ અને સરકીટ બે શબ્દોને ધ્યાનમાં રાખીને સમજીશું. ચેનલ એ માહિતી પાઈપ જેવુ કામ કરે છે. જેની અમુક લાક્ષણિકતાઓ છે જેવી કે લેન્ડવીથ, ક્ષમતા અવાજની તીવ્રતા. ચેનલ એક માર્ગી જોડાણ છે અને સરકીટએ બે માર્ગી જોડાણ છે કે જે એક સાથે બે માહિતી લઈ જઈ શકે છે બે ચેનલને એકસરખી લાક્ષણિકતા હોવી જરૂરી નથી. જો લાક્ષણિકતા સરખી હોય તો એને સીમેન્ટ્રીક કહે છે નહીં તો એસીમેટ્રીક કહેવાય છે. ફિઝીકલ માધ્યમ જેવા કે ફાઈબર ઓપ્ટીક્સ કે જે બધી જ માહિતી ચેનલ સ્વરૂપે મીક્ષ કરીને લઈ જાય છે.

### 5.3.1 સરકીટ સ્વીચીંગ (Circuit Switching)

સરકીટ પદ્ધતિમાં બે રસ્તા હોય છે : મોકલનાર અને લેનાર. વચ્ચે બીજા શબ્દોમાં છેડાથી છેડાનું જોડાણ કહેવામાં આવે છે. સરકીટ કોપર વાયર, ફાઈબર ઓપ્ટીક, રેડિયો જોડાણ અથવા સેટેલાઈટના

માધ્યમથી બને છે. આ મીડીયા મલ્ટીપ્લેક્સ અથવા બિન-મલ્ટીપ્લેક્સ સ્થિતિઓમાં વાપરી શકાય છે. આ માધ્યમો મિશ્રણ FDM અથવા TDM અથવા WDM માંથી એક પદ્ધતિ દ્વારા થાય છે જે આપણે એકમ-૪માં જોયું. આ માહિતી પાઈપ બે છેડા પર નોડ અને વપરાશ લિંક્સ વચ્ચે ટ્રાન્સમિશન લિંક્સના ક્રમ મારફતે સ્થાપિત કરવામાં આવે છે. સરકીટ પધ્ધતિમાં માહિતી મોકલવા માટે ત્રણ અલગ અલગ તબક્કા છે.

- ❖ સરકીટ સ્થાપવી
- ❖ માહિતી મોકલવી
- ❖ સરકીટ છોડવી

બે ગ્રાહકો વચ્ચે માહિતી ટ્રાન્સફર કરવા માટે સરકીટ સ્વીચીંગનો ઉપયોગ થાય છે. સામાન્ય રીતે ટેલિફોન નેટવર્કમાં તેનો ઉપયોગ થાય છે. સરકીટ પદ્ધતિનો મોટામાં મોટો ફાયદો એ છે કે સરકીટ જોડાણ થયા પછી બંને ગ્રાહક વચ્ચે સીધુ કોમ્યુનિકેશન અથવા તો માહિતી આપ-લે થાય છે. એટલે કે માહિતી એક છેડેથી બીજા છેડે ફેરબદલ થાય છે. આ પધ્ધતિમાં માહિતી એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવામાં વાર લાગતી નથી. આ પધ્ધતિનો મુખ્ય લાભ એ છે કે એક વખત સર્કીટની સ્થાપના કરી સંચાર એકમો અને નેટવર્ક વચ્ચે પારદર્શક જોડાણ સ્થાપિત કરે છે. માહિતી ટ્રાન્સફર સાથે સંકળાયેલ નિયંત્રણ અંતિમો એકમેક સાથે સંપૂર્ણપણે છે.નેટવર્ક માહિતી ટ્રાન્સફરની કોઈપણ જવાબદારીથી મુક્ત છે. એક અને બીજી માહિતીનું ટ્રાન્સફર સર્કિટ પર સરળતાથી અને માહિતી પ્રવાહમાં નેટવર્કના કારણે વિલંબથી થાય છે.

આ પધ્ધતિનો ગેરલાભ એ છે કે જ્યારે બે ગ્રાહક વચ્ચે જોડાણ થાય ત્યારે નેટવર્કને તે માહિતીનો ભાગ ફેરબદલ કરી શકતો નથી અને ત્યાં સુધી વપરાશમાં રહે છે. એટલે કે એ ભાગનો ઉપયોગ બીજી માહિતી ફેરવવામાં થતો નથી. જો ગ્રાહક બોલશે તો તેના માટે એક ચેનલનો ઉપયોગ થશે. 50 સેકન્ડ માટે ભાષણ આશરે 40 % વિરામ લે. તો સરકીટનો 30% ઉપયોગ થશે.

હવે ધારો કે બધા ઈન્ટરનેટ ગ્રાહકો સરકીટ પદ્ધતિ ઉપયોગ કરે તો બે ગ્રાહકો વચ્ચેનું અથવા બે કમ્પ્યુટર વચ્ચેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તે નેટવર્કના બીજા ગ્રાહકને પ્રતિક્ષા કરવી પડશે. સામાન્ય રીતે સર્કીટ તેના સત્ર સમયમાં 5.15 % વ્યસ્ત હોય છે. હવે જો માહિતી મોકાલનારની ઝડપ વધારે હોય અને મેળવનારની ઝડપ ઓછી હોય તો નેટવર્ક વધારે સમય સુધી વ્યસ્ત રહે છે. કોમ્પ્યુટર અને કોમ્પ્યુટર ટ્રાફિક માટે આ આદર્શ પરિસ્થિતિ નથી, જ્યાં એક સિસ્ટમ PC અને બીજી સુપર કોમ્પ્યુટર હોય. આ ઠરાવથી માહિતી મોકલવા માટે આ સિવાયની પધ્ધતિનો ઉપયોગ વધારે થાય છે.

### 5.3.2 પેકેટ સ્વીચીંગ (Packet Switching)

પેકેટ સ્વીચીંગ એ ખાસ સ્વરૂપમાં સંગ્રહનાર અને આગળ મોકલનાર (S & F) તરીકે જાણીતું છે. આ પધ્ધતિ પોસ્ટ ઓફિસ જેવું કામ કરે છે. અલગ અલગ પત્ર પોસ્ટ ઓફિસમાં સંગ્રહ કરે અને અલગ અલગ બેગમાં મોકલે તેવું જ કાર્ય દરેક છેડો ઉપર (S & F) પદ્ધતિથી થાય છે. સ્વીચીંગ છેડાની માહિતી કરે છે અને જે એડ્રેસ પર મોકલવાની હોય ત્યાં આગળ મોકલે છે. જો એડ્રેસની લાઈન ખાલી હોય તો જ આ પ્રક્રિયા માટે દરેક સાધનની પ્રક્રિયાશક્તિ અને કામ ચલાવ સંગ્રહશક્તિ હોવી જરૂરી છે. આ પદ્ધતિમાં તમે જે માહિતી જે છેડે મોકલાવો છો તે પહોંચાડવાની જવાબદારી નેટવર્ક લેશે. દરેક સંદેશ સ્વીચમાં સંગ્રહ થશે અને એડ્રેસ મુજબ તેના રસ્તે મોકલવામાં આવશે જેમ કે એડ્રેસ પ્રમાણે પત્ર પોસ્ટ ઓફિસ પહોંચ્યો છે. (S & F) માં પ્રક્રિયા નીચે મુજબના કાર્યો કરે છે.

- ❖ ગ્રાહકો પાસેથી પૂર્ણ સંદેશ મેળવવો અને સંગ્રહ કરવો.
- ❖ સંદેશ મોકલતી વખતે ભૂલો ચકાસવી અને જો હોય તો સુધારવી.
- ❖ સંદેશ પહોંચાડવા માટેનું એડ્રેસ શોધવું
- ❖ રાઉટીંગ માપદંડ પર આધારિત અંતિમ સ્થાન તરફથી ચોક્કસ લિંક પસંદ કરો.
- ❖ એડ્રેસ માટે જોડાણ શોધવું અને મોકલવું.

સંદેશ સ્વીચીંગમાં મોટા સંદેશ માટે ગેરલાભ છે. કારણ કે મોટા સંદેશા હોય તો તે પ્રમાણે સંગ્રહ કરવા

માટેની જગ્યા વધારે જોઈએ અને જો સંગ્રહ કરવાની જગ્યા તેટલી ન હોય તો સંદેશના ભાગમાં જગ્યા કરવામાં આવે છે અને ક્રમમાં મોકલવામાં આવે છે. ટ્રાન્સમીશન દરમ્યાન જો કોઈ ભૂલ હોય તો તે સંદેશ ફરીવાર મોકલવામાં આવતો નથી. મોટા સંદેશને પહેલા મોકલવામાં આવે તો નાના સંદેશને વધારે પ્રતીક્ષા કરવી પડે છે. પેકેટ સ્વીચીંગમાં સંદેશના અલગ અલગ કટકા કરવામાં આવે છે. નક્કી કરેલ માપમાં જો સંદેશની લંબાઈ 10,000 બાઈટ્સ તો તેને 10 પેકેટ 1000 બાઈટસના બનાવવા પડે અને પેકેટ (S & F) પધ્ધતિથી મોકલવામાં આવે છે. જેમ કે પોસ્ટ ઓફિસમાં દરેક પત્રો માટે અલગ અલગ થેલા રાખવામાં આવે છે. જો આપણે પોસ્ટલ એડ્રેસ પ્રમાણે કાર્ય કરીએ છીએ તે પ્રમાણે પેકેટ પદ્ધતિમાં કાર્ય થતુ નથી. પહેલા પેકેટને અલગ કરીને મોકલવામાં આવે છે. કોઈપણ સંદેશ ભાગ પાડેલ પેકેટ સ્વરૂપે મુખ્ય સ્થાને પહોંચાડવામાં આવે છે કે જયારે સંદેશ એડ્રેસ પર પહોંચે ત્યારે તેને નંબર પ્રમાણે ગોઠવવામાં આવે છે. આ પ્રકારથી વધારે સંદેશના પેકેટ મોકલવામાં આવે ત્યારે સંદેશના પેકેટ બદલાય ન જાય તે માટે દરેક પેકેટને સંદેશ સાથે અલગ રાખવામાં આવે છે. પેકેટ સ્વીચીંગમાં બે અલગ અલગ ટ્રાન્સફર પદ્ધતિ છે.

❖ ડેટાગ્રામ અપ્રોચ

❖ વર્ચ્યુલ સરકીટ અપ્રોચ

ડેટાગ્રામ અપ્રોચમાં દરેક પેકેટ સ્વતંત્ર જઈ શકે છે. દરેક પેકેટને એડ્રેસ આપવામાં આવે છે. દરેક પેકેટ પોતાની રીતે અલગ અલગ રસ્તા લઈ શકે છે અને અલગ અલગ ક્રમમાં પહોંચે છે અને ત્યારબાદ બધા પેકેટને ક્રમમાં ગોઠવવામાં આવે છે.

આ પદ્ધતિમાં એવું બને છે કે બધા પેકેટ પહોંચી જાય અને કોઈ એક પેકેટ જુદા રસ્તે આવે અને તેમાં વાર લાગે તો સંદેશ પૂરો થતો નથી. બધા પેકેટને તેની પ્રતિક્ષા કરવી પડે છે. ત્યાં સુધી તેને સામે સંદેશ મળતો નથી. જો પેકેટ આડી અવળા ક્રમમાં પહોંચે તો નેટવર્ક તેને ફરી વખત સાચા ક્રમમાં ગોઠવી સંદેશ આપશે. જો તમે કોઈ મોટો સંદેશ મોકલવા માંગશો તો આ પદ્ધતિમાં તે વધારે ખર્ચાળ સાબિત થશે. આથી ડેટાગ્રામ પદ્ધતિ નાના સંદેશ ટ્રાન્સફર કરવા માટે વપરાય છે. આ પદ્ધતિનો ફાયદો એ છે કે સંદેશ માટે સરકીટ બનાવી કે છોડવી પડતી નથી. આ માટે  સરકીટ એપ્રોચ ડેટાગ્રામ સરકીટની આઈડીયા સરકીટ સ્વીચીંગ સરકીટની જેમ જોડવામાં આવે છે. ત્યારબાદ પેકેટ માટે પહેલેથી રસ્તા નક્કી કરવામાં આવે છે ત્યારે બીજા કોઈ પેકેટ માટે તે ચેનલથી રસ્તો આપવામાં આવતો નથી. બીજા સંદેશ બીજા રસ્તેથી પસાર થાય છે તે ક્યાં રસ્તે જાય છે. તેના પર આધાર છે. જેને સ્વીચ આભાસી સરકીટ કહેવામાં આવે છે. (sVc)

હવે આપણે જોઈશું કે અડ્રેસીંગ કેમ ઘટાડી શકાય છે ? બે કોમ્યુનિકેશન જોડીમાં વર્ચ્યુલ સરકીટ બનાવવામાં દરેકને યુનિક ઓળખાણ આપવામાં આવે છે. જેને વર્ચ્યુલ સરકીટ નંબર કહે છે (VCN) VCN મોકલનાર અને મેળવનારના એડ્રેસ અને રૂટનું બનેલું હોય છે VCN માં પેકેટ નંબર યુનિક આપવામાં આવે છે. VCN માં પેકેટ નંબર નાની સાઈઝના હોય છે. આ કારણે ટ્રાન્સમીશની ઝડપમાં વધારો થાય છે.

વર્ચ્યુલ સરકીટ જોડાણમાં પહેલેથી નક્કી કરેલ રૂટ પ્રમાણે જ માહિતી મોકલવામાં આવે છે. પેકેટ ટ્રાન્સમીશન ત્યારે જ શરૂ થાય છે જ્યારે નક્કી કરેલ રૂટ શરૂ થાય છે. પરંતુ ગ્રાહક આ પધ્ધતિને બદલે વર્ચ્યુલ પદ્ધતિમાં 1 થી વધારે સંદેશ અમુક સમયે મોકલે છે. જેને કાયમી વર્ચ્યુલ સરકીટ કહે છે.

પેકેટ સ્વીચીંગના ગેરફાયદા એ છે કે રીયલ ટાઈમ માહિતી આપ - લે કરી શકતી નથી. કારણ કે પેકેટ S & F પધ્ધતિથી પસાર થાય છે જેથી માહિતી અલગ અલગ એડ્રેસ પરથી પસાર થઈ માહિતી લેનારની જગ્યાએ પહોંચે છે. જેથી દરેક પેકેટ ટ્રાન્સફર કરવામાં થોડીવાર લાગે છે. એનો અર્થ એમ નથી કે પેકેટ અમુક જ ટાઈમના અંતરે પહોંચવાને બદલે અલગ અલગ સમયનાં અંતરે પહોંચેશે. જેથી આ પધ્ધતિનો ઉપયોગ ડેટા ટ્રાન્સફરમાં જ થઈ શકે છે. ઓડિયો વિડિયો ટ્રાન્સફરમાં નથી થઈ શકતો.

### 5.3.3 સેલ સ્વીચીંગ (Cell Switching)

સેલ સ્વીચીંગ હાલની સૌથી વધારે ઉપયોગી પધ્ધતિ છે. એ 1990માં શોધાયેલ છે. આ પદ્ધતિ સરકીટ

અને પેકેટ સ્વીચીંગ એમ બંને પદ્ધતિમાંથી બનાવવામાં આવેલ છે તથા બધા જ પ્રકારની સેવાઓ એકાઉન્ટમાં લેવામાં આવે છે. આગળ ચર્ચા થયા મુજબ આપણે જોયું કે નેટવર્કમાં સંદેશ ટ્રાન્સફર કરવામાં વધારે વાર ન થવી જોઈએ. એટલે કે સરકીટ સ્વીચીગનો ઉપયોગ રીયલ ટાઈમ સર્વિસમાં અનુકૂળ છે. જ્યારે પેકેટ સ્વીચીંગ નેટવર્ક રીસોર્સને સરળતાથી પુરુ પાડવા માટે ઉપયોગમાં આવે છે સેલ સ્વીચીંગ એટલા માટે બનાવવામાં આવે છે કે નેટવર્ક અંદર માહિતી મોકલવા કે લેવામાં વધારે સમય લાગે નહીં સાથે સાથે નેટવર્કનો ઉપયોગ પણ ઝડપથી થઈ શકે છે.

પેકેટ અલગ અલગ નેટવર્કમાં અલગ અલગ માપના હોય છે. જેથી બે નેટવર્કને જોડવાને પેકેટ મેચીંગ ઓપરેશન કહે છે. જો મોટું પેકેટ આવે અને નેટવર્ક નાના પેકેટને ટ્રાન્સફર કરી શકતુ હોય તો મોટા પેકેટના ભાગ કરવામાં આવે છે અને મોકલતી વખતે ફરી જોડવામાં આવે છે. આ જ રીતે નાનું પેકેટ આવે અને નેટવર્ક મોટા પેકેટને મદદ કરતું હોય તો વધારાના બનાવટી ડેટા પેકેટમાં જોડવામાં આવે છે સેલ સ્વીચીંગમાં આ સમસ્યાને દૂર કરવામાં આવી છે એટલે કે બધા નેટવર્કમાં સેલસાઈઝ 53 બાઈટસની હોય છે.

પેકેટ સ્વીચીંગમાં પેકેટની સાઈઝ નક્કી કરવી એ મોટો પ્રશ્ન છે જો મોટા પેકેટ બનાવવામાં આવે તો સંદેશ સ્વીચીંગમાં સમસ્યા ઊભી થાય છે. ત્યાં ઝડપમાં ઘટાડો થાય છે અને જો નાના પેકેટ બનાવવામાં આવે તો S & F ઓપરેશનમાં ત્યા એડ્રેસની પ્રક્રિયા ઘટી જાય છે.

દા.ત. ઈન્ટરનેટ મોટા માપના સંદર્ભમાં વિવિધ પેકેટ માપનો ઉપયોગ કરે છે. તેની અંદર ચોક્કસ ડેટા અને સાથે સાથે શરૂઆતનો ભાગ માહિતી મોકલવાનું સંચાલન કરે છે. સેલ સ્વીચીંગમાં આ ગેરફાયદો દૂર કરવામાં આવ્યો છે. સેલ સ્વીચીંગ ખૂબ જ ઝડપી કામ કરે છે અને નેટવર્કનું બંધારણ બહુ સરળ રહે છે. નેટવર્કનું બંધારણ સરળ હોવાના કારણે S & F ઘટે છે. જેથી ઝડપ વધે છે. આ કારણે સેલ સ્વીચીંગને 'ફાસ્ટ પેકેટ સ્વીચીંગ' કહેવામાં આવે છે. આ પધ્ધતિમાં 53 બાઈટના સેલ બનાવવામાં આવે છે. આ પધ્ધતિ રીયલ ટાઈમ સર્વીસીસ છે.

◆ **સ્વ અધ્યયન**

(3) 1 સરકીટ સ્વીચ 5 છેડાના જોડાણને સાંકળે છે દરેક છેડો 0.1 સેકન્ડ કનેક્શન બનાવવામાં તથા 0.1 સેકન્ડ કનેક્શન જોડલાનું કામ કરે છે. પથ સંચાલન કરવા માટે ઝડપ 100 kbps છે તો 10 Mb ની માહિતી મોકલવા કેટલો સમય લાગશે તે ચકાસો.

(4) ડેટાગ્રામ પેકેટ 5 સ્વીચના છેડા દ્વારા પસાર થઈ મુખ્ય કોમ્પ્યુટરમાં પહોંચે છે ડેટાગ્રામની સાઈઝ 2.5 kb ની દરેક છેડે માહિતી રોકવાનો સમય 0.25 સેકન્ડ, એક્સેસ જોડાણની ઝડપ 100 kbps અને ટ્રાન્સમીશન જોડાણની 1 mbps છે તો મોકલનારથી મેળવનાર સુધી ડેટા ગ્રામ પહોંચતા કેટલો સમય લાગશે.

નોંધ : (1) તમારા જવાબો નીચે આપેલ જગ્યામાં લખો

(2) તમારા જવાબને એકમના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 5.4 મોટા ટેલિકોમ્પ્યુનિકેશન નેટવર્ક (MAJOR TELECOMMUNICATION NETWORKS)

આધુનિક ટેલિકોમ્પ્યુનિકેશનની શરૂઆત ટેલીગ્રામ નેટવર્કથી શરૂ થઈ હતી. હાલમાં ટેલિફોન નેટવર્ક કનેક્શન સ્વીચથી જોડાય છે અને નેટવર્ક જાહેર જનતા માટે ખુલ્લુ મુકેલ છે જેને PSTN એટલે કે Public switch Telephone Network કહે છે. કમ્પ્યુટર નેટવર્કને ડેટા નેટવર્ક કહેવામાં આવે છે.

ડેટા નેટવર્ક એટલે હાલનું 'ઈન્ટરનેટ' ડીજિટલ ટેકનોલોજીને કારણે ટેલિ કોમ્યુનિકેશન નેટવર્કમાં વધારે ફાયદા જોવા મળેલ છે. આવા નેટવર્કને ઈગ્રેટેડ સર્વિસીગ ડિજીટલ નેટવર્ક કહે છે. (ISDN). ISDN ટેલિફોન ડેટા ટ્રાન્સફર અવાજ મોકલવા, વિડિયો મોકલવા માટે સક્ષમ છે. ISDN અમુક વિકાસ થયેલા દેશોમાં વપરાય છે જે હાલમાં ભારતમાં પણ શરૂ થઈ છે. જેને મોબાઈલ કોમ્યુનિકેશન નેટવર્ક કહે છે. મોબાઈલ નેટવર્ક અવાજ મોકલવા કે સાંભળવા માટે બનાવવામાં આવેલું છે તેથી તેને PSTN નો ભાગ કહી શકાય. હાલમાં ટેલિ કોમ્યુનિકેશનના ત્રણ મોટા વિભાગ પાડી શકાય.

(1) ટેલિફોન નેટવર્ક

(2) ડેટા નેટવર્ક

(3) ISDN નેટવર્ક

બધા જ નેટવર્ક લોકોના ઉપયોગ માટે બનાવેલા છે. આ ત્રણેય નેટવર્ક સ્વીચીંગ પદ્ધતિથી બનાવેલા છે જેની ચર્ચા વિભાગ નંબર 5.3 માં થઈ. હાલનું ટેલિ કોમ્યુનિકેશન નેટવર્ક દુનિયાનું સૌથી મોટું નેટવર્ક છે. આ નેટવર્કમાં એક કરોડો ટેલિફોન જોડાણ, આઠ કરોડ ઈન્ટરનેટ જોડાણ અને નવ કરોડ મોબાઈલ જોડાણ અને લાખ જેટલા ફેરબદલથી બનેલ છે.

ડેટા નેટવર્કની ચર્ચા એકમ નંબર 6માં કરીશું. અહીં PSTN અને ISDN ની એકમમાં ચર્ચા કરીશું.

| Network Type | Switching Techniques | Switch Type |
|---|---|---|
| Telephone | Circuit Switching | Telephone Exchange |
| Data | Packet Switching | Internet Node |
| ISDN | Cell Switching | ISDN Exchange |

**Table 5.1 Networks, Switching, techniques and Switches**

## 5.5 ટેલિફોન નેટવર્ક (TELEPHONE NETWORKS)

ટેલિફોન નેટવર્ક વિશ્વનું સૌથી મોટામાં મોટુ નેટવર્ક છે આ નેટવર્કમાં વપરાતાં દરેક સાધનો છેલ્લાં 120 વર્ષથી એકબીજાને ઉપયોગી થઈ રહ્યા છે. આ નેટવર્કની શોધ IBM કમ્પ્યુટર દ્વારા થયેલા ટેલિફોન નેટવર્ક બંધારણથી વિશ્વમાં નક્કી કરેલ ધારા - ધોરણો મુજબ સંચાલન થઈ રહ્યું છે જેમાં મોબાઈલ કોમ્યુનિકેશન અને લેન્ડ લાઈન સમાવેશ થાય છે.

### ◆ 5.5.1 લેન્ડલાઈન નેટવર્ક (Landline Networks)

લેન્ડલાઈન નેટવર્ક 1876 માં એલેકઝાંડર ગ્રેહામ બેલ દ્વારા બે વાયરની મદદથી અવાજ મોકલવાની શોધ થઈ. 1877 માં સ્વીચીંગ પદ્ધતિના ઉપયોગ શરૂ થયેલ. જેમાં ગ્રાહક અને ઓપરેટર બેન્ડ એક જ સાથે જોડાયેલા રહેતા આ બધુ જ કાર્ય મનુષ્ય દ્વારા થતું. જેથી ઝડપ ઓછી હતી ત્યાર પછી 1890 માં સ્વીચીંગ પદ્ધતિ સ્વયંમ સંચાલિત બનાવી. પ્રથમ સ્વયં સંચાલીત પદ્ધતિ ઈલેક્ટ્રોમિકેનીકલથી બનેલી હતી. જેને 'સ્ટ્રોવગર' પધ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તેને બનાવનાર એલેન બી સ્ટોવગર હતો થોડા વર્ષો બાદ 1930માં ઈલેક્ટ્રોમીકેનીક પદ્ધતિમાં થોડા ફેરફાર કરી ક્રોસબાર એકસચેન્જની શરૂઆત થઈ. જ્યાંથી ડીજીટલ કમ્પ્યુટર ઈલેક્ટ્રોનીક સ્વીચ વગેરેની શરૂઆત થઈ. ઈલેક્ટ્રોનીક એક્સચેન્જને સંગ્રહ કરતા પ્રોગ્રામ તરીકે ઓળખવામાં આવે છે. (SPC). સ્વીચીગ પદ્ધતિમાં ટાઈમના ભાગ કરી ડિવીઝન પદ્ધતિની શરૂઆત થઈ આ પદ્ધતિમાં ટાઈમના ભાગ કરી આંતરિક રસ્તો બનાવવામાં આવે છે અને માહિતી આપવા અથવા લેવામાં આવે છે. આ પદ્ધતિમાં અવાજના સીગ્નલ નક્કી કરેલા સમયના બાદ મોકલવામાં આવે છે. જો અવાજ સ્વતંત્ર લક્ષ્ય ધરાવતો હોય તો તેને 'એનાલોગ' કહેવામાં આવે છે. ત્યારબાદ ડીજીટલ ટાઈમ ડીવીઝનની શરૂઆત થઈ કે જે આકૃતિ નંબર 5.4 માં બનાવેલ છે. આ પદ્ધતિમાં એટલે કે જે નંબર જોડવામાં આવે છે તે ફેરબદલ દ્વારા અલગ અલગ પદ્ધતિથી જોડવામાં આવે છે જે પધ્ધતિ નીચે મુજબ છે.

❖ Pulse ડાયલીંગ

❖ મલ્ટીફિક્વસીંગ ડાયલીંગ




**Fig. 5.4 Classification of autometic switches**

Pulse dialling એ જૂની પદ્ધતિ છે તેનુ મૂળ સ્ટ્રોનગર સ્વીચીંગ છે. 100 વર્ષના ઉપયોગ પછી તેની જગ્યાએ Multifrequency નો ઉપયોગ થતો હતો જેમાં બટન દબાવતા સીગ્નલની બે આવૃતિ બને છે. હાલમાં બટનને સ્પર્શ કરીને સીગ્નલ બનાવવામાં આવે છે. જેને dual tone dialing તરીકે ઓળખાય છે. આમ તેની મદદથી સિગ્નલ બને છે. તેના માટે ટેકનીકલ શબ્દ 'dual tone Multifrequency' (DTMF) તેમાં બે આવૃત્તિ એક જ દિશામાં બને છે તેનો અર્થ એવો થાય છે. કે જેની સાથે વાત કરવી છે કે જોડવા માટે બટન દબાવી સીગ્નલ મોકલવામાં આવે છે. જો સામેવાળી વ્યક્તિ પાસે અનુકૂળ સાધન હશે તો તે સીગ્નલ મેળવશે. આ પધ્ધતિને data in Voice answer (DIVA) પધ્ધતિ કહેવામાં આવે છે. દા.ત કોઈ ગ્રાહક એરલાઈન માટે કોલ કરે તો તેને અવાજ એવો મળે છે કે રીઝર્વેશન માટે 1 દબાવો અને પ્લાઈટ માહિતી માટે 2 દબાવો. આ પદ્ધતિમાં અવાજ સાંભળી ગ્રાહક જરૂરિયાત મુજબ નંબર દબાવે છે અને તે પ્રમાણે પ્રક્રિયા થશે અને જવાબ મળશે DIVA પધ્ધતિ Touch tone dialling નું ઉદાહરણ છે જે ટેલિફોન ગ્રાહક અને સેવા આપતી કંપની વચ્ચે કાર્ય કરે છે. હાલમાં તેને Interactive voice Response System (IVRS) કહે છે.

### 5.5.2 મોબાઈલ નેટવર્ક (Mobile Networks)

મોબાઈલ પદ્ધતિ એ હાલની પધ્ધતિ છે જેની સેવાકીય શરૂઆત 1990 માં થઈ તેનું વધારે વહેંચાણ 2004 માં થયું. નેટવર્કમાં કોઈપણ વ્યક્તિ સાથે જોડાવા સરળતાથી જોડાણ મળે છે અને ગ્રાહકની દૃષ્ટિએ જોઈએ તો ગ્રાહક કોઈપણ જગ્યાએ કોઈપણ સમયે વ્યક્તિ સાથે જોડાઈ શકે છે. મોબાઈલ કોમ્યુનિકેશનની શરૂઆત 1946 માં USA માં થઈ જ્યાં કારમાં ફોન રેડિયોનો ઉપયોગ થયો હતો. શરૂઆતમાં એક મધ્યસ્થી સ્ટેશન બનાવવામાં આવ્યું જેમાં ઘણા બધા એન્ટેના અલગ અલગ પધ્ધતિમાં નેટવર્ક રેડિયો સ્ટેશન called base station (BS) નો ઉપયોગ કરે છે. મોબાઈલ ફોનમાં નજીકના બે સ્ટેશન સાથે કોમ્યુનિકેશન સાધી ડીસ્ટ્રીબ્યુટ નેટવર્ક સાથે જોડાય છે જેના કારણે મોબાઈલ નાના માપના ઓછા વજનવાળા અને હાથમાં લઈ શકાય તેવા છે.

Cellular Communication માં ત્રીજી પેઢીની શરૂઆત મોબાઈલ પદ્ધતિમાં થઈ. પ્રથમ પેઢીમાં સેલ્યુલર મોબાઈલનો ઉપયોગ 1983 US માં થયો હતો. ત્યાર બાદ 1985 UK માં તેનો ઉપયોગ શરૂ થયો હતો. બંને પદ્ધતિની ટેકનોલોજી Frequency Modulation (FM) નો અવાજ માટે Communication Technology નો ઉપયોગ થયો અને Cellular ફોનમાં Multimedia ની શરૂઆત થઈ. જેને 'Celobel System Mobile' કોમ્યુનિકેશન સ્ટાન્ડર્ડ કહે છે. યુરોપીયન લોકો તેને Global System Mobile તરીકે ઓળખે છે. 1992 માં ભારતે આ પધ્ધતિને સ્વીકારી આ GSM વાળી પધ્ધતિ બીજી પેઢીની પદ્ધતિ કહેવામાં આવે છે. મોબાઈલ નેટવર્કની મદદથી સેટેલાઈટ દ્વારા બે સ્ટેશન સાથે જોડાઈ આખા વિશ્વ સાથે જોડાય શકે છે. આ પદ્ધતિને ત્રીજી પેઢીની પધ્ધતિ કહે છે જે હાલમાં પ્રારંભિક અભ્યાસ થાય છે.




**Fig. 5.5 Architecture of a Mobile Network**

સેલ્યુલર ફોનની આકૃતિ 5.5 માં આપેલ છે. સેલ થીયરી હેક્ઝા ઝોનલ આકારમાં આપેલી છે સેલનું માપ cellular વિભાગમાં સરખું હોતી નથી. દા.ત. સેલનું માપ નાનું રાખવામાં આવે છે. જ્યારે કોઈપણ શહેરમાં વધારે ટ્રાફિક હોય ત્યારે બહારના વિસ્તારમાં વિશાળ રાખવામાં આવે છે. કોઈપણ સેલ બીજા સેલ સાથે જોડવા મૂળ સ્ટેશનની મદદ લે છે. મૂળ સ્ટેશનનું કાર્ય ટેલિફોન ફેરબદલ જેવું છે. મૂળ સ્ટેશન ઘણા બધાં સાધનોનું બનેલું હોય છે તથા દરેક સ્ટેશનની અનુકૂળતા અલગ હોય છે.

દરેક મૂળ સ્ટેશન મોબાઈલ સ્વીચીંગ સેન્ટર MCS સાથે લેન્ડલાઈનની મદદથી જોડાયેલા હોય છે MCS દરેક અનુકૂળતાનો રસ્તો નક્કી કરે છે. દરેક સેલ માટે તેનું સંચાલન કરે છે. જ્યારે ગ્રાહક એક સેલ એરીયામાંથી બીજા સેલ એરીયામાં જાય ત્યારે તેની ફ્રિકવેન્સી બદલી નાખે છે. તે hand over operation કહેવાય છે. જ્યારે કોઈ ગ્રાહક ફોન કરે ત્યારે મોબાઈલ સંદેશ મોકલે છે. મૂળ સ્ટેશન તેને નંબર મોકલે છે. મૂળ સ્ટેશન તે અનુકૂળતાને મંજૂરી આપીને જ્યારે અનુકૂલન ફ્રી હોય ત્યારે ટેલિફોન સાથે જોડે છે અને જ્યારે ફોન પૂરો થાય ત્યારે મંજૂરી પાછી ખેંચવામાં આવે છે.

### 5.5.3 ડેટા ટ્રાન્સમીશન ઈન ટેલિફોન નેટવર્ક (Data Transmission in Telephone Networks)

1950 માં રીમોટ ડીજિટલ કમ્પ્યુટરની મદદથી ડેટા ફેરબદલ કરવાની શરૂઆત થઈ PSTN ના પહેલાં કવરેજ અને બંધારણના કારણે તેનો ઉપયોગ ડેટા ટ્રાન્સફર કરવાનીમાં થયો. ટેલિફોન નેટવર્ક વિશ્વમાં એનાલોગ ટેકનોલોજીથી જોડાયેલું છે. હાલમાં ડીઝીટલ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. લેન્ડલાઈન ટેલિફોનમાં વિશ્વકક્ષાની એનાલોગ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. PSTN નેટવર્કમાં ડીઝીટલ સિગ્નલનો ઉપયોગ એનાલોગ સિગ્નલ કરતા વધારે થાય છે. જેની ચર્ચા એકમ નંબર 4 માં કરેલ છે. ડેટા કોમ્યુનિકેશન ટેલિફોન નેટવર્કમાં મોડેમનો ઉપયોગ ટેલિફોન નેટવર્ક કરે છે. જે આકૃતિ 5-6 માં દર્શાવેલ છે. મોડેમ એનાલોગ સિગ્નલ જે ટેલિફોન નેટવર્કમાંથી આવે છે. તેને ડિઝીટલમાં ફેરવીને કમ્પ્યુટરને આપે છે અને કમ્પ્યુટરના ડિઝીટલ સિગ્નલ એનાલોગમાં બદલી ટેલિફોન નેટવર્કને આપે છે મોડેમ કમ્પ્યુટર ફેરબદલ કરી વાતચીત કરે છે. મોડેમ અર્ધ ડુપ્લેક્ષ અથવા પૂર્ણ ડુપ્લેક્ષથી કામ કરે છે પૂર્ણ ડુપ્લેક્ષમાં બંને તરફથી ડેટા મોકલી શકાય છે. ટેલિફોન ચેનલ એવી રીતે ડિઝાઈન કરેલ હોય છે કે અવાજને એનાલોગ સ્વરૂપે 3.1 KHz લેન્ડ બીજાથી મોકલી શકે અથવા N લઈ શકે પણ જ્યારે ચેનલનો ઉપયોગ ડેટા ફેરબદલ કરવામાં થાય છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે ડેટા માટે મહત્તમ ગતિ કઈ રાખવી ? આ પ્રશ્ન માટે કોમ્યુનિકેશનની બે થીયરી છે એમાંથી જવાબ મળશે. પ્રથમ થીયરી ‘નાઈક્સિ થેરમ થીયરી છે જે અવાજ વગરની ચેનલમાં વધારેમાં વધારે ડેટા સારી ઝડપથી વધારે પ્રમાણમાં પસાર થઈ શકે છે.

ક્લાઉડ શેનોન દ્વારા આ થીયરી પર અવાજવાળી ચેનલમાં વધારેમાં વધારે ડેટા ટ્રાન્સફર કરવા માટે પ્રયોગ કરતા તેમાંથી ટેલિફોન ચેનલમાં અવાજ 30,000 bites એક સેકન્ડ પ્રમાણે મોકલી શકાય છે આ બંને પરિણામો ઉપરથી મોડેમ બનાવવામાં આવેલ છે.




M = Modem T = terminal ____ 4- wire leased line
____ dial up line ......... 2-wire leased line

**Fig 5.6 Architechture of mobile network**

અલગ અલગ પ્રકારના સીગ્નલ પણ ત્રણ પાયાની લાક્ષણિકતાથી તપાસી શકાય છે. જેવું કે વિપુલતા કે વિસ્તાર, વારંવાર બનવું, અને પ્રક્રિયાનો તબક્કો. વિવિધ વિસ્તાર અથવા વારંવાર બનતા પ્રક્રિયાને તબક્કોના ઉપયોગથી અલગ અલગ સીગ્નલના સ્તરે રજૂ કરી શકાય છે. જેની ચર્ચા 4.5 માં કરેલ હોય છે. જોડાણ પદ્ધતિ Ampitude shift keying (ASK), Frequency shift keying (FSK) and Phase shift keying (PSK) એ વિવિધ લાક્ષણિક કિંમત ધરાવતું હોય તેના ઉપર આધારિત છે. એક જ લાક્ષણિકતાના અલગ અલગ સ્તર હોય છે. આ સ્તર દ્વારા જ અવાજનું સીગ્નલ ઉત્પન્ન થાય છે. 16 અથવા 128 લેવલમાં વધારે પ્રમાણમાં સીગ્નલનો ઉપયોગ પૂરી ઝડપથી મેળવી શકાય છે. સૌથી વધારે ઉપયોગમાં લેવાયેલા વિવિધ પ્રક્રિયાના તબક્કા અને વિપુલ મૂલ્ય છે. આ મિશ્રણને quadrature amplitude Modulation (QAM) કહે છે. મોડેમ સીરીઝ (ITU-T) દ્વારા પ્રમાણિત થાય છે. જેના અમુક ધોરણોના નમૂના 5.2 દર્શાવેલ છે.

ડેટા કોમ્યુનિકેશ એનાલોન મોબાઈલ નેટવર્ક લેન્ડલાઈન નેટવર્કની જેમ જ કામ કરે છે. પરંતુ કાર્ય કરવા માટે મોડેમની જરૂર છે. GSM નેટવર્ક સીગ્નલીંગ ચેનલની મદદથી કાર્ય કરે છે. GSM મોબાઈલ નેટવર્ક સામાન્ય રીતે ડોમન સીગ્નલ (CCS) જે અલગ ચેનલ સીગ્નલ મોકલવા માટે અથવા મેળવવા માટે વપરાય છે. જેમાં માહિતી મોકલવા માટે સિગ્નલ માટેની ચેનલ અલગ અલગ હોય છે. માહિતી ચેનલ અવાજ સિગ્નલ થઈ શકે છે. સિગ્નલ ચેનલ એ ડિઝીટલનો અને પેકેટ સ્વીચીંગનો ઉપયોગ કરે છે. (SMS) Small Message System આ પધ્ધતિમાં સંદેશ ડેટાગ્રામ મારફત સીગ્નલ ચેનલની મદદથી મોકલે છે.

**Table 5.2 _ Some V-series Moderm Recommndations**

| V series | Speed (bps) | Modulation | Application |
|---|---|---|---|
| V.22 | 1200 | 4ary DPSK | FD,D-up, 2- W |
| V.22 biss | 2400/1200 | 6-ary QAM | FD,D-up, 2- W |
| V.23 | 600/1200 | FSK | HD,D-up |
| V.29 | 9600 | 16-ary QAM | FD, 4- W |
| V.32 | up to 9600 | 32-ary QAM | FD,D-up, 2- W |
| V.33 | 14,400 | 128-ary AM-PM | FD, 4- W |

**HD = Half duplex FD = Full duplex D-up = Dial Connection**

**4-W = 4 wire leased circuit 2-W = 2 wire circuit**

## 5.6 ડિઝીટલ નેટવર્કની સપૂર્ણ સેવાઓ (INTEGRATED SERVICES DIGITAL NETWORK)

ISDN ટેકનીકની શોધ 1980 માં થઈ જેની મદદથી ટેલી કોમ્યુનિકેશનમાં ઘણા ફેરફારો થયા. ત્યારબાદ તેના નવા નવા સુધારા થતા ગયા. એટલે એમ કહી શકાય કે ટેલિ કોમ્યુનિકેશનનો વિકાસ કરવા માટે ISDN નો બહોળો ફાળો છે. ટેલિ કોમ્યુનિકેશનમાં ડીજીટલની શરુઆત 1960 માં થઈ. PCM ની ઓળખ થતા અવાજના સીગ્નલો મોકલી શકાય. ટ્રાન્સફર આવતા નાના કમ્પ્યુટરની મદદથી સ્વીચીગ ટેકનીકની 1960માં શરૂઆત થઈ. ટેલિફોન નેટવર્કમાં ડીઝીટલના વિકાસ અને ઉપયોગ માટે Study Group ની 1968 માં શરૂઆત થઈ કે જે ડિઝીટલ ટેકનોલોજીની અલગ અલગ માહિતી પર અભ્યાસ કરતુ હતું. જે હાલમાં study group X VIII બનાવવામાં આવ્યું. 1976 માં એ ISDN ની કાર્ય પ્રણાલી માટે જવાબદાર છે. સૌ પ્રથમ ISDN ની રજૂઆત Study group એ કરી ત્યારબાદ તે 1972 માં ITU-T દ્વારા સ્વીકારવામાં આવી.

ISDN ને ટેલિફોન અને ડેટા ફેરબદલ કરવા માટે છે. ડીઝીટલ સ્વીચ અને ડીઝીટલ રસ્તો આ માટે ઉપયોગમાં લેવાય છે તેની જેવું જ છે. ડીઝીટલ ટેકનોલોજીમાં સુધારા થતા IDF (Integrated Digital Network) બન્યુ અને 4 વર્ષની અંદર ISDN ની શોધ થઈ. 1970 થી ISDN સ્થિર અને વિકસિત થયું અને ત્યારથી સામાન્ય ચેનલ સીગ્નલમાં સિદ્ધાંતોની શરૂઆત થઈ. જેવી રીતે ડીઝીટલ સાધનો જેવા કે ટેલિફોનની શરૂઆત થઈ.

1984 માં ISDN ની વ્યાખ્યા સ્વીકારવામાં આવી જે નીચે મુજબ છે.

'ISDN એક એવું નેટવર્ક છે જે IDN ટેલિફોનની મદદથી એક છેડા સાથે જોડાઈ ઘણી બધી સેવા આપે છે. જેથી અવાજ મોકલવો, ડેટાબદલ કરવી એક ગ્રાહક અથવા ગ્રાહકોના નેટવર્ક માટે છે.'

ઉપરના વાક્ય પરથી એ જાણવા મળે છે કે ISDN નું માળખું ઘણી વધારે સેવા પૂરી પાડે છે અને માત્ર નેટવર્ક સેવા માટે નહીં ગ્રાહકની મંજુરીથી એક છેડાથી બીજા છેડા સુધી ડીઝીટલ જોડાણ પુરુ પાડે છે એટલે કે ISDN ની બધી જ શક્ય સેવાઓ મેળવી શકાય છે અને ISDN ગ્રાહકને વધારાની કોઈ ખર્ચના ભારની જરૂર પડતી નથી.

### 5.6.1 ISDN માટે પ્રેરણા (Motivation for ISDN)

ISDN ના વિકાસ માટે નીચેના 3 કારણો જવાબદાર છે.

(1) સામાજિક જરૂરિયાત

(2) આર્થિક જરૂરિયાત

(3) ટેકનોલોજીકલ વિકાસ

હાલના સમયમાં ઘણા કારણોથી સામાજિક કોલ વધી રહ્યા છે દા.ત. બાયોલોજીસ્ટ (જીવવિજ્ઞાનીઓ) હાલના સમયમાં ઘણા બધા કાર્ય કોમ્યુનિકેશનની મદદથી થાય છે. જેમ કે લોહીનો નમૂનો દૂરની જગ્યાએથી લાવવો તેના પરિણામ બીજા નમૂના સાથે સરખાવી કેન્દ્રીય ડેટાબેઈઝમાં સંગ્રહ કરવો. રીપોર્ટ બનાવવા માટે કોઈ સુપરવાઈઝર દ્વારા સલાહ લેવી. આજ રીતે કોઈ લોહીના નમૂનાની માઈક્રોસ્કોપી ઈમેજ બનાવવી અને એ કોઈ બાયોલોજીસ્ટની કમ્પ્યુટર સ્ક્રીન સુધી પહોંચાડવી તથા જીવંત સેલની પ્રક્રિયા ઝડપી બનાવવી. આવી રીતે અલગ અલગ કાર્યો દ્વારા ઘટના સ્થાનેથી કોમ્યુનિકેશન માધ્યમથી ડેટા બેઈઝની માહિતીનો ઉપયોગ કરવો અથવા તો અલગ અલગ સ્થાન પર રહેલ વ્યક્તિઓની ઓડિયો કોન્ફરન્સ યોજવી.

ઉદાહરણ તરીકે ફરીવાર જોઈએ તો કોઈ કંપનીના એક્સીક્યુટીવ ઓફીસરને કોઈ મહત્વનો નિર્ણય રજાના દિવસે પોતાના ઘરે રાત્રે લેવો છે અને તેની અસર તાત્કાલિક આપવા માંગે તો અલગ અલગ કમ્પ્યુટર સીસ્ટમ સાથે જોડાયેલ નેટવર્કમાં ઈલેક્ટ્રોનીક બેકીંગની સવલત આપે છે. કોઈપણ કમ્પ્યુટર સુધી માહિતી આ દરેક કાર્ય પોતાના હાલના સ્થળ પરથી કરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઓટો મોબાઈલ, ઘર, બોટ, હોટેલનો રૂમ અને રેલ્વેનો ડબ્બો આ બધામાં ઈલેક્ટ્રોનિક્સની જરૂર છે.

આ બધી ઉપયોગિતામાં નક્કી કરેલ વ્યક્તિની માહિતી સુરક્ષિત રહે તે આ પધ્ધતિમાં જરૂરી છે.

આ અસરથી સામાજિક માળખામાં ટેલિ કોમ્યુનિકેશનની જરૂરિયાત ઊભી થઈ ટેલિફોનથી જરૂરી છે જો આ પ્રકારની કોઈ સેવાનો ઉપયોગ કરવો હોય તો ગ્રાહક પાસે ઓળખ માટેનો કાયમી નંબર હોવો જરૂરી છે. જેવો કે ઈન્કમટેક્ષ નંબર (PAN) અથવા સામાજિક સુરક્ષા નંબર કે જે વ્યક્તિનું આજીવન જીવન કહેવાય. આના માટે ગ્રાહક કયા રહે છે અથવા કયાં સ્થળાંતર કર્યું છે તે જરૂરી નથી. માત્ર ગ્રાહક નંબર જોડી અથવા કમ્પ્યુટર સિસ્ટમમાં નંબરનો ઉપયોગ કરી ગ્રાહકને પોતાનું કાર્ય કરી આપે છે. તેના માટે જરૂરી કિંમત તેના એકાઉન્ટમાંથી વસુલ કરવામાં આવે છે. હાલમાં સામાજિક માધ્યમ ટેલિ કોમ્યુનિકેશનની મદદથી અવાજ માહિતી, પીક્ચર, ગ્રાફિક્સ, વિડિયો વગેરે આ સીગ્નલીંગ પદ્ધતિની આપ લે કરે છે. સમાજની માંગ ઘણી બધી છે. માંગ પ્રમાણે ટેકનોલોજીનો ઉપયોગ થઈ શકે છે પણ તેને માટે નાણાંકીય સવલત હોવી જરૂરી છે. આ મુદ્દા પર ચર્ચા કરીએ તો હાલમાં અલગ અલગ નેટવર્ક ગણી બધી જગ્યાઓ પૂરી પાડે છે. જેમ કે ટેલિફોન નેટવર્ક, ડેટા નેટવર્ક CATY નેટવર્ક એ બધા હાલમાં વિકાસ પામી રહ્યા છે. નેટવર્ક દ્વારા કાયમી નવી નવી સેવાઓ સમાજને માંગ પ્રમાણે આપવામાં આવે છે. સ્વતંત્ર નેટવર્ક માટે સ્વતંત્ર વહીવટ કાર્ય, કાળજી રાખે એવો સ્ટાફ અને મકાનની સવલત આપવામાં આવે છે. હાઉસ સ્વીચીંગ સીસ્ટમ માટે કિંમત પણ જરૂરી છે. નેટવર્કની પૂરી સેવાનો ઉપયોગ કોઈ બીજા નેટવર્કની મદદ વગર થઈ શકતો નથી. આના પરિણામ સ્વરૂપે ઈન્ટરનેટે આગળ પડતી ઉપયોગી નાણાંકીય નેટવર્ક સેવા છે. માત્ર સ્વતંત્ર નેટવર્ક ભવિષ્યની સેવાઓ માટે કાર્ય કરી શકતું નથી પરંતુ બધા પ્રાઈવેટ નેટવર્કને એકબીજા સાથે જોડાઈને કાર્ય કરવું જરૂરી છે. જેનાથી સેવાની કિંમતમાં ઘટાડો થશે. જો આ ઉકેલ ન મળે તો સ્વતંત્ર નેટવર્ક અથવા સેવાઓનો વિકાસ શક્ય નથી. આ ટેકનોલોજીની મદદથી સ્વતંત્ર નેટવર્કનો વિકાસ શક્ય બન્યો છે એટલે કે કોઈપણ સાધન ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રકોનીક સિગ્નલ અને કોમ્યુનિકેશનની લાક્ષણિકતાની મદદથી બધી સેવા એનલોગમાં ફેરબદલ કરી શકે છે. આ સાધનો માટે બધા જુદા જુદા નેટવર્ક ડિઝાઈન કરવામાં આવે છે. દા.ત. વોલ્ટેજ કરંટ અને બેન્ડ વિથ અલગ અલગ નેટવર્ક માટે જુદા રાખવામાં આવે છે. જેમ કે ટેલી પ્રિન્ટર, કમ્પ્યુટર ટેલિફોન વગેરેમાં સ્વીચીંગ પદ્ધતિ, સીગ્નલીંગ પદ્ધતિ અને ફેરબદલીના માધ્યમ જુદા જુદા હોય છે. પરંતુ નેટવર્કની જરૂરિયાત એવી જ છે કે સામાન્ય નેટવર્કના માળખામાં સરખા સિગ્નલ દ્વારા બધી જ સેવાઓનો ઉપયોગ થઈ શકે તો આ પ્રકારનું સામાન્ય બંધારણ ડીઝીટલ ટેકનોલોજીએ પુરું છે. સ્વીચીંગ ટ્રાન્સમીશનના સીગ્નલ પાડ્યું આ બધા બધા જ કાર્યો ડીઝીટલ ડોમેન દ્વારા કોમ્યુનિકેશનની જરૂરિયાત પ્રમાણે થઈ શકે છે. હાલ ડિઝીટલ ટેકનોલોજી બધા જ કાર્યો ટેલી કોમ્યુનિકેશનના નેટવર્કની મદદથી પુરા પાડે છે.

ટેલિ કોમ્યુનિકેશનના ક્ષેત્રના ડીઝીટલાઈઝેશનની પ્રક્રિયાનો ઈતિહાસ ખૂબ જ રસપ્રદ છે. ડીઝીટલ કોમ્યુનિકેશનમાં ડીઝીટલાઈઝેશનની શરૂઆત Slow ચેનલ pulse code modulation (PCM) પધ્ધતિ 1960 માં લાંબા અંતરના ટ્રાન્સમીશનથી થઈ. 1960 પછી ટ્રાન્જીસ્ટર પછી Integranted circuit ના ઉપયોગવાળુ કમ્પ્યુટર ડીઝીટલ સ્વીચીંગનું સંચાલન ડીઝીટલ કમ્પ્યુટર દ્વારા થવા માંડ્યું અને ત્યારથી પેકેટ સ્વીચીંગ નેટવર્ક શક્ય બન્યું. તે અંદાજે 1970 માં શરૂ થયું. 1970 પહેલા ડિઝિટલ સાધન જેવા કે ડિઝીટલ ટેલિફોનના વિકાસની શરૂઆત થઈ. ISDN ની સાચી શરૂઆત 1980 માં થઈ.

દર ચાર વર્ષે ITU-T ની પોતાની એસેમ્બ્લી ટેકનોલોજી પર અભ્યાસ કર્યો. અહીંના મુદ્દાઓમાં ખાસ કરીને ISDN પર વધારે ધ્યાન આપી તેનો ઊડાણથી અભ્યાસ કરવામાં આવે છે. છેલ્લા 20 વર્ષના આ અભ્યાસના પરિણામ હાલમાં ISDN નું માળખુ તથા સેવાઓનો ઉપયોગ મળે છે. ISDN ટેકનોલોજીના ડિઝાઈન વિકાસ પર ધ્યાન આપી હાલના તબક્કામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

હાલના સમયમાં સામાજિક માંગ અને નાણાંકીય વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ISDN નો ઉપયોગ કરવામાં આવે છે. ISDN દ્વારા આખા વિશ્વમાં એક જ નેટવર્કની મદદથી મોડેમ દ્વારા બધા જ નેટવર્કની સેવાઓનો ઉપયોગ ટેલિ કોમ્યુનિકેશન નેટવર્ક દ્વારા શક્ય બનશે.

### 5.6.2 નવી સેવાઓ (New Services)

ISDN અલગ અલગ ઘણી સેવાઓ પૂરી પાડે છે. જેમાં અવાજ અને માહિતીને લગતી સેવાઓ હોય છે તેની યાદી નીચે મુજબ છે.

(1) Video tex
(2) Electronic mail
(3) Digital facimie
(4) Teletex
(5) Database access
(6) Image and Graphics Exchange
(7) Document storage and trasfer
(8) Automatic alarm services. e.g. smoke, fire, security, police and medical
(9) Audio and Video conferencing

### 5.6.3 ISDN ચેનલ (ISDN Channels)

ISDN માં સામાન્ય ચેનલ સીગ્નલ્સનો ઉપયોગ થાય છે. તેમાં અલગથી સિગ્નલીંગ અને માહિતીની ફેરબદલ થાય છે મૂળભૂત માહિતી ચેનલની ઓળખ B ચેનલથી થાય છે અને તેની ઝડપ 64 kbps આપ લે થી કરવાની છે. સીગ્નલીંગ ચેનલ D ચેનલથી ઓળખવામાં આવે છે અને તેની ઝડપ 16 kbps or 64 kbps હોય છે. સીગ્નલીંગ નેટવર્ક એ પેકેટ સ્વીચીંગ અને ઈ-ચેનલ સીગ્નલીંગ માહિતીને લઈ જાય છે. તેનું સ્વરૂપ સીગ્નલીંગ પેકેટ હોય છે. D ચેનલને પેકેટમાં ફેરબદલ કરવા માટે જો ચેનલ ઉપલબ્ધ હોય તો ગ્રાહકને ફેરબદલ કરવા માટે મંજુરી આપે છે. B ચેનલ સરકીટ સ્વીચીંગ અથવા પેકેટ સ્વીચીંગ મોડેમમાં કામ કરે છે. B ચેનલ એ સરકીટ સ્વીચીંગ માટે વધારે જાણીતી છે. આમ C સરકીટમાં કોઈપણ જોડાવા સરકીટ સ્વીચીંગ અથવા પેકેટ સ્વીચીંગથી બનેલા હોય છે. B અને D ચેનલ બંનેની ઝડપ વધારે હોય તો તે ચેનલને H ચેનલ opeuting કહે છે જે અલગ અલગ ઝડપથી કામ કરે છે.

### 5.6.4 ઉપભોક્તા ઈન્ટરફેસીસ (User Interfaces)

ISDN માં ઉપભોક્તા નેટવર્કનો ઉપયોગ વિશ્વ કક્ષાએ કેવી રીતે કરવો તેની ચર્ચા કરીએ તેનું ઉત્તમ ઉદાહરણ આપણે ઈલેક્ટ્રીક પાવરનો ઉપયોગ કરીએ છીએ છે. આપણે કોઈપણ ઈલેક્ટ્રીક સાધન ખરીદશું અને આપણા ઘેર લાવીને પ્લગમાં લગાવીશું તો તે કાર્ય કરશે જ. આપણને સાધનની અંદરના વાયરીંગની કે પાવર વહેંચણીની કે પાવર ઉત્પાદનની અથવા ફી શક્તિ માપવાની ખબર હોતી નથી. એવી જ રીતે ઉપયોગકર્તા કોઈપણ ડેટાનો સરળતાથી ઉપયોગ કરી શકે છે. ઈન્ટરફેસની હાજરીથી ડેટા કોમ્યુનિકેશનને ઘણુ સહન કરવું પડે છે.

ISDN માં ઉપયોગકર્તાને નેટવર્ક ઈન્ટરફેસ ધ્યાનપૂર્વક અસંગતતાને દૂર કરીને આપવામાં આવે છે. જેથી ઉપયોગકર્તાને કાયમી નેટવર્ક મળે. ISDN દ્વારા અલગ અલગ સેવાઓ જેવી કે અવાજ અને ફોટો આપી શકાય છે કોઈપણ સેવા ઘણા બધા ઉપયોગકર્તા અલગ અલગ રીતે નેટવર્ક ઈન્ટરફેસ કરી શકે છે. બીજી બાજુ એક એવું બહુરૂપી ઈન્ટરફેસ કરી શકાય. અમુક બાબતને ધ્યાનમાં લઈએ તો બે માહિતી પ્રાપ્ય ઈન્ટરફેસ ISDN ના ધોરણો મુજબ લઈ શકાય.

- મૂળભૂત પ્રાપ્ર કિંમત ઈન્ટરફેસ
- પ્રાથમિક પ્રાપ્ય કિંમત ઈન્ટરફેસ

પ્રાપ્ય કિંમત ઈન્ટરફેસ એ એનાલોગ્સ પ્રકારના 5A and 15A નો ઘરમાં વપરાતા સોકેટ જેવો છે. પ્રાપ્ય ઈન્ટરફેસએ ઓછા અને વધારે ઝડપના data કિંમત દ્વારા બે પાવર સોકેટ છે. જેમાં ધીમા પાવર અને ઊંચા પાવર ઈલેક્ટ્રોનીક ઉપકરણનો ઉપયોગ થઈ શકે છે. મૂળભૂત પ્રાપ્ય કિંમત ધીમી બીટ્સ જોવા આપે છે. તે 2B+D કિંમતથી જોડાઈ શકે છે. એટલે કે 16 kbps દરેક B ચેનલ અને 16 kbps ની ડી ચેનલ જેની કુલ ઝડપ 144 kbps થશે પ્રાથમિક પ્રાપ્ય કિંમત ઈન્ટરફેસમાં ઊંચા બીટ રેઈટ એક્સેસ ઊભી થાય છે અને તેના nB + D + S પ્રમાણે ઝડપ વધે છે કે જ્યાં N એટલે 3 થી 30 રેન્જ વચ્ચેની મુખ્ય થશે. બીજા શબ્દોમાં કહીએ તો માહિતી ચેનલની ક્ષમતા ઉપયોગકર્તા દ્વારા નક્કી કરવામાં આવે છે. જેની રેન્જ 192 થી 1920 kbps હોય છે. ડી ચેનલ મુજબ આ ઝડપ 65 kbps સીગ્નલીંગની છે. એક ચેનલની અદર 30 માહિતી ચેનલ લઈ જઈ શકાય છે. વધારેમાં B અને D ચેનલ શરૂઆતના રેઈટ ઈન્ટરફેસ માટે સહકારીન ચેનલ S બને છે. જેમાં 65 kbps ની ઝડપ હોય છે તો કુલ ડેટા રેઈટ પ્રાથમિક એક્સેસ ઈન્ટરફેસની ઝડપ 2048 kbps છે. આ ઝડપ 30 માહિતી ચેનલ

માટે છે.

❖ **સ્વ - અધ્યયન**

(5) ISDN ના ફાયદાઓ જણાવો.

(6) 8 ચેનલો માટે ISDN ગ્રાહકોની પ્રાથમિક રેઈટ એક્સેસ માટે એક્સીસ લીંગમાં કેટલા ડેટા રેઈટ જોઈ શકે.

**નોંધ :** (1) નીચે આપેલ જગ્યામાં તમારા જવાબ લખો.

(2) તમારા જવાબને એકમના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## 5.7 બ્રોડબેન્ડ (ISDN) (BROADBAND ISDN)

બ્રોડ બેન્ડ એ એવું નેટવર્ક છે જે 2048 kbps થી વધારે ઝડપ આપે છે. પ્રાથમિક એક્સેસ ઈન્ટરફેસમાં વધારેમાં વધારે 2mbps ની ઝડપ હોય છે. બ્રોન્ડ બેન્ડ ISDN ની ડેટા રેઈટની ઝડપ આની કરતા વધારે હોય છે. બ્રોન્ડ બેન્ડ ISDN એ મૂળ ISDN નેરો બેન્ડમાંથી આવેલ છે. શરૂઆતમાં તેની ઝડપ માત્ર 2mbps ની હતી. ઘણા વર્ષો બાદ તેની ઝડપમાં વધારો થયો અને હાલમાં તેની ઝડપ 155 mbps છે. અને અંદાજે 75 ગણી ISDN કરતા વધારે કહેવાય જે તે વધારે ઝડપવાળી બેન્ડ વીથની જરૂરિયાત અથવા માંગ વધતા બ્રોન્ડ બેન્ડ ISDN ની શરૂઆત થઈ. હવે તમે એવી ધારણા કરો કે તમારી પસંદગીની ફિલ્મ તમારા સમયે અને તમે નક્કી કરેલા દિવસે એડવેટાઈઝના અવરોધ વગર જોવા મળે તો કોઈપણ ફિલ્મ જોતા તેની વચ્ચેથી બંધ કરી બુક માર્ક બનાવી થોડા સમય ઓન ડીમાન્ડ કરવામાં આવે છે કે જે બ્રોન્ડ બેન્ડ સેવાની મદદથી મળે છે. બ્રોન્ડ બેન્ડની અંદર બે પ્રકારની સેવાઓ છે :

❖ ઈન્ટરસેકેટીવ સેવાઓ

❖ વહેંચણી સેવાઓ

ઈન્ટરએક્ટીવ સેવા એટલે કે એક છેડેથી બીજા છેડે હાલના સમયની માહિતી બંને તરફ સમાન કરી શકે તેવી જોવી. સામાન્ય રીતે આ સેવાનો ઉપયોગ વિડિયો, ટેલિફોનમાં થાય છે. આ સેવામાં ટેલિફોન સાધન વ્યક્તિનો ફોટો લઈ અને તેને વિડિયો સિગ્નલ સ્વરૂપે મોકલી શકે છે. ડાયલોગ જોડાણ ઓડિયો અને વિડિયો બંને મોકલી શકે છે. વહેંચણી સેવાઓને ઈલેકટ્રોનીક છાપાઓ વહેંચવા જેવી જોઈએ છે.

બ્રોન્ડ બેન્ડ સેવાઓમાં સૌથી મોટો પડકાર એટલે કે તેના માટે અનુકૂળ નેટવર્કનું માળખુ ઊભું કરવું. તેની માટે એલ સ્વીચીંગ પસંદ કરવામાં આવ્યું. જેનો સ્વીચની મદદથી બ્રોન્ડ બેન્ડનો ઉપયોગ માહિતીની આપ લે બ્રોડ બેન્ડ ગ્રાહકને Asychronous Transfer Mode (ATM) પરથી થાય છે. (ATM ની અંદર દરેક સેલ આભાસી સરકીટની ઓળખ દ્વારા જોડાયેલ હોય છે અને નક્કી કરેલ જોડાણ સાથે એક જ રસ્તા દ્વારા માહિતી પહોંચે છે. જેની માહિતીને ફરી વખત ગોઠવવાની જરૂર પડતી નથી.

સેલ નાના અને નક્કી કરેલ માપના હોય છે. ATM અંદર કાર્ય કરવા માટે બે શબ્દનો ઉપયોગ થાય છે.

(Segmentio (Rouiyn કરવું), Reasseably (ફરી ગોઠવવું) (SAR) એટલે કે માહિતી મોકલતી વખતે તેના વિભાગ કરવામાં આવે છે અને મેળવીને તેને ફરી વખત ગોઠવવામાં આવે છે. BISDN, ATM અને સેલ સ્વીચીંગ આ ત્રણેય ટેકનોલોજી વિશિષ્ટ ટેલિ કોમ્યુનિકેશનની ટેકનોલોજી છે.

## 5.8 સારાંશ (SUMMARY)

આ એકમમાં આપણે પાયાનું સ્વીચીંગ, અલગ અલગ સ્વીચીંગ, મુખ્ય ટેલિ કોમ્યુનિકેશન નેટવર્કની ચર્ચા કરી અને મુખ્ય ટેલીવર્કના ડેટા નેટવર્કની ચર્ચા કરીશું. શરૂઆત મૂળભૂત નેટવર્કીંગની ચર્ચાથી કરીશું. સ્વીચના કાર્યોની પણ ચર્ચા કરીશું, નેટવર્ક માટે જુદા જુદા સાધનોની પણ ચર્ચા કરીશું. ત્રણ

સ્વીચીંગ ટેકનીક વિશે ચર્ચા કરી ચેનલ અને સરકીટ નામના શબ્દોની સમજણ લીધી, સ્વીચીંગ ટેકનીકના ફાયદા અને ગેરફાયદા વિશે વાત કરી ત્યાં ટેલિફોન નેટવર્કમાં સ્વીચીંગનો ઊંડાણથી અભ્યાસ કર્યો. હાલના મોબાઈલ નેટવર્કનું માળખું અને ઓપરેશનની ચર્ચા કરી ISND ની ચર્ચા કરી. પ્રેરણાત્મક ISND , ISND ચેનલ અને ઈન્ટરફેસ અને ISND ની નવી નવી સેવાઓ વિશે ચર્ચા કરી. એકમમાં આવી રહેલા બ્રોન્ડ બેન્ડ ISND ની ચર્ચા કરી. બ્રોડ બેન્ડના પાવરની ફાયદાના ચર્ચા કરી. સેલ સ્વીચીંગ અને ATM વિશે ચર્ચા કરી.

## 5.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ (ANSWERS TO SELF CHECK EXERCISE)

(1) Eg. 5.1 માં બતાવ્યા પ્રમાણે સંપૂર્ણ જોડાણવાળા નેટવર્કમાં જોઈતા bi-directional જોડાણ માટે એક bi-directional લીંક માટે બે undirectional લીંક ગોઠવવી. તેથી undirection link નો નંબર 9900 થાય. એક સ્વિચ નેટવર્ક યુનિડાયરપેક્શનલ લિક્સ = 200 ની સંખ્યા.

(2) PCM ધ્વનિત ચેનલ માટે ડેટા રેઈટ Gu kbps (Unit Block 2 LI1 - 101 જુઓ)

તેથી 1 ટ્રેન્ડનો ડેટા રેઈટ 128 .. 64 = 8192 kbps અથવા 8kbps થાય. સામાન્ય રીતે ગુણાકારની પસંદગી TDM ડિઝીટલ માહિતી જેમ હોય.

(3) પાથ બનાવવા માટે અને પાથ છોડાવા માટે ઓવર હેડ

$= 5 \times 1.0 + 5 \times 0.1 = 5.5$ sec

ડેટા માપ 1 = 1 MB (Mega Byte) × 8 = 8 Mbits (Mb)

ડેટા ફેરબદલ સમય = 8000 ÷ 100 = 80 sec

85.5 sec.

(4) ડેટા ગ્રામ માપ 2.5 KB × 8 = 10 kilo bits (kb)

ડેટા S & F Delay = 0.25 × 10 sec. અહી કોઈપણ S & F જોડે નથી. ડેટા ગ્રામનો છેલ્લો નોડ જેને કમ્પ્યુટર સુધી કોઈપણ રૂમ વિના પહોંચી શકે છે.

❖ પ્રાપ્ય લીંકનો ફેરબદલ સમય છે. અહી બે પ્રાપ્ય લીંક છે એક અંતમાં અથવા તો જોડાણમાં હોય છે.

❖ ટ્રાન્સમીશન લીંક વચ્ચે 5 nodes છે તેથી કુલ ફેરબદલ સમય - 10.24 થાય.

(5) ડીઝીટલ માળખું વૈશ્વિક છે. છેડા સુધી ડિઝીટલ જોડાણ કરેલ છે. અવાજ અને અવાજ વગરની માહિતી આપ લે કરવાની સેવા માટે અમુક જ માધ્યમનો ઉપયોગ થાય છે.

(6) પ્રાથમિક પ્રાપ્ય રેટ છે nB + D + S.n નું મૂલ્ય 8 તરીકે દેવામાં આવ્યું છે તેથી પ્રાપ્ય લીંક પર ડેટારેટ એ = 8 × 64 + 64 + 64 = 640 kbps થાય

## 5.10 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

- એક્સેસ લિંક્સ : કોમ્યુનિકેશન લિંક્સ કે જે વપરાશકર્તાને નજીકની સ્વીચ સાથે જોડે છે.
- અસિંક્રોનસ ટ્રાન્સફર મોડ : બ્રોડબેન્ડ ISND માં માહિતી ટ્રાન્સફર મોડ.
- બેઝ સ્ટેશન (પાયાનું મથક) : વાયરલેસ સ્ટેશનને આવરી લેવાતા અમુક ચોક્કસ ભૌગોલિક વિસ્તારને સેલ કહે છે.
- બ્રોડબેન્ડ ISDN : ISDN એ ખૂબ જ ઊંચી ઝડપના કાર્યક્રમો માટે રચાયેલ છે.
- સેલ : મોબાઈલ કોમ્યુનિકેશનના સંદર્ભમાં, સેલ નાના ભૌગોલિક વિસ્તાર સૂચવે છે. બ્રોડ બેન્ડ ISDN નાં સંદર્ભમાં સેલ નાના ડિઝિટલ પેકેટમાં માહિતીનું વહન કરે છે.
- સેલ સ્વીચીંગ : આ એક સ્વીચીંગ ટેકનીક છે કે જેમાં માહિતી નાના સેલ સ્વરૂપમાં પડેલી હોય છે અને બ્રોડબેન્ડ ISDN નેટવર્ક પર પરિવહન પામે છે.

- સેલ્યુલર કોમ્યુનિકેશન : એક વાયરલેસ સંચાર ટેકનીક છે કે જેમાં વિશાળ ભૌગોલિક વિસ્તાર નેટવર્ક છે જેનો સેલ એક સંખ્યામાં વિભાજીત થયેલ હોય છે.
- ચેનલ : કેટલાક ચોક્કસ લક્ષણો સાથે એક માહિતી પાઈપમાં જેમ કે બેન્ડવીથ, ક્ષમતા, હળવાશના સ્તર અને ઘોંઘાટ ઈમ્યુનીટી.
- સક્રિટ : બે રીતની લિંકમાં દરેક દિશામાં બે ચેનલોનો સમાવેશ થાય છે.
- સર્કીટ સ્વીચીંગ : એક સ્વીચીંગ ટેકનીક જેમાં માહિતી ટ્રાન્સફરના સમગ્ર સમયગાળા દરમ્યાન અંત પોઈન્ટ વચ્ચે સમર્પિત પાથ સ્થાપિત કરે છે.
- સામાન્ય ચેનલ સિગ્નલીંગ : ઘણી માહિતી ચેનલો સામાન્ય રીતે અલગ ચેનલની મદદથી સિગ્નલીંગ કરે છે.
- ડેટાગ્રામ : સંપૂર્ણ સરનામાની જાણકારી સમાવતું એક સ્વતંત્ર પેકેટ.
- ડિઝીટલ પ્રક્રિયા : ટેલિફોન એક્સચેન્જ ખાતે ટેલિફોન નંબર પ્રક્રિયા.
- એન્ડ સીસ્ટમ : ટેલિ કોમ્યુનિકેશન નેટવર્ક સાથે જોડાવા કે જે બધા સંદેશાવ્યવહાર એકમો સીધા એકબીજા સાથે જોડાયેલા છે.
- પેકેટ સ્વીચીંગ : એક સ્વિચીંગ ટેકનીક્સ છે કે જેમાં વિશાળ કદની માહિતી તોડી પેકેટ સ્વરૂપે સમગ્ર નેટવર્કમાં ટ્રાન્સફર કરે છે.
- કાયમી વર્ચ્યુઅલ સર્કિટ : એક લાંબાગાળાના દોરણે સોંપાયેલ વર્ચ્યુઅલ સર્કિટ
- પબ્લિક સ્વિરડ નેટવર્ક : જાહેર જનતા માટે ખુલ્લું સ્વિચ્ડ નેટવર્ક
- રીએસમ્બલીંગ : અંતિમ મુકામ પર મૂળ સંદેશની પુનઃરચના પેકેટ અને સેલમાં ભેગા કરવાની પ્રક્રિયા
- રીસિકવન્સીંગ : ડેસ્ટીનેશન પર શ્રેણી બહાર આવે ત્યારે યોગ્ય ક્રમમાં પેકેટોની ગોઠવણી કરવાની પ્રક્રિયા.
- સિગ્નલતા : એક સબસ્કાઈબરને અને સ્વિચીંગનોડ વચ્ચે અથવા બે સ્વિચીંગ નોડો વચ્ચે આદાન - પ્રદાન સૂચક અથવા નિયંત્રણ સંકેતો.
- સ્પેસ ડિવીઝન સ્વિચીંગ : આ એક ટેકનીક છે કે જે સમર્પિત ભૌતિક માર્ગને સ્વીચની અંદર સ્થાપના કરે છે.
- સબસ્કાઈબર : વપરાશકર્તા કે જે ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક સથે જોડાયેલ હોય.
- સ્વિચ : એક એવું ઉપકરણ કે જે સબસ્કાઈબર (વપરાશકર્તા) વચ્ચે જોડાણો સ્થાપે અને મુક્ત કરે છે.
- સ્વિચ્ડ નેટવર્ક : એવું નેટવર્ક કે જે વપરાશકર્તાઓને સ્વિચ સિસ્ટમ સાથે જોડે છે.
- ટાઈમ ડિવીઝન સ્વિચીંગ (સમય વિભાજન સ્વીચીંગ) : એક ટેકનીક કે જે વહેંચાયેલ સામાન્ય સંસાધન એક સ્વીચમાં આઉટલેટ અને ઈનલેટ પાસેથી માહિતી પરિવહન કરે છે.
- ટ્રાન્સમીશન લિંક્સ : કોમ્યુનિકેશન લિંક્સ કે જે આંતરિક સ્વિચીંગ સિસ્ટમો છે.
- વર્ચ્યુલ સર્કિટ : માહિતી ટ્રાન્સફર માટેનો નિયત માર્ગ.

## 5.11 સંદર્ભો અને વાંચન (REFERENCES AND FURTHER REAPING)

Pandya, Raj. (2000). Mobile communication services and systems. New Delhi: Prentice Hall of India.

Sharda, Nalin K. (1999). Multimedia information networking. New Delhi: Prentice Hall I of India.

Stallings, William. (2000). Data and computer communications. New Delhi: Prentice Hall of India.

Viswanathan, Thiagarajan. (2005). Telecommunications switching systems and networks. ' New Delhi: Prentice Hall of India.

# એકમ-6 આધાર સામગ્રી નેટવર્ક (Data Networks)

**: માળખું :**


6.0 હેતુઓ

6.1 પ્રસ્તાવના

6.2 આધારસામગ્રીના એકમો

6.3 સ્તરીય પ્રત્યાયનનું બંધારણ

6.4 ISO-OSI : સંદર્ભ બંધારણ

6.5 ઈન્ટરનેટનું બંધારણ

6.6. ઈન્ટરનેટ પ્રોટોકોલ

- 6.6.1 ઈન્ટરનેટ સ્તર
- 6.6.2 પ્રસારણ નિયમન સ્તર
- 6.6.3 પ્રસ્તુતીય સ્તર

6.7 ક્લાઈન્ટ સર્વર બંધારણ

6.8 આધારસામગ્રી જોડાણનું વર્ગીકરણ

6.9 સેટેલાઈટ આધારિત આધાર સામગ્રી જોડાણ

6.10 આંતરિક જોડાણ

6.11 ગ્રંથાલયોના નિયમનો (Protocols)

6.12 ઈન્ટરનેટ કાર્યદક્ષતા

6.13 જોડાણનું સંચાલન

6.14 ઉપસંહાર

6.15 સ્વઅધ્યાય અને તેના જવાબો

6.16 ચાવીરૂપ શબ્દો

6.17 સંદર્ભો અને વાંચન


## 6.0 હેતુઓ (OBJECTIVES)

પ્રત્યાયન તકનીક, નેટવર્ક અને નેટવર્કીંગની પાયાગત બાબત વિશે આગળનાં એકમોમાં શીખી ગયા. આધાર સામગ્રી જોડાણની લગભગ સમાન તકનીક છે પણ થોડાં લક્ષણો જુદાં છે. આ એકમમાં આધારસામગ્રી જોડાણના પાયાગત દષ્ટિકોણ વિશે ચર્ચા કરીશું.

આ એકમનાં અભ્યાસ બાદ નીચે મુજબની બાબતો સમજી શકાશે.

- ❖ આધારસામગ્રીનાં એકમો અને તેનું બંધારણ
- ❖ સ્તરીય પ્રત્યાયન
- ❖ ઓપન પધ્ધતિઓ
- ❖ આંતરિક જોડાણની ઓપન પધ્ધતિનો નમૂનો (OSI)
- ❖ નિયમનો (Protocols)
- ❖ ઈન્ટરનેટ પ્રત્યાયન બંધારણ
- ❖ ઈન્ટરનેટ સ્તરીય નિયમનો
- ❖ IP એડ્રેસ વર્ગો અને IP એડ્રેસ બંધારણ
- ❖ કમ્પ્યુટરના ક્લાઈન્ટ સર્વરનો નમૂનો

- ❖ ડેટા નેટવર્કનું વર્ગીકરણ
- ❖ સેટેલાઈટ દ્વારા આધાર સામગ્રી પ્રત્યાયન
- ❖ બસ અને રીંગ આંતરીક જોડાણ
- ❖ વાયરલેસ LANs અને બ્લ્યુટુથ તકનીક
- ❖ ગ્રંથાલયમાં નિયમનની જરૂરિયાત
- ❖ ઈન્ટરનેટ કાર્યદક્ષતાની પદ્ધતિઓ અને સંશોધનો
- ❖ નેટવર્ક સંચાલનનો દષ્ટિકોણ

## 6.1 પ્રસ્તાવના (INTRODUCTION)

ડેટા નેટવર્ક એ બીજી રીતે કમ્પ્યુટર નેટવર્ક તરીકે જાણી શકાય. ડેટા નેટવર્ક શબ્દ એ જ નેટવર્કની કાર્યદક્ષતાનું પ્રતિનિધિત્વ કરે છે. કમ્પ્યુટર નેટવર્ક પરિભાષા નેટવર્કનું ભૌતિક સ્વરૂપ છે. ડેટા નેટવર્કનો મુખ્ય ઉદ્દેશ્ય આધારસામગ્રીની એક છેડા સુધીની ફેરબદલી છે અને ડેટા નેટવર્ક આ બાબતને સ્પષ્ટ કરે છે. છેડાના ભાગો એટલે કમ્પ્યુટર અને આધાર સામગ્રીને એક કમ્પ્યુટરથી બીજા સુધી લઈ જવાય છે. તેથી આધારસામગ્રીનું નેટવર્ક એટલે ઘણા બધાં કમ્પ્યુટરો નેટવર્ક એ વૈશ્વિક કમ્પ્યુટર નેટવર્કમાં પરિણમ્યું છે અને હવે ઈન્ટરનેટ તરીકે પ્રખ્યાત થયું છે. ડેટા નેટવર્ક પેકેટના સ્વરૂપમાં આધારસામગ્રીનો ફેરબદલમાં ઉપયોગ કરે છે. સ્વીચીંગ પદ્ધતિના ઉપયોગને ધ્યાનમાં લીધા વગર ડેટાની ફેરબદલી હંમેશા નાના એકમોમાં થાય છે. સામાન્ય રીતે તે આધાર સામગ્રીના એકમો તરીકે ઓળખાય છે. આ એકમમાં આધારસામગ્રીના એકમોનાં બંધારણ વિશે તથા બીજા નેટવર્કના દષ્ટિકોણની ચર્ચા કરીશું.

## 6.2 આધારસામગ્રીના એકમો (DATA UNITS)

ડેટા નેટવર્ક મુખ્યત્વે આંકડાકીય માહિતીના સંદેશની ફેરબદલ પર આધારીત છે. જે રીતે આપણે વિભાગ 5.3 માં જોઈ ગયા તેમ મોટા સંદેશા એક સાથે ફેરબદલ થઈ શકતા નથી. કારણ કે નેટવર્કના સંશોધનોનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકતો ન હોય અને ભૂલોને ઉકેલી શકાતી ન હોય. લાંબા સંદેશાને નાના આધાર સામગ્રીના એકમોમાં બદલવા પડે. પેકેટ સ્વીચીંગ નેટવર્કમાં આધારસામગ્રીના એકમો કે જે ATM નેટવર્ક ભાગરૂપ ગણાય છે. આમ છતાં જ્યારે આધારસામગ્રીના ફેરબદલીમાં સરકીટ સ્વીચીંગનો ઉપયોગ કરવામાં પણ લાંબી અને મોટી તોડીને નાના ભાગોમાં ફેરબદલ કરવામાં આવે છે. જેને ફ્રેમ્સ (Frams) કહેવાય છે. આધારસામગ્રીના એકમને સામાન્ય રીતે પેકેટ, સેલ્સ અને ફ્રેમ્સ તરીકે નામ આપી શકાય. આધારસામગ્રીનું સામાન્ય બંધારણ હોય છે કે જે ઉદાહરણ 6.1 માં ત્રણ ભાગોમાં દર્શાવેલ છે. અગ્રભાગ આધારસામગ્રી ઉપભોક્તા, ટ્રેઈલર કે જેમાં અગ્રભાગ (Header) પત્રના કવર જેવું હોય છે કે જે સરનામા માટે ઉપયોગી છે. જે ત્રણ ભાગમાં વહેંચાયેલુ છે અને સરનામા દર્શાવે છે.

| Data Unit | | |
|---|---|---|
| Header | Use Data | Trailer |

**Figure 6.1 Strucher of Data Unit**

પહોંચનું સરનામું, મોકલનારનું સરનામું અને નિયમનો જે રીતે તમે એકમ - 5 માં અભ્યાસ કર્યો કે જેમાં Virtual circuit જોડાણ પહોંચાડવાનું સરનામુ અને મોકલનારનું સરનામું Virtual Circuit નંબર અને જોડાણ આધાર સામગ્રીના એકમોની ગણતરી કરે છે. પહોંચના સરનામાંની વધારાની માહિતી જેવી કે નોંધણી, ઈન્શ્યોરન્સ, બાકી જોડાણો વિગેરે Header ના Control Field દ્વારા થાય છે જે ઉપભોક્તા કવર ઉપર લખે છે. આમ છતાં જે માત્રામાં આધારસામગ્રીના એકમો મોકલે છે તે આધારસામગ્રીના એકમો મેળવતા ન હોય ઉદાહરણ તરીકે કદાચ મેળવનારની પદ્ધતિ મોકલનારની પદ્ધતિ કરતા ધીમી હોય તે જરૂરી છે. આધારસામગ્રી સારી રીતે મળી શકે. Flow Control કે જે નિયમનના ભાગરૂપે અને ઉદ્દેશ્યથી ઉપયોગમાં લેવાય છે. ઉપભોક્તા આધારસામગ્રીનો ભાગ ફેરબદલ કરવાની ઉપભોક્તા માહિતીને રાખે છે. દા.ત. કવરની અંદરનો પત્ર કે જે ઘણો મોટો અને લાંબો Header and Trailer ના ભાગો કરતા હોય છે અને ચોક્કસ ઉપભોક્તા માહિતીને મેળવનાર સુધી પહોંચાડે છે. Trailer એ ભૂલ સુધારવાનું કાર્ય કરે છે અને શક્ય હોય તે પ્રમાણે ભૂલોને આધારે

સામગ્રીના એકમોની ફેરબદલ વખતે તપાસે છે દરેક વખતે Trailer આધારસામગ્રીના એકમમાં હાજર નથી હોતો.

## 6.3 સ્તરીય પ્રત્યાયનનું બંધારણ (LAYERED COMMUNICATION ARCHITECTURE)

સ્તરીય તે પ્રત્યાયન બંધારણની કુદરતી પસંદગી છે. તેનું ચિત્ર આ ઉદાહરણ પરથી સારી રીતે સમજી શકશે. એ અલગ અલગ શહેરોના પ્રતિનિધિ A અને B એમ બે કંપની અલગ શહેરો દ્વારા ટેલિફોન થકી વાત કરે છે. ચિત્રાત્મક ઉદાહરણ ન હોવાથી ચાલો આપણે અંદાજો લગાવીએ કે આ બંને શહેરો વચ્ચે STD વ્યવસ્થા નથી જેમ કે પ્રતિનિધિ A ને આપણે ફોન કરવાવાળી વ્યક્તિ સમજીએ એ પહેલા તબક્કામાં તેના સેક્રેટરીને વિનંતી કરશે કે તેનું જોડાણ પ્રતિનિધિ B સાથે કરાવી આપ. તેના સેક્રેટરીને વિનંતી કરશે કે તે ફોન ને ઓપરેટરને કરશે અને ફોન કરનારની વિગત ફોન કરનારનો નંબર ફોન લગાડનારની વિગત ફોન લગાડનારાનો નંબર કેવા પ્રકારનો ફોન કોઈ ચોક્કસ વ્યક્તિનું નામ કે જેને ફોન લગાડવાનો છે વિગેરે. પછી લોકલ ફોન ઓપરેટર ફોન દ્વારા બીજા શહેરના ઓપરેટર સાથે વાત કરી વિગતો આપશે અને તે ઓપરેટર પ્રતિનિધિ B ના સેક્રેટરીને ફોન જોડશે. કે જે પ્રતિનીધિ B સુધી પહોંચાડે છે આ બાબત નીચે મુજબ સમજી શકશે.




**Fig. 6.2 : A three - layer structure for a truck call connection**

**અમુક અવલોકનો નીચે મુજબ ફલિત થાય છે.**

(1) ત્રણ સ્તરીય બંધારણનો પ્રત્યાયન પ્રક્રિયામાં ઉપયોગ થાય છે.

(2) બે નજીકના સ્તરો વચ્ચેની વાતચીત ધંધાકીય જેવી હોય છે.

(3) સામાન્ય રીતે બે ઓપરેટર વચ્ચે તેમજ બે સેક્રેટરી વચ્ચે સામાન્ય કે અંગત ફેરબદલ હોય છે. એમાં પણ એકબીજાને ઓળખાતા હોય. બીજા શબ્દોમાં કહીએ તો સમકક્ષ સ્તરના વ્યક્તિ અથવા સ્તરની ફેરબદલીની માહિતી તે પોતાના અંગત રસ્તે કરે છે.

(4) એક સ્તર તેની સેવાઓ તેની પછીથી કે નીચેના સ્તર પાસેથી મેળવે છે અને તે જોવા તેના ઉપરી સ્તર સુધી પહોંચાડે છે. તે મુજબ સમજીએ તો સ્તર બંને રીતે કામ કરે છે. ઉપભોક્તા તેમજ સેવા પૂરી પાડનાર એમ બંને રીતે કામ કરે છે.

(5) સ્તર તેનું પ્રત્યાયન તેની નજીકના સ્તર સાથે જ કરે છે.

(6) તેમાં સારી રીતે નક્કી કરેલી કાર્યવાહી દરેક સ્તરે કરવાની હોય છે

(7) તે કેવી રીતે કાર્ય કરે છે અને તેનું આયોજન કરે છે તે ગૌણ બાબત છે. ઉદાહરણ, સેક્રેટરી તેના આસીસ્ટન્ટને ફોન કરવાનું કહે છે કે જે બાબતે પ્રતિનિધિને કંઈ લાગતું વળગતું નથી કે ફોન કોણે બુક કરાવ્યો.

આમ છતાં ઉપર મુજબના અવલોકન પ્રમાણે સામાન્ય ફોન દ્વારા અગત્યના સ્તરનો મુખ્ય અને મહત્વનું બંધારણનું બંધારણ કહેવામાં આવે છે. તેને OSI સંદર્ભ નમૂનો અથવા આંતરરાષ્ટ્રીય માનક સંસ્થાએ (ISO) આપેલો. ISO-OSI ના બંધારણ વિશે નીચે મુજબના વિભાગમાં વિસ્તૃતમાં જોઈશું.

## 6.4 ISO-OSI : સંદર્ભ બંધારણ (ISO-OSI REFERENCE ARCHITECTURE)

ડેટા પ્રત્યાયનમાં કમ્પ્યુટર ઘણી બધી રીતે તેમાં કાર્ય કરે છે. જેમ કે બીટ્સની ફેરબદલ, ભૂલ સુધારક અને રુટીન અને સેસન સ્થાપત્ય વખતે તે મુજબ કાર્યની ચોક્કસતા કમ્પ્યુટરના વિક્રેતા તે મુજબ તેનું બંધારણ ગોઠવે છે. વિક્રેતા દ્વારા નક્કી કરાયેલ બંધારણનું ઉદાહરણ System network Architecutre (SNA), IBM અને આંકડાકીય જોડાવાનું બંધારણ (DNA) કે જે Digital Equipment સંસ્થા (DEC) એટલે કે આંકડાકીય સંસાધન સંસ્થા જેવા બંધારણો કમ્પ્યુટરના આંતરીક જોડાણને માન્યતા આપે છે અને આવા જ વિક્રેતાઓ દ્વારા થતા અલગ અલગ વિક્રેતા સુધી આવી System અથવા

જોડાણ કે જે બીજા વિક્રેતા અન્ય જોડાણ માટે ખોલી શકતા નથી. આને Close અથવા બંધ જોડાણો કહી શકાય. જુદી જુદી પ્રકારના કમ્પ્યુટર્સ અને અલગ અલગ વિક્રેતાઓ કે જે આંતરિક જોડાણ કરીને જોડાણ (Network) બનાવે છે. આમ, આ માટેના માન્ય હકો કે જે બંધારણમાં ઉપયોગી કરવામાં આવે છે તે દરેક વિક્રેતાઓ એ સ્વીકારવા જરૂરી છે. અલગ અલગ પ્રકારો નીચે મુજબ વર્ણવી શકાય.

(1) અલગ અલગ વિક્રેતાઓની પધ્ધતિઓ

(2) અલગ અલગ સંચાલન હેઠળની પદ્ધતિઓ

(3) અલગ અલગ જટિલ પદ્ધતિઓ

(4) અલગ અલગ ટેક્નોલોજીની પદ્ધતિઓ

ARPANET કે જે Advane Research Projects Agency. The Department of Defence United States કે જે એકમાત્ર પાયાગત સંસ્થા છે. જે અલગ અલગ પ્રકારના કમ્પ્યુટર જોડે છે. આ પ્રયાસ દ્વારા અને તેના અનુભવના ભાગરૂપે અત્યંત મહત્વની એવી કમ્પ્યુટર પ્રત્યાયનની જરૂરિયાત ઊભી થશે. આ માનાંકો ISO-OSI મોડેલ તરીકે જાણીતા થાય છે અને દરેક જગ્યાએ સ્વીકાર્ય થયા છે આંતરરાષ્ટ્રીય દૂરસંચાર નિગમે (ITU) આ માનાકને પ્રસ્થાપિત IS 7498 માં નોંધાયેલ છે. આંતરરાષ્ટ્રીય દૂરસંચાર નિગમે (ITU) આ માનાકને પોતાના નંબર ... તરીકે સ્વીકારેલ છે. ISO-OSI બંધારણ દરેક માટે ખુલ્લુ રાખવામાં આવેલ છે કે જેથી કરીને કોઈપણ વિક્રેતાઓની પદ્ધતિ આ માનાંકને માન્ય કરી શકે છે અને આ દ્વારા આ માનાંકો માહિતીને ગોઠવીને તેની ફેરબદલ કરી શકે છે. તેમાં પણ આ માનાંકો જ ઉપયોગી થાય છે. OSI સંદર્ભ નમૂનો Model સામાન્ય સ્તરીય કહી શકાય કે જે જટિલ સેવા ટેકનોલોજીના વિકલ્પમાં ISO એ જ્ઞાન સ્તરીય 7 બંધારણની ભલામણ કરી છે જે નીચે મુજબની Fig. 6.3 માં છે




**Fig. 6.3 ISO-OSI Reference Model**

આપણે દરેક પાસાનો અને કાર્યનો આધારસામગ્રીના પ્રત્યાયનમાં ઉપરના સ્તરનો ઉપયોગ તેના જોડાણના એપ્લીકેશનને ચલાવવામાં થાય છે. હાર્ડવેર અને સોફ્ટવેરના નમૂના તેના વિભિન્ન કાર્યોને દર્શાવે છે. તે સ્તરને એન્ટાઈટી કહેવામાં આવે છે. કોરસ્પોન્ડીંગ એન્ટાઈટી પણ તેના જેવા જ સ્તરમાં પણ અલગ પ્રકાર કે પધ્ધતિના હોય છે તેને peer એન્ટાઈટી કહેવામાં આવે છે. આ બંને પરસ્પર એન્ટાઈઝ આધાર સામગ્રી એકમો સાથે ફેરબદલનો વ્યવહાર રાખે છે. આના સેટ અને તેની માનાંકો અને નિયમોનો ઉપયોગ આધારસામગ્રીના એકમોમાં પરસ્પર ફેરબદલ માટે કરે છે. તેને નિયમન કે પ્રોટોકોલ કહેવામાં આવે છે. આ નિયમોના ભાગોને એન્ટાઈટીઝ વચ્ચેના પ્રત્યાયન માટે ગોઠવણી કરે છે તેને Interfuce Protocol કહે છે અને આધારસામગ્રીના એકમોની આ બંને વચ્ચે અદલા બદલી થાય તેને Interfuce Data Unit કહે છે. PDU સામાન્ય રીતે સ્તર - 1 PDU સ્તર - 2 PDU વિગેરે તરીકે ઓળખાય છે. તેવી જ રીતે કોઈકવાર PDU સ્તરમાં પણ જેમ કે Transport PDU, Network PDU વિ. તરીકે પણ ઓળખાય છે. અલગ અલગ જોડાણો PDU ના જાણીતા

નામો તરીકે પણ ઓળખાય છે. દા.ત. સ્તર - 3 PDU એ ઈન્ટરનેટ પેકેટ તરીકે પણ ઓળખાય છે. દરેક સ્તર તેની નક્કી કરેલી સેવાઓ Interface Protocols (નિયમનો) અને Peer Protocols નક્કી થાય છે. આ બધા જ સ્થાપિત સ્તરો Protocols Suite તરીકે ઓળખાય છે. નિર્દેશ આકૃતિ 6.3 બતાવે છે કે બે છેડાની System એકબીજાની સાથેના પ્રત્યાયન માટે વચ્ચેના નોડનો ઉપયોગ કરે છે. બધા જ આલેખ 7 સ્તરો છેડાની System માટે ક્રિયાશીલ હોય છે ફક્ત પહેલાં 3 સ્તરોનું કાર્ય તેની ક્રિયા વચ્ચેના નોડ વખતે કરે છે. પહેલાનાં 3 સ્તરો હંમેશા તેનું પ્રત્યાયન તેની નીચેના એન્ટાઈઝ સીસ્ટમ સાથે કરે છે. પ્રત્યાયનની પ્રક્રિયા link by link સ્તરો કહેવાય છે. તેનાથી વિરુદ્ધ પ્રત્યાયન સ્તર 4-7 ત્યારે આવે છે જ્યારે નીચેની એન્ટાઈટી છેડાની સિસ્ટમ સુધી આવે છે. તેથી સ્તર 4-7 ને end to end સ્તરો કહેવાય છે. ભૌતિક સ્તર bits ની ફેરબદલ વખતે Synochonous અથવા anynonoroneus ની સાથે મળતું આવે છે. જે આપણે એકમ - 4 માં ચર્ચા કરી. ડેટા લીંક સ્તર ભૂલીને કાબૂમાં રાખીને વિશ્વસનીય ફેરબદલ સ્તર - 2 PDUs ને જાણીતી રીતે frames કહેવાય છે. જોડાણ સ્તર પહોંચના સરનામાને આયોજિત કરવા તેમજ આધારસામગ્રીની ફેરબદલ અને જોડાણનું કાર્ય કરે છે. ટ્રાન્સફોર્ટ સ્તર પહેલુ end to end સ્તર છે કે જે ઉપભોક્તાના સંદેશાને પૂરેપૂરો બે છેડાની પદ્ધતિઓ સુધી પહોંચે છે કે નહી તે કાર્ય કરે છે. આ ઉપભોક્તાના માર્ગ અને આંતરિક જોડાણની વચમાં રહે છે. આ સ્તર ઉપભોક્તાના સંદેશાને યોગ્ય રીતે ગોઠવી સંદેશાને પૂરેપૂરો અને આખો સંદેશ બનાવી આગળના ઉપરી સ્તર સુધી મોકલતા પહેલા કાર્ય કરે છે. સંદેશાની યોગ્ય ફેરબદલીની ખાતરી કરી અને આ સ્તર આ આધાર સામગ્રીમાં ખુટતું હોય તો તે સ્તર સુધી પહોંચાતી વખતે કંઈ ભૂલો રહેતી હોય વગેરેને ફેરબદલ કરે છે. સેશન સ્તરે બે ઉપભોક્તા અથવા એક ઉપભોક્તા અને સેશનની સ્થાપનાની અરજી વખતે જેવા કે Chat, Interactive computing અથવા માહિતી શોધ વિગેરે Presentation સ્તર કાર્ય માહિતીની અદલાબદલીમાં તેના Sytax and semantics નું ધ્યાન રાખે છે. બે અલગ સાધન સામગ્રી પ્રતિનિધિ કે જે application અથવા બે અલગ અલગ વિક્રેતાઓની સંભાળ રાખે છે. સૌથી ઉપરના સ્તરને application સ્તર કે જે ઉપભોક્તાને અલગ અલગ application જેમ કે email, web page ને એક્સેસ કરવામાં ઉપયોગી થાય છે. ખુલ્લી પદ્ધતિમાં ISO-ARPANET ના પ્રયત્ન થકી અને તેના વિચારો થકી તેમજ કંપની થકી કાર્ય કરે છે. રક્ષણાત્મક પ્રોજેક્ટ દ્વારા લઈને તે પરિણામ સ્વરૂપ શરૂઆતમાં વિશ્વસનીય સાબિત થયો. તેની નેટવર્ક કોમ્યુનીટીએ ARPANET ની ટેકનોલોજી અપનાવી અને તરત જ 'defecto' નિયમન public doman પ્રસ્થાપિત કરેલ ARPANET ની ટેકનોલોજી ઈન્ટરનેટે અપનાવી લીધી અને આજના સમયમાં તેનો ખૂબ જ ઉપયોગ વધી રહ્યો છે. આપણે ઈન્ટરનેટના બંધારણ વિશે આગળના વિભાગમાં જોઈશું. તેમ છતાં ISO-OSI બંધારણ ખૂબ મોડું આવ્યું. જેમાં ઘણાં બધાં કારણો જેવા કે તુલનાત્મક તેની બાંધણી હતી. ARPANET ના નિયમનો પછીની OSI ની ભલામણો થકી અમલમાં આવ્યુ અને તેની ભલામણોના કારણે તેને ISO-OSI ને તે રીતે સંદર્ભ નમૂના તરીકે ગણી. આજે પણ નવા નિયમનો અને તેના બંધારણોને OSI ની ભલામણને આધારે ચકાસવામાં આવે છે.

## 6.5 ઈન્ટરનેટનું બંધારણ (INTERNET ARCHITECTURE)

ઈન્ટરનેટના બંધારણ 5 સ્તરીય બંધારણ તરીકે નિર્દેશ 6.4 માં દર્શાવ્યા મુજબ હોય છે.

| | |
|---|---|
| Layer - 5 | Application |
| Layer - 4 | Transmission Control |
| Layer - 3 | Internet |
| Layer - 2 | Network access |
| Layer - 1 | Physical |

ત્રણ સ્તરો મુખ્ય રીતે ISO ની ભલામણને આધારિત હોય છે. સ્તર 2ને નેટવર્ક એક્સેસ સ્તર તરીકે ઓળખવામાં આવે છે. સ્તર 3 ઈન્ટરનેટ સ્તર અને સ્તર 4 અને સ્તર 5ના નિયમોને ઈન્ટરનેટ પ્રોટોકોલ (IP) અને ટ્રાન્સમીશન કંટ્રોલ પ્રોટોકોલ (TCP) એમ ઓળખવામાં આવે છે. શરૂઆતમાં ARPANET એ ફક્ત IP and TCP ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરેલું તેના પરિણામે તેના નિયમોને અનુરૂપ તે TCP/IP તરીકે જાણીતા થયા છે. OSI અને Internet ના બંધારણમાં સૈદ્ધાતિક તફાવત

એ છે કે ઈન્ટરનેટનું આંતરિક જોડાણ પેકેટ સ્વીચના આધારે થાય છે અને OSI તેના જોડાણમાં તે પોતાના વર્ચ્યુલ સરકીટ નેટવર્ક બનાવે છે. નેટવર્ક એક્સેસ ઈન્ટરનેટમાં વાયર વગર LAN (લોકલ એરીયા નેટવર્ક) ને સાંકળી લે છે. OSI સામાન્ય રીતે WAN (વાઈડ એરીયા નેટવર્ક) ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેનું બંધારણ પહેલાની ટેલિફોન બાંધણી જેવું છે. ઘણા સમય પછી મોટા પ્રમાણમાં ઈન્ટરનેટ ઉપર પ્રસ્થાપિત નિયમનો વિકાસ થયો છે. જે TCP/IP ઉપર ચાલુ કરવામાં આવ્યા પ્રમાણે આપણે ઈન્ટરનેટના અગત્યના નિયમો વિશે આગળના વિભાગમાં સમજીએ.

## 6.6. ઈન્ટરનેટ પ્રોટોકોલ (INTERNET PROTOCOLS)

ઈન્ટરનેટ નિયમનનો વિકાસ મુખ્યત્વે ઈન્ટરનેટ સ્તર, ટ્રાન્સમીશન કન્ટ્રોલ, એપ્લિકેશન સ્તર માટે થયો છે આપણે આ દરેક સ્તરો વિશે ચર્ચા કરીશું. શરૂઆત આપણે ઈન્ટરનેટ સ્તરથી કરીશું.

### 6.6.1 ઈન્ટરનેટ સ્તર (Internet Layer)

ઈન્ટરનેટ સ્તરનું મુખ્ય કાર્ય IP data gram સુધી કે પેકેટના સ્વરૂપમાં પહોંચતી જગ્યાએ સારામાં સારી રીતે પહોંચાડવાનું છે. ઈન્ટરનેટ સ્તર કોઈ ચોક્કસ ખાતરી નથી આપતુ કે data gram ની પહોંચ સુધી તે મળી શકે. તે કાર્ય ટ્રાન્સમીશન કંટ્રોલ સ્તરનું છે કે જે ડેટાગ્રામ પહોંચ સુધી મળી રહે તેની ચોક્કસ ખાતરી આપે છે. પહોંચ મેળવનાર પ્રતિનિધિ બંને સરખા જોડાણો અથવા અલગ અલગ નેટવર્ક કે જે ઘણા બધા બીજા નેટવર્ક સુધી પહોંચે છે. આમ જોઈએ તો ઈન્ટરનેટ સ્તરની ડિઝાઈન ઘણી મહત્વની જગ્યાએ આંતરિક જોડાણની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. IP નું મુખ્ય કાર્ય સરનામું તૈયાર કરવામાં, data gram બદલવામાં અને આંતરિક જોડાણની પ્રક્રિયાને કાબુમાં રાખવાનું છે.

સૌથી પહેલા મહત્ત્વની જરૂરી બાબત IP datagram ને તેના મેળવનાર સુધી યોગ્ય અને એકમાત્ર સરનામે મોકલવાનું છે. દરેક કમ્પ્યુટર જે ઈન્ટરનેટ સાથે જોડાયેલ છે તેને host અને તેની ઓળખ તેના IP સરનામા ઉપરથી થાય છે. આમાં બે ક્રિયાશીલ આવૃત્તિનો ઉપયોગ થાય છે. મોટા પ્રમાણમાં ઉપયોગી એવી આવૃત્તિ 4 કે જે ઈન્ટરનેટ પ્રોટોકોલ એબ્રીવેટેડ (IPv4) તરીકે ઓળખાય છે. IPv4 નો ઉપયોગ સફળતાપૂર્વક 20 વર્ષથી થાય છે અને તેના 32 bits સરનામાનો ઉપયોગ થાય છે. 32 bits થી આપણે $2^{32}$ ના સરનામા મેળવી શકીએ છીએ. દા.ત. લગભગ 4 બીલીયન અસર એવી હોય છે કે જે સરનામાની જગ્યાને ટૂંકી કરી નાખી 4 બિલિયન થી ઘણી ઓછી કરી નાખે છે. છેલ્લા 20 વર્ષથી ઈન્ટરનેટના અદ્ભૂત વિકાસને કારણે આવૃત્તિ - 6 ને ટૂંકમાં IPv6 હમણા જ માન્યતા આપીને ઈન્ટરનેટમાં તેની ઓળખ આપી છે. IPv6 ના સરનામાને 128 bits લાંબા હોય છે અને 256 બિલિયન યુનિક સરનામાં સાંકળી લે છે. આવી જ રીતે સરનામાની જગ્યા ભવિષ્યમાં માનવ સમાજ માટે ઘણા દેશો સુધી સેવા આપતી જ રહેશે. આ બે સરનામાં એટલે કે IPv4 and IPv6 ની એકબીજામાં ચલાવી શકાય અને ઘણા દશકાઓ સુધી સહઅસ્તિત્વ ધરાવશે. IP સરનામાને આયોજિત અને લાગુ બિનનફાકારી સંસ્થાઓ એટલે કે (ICANN) Internet Corporation for Assigned Names and Networks કે જે એક સરખા નામ અને નંબરો host ને આપે છે. આ એકમમાં મર્યાદિત ચર્ચા IPv4 વિશે કરી જે વાચકો IPv6 મા રસ ધરાવે છે તો તેઓએ આ એકમના અંતમાં આપેલ વાંચન (Stallings Trenebaum) માં નિર્દેશ પ્રમાણે વાંચવું.

IPv4 સરનામું બંધારણ ઈન્ટરનેટના હેતુઓનું પ્રતિબિંબિત કરે છે. તેને બીજા શબ્દોમાં નેટવર્કનું નેટવર્ક કહે છે. ICNN ના દરજ્જા પ્રમાણે મુખ્ય ઈચ્છાનું ધ્યેય hosts ને બદલે નેટવર્ક રહે છે. ICANN વિશ્વમાંના સરનામા કે જે ઘણા બધા hosts ને આવરી લે છે. દરેક નેટવર્ક તેનું ધ્યેય ઈન્ટરનેટ ઉપર Router એ ઈન્ટરનેટ જોડાણ સરનામા વિશ્વના દરેક જોડાણથી માહિતીગાર અને તે datagram ને આગળ ધકેલી અને મેળવનાર સુધી મોકલમાં સક્ષમ હોય છે. પોતાનું જોડાણ ક્રમશઃ લાંબા કે મોટા જોડાણ વર્ગ A તરીકે ઓળખાય છે. તેની પાસે સરનામાની ક્ષમતા ઘણી એટલે કે 16 મિલિયન hosts and IPv4 126 જોડાણો છે. મધ્યમ માપનું Network 64k hosts ધરાવે છે. IPv4 16k મધ્યમ જોડાણો અને બે બીલીયન નાના જોડાણો આપે છે. સામાન્ય બાંધણી IPv4 સરનામાંની

સાથે 3 એકમો કે વિભાગોમાં નિર્દેશિત આકૃતિ 6.5 માં દર્શાવ્યા પ્રમાણે છે. એક bit વર્ગનું મૂલ્ય 0 વર્ગ A પ્રમાણે અને 2 bit વર્ગની સાથેનુ મૂલ્ય 10 અને 3 bit વર્ગ સાથેનું મૂલ્ય 110 નક્કી કરવામાં આવેલ છે. જે વર્ગ B અને વર્ગ C ના સરનામા મુજબ ક્રમશઃ ગણાય છે.

| Class | Network | Host |
| --- | --- | --- |

**Fig 6.5 Structure of IPv4**

A7 bits ઝીરો વગર અને 7 વગરની પધ્ધતિને અનુસરીને વર્ગ bit ના સરનામાની જગ્યા લાંબા જોડાણ માટે નક્કી કરી તે આપણને 126 એક સરખા મૂલ્ય આપે છે. જોડાણનું સરનામું કે જે મધ્યમ અને નાના જોડાણમાં 14 bits અને 21 bits ક્રમશઃ લાંબા હોય છે. આ લંબાઈથી આપણે $2^{14}$ (16 K) and $2^{21}$ (2M) મધ્યમ અને લાંબા જોડાણો નક્કી કરી શકીએ છીએ. બાકીના 32 bits ના સરનામાને hosts ના સરનામા તરીકે ગણી શકાય. તેથી વધારે ઉપરના વર્ગોના સરનામા પ્રમાણે તેની બે મહત્ત્વની શાખાઓ વર્ગ D અને E. વર્ગ D નું સરનામુ વધારે ઉપયોગી થાય છે અને વર્ગ E ને ભવિષ્યના ઉપયોગ માટે રાખી મૂકવામાં આવે છે. તેથી પણ આગળ થોડા મુખ્ય અને મહત્ત્વના સરનામાંની પદ્ધતિ પોતાના કમ્પ્યુટરના સરનામાં લોકલ જોડાણના પ્રસારણમાં અને 100 P BACK કે જે રિમોટ એક્સેસના પાયા માટે રાખવામાં આવે છે. અનુકૂળતાને દશાંશમાં મુકવામાં આવે છે અને સરનામા 4 bits માં જોવા મળે છે. દશાંશ મૂલ્ય દરેક bits નું ભાગોમાં વહેંચણી કરી અલગ અલગ કરવામાં આવે છે. જે રીતે તમે જાણો છો કે 8 bit પધ્ધતિ આપવાને 0-255 નું મૂલ્યમાં આપે છે. ઉદાહરણ મુજબના સરનામા દશાંશ પ્રમાણે 183.241.065.179 અનુભવના આધારે આપણે કહી શકીએ કે Haxadcimal નું પ્રતિનિધિત્વ આપણને ચોકસાઈ માટે મદદરૂપ થાય છે.

મોટા ભાગે આ માટે વધારામાં વધારે 256 hosts નાના જોડાણોથી અને 64 k hosts મધ્યમ જોડાણોના પરિણામે IP ના ઉપયોગ દ્વારા IP ના સરનામાની જગ્યા નક્કી થાય છે. લગભગ મોટા ભાગની સંસ્થાઓ જેવી કે યુનિવર્સિટીઓ, સંશોધન અને મોટા ઔદ્યોગિક એકમોને 256 hosts પોતાના જોડાણમાં યોગ્ય લાગે તે પ્રમાણે વર્ગ B ના સરનામાને અપનાવ્યો પણ નંબર 64 K બહુ જ વધારે આવ્યો અને વર્ગ B જોડાણોમાં વધારે ઉપયોગમાં આવ્યા. મોટાભાગની સંસ્થાના નેટવર્કમાં હજારો કમ્પ્યુટરો હોતા નથી તેના કારણે સરનામાની જગ્યા ગુમાવવી પડે છે. વર્ગ મુજબ 2-4 હજાર hosts ઘણા સારા કહેવાય પણ સમય જતાં આ બાબતની જાણ થઈ ત્યારે ઘણું નુકશાન થઈ ચૂક્યું હતું. હવે આવું નુકશાન ન થાય તે માટે Internet ના આયોજકોએ વર્ગ વગરની પ્રક્રિયાને અપનાવી તે Classcess inter Domain Routing (CIDR) - 1990 માં અસ્તિત્વમાં આવી. CIDR ના પ્રારંભિક વિચારની પાછળ બાકીના IP સરનામા અને તેના hosts માટે જેમ કે 256, 512, 1024, 2048 વિગેરે. જ્યારે CIDR વધારે મહત્વપૂર્ણ ઉપયોગ IP સરનામાની જગ્યા અને તેના દ્વારા મોટા ફેરફારો ઈન્ટરનેટના રાઉટરમાં કરવામાં આવ્યા. તેના પરિણામે રાઉટરમાં દેખીતો બદલાવ તેના આયોજનમાં બંને વર્ગવાળા અને વર્ગ વગરના સરનામામાં થવા લાગ્યો. રાઉટીંગ જરૂરીયાત મુજબ સામાન્ય અને તેની બાંધણી નાની અને વર્ગ સરનામાવાળી બનાવવામાં આવી. CIDR ના કારણે પરિસ્થિતિ બદલાઈ અને રાઉટરને ઘણા મોટા માહિતીવાળા database અને તે પણ તેના જોડાણના સરનામાંની જગ્યાની લંબાઈ સાથેની જવાબદારી થઈ પડી. IPv4 આ માટેનું ઉદાહરણ છે કે કેવી રીતે કામચલાઉ અને નહીં દેખાતા એવા નિર્ણયો કે જે વૈશ્વિક થઈ જતાં તે ગૌણ છે. આવા ફેરફારો ટેલિ કોમ્યુનિકેશન જેમ કે ટેલિફોન અને CIDR નંબરમાં થયા નથી. સૌથી વધારે ઈન્ટરનેટનો ગેરફાયદો એ છે કે તારવેલા નિર્ણયો કરતા કામચલાઉ નિર્ણયો કે નિરાકરણ જોવા મળે છે. આ પરથી ચોક્કસ એમ કહી શકાય કે કોઈ માન્ય માનાંકોની પ્રક્રિયા જેમ ISO and ITU અપનાવે છે એની જોવા મળતી નથી.

હવે બીજી એક IP ની બાબતમાં subnet ના સિદ્ધાંત વડે સરનામાંનો વિકાસ થયો. આ સિદ્ધાંત ત્યારે આવ્યો જ્યારે સંસ્થાઓએ પોતાના જોડાણને ઈન્ટરનેટ ઉપર રજીસ્ટ્રર કર્યું ત્યારે મળી આવ્યું. એ પોતે જ એવા પ્રકારનું જોડાણ છે જે નાના જોડાણથી બને છે. સામાન્ય રીતે ઘણા LAN તેનું ઉદાહરણ છે. યુનિવર્સિટીમાં તેના દરેક ભવનોમાં Local area Network હોય છે અને ધ્યાનમાં લઈને બીજા સ્તરના જોડાણની નોંધણી કે જેમાંના આ દરેક નાનામાં નાના જોડાણોને પેટા જોડાણ કે જેની સાથે hosts જોડાયેલ હોય છે તેથી Hosts ના સરનામાની જગ્યા બે ભાગોમાં ઉપરના આદેશવાળા બીટ્સ

પેટા જોડાણ જોડવાનું પ્રતિનિધિત્વ કરે છે. નીચા આદેશવાળા બીટ્સ કે જે subnet નું પ્રતિનિધિત્વ કરે છે. subnet માં દરેક એન્ટ્રી પોઈન્ટ રાઉટીંગના વિચાર પર આધારિત છે. એન્ટ્રી પોઈન્ટ દરેક subnet માં રાઉટર કે ઈન્ટરનેટ રાઉટર સાથે એક બાજુથી અને સબનેટ host સાથે બીજી બાજુથી જોડાય છે. CIDR ની પ્રસ્તાવનામાં અને સબનેટના સિદ્ધાંતમાં થોડો તફાવત તેના IP સરનામામાં રહેલો છે. જોડાવાનું સરનામુ દરેક રીતની લંબાઈ ઉપરાંત તેની લંબાઈની સાથે subnet ને નિર્દેશે છે. તેના નવા notation સાથે અંતમાં જોડાય છે. દા.ત. નવુ નોટેશન એટલે કે 183,241.060.000.23.

આપણે હવે IPv4 datagram ના બંધારણ વિશે ચર્ચા કરીશું જે નિર્દેશ 6.6 માં દર્શાવેલ છે. IP datagram એ packet તરીકે જાણીતું છે. IP datagram નું બંધારણ અને અલગ અલગ એકમો જે IP ને નક્કી કરે છે. IP data gram આધારસામગ્રીનો એકમ ઉપરી ભાગમાં હોય છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Version | Header Length | Service Type | Datagram Length | | | |
| Datagram Indentifier | | | D | M | Fiagment Identifier | |
| Time to Live | Upper Layer Protocol | | Header Error Control | | | |
| Source Address | | | | | | |
| Destination Address | | | | | | |
| Options | | | | | | |

**Fig 6.6 Structure of IP datagram (Functional)**

સૌથી પહેલી બાબત IP datagram (Functional) વિશે જોઈએ તો બંને ઉપરી ભાગ (Header) અને આધારસામગ્રીના એકમો અલગ અલગ લંબાઈના હોય છે. આમ છતાં આ સત્ય દ્વારા અવરોધો તેની પ્રક્રિયામાં આવે છે. ઈન્ટરનેટ શા માટે ધીમું ચાલે છે તે માટે ઘણા અવરોધો કારણભૂત છે. ઓછામાં ઓછી ઉપરી લંબાઈ અથવા મથાળાની લંબાઈ (Header Length) અને વધારેમાં વધારે data gram હોય છે. વધારેમાં વધારે data gram અલગ જોડાણો (network) તેની પોતાની વધારેમાં વધારે સાઈઝ જે header (મથાળુ), અને data field (આધારસામગ્રી એકમો) 64 bytes હોય છે. અલગ અલગ જોડાણો (Network) તેના પોતાના વધારેમાં વધારે માપ 64 K થી નીચેનું રાખે છે. જોડાણ (Network) ના વધારેમા વધારે માપને Maximum Transfer Unit (MTU) કહેવાય છે. આ સગવડ અંતરાયરૂપ datagram પ્રક્રિયા ને MTU ના માપ કરતા વધારે રાખવામાં આવે છે તેને ફરીવાર બનાવી તેના જ નેટવર્કમાં exit point ઉપર પ્રક્રિયા ફરી બનાવવાની આવે છે. આવી બાબતમાં આપણે data gram ને તેના આંતરિક બંધારણમાં ઓળખવા પડે. આમ છતાં ઘણીવાર કોઈક application માં આવા ફેરફારો આપવાની શક્યતા નથી.

આગળ બતાવ્યા મુજબ સ્તરોના બંધારણમાં સ્તરોના ઉપયોગની બાબતમાં સ્તરોનો માપદંડ નક્કી કરવામાં નથી આવતો તે નક્કી કરવાવાળા ડિઝાઈનરને નક્કી કરવું ભૂલી જાય છે. આ યુક્તિ કે વિચાર નવા સંશોધનને જન્મ આપે છે. IP સ્તરની બાબતમાં મોટા પ્રમાણમાં રાઈટીંગની ગણતરીની ડિઝાઈન અલગ અલગ પધ્ધતિ દ્વારા બનાવવામાં આવે છે. આમાંની અમુક ગણતરી Robustness ના નામે પેકેટની network માં હાજરીની નોંધ લે છે. ભલે તે આંતરરાષ્ટ્રીય નેટવર્ક ન હોય તો પણ IP ના પેકેટ સાવચેતીપૂર્વક તેના નેટવર્ક ઉપર જીવંત રહેવાની શક્યતાઓ હોય છે. IP Header તેના એકમને નક્કી જગ્યાએ વધારેમાં વધારે સમય packet નેટવર્ક ઉપર નક્કી કરે છે.

આ દરેક ચર્ચાના અંતે મહત્ત્વના બધા એકમો (field) કે જે IP datagram માં સ્વાભાવિક રીતે આવેલા હોય છે. Service type ના એકમ સારી રીતે IP માં નક્કી થયેલા નથી હોતા તેનો અર્થ તે નિર્દેશ data gram ની ફેરબદનીથી પ્રાથમિકતા પૂરવાર કરે છે. D એકમ (Field) જ્યારે ગોઠવાય છે ત્યારે તે ભાગ માટેની મંજુરી આપે છે. M એકમ datagram ની વચ્ચેના ભાગ અને છેલ્લા ભાગને અલગ અલગ કરે છે અને એકમ 'Upper Layer Protocol' આ data gram ને જ્યાં મોકલવાના છે તેના માટે નિયમન નક્કી કરે છે. ભૂલો વગરનું મથાળુ અત્યંત જરૂરી છે અને આ માટે data gram ના મથાળાના પેકીંગની પુરતી વ્યવસ્થા ભૂલો ન થાય તે માટે રાખવામાં આવે છે.

IP ઉપરાંત તેના ઘણા નિયમનો ઈન્ટરનેટના સ્તર માટે રાખવામાં આવે છે. જે ઈન્ટરનેટની પ્રક્રિયાની

દેખરેખ રાખે છે. તેમાં ICMP (Internet Control Message Protocol) - DHCP (Dynamic Host Configuration Protocol) awnd BOOTP (Bootstrip Protocol) વિગેરે તેના બે નિયમનો IP સ્તરમાં જેનો વ્યવહાર સરનામાની અદલાબદલી કે જે ઈન્ટરનેટના સ્તર અને નેટવર્ક એક્સેસ સ્તર વચ્ચે હોય છે. આપણે આ બાબત વિશે ચર્ચા કરીશુ. 6.8 વિભાગમાં LAN અને આ નિયમનો Address Resoultion Protocol (ARP) and Address Resoultion Protocol (RARP). વાયરેસ કોમ્યુનિકેશનની શોધને કારણે ઈન્ટરનેટના એક્સેસ મોબાઈલ ફોન અને લેપટોપને કારણે તેના માટે વિશેષ સગવડતા મેળવવી પડી અને તેની સફળતા એજન્ટ પધ્ધતિ અને મોબાઈલ એન્ટાઈઝ ને કારણે મળી. મોબાઈલ દ્વારા ઈન્ટરનેટના ઉપયોગ વિશે આપણે Mobile IP માં જોઈશું

◆ **સ્વ અધ્યયન**

(1) આપેલ IP address જેમ કે 196.26.16.120 તેનો નેટવર્ક વર્ગ અને નેટવર્ક address નક્કી કરો. ધારો કે 8 પેટા નેટની જગ્યાએ host address નક્કી કરો.

નોંધ : (1) તમારા જવાબ આપેલ જગ્યામાં લખો

(2) તમારા જવાબને અંતમાં આપેલ જવાબ સાથે તપાસો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

### 6.6.2 પ્રસારણ નિયમન સ્તર (Transmission Control Layer)

સૌથી મહત્ત્વનું ટ્રાન્સમીશન કંટ્રોલ સ્તરનું કાર્ય એ છે કે વિશ્વસનીય, જરૂરી અને સરળ રીતે ઉપભોક્તાને તેનો સંદેશો મોકલનારથી મેળવનાર સુધી મળી રહેતો હોય છે. ભલે પછી તે ભૌતિક જોડાણ અથવા જોડાણોની સાંકળ હોય. ઈન્ટરનેટના ટ્રાન્સમીશન કંટ્રોલ સ્તરને બે નિયમનો હોય છે.

1. User Datagram Protocol (UDP)
2. Transmission Central Protocol (TCP)

આપણે ઈન્ટરનેટ સ્તરમાં IP datagram વિશે જોયું. IP datagram એ Network datagram માં જ્યારે ઉપભોક્તા datagram જે વખતે જે એપ્લીકેશન, કોઈ ટૂંકા સંદેશ એક જ સમયે મોકલે તેને કહે છે. એ હકીકત સ્વીકારવી રહી કે UDP નો ઉપયોગ જોડાણ વગરની સેવા આપે છે અને આ ડેટાગ્રામને કોઈ નક્કી કર્યા વગરના જોડાણ દ્વારા મેળવનાર સુધી નેટવર્ક ઉપર મોકલવામાં આવે છે. જ્યારે બીજી બાજુ TCP એ જોડાણવાળું નિયમન અને 3 માં કે જે સરકીટ સ્વીચીંગ, જોડાણની નિયુક્તિ, આધાર સામગ્રીની ફેરબદલ અને જોડાણમુક્ત તબક્કા એકમ હોય છે. તેનો ઉપયોગ તેનો મોટા પ્રમાણમાં આધાર સામગ્રીને ફેરબદલમાં, જેમ કે data transfer application માં થાય છે, અને તેમાં ઘણા મોટા પ્રમાણમાં એપ્લીકેશનની અદલાબદલીમાં ટૂંકી વિનંતીઓ અને ટૂંકા જવાબો આપવામાં આવે છે. તેમાં UDP ની થોડી લંબાઈઓ જે નેટવર્ક ઉપર કેવી રીતે ચલાવવામાં આવે છે તે વિશે ચર્ચા કરીશું. જે વાચકો TCP વિશે વધારે સમજવા માંગતા હોય તેમને આ એકમના અંત ભાગમાં (Staulling or Tanenbam) 5 માં જોવું.

**Transmission Control Layer (TCL)** તેનુ કાર્ય ભૌતિક જોડાણ અને એપ્લીકેશન ચલાવતા ઉપભોક્તા વચ્ચેનું હોય છે. આમાંની ઘણી એપ્લીકેશન માટે hosts તેનું ઘર મનાય છે. બધી જ એપ્લીકેશનમાં TCL ની સેવા લેવામાં આવે છે. જ્યારે IP datagram IP સ્તર દ્વારા TCL સુધી મોકલવામાં આવે છે ત્યારે TCL ને એ જાણવું આવશ્યક પડે છે કે કંઈ એપ્લીકેશનમાં પેકેટને મોકલવાનું છે. datagram ની એપ્લીકેશનમાં બાંધણીને ports કહેવામાં આવે છે. આ બાંધણી તેના દ્વારા કરવામાં

આવે છે જેના દ્વારા સંદેશાની ફેરબદલીનું આયોજન કરવામાં આવે છે. આ એપ્લીકેશનની બાંધણી પોર્ટ નંબર દ્વારા કાયમી અથવા કામ ચલાઉ એપ્લીકેશન ચલાવવામાં કરવામાં આવે છે. પોર્ટ નંબર 0 થી 1023 ને માન્ય સેવા માટે રાખી મુકવામાં આવે છે. થોડી માન્ય સેવા માટેના પોર્ટ નંબર ટેબલ 6.1 મુજબ આપેલ છે. મોકલનારના પોર્ટ અને મેળવનારના પોર્ટનું સરનામું TC ના મથાળામાં સંગ્રહ કરવામાં આવે છે.

UDP's Protocol Data Unit (PDU) આધારસામગ્રીના નિયમનના એકમનો 6.7 માં નિર્દેશ કરવામાં આવેલ છે. PDU નું 8 bytes નું મથાળુ આધારસામગ્રી પછી હોય છે. UDP, PDU ને IP datagram ના ફેરબદલ માટે સોંપી દેવામાં આવે છે.

| Source Port | Destination Port |
|---|---|
| UDP Length | UDP Error Control |
| UDP Data | |

Fig 6.7 Structure of UDP PDU

આખું UDP PDU એ IP Datagram ના આધારસામગ્રીનો ભાગ છે. મેળવનારના port નો ઉપયોગ TLC દ્વારા UDP ને સાચી એપ્લીકેશનમાં મોકલવામાં આવે છે. જે એપ્લીકેશનનો ઉપયોગ મોકલનાર port માટે તેનો જવાબ મોકલનાર સુધી આપવામાં કરે છે. UDP મૂલ્ય તેની લંબાઈ નક્કી કરી પૂરેપૂરી PDU ની લંબાઈ આધાર સામગ્રીના મથાળાના ભાગ સાથે ગણવામાં આવે છે. UDP ભૂલ સુધારક એકમ છે. આ એકમ PDU ના મથાળાના ભાગમાં જ ઉપયોગમાં આવે છે. UDP datagram ના લેવલે ભૂલસુધારક તરીકે કાર્ય કરતું નથી. એપ્લીકેશન લેવલે તેની સંભાળ અત્યંત જરૂરી છે. UDP કોઈ મોકલવાની ખાતરી સ્વીકારતું નથી. જો datagram ખોવાઈ જાય તો એપ્લીકેશનને આગળથી રીકવર કરી લેવી પડે. UDP ના સાદા નિયમન છે. આ UDP ના ગુણધર્મ દ્વારા આ એપ્લીકેશનને માટે ઉચ્ચ પ્રકારની ગુણવત્તા જરૂરી નથી.

### 6.6.3 પ્રસ્તુતિય સ્તર (Application Layer)

ઈન્ટરનેટ ઉપર મોટા પ્રમાણમાં એપ્લીકેશનના નિયમનોનો વિકાસ થયો છે. તેમાંના અમુક મહત્ત્વના ટેબલ 6.1 માં દર્શાવેલ છે. સાથે તે જે એપ્લીકેશનનો ઉપયોગ કરે છે તે પણ દર્શાવેલ છે. માન્ય પોર્ટ નંબર કે જે TCL દ્વારા નક્કી કરવામાં આવેલ છે. FTP (ફાઈલ ટ્રાન્સફર પ્રોટોકોલ) નો ઉપયોગ ફાઈલને એક host થી બીજા સુધી ઉપભોક્તાની દેખરેખ નીચે લઈ જવામાં કરવામાં આવે છે. જે નિયમન text and Binary ફાઈલોના નિર્દેશો વિગેરેને ફેરબદલ કરવામાં મદદ કરે છે. તેને માટે Access ની મંજૂરી તેની ફાઈલોને એક્સેસ કરવા માટેની ઉપભોક્તાની ક્ષમતા ઉપર આધારિત છે. ઉપભોક્તા તે ફાઈલ નક્કી કરે છે અને ફાઈલ તેની પ્રક્રિયા કરે છે.

TELENT રીમોર્ટ Log in ની સગવડ આપે છે. ઉપભોક્તા કમ્પ્યુટર દ્વારા લોગીન કરીને કે સાદા કમ્પ્યુટર અથવા P.C. ના ઉપયોગી TELENT દ્વારા રિપોર્ટ કરી શકે છે. Simple Mail Transfer Protocol કે જે પ્રાથમિક e-mail ની ફેરબદલમાં ઉપયોગી થાય છે. SMTP ના ગુણધર્મોમાં, e-mail-forwarding, એકનોલોજમેન્ટ અને mail મોકલવાની યાદી આપે છે. Multi Purpose Internet mail Extension Protocol (MIME) કે જે SMTP થી આગળ જે Multimedia માહિતીની ફેરબદલ કરવામાં મદદરૂપ થાય છે. MIME નું આયોજન SMTP દ્વારા કરવામાં આવે છે કે જેને TCP માં ફેરવે છે. HTTP નો ઉપયોગ વૈશ્વિક નેટવર્ક (www) ના એકસેસ માટે કરવામાં આવે છે. તે વેબ ડોક્યુમેન્ટનો સંગ્રહ કરે છે. વેબ ડોક્યુમેન્ટનો સંગ્રહ HTML દ્વારા કે જે Electronics Document માટેની માર્કઅપ ભાષા કહેવામાં આવે છે તેના દ્વારા કરવામાં આવે છે.

**Table 6.1 Important Application Layer Protocols**

| Protocol | Appliction | Port | TCL |
|---|---|---|---|
| FTP | File Transfer | 21 | TCP |
| TELNET | Remote Logine | 23 | TCP |
| SMTP | Electronic Mail Application | 25 | TCP |
| HTTP | World Wide Web | 80 | TCP |
| SNMP | Network Management | - | UDP |
| RTP | Real Time Applications | - | UDP |
| MIME | Multimedia Mail Application | - | SMTP |

Simple Network Management Protocol (SNMP) કે જે ઈન્ટરનેટના આયોજનમાં ઉપયોગી થાય છે તેનો ઉપયોગ host ના સાદા કમાન્ડ માટે અને જોડાણના (નેટવર્ક) ના કાર્ય ઉપર દેખરેખ રાખવા માટે થાય છે. Real Time Transport Protocol (RTP) નો ઉપયોગ દશ્ય શ્રાવ્યનું પ્રસારણ કરવામાં થાય છે. જેનો ઉપયોગ મલ્ટીમીડીયા એપ્લીકેશન જેવી કે વિડિયો કોન્ફરન્સ, સંગીતની માંગણી અને ઈન્ટરનેટ વિડિયો કોન્ફરન્સ ટેલિફોનીંગ માટે થાય છે.

## 6.7 ક્લાઈન્ટ સર્વર બંધારણ (CLIENT SERVER ARCHITECTURE)

ક્લાઈન્ટ સર્વર બંધારણનો મોટા ભાગે ઉપયોગ આધાર સામગ્રીના જોડાણોમાં કરવામાં આવે છે તેનો ઉદ્‌ભવ 1960 થી 1970 ના દશકામાં થયો છે અને આંતરિક કમ્પ્યુટરીંગમાં ઉપભોક્તા Mainfram Computer દ્વારા કે જે સામાન્ય કે વિશિષ્ટ કોઈપણ કમ્પ્યુટર હોય તેના દ્વારા કરવામાં આવે છે. લેવડદેવડના નમૂના (Interactive Mode) જેવું બંધારણ ગુરુ શિષ્યના ગુણધર્મ પ્રમાણે કરવામાં આવે છે. Main Frame Computer ગુરુ તરીકેનું કાર્ય કરે છે જ્યારે બીજુ ટર્મીનલ શિષ્ય ટર્મીનલ તેના ગુરુ કમ્પ્યુટરના સંપૂર્ણ કાબુમાં હોય છે.

PC અને આધારસામગ્રીના જોડાણોની શોધને કારણે આ નમૂનામાં ઘણા ફેરફારો આવ્યા. ટર્મીનલ બદલાઈને PCs થયા અને તે આધારસામગ્રીના જોડાણ સાથે જોડાઈ જવામાં સક્ષમ હતા. PCs બીજા અલગ અલગ કમ્પ્યુટરો સાથે અલગ અલગ સમયે પરિચય મેળવે છે. તે થોડા પ્રમાણમાં તેના વચ્ચે computing કાર્ય કરે છે. આ પરિસ્થિતિને peer to peer interaction model કહેવાય છે. વહેંચણીનુ computing એવો નિયમ થઈ પડ્યો છે. સમય જતા Computer ને સર્વર કહેવામાં આવ્યા જે અલગ અલગ સેવાઓ નેટવર્ક્સ ઉપર આપવા લાગ્યા. તેના થકી બીજા કમ્પ્યુટર એક્સેસ થઈ શકે તેને ક્લાઈન્ટ તરીકે ગણવા લાગ્યા. જે સેવા આપનાર કમ્પ્યુટરના ક્લાઈન્ટ ગણાવા લાગ્યા. આના કારણે ક્લાઈન્ટ - સર્વર બંધારણની જરૂરિયાત ઊભી થઈ.

કમ્પ્યુટર નેટવર્ક ઉપર બંને રીતે એટલે કે ક્લાઈન્ટ અને સર્વર એમ બંને રીતે કાર્ય કરે છે. તે જ્યારે સેવા પૂરી પાડે છે ત્યારે તે સર્વર બને છે અને જ્યારે તે સેવાને બીજા કોઈ કમ્પ્યુટર દ્વારા એક્સેસ કરવામાં આવે છે ત્યારે તે ક્લાઈન્ટ બને છે. તેથી આપણે એમ કહી શકીએ કે ક્લાઈન્ટ સર્વરનું બંધારણ એવા પ્રકારનું છે કે જેને વહેંચાયેલા કમ્પ્યુટરીંગ (Distributed Computing) ની સાથે peer to peer નું જોડાણ કહી શકાય છે.

ક્લાઈન્ટ સર્વરની બાહ્ય ગોઠવણી સચિત્ર નિર્દેશ 6.8 માં દર્શાવ્યા મુજબ હોય છે. તેમ બે યંત્રો અને તેની ગોઠવણી નેટવર્કમાં હોય છે. તેમાં એક સર્વરનું યંત્ર (બીજા) ક્લાઈન્ટનું યંત્ર અને આધારસામગ્રીનું જોડાણ (Data Network) સર્વર અને કલાઈન્ટ તેની પ્રક્રિયા આધારસામગ્રીના જોડાણ દ્વારા કરે છે. સર્વર ગોઠવેલી માહિતી અને સ્પર્ધાત્મક સેવાઓને કે જે રિમોર્ટ કલાઈન્ટમાં ઉપયોગમાં લેવા અને આપવાનું કાર્ય કરે છે અને બીજી ગોઠવણીમાં ઘણા બધા કલાઈન્ટસ એક જ સમયે કોઈ એક સર્વરને એક સાથે એક્સેસ કરી શકે છે.




નિર્દેશ 6.8 ક્લાઈન્ટ સર્વરની ગોઠવણી

ક્લાઈન્ટ સર્વરની પ્રક્રિયા નીચે મુજબના ત્રણ સ્તરે કરવામાં આવે છે.

(1) માનવ - યંત્ર

(2) માનવ - માનવ

(3) યંત્ર - યંત્ર

સૌથી પહેલું ઉદા. ખૂબ જાણીતું છે. માનવ ક્લાઈન્ટ અને યંત્ર સર્વરનું ઉદાહરણ ઉપભોક્તા દ્વારા માહિતીની શોધ સર્વર ઉપર કરવામાં આવે તે મુજબનું છે. બીજી બાબતના ઉદાહરણમાં બે ઉપભોક્તા વચ્ચેની માહિતીની પ્રક્રિયાને ગણી શકાય. ફાઈલની ફેરબદલી અથવા ઈ-મેઈલની ફેરબદલી કે જે બે અથવા બે થી વધારે યંત્રોમાં કરવામાં આવે છે તે ત્રીજી બાબતનું ઉદાહરણ દર્શાવે છે. બધી જ ક્લાઈન્ટ સર્વરની પ્રક્રિયામાં ક્લાઈન્ટ દ્વારા હંમેશા શરૂઆત કરવામાં આવે છે. ત્યારે server તૈયાર હોય છે અને કાંઈપણ જોયા વિના, કંઈ કર્યા વગર રાહ જોવે છે. જેમ કે દુકાનદાર પોતાની દુકાન ખોલીને વસ્તુ વહેંચવા માટે તૈયાર રહે છે પણ ખરેખર આદાન-પ્રદાન ત્યારે થાય છે જ્યારે ગ્રાહક આવે છે. ક્લાઈન્ટ સીસ્ટમ કરતા સર્વર સીસ્ટમ વધારે સક્ષમ હોય છે તે નીચેની બાબતને અનુસરે છે.

❖ PC Servers

❖ Work Station Servers

❖ Main Fram Server

PC server સામાન્ય રીતે Intel 32 bits Micro processer નો ઉપયોગ કરે છે તેની પાસે વિશાળ RAM and Hard disk ની સક્ષમતા હોય છે. તે સરખી રીતે સતત ચાલતા અંતરાયો સાથે જરૂર પડે back up અપનાવે છે. PC Servers પાસે ફરજિયાત રીતે તેવી Operating system હોવી જોઈએ કે જે એક સાથે ઘણા બધા ઉપભોક્તા માટે ઘણા બધા client PC એક સાથે સર્વર સાથે જોડાઈ શકે. આવી operating system, Network Operating System તરીકે જાણીતી છે. થોડી જાણીતી operating system જેવી કે Ms Window NT, Window 2000, Novel Network અને Linux કહી શકાય. ઘણા બધા સર્વરની ડિઝાઈન તેવી રાખવામાં આવે છે કે જે એક સાથે ઘણા બધા Client થી જોઈ શકાય. work station servers હાઈ પાવર અથવા કસ્ટમ ડીઝાઈન Microprocessors સાથેની સીસ્ટમ્સ હોય છે. વર્ક સ્ટેશન સર્વર Unix ઓપરેટીંગ સિસ્ટમની નીચે ચાલે છે. તેની પાસેના સાધનો દ્વારા અલગ અલગ જાતની એપ્લીકેશનને મદદરૂપ થાય છે. Windows કરતા Unix વધારે વિશ્વસનીય ઓપરેટીંગ સિસ્ટમ ગણી શકાય. અને તે Windows and Unix ની અવેજી અથવા તે બંનેના બદલામાં લઈ શકાય તેવી અનુકૂળ કરી શકાય છે. ભવિષ્યમાં એવું પણ બને કે PCs સર્વર અને વર્ક સ્ટેશન બંને Windows and Unix કરતા Linux નો ઉપયોગ કરી શકે. Main frame કમ્પ્યુટરવાળા સર્વર સ્ટેશન કરતા Unix વર્ક વધારે વિશ્વસનીયતા કહી શકાય. કોઈક વાર Main Frame સર્વરને એન્ટરપ્રાઈઝ સર્વરર્સ કે જે કહે તેઓ અન્ય સર્વર કરતા વધારે સક્ષમ છે.

ક્લાઈન્ટ સિસ્ટમ બે પ્રકારની હોય છે.

❖ Desktop PCs

❖ Mobile Station

Desktop સિસ્ટમનો સૌથી પ્રચલિત ઉપયોગ Intel માઈક્રો પ્રોસેસર સાથેના કમ્પ્યુટર કે જે MS windows ની ઓપરેટીંગ સિસ્ટમને આધારિત હોય છે. તેને ઘણી વખત Wintel પણ કહેવામાં આવે છે. જે બંને windows operating system અને Intel Miror Processors ને સૂચવે છે. Desktop PCs નો બીજો વર્ગ Apple Macintosh છે. મોબાઈલ સ્ટેશન કે જે સાદો પ્રકાર છે : જેમ કે સેલ્યુલર ટેલિફોન, નોટબુક, કમ્પ્યુટર, અંગત ડીઝીટલ આસિસ્ટન્ટ અથવા ટેબલેટ PCs વિગેરે.

ક્લાઈન્ટ સર્વર બંધારણમાં બધી જ એપ્લીકેશનને બે વિભાગો હોય છે. સર્વર કાર્યકારી વિભાગ અને ક્લાઈન્ટ કાર્યકારી વિભાગ. સર્વર કાર્યકારી વિભાગ ચોક્કસ સેવાઓ પૂરી પાડવાની જવાબદારી

રાખે છે. જ્યારે ક્લાઈન્ટ કાર્યકારી વિભાગ તે સેવાઓને જોવામાં મદદરૂપ થાય છે. તેથી જ કોઈપણ Aplication નો વિકાસ કરવા માંગતા હોય એવા સર્વર અને ક્લાઈન્ટના સંશોધનો Software માં હોય છે. તેનો વિકાસ કરવો જરૂરી બને છે. ક્લાઈન્ટના સોફ્ટવેરની જરૂરી બાબત એ છે કે તેની વહેંચણી બધા જ ક્લાઈન્ટ યંત્રો સાથે પૂરા વિશ્વમાં ફેલાવવી પડે છે. દા.ત. તમે કોઈ PDF ફાઈલ ને જોઈ શકો નહીં જો Acrobat તમારી પાસે ન હોય. તે ક્લાઈન્ટ સોફ્ટવેર છે જે PDF ને જોવામાં મદદરૂપ થાય છે. પહેલાના વખતમાં નવી સર્વર એપ્લીકેશન માટે કસ્ટમ ડીઝાઈન ક્લાઈન્ટ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવતો. પછીથી તે હજારોની માત્રામાં લેનાર ઉપભોક્તાને વિશ્વમાં પહોંચાડી શકવું શક્ય ન હતુ. અને તે બહુ સમય લેતું અને ખર્ચાળ થઈ પડે તેવું હતું. આથી www ના આગમનને કારણે વધારેમાં વધારે એપ્લિકેશનને web દ્વારા જોઈ શકાય તેવી બનાવવામાં આવી. તેથી હવે તે બધી જ એપ્લીકેશનમાં બ્રાઉઝરનો ઉપયોગ થવા લાગ્યો કે જે કોઈ વિશિષ્ટ ક્લાઈન્ટ સોફ્ટવેર વગર પણ ચાલી શકે. તેમાનાં બે જાણીતા બ્રાઉઝરમાં એક ઈન્ટરનેટ એક્સપ્લોઝર કે જે માઈક્રોસોફ્ટ દ્વારા નિર્મિત છે અને બીજો Netscape Neviagtor જે Netscape દ્વારા નિર્મિત છે.

નેટવર્ક એપ્લીકેશનના બે પ્રકાર ડિઝાઈન કરવામાં આવેલ છે.

- ❖ FMC Access Mode
- ❖ Message Passing Mode

પહેલામાં સર્વર ફક્ત કાર્યક્રમ અને આધારસામગ્રીની ફાઈલોનો સંગ્રહ કરે છે. જેના કાર્યક્રમ (program) અને આધાર સામગ્રીને નેટવર્ક ઉપર કોપી કરવામાં આવે છે. જે ક્લાઈન્ટ યંત્ર ઉપર અને ત્યાં program ને ચલાવવા માટે થાય છે. તેનું સૌથી સારુ ઉદાહરણ e-mail સર્વર કહી શકાય. અહી સર્વર ફક્ત ઉપભોક્તાના mail નું સંચાલન કરે છે અને ઉપભોક્તા તેને ડાઉનલોડ કરીને તેના યંત્રમાં સંગ્રહ કરવાની પ્રક્રિયા કરે છે. જ્યારે બીજા પ્રકારમાં પ્રક્રિયાનો સર્વર અને ક્લાઈન્ટ તેના સંદેશાની અદલ - બદલ માટે કરે છે. આ પ્રકારને Request Response પણ કહી શકાય. એટલે કે Information Retrival સર્વર પણ કહી શકાય. આ બાબતને ધ્યાનમાં લઈને કહીએ તો Retrival (પુનઃપ્રાપ્તિ) Software સર્વર ચાલે છે અને તેની બાકીની પ્રક્રિયા ક્લાઈન્ટ દ્વારા કરવામાં આવે છે.

## 6.8 આધારસામગ્રી જોડાણનું વર્ગીકરણ (DATA NETWORKS CLASSIFICATION)

આધારસામગ્રીનું વર્ગીકરણ તેના ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

- ❖ Wide Area Network (WAN)
- ❖ Metropolitian Area Network (MAN)
- ❖ Local Area Network (LANs)
- ❖ Home Networks

શહેર શહેર વચ્ચેનું, દેશ દેશ વચ્ચેનું આંતરરાષ્ટ્રીય નેટવર્ક્સ WANs તરીકે જાણીતું છે. પ્રત્યાયનના સંસાધનોના ઉપયોગ અને તેને આધારે તેનું Terrestrial Data Networks (TDNs) અથવા સેટેલાઈટ થકી ચાલતું Data Networks (SBDBs) કહી શકાય. આમ TDNs ને આગળ બે પ્રકારે વિભાજીત કરી શકાય જેમ કે, Wired Networks Wireless Networks. આ મુજબ આધારસામગ્રીનું પ્રત્યાયન કેબલ અથવા ફાયબર ઓપ્ટીક લીંક દ્વારા કરવામાં આવે છે અને (SONET) ની ડિઝાઈન તેના કાર્યની વધારે ગતિ માટે પ્રત્યાયનમાં WANs માટે કરવામાં આવે છે. SONET માં એવા Coaxial કેબલનો ઉપયોગ કરવામાં આવે છે જે વધારે ગતિવાળા પ્રત્યાયન માટે ઉપયોગી થાય છે. ગ્રેસ્ટ્રોશનરી સેટેલાઈટનો ઉપયોગ SBD ના પ્રત્યાયનમાં કરવામાં આવે છે.

Metropolitan Area Network (MAN) કે જે અલગ અલગ મુખ્ય સ્થળ વચ્ચેના કોમ્પ્યુટરના જોડાણ થકી થાય છે. MANs નો વિચાર આધારસામગ્રીના જોડાણ માટે તેના એન્ટના ટેલિવિઝન

સિસ્ટમ (CATv) દ્વારા ખરેખર તેનું આયોજન જ્યાં ટેલિવિઝન સિગ્નલ ઓછા મળે તેના માટે કરવામાં આવેલું. આ માટે મુખ્ય સ્થળોની જાતિ માટે અને આવા નેટવર્ક માટે ઊંચા પર્વત કે ટાવરમાં તેનુ આવરણ કરવામાં આવેલ છે. તેને નજીકમાં જ ટેલિવિઝનના સિગ્નલસને વાયર દ્વારા ઘર સુધી વહેંચવામાં આવે છે. આ માટે સેટેલાઈટ પ્રસારણનો ફાળો મહત્વનો છે. જેના માટે આજે વિશ્વમાં કેબલ ટેલિવિઝન નેટવર્ક દરેક મોટા શહેરમાં ઉદ્ભવી શક્યા છે. જ્યારે આના થકી મોટા પ્રમાણમાં લોકોને આકર્ષી શક્યા છે. આજે કેબલની વ્યવસ્થાને કારણે બે બાજુનુ ઈન્ટરનેટનું પ્રત્યાયન થઈ શક્યું છે. આવા સિગ્નલસને વાયર દ્વારા ઘર સુધી વહેંચવામાં આવે છે. આ માટે સેટેલાઈટ પ્રસારણનો ફાળો મહત્વનો છે. જેના માટે આજે વિશ્વમાં કેબલ ટેલિવિઝન નેટવર્ક દરેક મોટા શહેરમાં ઉદ્ભવી શક્યા છે. ઘરે ઘરે આ વ્યવસ્થા અથવા સેવાને પહોંચાડી શકેલ છે. આથી વધારે set-TOP-Box (STB) કે જે ટેલિવિઝન સાથે જોડાઈને આવી જ રીતે ઉપયોગ કરીને જરૂર હોય ત્યારે ઘરના કમ્પ્યુટર ઉપર વિડીયો પણ મળી શકે છે. ઈન્ટરનેટ ઉપરથી TVset ને ધીમા કમ્પ્યુટર તરીકે ગણવામાં આવે છે. આ ઉપરાંત બીજો એક વિચાર પણ ઉપયોગમાં આવેલ જેને આપણે કેબલ મોડેમ તરીકે ઓળખીએ છીએ. જે કમ્પ્યુટરમાંથી TV set ઉપર આવી શકે છે. બ્રોડબેન્ડની ક્ષમતાવાળા TV ચેનલથી અવાજ અને વિડિયો એટલે દશ્યશ્રાવ્ય એકી સાથે મેળવી શકાય છે. તેથી MANs એ સામાન્ય રીતે દશ્ય - શ્રાવ્ય જોડાણ છે તેમ કહી શકાય. TV માં પણ વધારે ગતિના ઓપ્ટીકલ નેટવર્કસ કે જે મુખ્ય વિસ્તાર માટે દશ્ય- શ્રાવ્ય સેવાઓ માટે ઉપયોગી થાય છે.

લોકલ એરીયા નેટવર્કસની બાંધણી કોઈ એક જૂથ અથવા આવા જૂથો કે જે કોઈ સંસ્થા સાથે સંકળાયેલ હોય તેવા પ્રકારની હોય છે. દા.ત. કોઈ ધંધાકીય ક્ષેત્રની સંસ્થાઓના કે યુનિવર્સિટીના કેમ્પસમાં એકબીજા સાથે જોડાયેલ કમ્પ્યુટરને લોકલ એરિયા નેટવર્કસ તરીકે ગણાવી શકાય. લોકલ એરીયા નેટવર્કસમાં ઓપ્ટીકલ ફાઈબર, બે ભાગોવાળા અને કેબલના પ્રત્યાયન માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ફાઈબર ઓપ્ટીકલ નેટવર્કસ (FONs) કે જે LANs and MANs બંનેને ઉપયોગી થાય છે. લોકલ એરીયા નેટવર્કસમાં વાયર વગરના પ્રત્યાયનનો હાલમાં જ ઉદ્ભવ થયો છે.

LANs and MANs અને WANs સામાન્ય રીતે એકબીજામાં જોડાઈને તેની સાંકળ બનાવે છે આંતરરાષ્ટ્રીય જોડાણ (Global Network) કે જે નિર્દેશ 6.9 મુજબની હોય છે.




**Fig. 6.9 Data Networks Hierachy**

કોઈકવાર LANs સીધી રીતે WANs સાથે જોડાતું હોય છે. તો સામાન્ય રીતે જ્યારે MANs ને નાખવામાં આવેલ નથી હોતું અથવા તેનો વિકાસ સારી રીતે થયો નથી હોતો. લગભગ ઘણા બધા LANs સીધી રીતે WANs સાથે જોડાઈ જાય છે. અલગ અલગ ભૌગોલિક વિસ્તારના અંતર અને આધારસામગ્રીના ભાગો આ જોડાણોને મદદરૂપ થઈ શકે છે.

Home Networks ની સામાન્ય બાબત એ છે કે ઈલેક્ટ્રીકલ દ્વારા ચલાવવામાં આવતા સાધનો દ્વારા જે ઘરમાં હોય છે તેને નેટવર્કસમાં જોડવામાં આવે છે. તેને ગમે ત્યાંથી નિયંત્રિત કરવામાં આવે છે. દા.ત. બાળકને ઘરે મૂકીને કોઈ વડીલ પાર્ટીમાં ગયા હોય ત્યારે તેના વાલીઓ દ્વારા કેમેરા થકી તેની દેખરેખ રાખવામાં આવે છે. આના કારણે હવે લગભગ બધા જ ઘરોનું બાંધકામ ભવિષ્યમાં નેટવર્ક સાથેની વ્યવસ્થાવાળું બનાવવામાં આવશે.

હોમ નેટવર્કની શરૂઆત નાના પાયે લગભગ થઈ ચૂકી છે. હવે ઘણા બધાં ઘરોમાં એવા એલાર્મ મુકવામાં આવે છે કે જેથી કરીને ઘરનો કોઈ ભાગ તૂટે અથવા ખોલવામાં આવે તો નજીકના પોલિસ સ્ટેશનમાં દાખલ કરેલ આ એલાર્મ તુરંત જ વાગવા લાગે.

❖ **સ્વ અધ્યયન**

(2) નેટવર્ક માટે વપરાતા કોમ્યુનિકેશન માધ્યમના આધારે ડેટા નેટવર્કને વર્ગીકૃત કરાય છે આ વર્ગીકરણને સમજાવો.

નોંધ : (1) તમારા જવાબ આપેલ જગ્યામાં લખો

(2) તમારા જવાબને અંતમાં આપેલ જવાબ સાથે તપાસો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 6.9 સેટેલાઈટ આધારિત આધાર સામગ્રી જોડાણ (SATELLITE BASED DATA NETWORKS)

આપણે એકમ - 4 માં જોયા મુજબ, સેટેલાઈટ એ સામાન્ય રીતે પ્રસારણનું માધ્યમ છે. ભૌગોલિક વિસ્તાર જે સેટેલાઈટથી સહેલાઈથી તેના સિગ્નલને પહોંચી શકે. તેને સેટેલાઈટની footprint વાળા સ્ટેશનો કે કેન્દ્રો દ્વારા સેટેલાઈટ આ સિગ્નલને લઈ લે છે. સેટેલાઈટ તેને નીચે સુધી પહોંચાડે છે. તેના માટેનો ખર્ચ એક સમાન જ થાય છે. ભલે પછી તે એક સ્ટેશનેથી હોય કે બધા જ સ્ટેશનો ઉપરથી સિગ્નલો લેવામાં આવતા હોય. તેથી સેટેલાઈટ તેના માટે મેળવાળો ગણવામાં આવે છે. જેના દ્વારા એકમાર્ગીય પ્રસારણ થઈ શકે. જેમ કે T.V. નું પ્રસારણ. આધારસામગ્રીનું જોડાણ (Data Network) દ્વિમાર્ગીય કહી શકાય. એ એક સમાન અને વ્યક્તિગત મુજબનું હોય છે. ઘણી બધી ડેટા નેટવર્કસની એપ્લીકેશનને અંગત કહી શકાય. તે મુજબ કહીએ તો તે તેના સેટેલાઈટ નેટવર્કના અમલ માટે અત્યંત ખર્ચાળ કહી શકાય. સેટેલાઈટના ઉપયોગ દ્વારા થતા આધારસામગ્રીના પ્રત્યાયનને સંશોધાત્મક નિરાકરણ તરીકે અપનાવી શકાય. સેટેલાઈટ ડેટા નેટવર્કસ ઘણી બધી બાબતોમાં Terrestrial ડેટા નેટવર્કસથી અલગ પડે છે. નિર્દેશ 6.2 માં ટૂંકમાં આ તફાવત દર્શાવેલ છે.

| | સેટેલાઈટ નેટવર્કસ | ટેરિસ્ટ્રીઅલ નેટવર્કસ |
|---|---|---|
| 1 | Star topology | Meshtopolgy |
| 2. | Satellite is a critical componet; its failure resuilts in total failure of network | Node Failures do not affect the entire network. The Network is fault tolerant. |
| 3. | Broadcast in nature | point to point in nature |
| 4. | Large distances and hence large time delays are involved, typecally 7 foms for one way communication | Distance are relatively small and hence the time delays are small, typicall 40ms for intercontinental Connections |
| 5. | Microwave Communication only | Microwave, cable or optical fibre links |
| 6. | Subceptible to weather conditions at higher frequency bands | Cable or opticial fibre links are in sensitive to weather conditions |
| 7. | Satellite life span is typically 7-10 years | Life span is typically 30 years or more |

એકમ - 4માં ચર્ચા કર્યા મુજબ સેટેલાઈટ પ્રત્યાયન વિષુવવૃત્તથી 36000 કિ.મી. ઉપર હોય છે. ગ્રાઉન્ડ ટર્મિનલો માટે એ જરૂરી નથી કે તે વિષુવવૃત્તમાં જ હોય. સામાન્ય રીતે વિષુવવૃત્તની બંને બાજુ અને તે પણ દેશના ભૌગોલિક વિસ્તાર ઉપર આધારિત હોય છે. પરિણામ સ્વરૂપે, સામાન્ય અંદાજિત એટલે કે જમીન ઉપરનું ટર્મિનલ અને સેટેલાઈટ ટ્રાન્સપોડર વચ્ચેનું અંતર લગભગ 40,000 કિ.મી. ગણી શકાય. આ અંતરના કારણે લગભગ 135 Ms ઈંચ મોટું ઉપરની લીંક અને નીચેની લીંકમાં થાય છે. hop એટલે કે જ્યારે સિગ્નલ એક સ્ટેશનેથી બીજા સુધી જાય છે ત્યારે તે એક ઉપરની લીંક અને એક નીચેની લીંકની સાથે જાય છે અને તેની સાથે 270 Ms જેવુ મોટુ થાય છે. જે સિગ્નલ પૂરેપૂરા લુપ સાથે જાય તેને turn around કહે છે. સાથે તે 540 Ms (4 135) સાથે જાય છે. એ મોટું થવાથી રિસ્પોન્સનો વધારે સમય માંગી લે છે. અને તે આંતરિક તેમજ Read-Time એપ્લીકેશનમાં ઘણી મુશ્કેલી ઊભી કરે છે.

આ માટેનો ખર્ચ બંને માટે એટલે કે સેટેલાઈટ પ્રત્યાયન પદ્ધતિ (Satellite Communication System) માં ઉપગ્રહ અને જમીનના સ્રોતો સામાન્ય અને વ્યાજબી ગણવામાં આવે છે. ઉપગ્રહમાં ઉપગ્રહના ક્રાફ્ટ (Space Craft) અને તેની માટેના સાધનો Space Craft માં હોય છે. જમીનના વિભાગમાં, પૃથ્વીના સ્ટેશનોમાં એન્ટના, જમીન ઉપરના કન્ટ્રોલ સિસ્ટમો, ઉપભોક્તાના ટર્મિનલો વિગેરે હોય છે. આ સિસ્ટમ દ્વારા ઓછી વસ્તીવાળા જમીનવાળા ટર્મિનલો આંતરિક લોકોને આપવાના હોય છે. તેમાં ઉપગ્રહના વિભાગમાં ઓછું રોકાણ કરવું પડે છે. જો વધારે ખર્ચ કે રોકાણ હોય જેમ કે ટી.વી. ઉપર જો સીધુ પ્રસારણ આપવાનું હોય તો વધારે રોકાણ ઉપગ્રહ વિભાગમાં કરવું જોઈએ જેથી ટર્મિનલો ઉપરનો ખર્ચ કે રોકાણ ઉપરનો ખર્ચ કે રોકાણ ઓછું થઈ શકે.

આજના સમય મુજબની પદ્ધતિમાં વધારે Direct to user (DTU) પધ્ધતિ અપનાવી રહ્યા છે. આના માટે આપણે એવા સેટેલાઈટ ટર્મિનલની જરૂર પડે છે જે દરેક ઘર સુધી પહોંચી શકે. Very Small Aperture terminals (VATs) દ્વારા આ દિશામાં પગલું ભરાઈ રહ્યું છે. આમ છતા 'aperture' ને સામાન્ય અર્થમાં 'Dish Datamater' ઉપયોગમાં લેવામાં આવે છે. (VATs) એ એવા પ્રકારની ડીશો છે કે જેમાં 1-3M ની રેન્જને DTU માટે ડિઝાઈન કરવામાં આવેલ છે.

નાના DTU ટર્મિનલો દ્વારા ફક્ત મોટા hubs તેમાં સીધું પ્રત્યાયન કરે છે. VISAT-to-VSAT સીધી રીતે પ્રાયોગિક ધોરણે જોડાણ મેળવી શકતા નથી. નિર્દેશ 6.10 માં દર્શાવ્યા મુજબ પ્રત્યાયનની પધ્ધતિ મોટા hub અને DTU VSATS ના ઉપયોગ દ્વારા કરવામાં આવે છે. જ્યાં Master Earth Statiion એટલે કે MES નું બંધારણ કે જે Vital Communication લીંકના સ્વરૂપે આવે છે. MES ના એન્ટેનાનું કાર્ય મોટા hub (માપ 10-30M) નું અને ઊંચા પ્રમાણમાં હોય છે. DTU ટર્મિનલ ફક્ત MES ના એન્ટેના સાથે જ પ્રત્યાયન કરી શકે છે. તેથી એક ઉપભોક્તાથી બીજા ઉપભોક્તા સુધી માહિતીને MES દ્વારા મોકલવામાં આવે છે. આથી માહિતીને મોકલતા પહેલા બે વખત તપાસી લેવામાં આવે છે.




**Fig 6.10 Two hop Satellite Network**

એક વખત મોકલનાર ઉપભોક્તા પાસે અને બીજી વખતે પહોંચનાર કે મેળવનાર ઉપભોક્તા પાસેથી MES અને MES સુધી તપાસવામાં આવે છે. તેથી આ યોજનાને Two-hop યોજના કહેવાય છે. ભારતમાં Two-hop યોજના NICNET અને RABMN દ્વારા રાખવામાં આવેલ છે. VSAT

પધ્ધતિની મુખ્ય એપ્લીકેશન અંગત કમ્પ્યુટરોનું જોડાણ આધારસામગ્રીનું ધીમાં પ્રત્યાયન, અવાજને ફેરવવા અને ટેલિકોન્ફરન્સમાં થાય છે.

જોડાણ (Networks) અને OSI reference મોડેલની બાબતે જોઈએ તો તેની જરૂરિયાત સેટલાઈટ પ્રત્યાયન પધ્ધતિ (સેટેલાઈટ કોમ્યુનિકેશન સિસ્ટમ) માટે ધ્યાનમાં લેવા જેવી છે.

(1) OSI રેફરન્સ મોડેલના કાર્યને પ્રક્રિયા તેના નેટવર્કસના ભૌતિક સ્તરમાં અને સેટેલાઈટ નેટવર્ક ટ્રોપોલોજીના બંધારણને ફેરવવામાં તેમજ તેમા બેન્ડવિથના ઉપયોગની દૃષ્ટિએ થવી જોઈએ.

(2) આધારસામગ્રીની લીંક સ્તરની દૃષ્ટિએ જોઈએ તો ઉપગ્રહનું પ્રત્યાયન એ સામાન્ય પ્રત્યાયન માધ્યમ છે. એક સાથે બધા અથવા જૂથ કે જે પૂર્વ કે પૂર્વની ઉપરના સ્ટેશનમાં હોય છે. તેને લોન ટ્રાઈવલનું કાર્ય કરવાનું હોય છે.

(3) જોડાણના સ્તરોની દૃષ્ટિએ જોઈએ તો સેટેલાઈટ પ્રત્યાયન સ્વભાવગત પ્રસારણ હોય છે. રાઉટીંગ એ નજીવું કાર્ય છે. આમ છતાં point to point અને point to multipoint જોડાણ માટે તેના પ્રસારણના વાતાવરણમાં વિશિષ્ટ ધ્યાન દેવું જરૂરી છે.

(4) સેશન (Senssion) અને ફેરબદલીના સ્તરોની દૃષ્ટિએ જોઈએ તો તેના માટે hop અને ટર્ન એરાઉન્ડ ડીલેને ધ્યાનમાં લેવું જોઈએ.

સ્ટાર ટોપોલોજી દ્વારા ઉપગ્રહ કેન્દ્રીત hub સેટેલાઈટ થકી પ્રત્યાયન પાસે લાવે છે. જો આ hub નિષ્ફળ જાય તો બધી જ પ્રત્યાયન પદ્ધતિ અને જોડાણો એમને એમ રહી જાય. આ બાબતને ધ્યાનમાં લઈને ઉપગ્રહોને બનાવતી વખતે ચોકસાઈ અને કાપકૂપને ધ્યાનમાં રાખવી જોઈએ. સેટેલાઈટ ટ્રાન્સપોડર તે સામાન્ય સંસાધન છે. જેના વડે મોટા પ્રમાણમાં જમીનના ટર્મિનલોના સ્ટેશનોને ઘણા બધા અથવા એક સાથે ઘણા બધા પ્રત્યાયનો હોય છે. આ માટેની ટેકનીકની જરૂર રહે છે. જેથી કરીને સામાન્ય ટ્રાસ્પોડરની સક્ષમતાને જોઈ અને વહેંચી શકાય છે. ઘણી ટેકનીકોની યોજના સમય વિભાજનના વિચાર દ્વારા થતી. જ્યારે ઘણા બધા ઉપભોક્તા સ્ટેશનો હજારોની સંખ્યામાં ચાલુ થયા ત્યારે સેટેલાઈટ ચેનલો કરતા પણ વધારે આધારસામગ્રીને પ્રસારીત કરવામાં તેનો એક વર્ગ ઘણા બધા નિયમનોને જોઈ તેને ALOHA ના નિયમનોને ટ્રાન્સપોડરના એક્સેસ માટે ઉપયોગમાં લેવામાં આવ્યા. આ નિયમનો સાચી રીતે કાર્ય કરે છે. જ્યારે સ્ટેશનોની સંખ્યા ઓછી હોય છે. ALOHA ના નિયમનો ખરી રીતે રેડિયો જોડાણ કે નેટવર્કસ માટે હતા. આ યોજનાનો અભ્યાસ ઈ.સ. 1970માં નોરમન અબ્રામસન અને તેના સાથીઓ દ્વારા હવાઈ યુનિવર્સિટીમાં કરવામાં આવેલ. આ માટેનું તેનુ લક્ષ્ય અને આધાર મુશ્કેલીના સમયમાં એક કેન્દ્રીય કમ્પ્યુટરને હવાઈના એક ટાપુમાંથી સંખ્યાત્મક ટર્મિનલો બીજા અલગ ટાપુ ઉપર રહેલા છે તેને એક્સેસ કરી શકાય હતું. જે એક જ સામાન્ય રેડિયો પ્રત્યાયન દ્વારા થઈ શકે. સેટેલાઈટોએ એના જેવો જ રસ્તો અપનાવ્યો. ‘ALOHA’ નો અર્થ ‘hello’ એમ હવાઈગત ભાષામાં થાય છે.

સેટેલાઈટ આધારિત આધારસામગ્રીના નેટવર્ક દ્વારા ઉપગ્રહોને Low Earth Orbits (LEO) માં મૂકીને પ્રયત્ન કરવામાં આવેલ. આ ઉપગ્રહો પૃથ્વીની ફરવાની ગતિ કરતા ઘણા વધારે ઝડપી ફરે છે. થોડા સમય માટે જ પૃથ્વી ઉપરથી તે જોવા મળે છે. આ માટે જ (LEO) દ્વારા મૂકવામાં આવેલી યોજનામાં એક પછી એક ઉપગ્રહ તેની જગ્યાએથી જાય એટલે તુરંત જ બીજો ઉપગ્રહ તેની જગ્યા લઈ લે છે. એક સાથે બધા જ ઉપગ્રહો છોડવાથી સતત તેને જોઈ શકાય તે મુજબનું ગોઠવાય છે. દા.ત. આ યોજના મુજબ મધ્યવર્તી વિચાર કે યોજના મોટા રોલના Iridum, Globalastor and Teledesic દ્વારા ખ્યાલમાં આવે છે. આમ છતાં આ યોજનાને સફળતા મળેલ નથી.

◆ **સ્વ અધ્યયન.**

(3) બે hop સેટેલાઈટ નેટવર્ક દ્વારા ક્લાઈન્ટ સર્વરને જોઈ શકે છે. મુખ્ય Earth station ટ્રાન્સમીશન મોકલવામાં માટે 30 ms લેથ છે. સર્વર 500 ms પ્રક્રિયા કરે છે, ખાસ પ્રશ્ન માટે ક્લાઈન્ટમાંથી આ પ્રશ્નના હલ માટેના સમયની ગણતરી કરો.

**નોંધ :** (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો

(2) તમારા જવાબ આ એકમને અંતે આપેલ જવાબો સાથે મેળવો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

## 6.10 આંતરિક જોડાણ (LOCAL AREA NETWORKS)

લોકલ એરિયા નેટવર્ક ઘણા બધા ક્ષેત્રોમાં અપનાવાઈ રહ્યા છે. જેમા વાતાવરણમાં અને બીજે ઘણી બધી એપ્લીકેશનમાં અપનાવાઈ રહ્યા છે. ઉદાહરણ તરીકે...

(1) ઓફિસ ઓટોમેશન

(2) ફેક્ટરી ઓટોમેશન

(3) ડીસ્ટ્રીબ્યુટેડ કમ્પ્યુટરીંગ

(4) ફાયર એલાર્મ અને સુરક્ષા પદ્ધતિ

(5) પ્રક્રિયા નિયંત્રણ

(6) ડોક્યુમેન્ટની વહેંચણી

ઉપરમાંથી પહેલી બે એપ્લીકેશનનો પૂર્ણ વિકાસ થયો છે. આ એપ્લીકેશનો માટે તેના બંધારણના માનાંકો કરવામાં આવેલ છે. ઓફિસ ઓટોમેશનના માનાંકો તકનીકી અને ઓફિસ પ્રોટોકોલ (TOP) અને ફેક્ટરી ઓટોમેશન, પ્રોટોકોલ (MAP) તરીકે ઓળખાય છે.

LAN ની અંદર ત્રણ મહત્ત્વનાં પાસાં છે.

(1) ટ્રાન્સમીશન માધ્યમ

(2) ટ્રોપોલોજી

(3) એક્સેસ પધ્ધતિ

ચાર મહત્ત્વના ટ્રાન્સમીશન માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. unshielded twisted pair wire (UTP) કોસસકેજીલ કેબલ, ફાઈબર ઓપ્ટીક કેબલ અને વાયરલેસ. Twisted pair નો ઉપયોગ ધીમા ગતિવાળા LAN ના ટ્રાન્સમીશનના ઉપયોગથી કરવામાં આવે છે. આ ટ્રાન્સમીશનના પ્રકારમાં કરવામાં આવે છે અને આમાં કોઈ મલ્ટીલેક્ષીંગ નથી હોતુ. બધા જ માધ્યમનો બેન્ડવીથ ઉપયોગ કોઈ એક સ્ટેશનથી સિગ્નલને પહોંચાડવાનો છે. baseband ના પ્રસારણની લીંકોને ઘણીવાર 'WIRE ONLY' લીંકો કહેવામાં આવે છે. કારણ કે તેમાં કોઈ બીજા પ્રસારણની લીંકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેનાથી ઉલટું બ્રોડ બેન્ડ પ્રસારણમાં આવર્તનમાં ફેરફારની પધ્ધતિઓ પ્રસારણને પ્રસારિત કરવામાં વધારે ગતિની આધારસામગ્રીનો ઉપયોગ કરે છે. UTP અને કો એક્ષીલ કેબલોના ઉપયોગમાં પ્રસારણની ગતિ 10,100155 અને 1000 Mbps ની હોય છે. જ્યારે ફાઈબર ઓપ્ટીક કેબલો આધારસામગ્રીને 100 Mbps થી થોડા ગીગાબાઈટ પ્રતિ એક સેકન્ડે લઈ જાય છે. વાયરલેસના માધ્યમને હમણાના જ સંશોધન LAN માં ઉપયોગમાં લેવામાં આવેલ છે જેણે 1990માં પ્રવેશ કર્યો. ત્રણ પ્રકારો LAN ની અંદર ઉપયોગમાં લેવામાં આવે છે. સ્ટાર, બસ, રીંગ. આ પ્રકારો નિર્દેશ 6.11

માં દર્શાવેલ છે. સ્ટાર પદ્ધતિમાં LAN ની પધ્ધતિ એક કેન્દ્રીય સ્વીચ સાથે બે સિસ્ટમના જોડાણ માટે કરવામાં આવે છે. આવી LAN સામાન્ય રીતે ઈલેક્ટ્રોનીક PABXs અથવા કમ્પ્યુટરાઈઝડ બ્રાન્ચ એક્ષચેન્જી (CBX) દ્વારા થાય છે. જ્યારે બસ સિસ્ટમ કે પદ્ધતિ નિર્દેશ 6.11 (B) માં દર્શાવ્યા મુજબ એક જ જોડી અથવા વાયરોના જથ્થા દ્વારા ઈલેક્ટ્રીકલ સિગ્નલને લઈ જાય છે. LAN પદ્ધતિઓ તેનું જોડાણ બસ પધ્ધતિ સાથે કરી બધી જ પધ્ધતિ ઉપર દેખરેખ રાખે છે. બસ પદ્ધતિનું કાર્ય પ્રસારણ માધ્યમ હોય છે. જ્યારે રીંગ પધ્ધતિમાં LAN સિસ્ટમો અથવા તેની દખલ પ્રસારિત કરવામાં કાર્ય કરે છે. રીંગ એટલે ઘણા બધા Point to Point જોડાણોના લીંક અને Ring Interface Units (RIU) જે 6.11 (C) માં દર્શાવ્યા મુજબની હોય છે.




**Fig. 6.11 LAN Topology**

RIU એ પ્રક્રિયાશીલ સાધન છે. જો તે બંધ પડે તો સામાન્ય રીંગના કાર્યને નુકશાન કરીને બંધ પડે છે. રીંગ પદ્ધતિમાં ભૂલસુધારક તકનીક જેવી dual Ring અથવા Folded ring નું કાર્ય RIU માં નકામું થતું અટકાવે છે. તેનાથી ઉલટું નિષ્ક્રિય એકમ મુજબ બસ પદ્ધતિમાં દખલ દેનારી ટેપ જો નકામી બને તો પણ LAN ના કાર્યને કોઈ અસર પડતી નથી. આ ઉપરાંત ઘણી બીજી પદ્ધતિઓ પણ છે. જે LAN માટે અભ્યાસ કરી શકાય. તેમાં Tree, hyperclub, Multistage store અને આગળના જોડાણો વિગેરે. આમ છતાં આ LAN માટેની પદ્ધતિઓ આજના સમયમાં ઉપયોગમાં લેવામાં આવતી નથી. બસ અને રીંગ બંને પધ્ધતિઓ તેના અસલ સ્વરૂપમાં રાખવી મુશ્કેલ છે. જેમ વાયર રૂમમાંથી રૂમમાં અને કમ્પ્યુટરથી કમ્પ્યુટરમાં હોય છે.

બધાં જ કમ્પ્યુટરોના જોડાણ સ્ટાર પદ્ધતિમાં UTP કેબલ ઉપયોગ કરવામાં આવતા સાધનને Hub કહેવામાં આવે છે. આ Hub તાર્કીક રીંગ બનાવી અથવા જરૂર પડે ત્યારે પદ્ધતિ સ્ટાર જેવી દેખાય છે.

LAN ત્રણ પ્રકારની એક્સેસ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. (1) સ્વીચ્ડ એક્સેસ (2) મલ્ટીપલ એક્સેસ અને (3) ટોકન પાસીંગ એક્સેસ LAN માં ઉપયોગ માટે તેની રચના CBXs થકી કરવામાં આવી છે. જ્યારે ટોકન પાસીંગ એક્સીસ પદ્ધતિઓનો ઉપયોગ ટ્રોપોલોજી (બસ શ્રેણીવિદ્યા) અને ટોકન

પાસીંગ એક્સેસ પધ્ધતિ રીંગ ટ્રોપોલોજીમાં થાય છે. આ ઉપરાંત બીજી પણ એક્સેસ પધ્ધતિઓ જેવી કે રિઝર્વેશન એક્સેસ લોડ એડપ્ટીવ એક્સેસ અને ટ્રી કલ્ચર (બંધારણ) એક્સેસ વિગેરે. એકમમાં ચર્ચા કરેલ પધ્ધતિમાં લોજીકલ બસ સાથે hub થકી ભૌતિક સ્ટાર ટ્રોપોલોજી અને હરિફાઈ થકીની એક્સેસ વધારે જાણીતી છે. આ ઉપરાંત હરિફાઈ થકીની પદ્ધતિમાં ઘણા માનાંકો કે નિયમનો પણ છે. એમાંના એક જાણીતા નિયમનનો ઉપયોગ (CSMA/CD) carrier sense multiple access with collision detection છે. LAN પોતે ન જાણીતી રીતે Ethernet LAN કહેવામાં આવે છે.

વાયરલેસ LANs અંદર બે દિશામાં ચાલે છે અને તે બે સામાજિક અવયવો દ્વારા ચાલે છે. પહેલું, વ્યવસાયિકો દ્વારા ખરીદાયેલું નોટબુક કમ્પ્યુટર કે જેનું એક્સેસ ઈન્ટરનેટ માટે અલગ અલગ જગ્યાએથી જેવી કે એરપોર્ટના વેઈટીંગ રૂમમાં, રેલ્વે પ્લેટફોર્મમાં, રેસ્ટોરટમાં, હોટેલના રૂમોમાં વગેરેથી કરી શકાય. નોટબુક કમ્પ્યુટરો કદમાં નાના હોય છે અને વ્યાવસાયિકો તેને પોતાની સાથે લઈ જઈ શકે છે. જ્યાં પણ તે જાય છે ત્યાં તેની સાથે તે લઈ જઈ શકે છે. બીજુ, જ્યારે મોબાઈલના માલિકો ઈન્ટરનેટના જોડાણ માટે અને ઘરના કમ્પ્યુટર માલિકો અલગ અલગ સંસાધનો દ્વારા ઓછી મહેનત થકી સહેલાઈથી જોડાણ મેળવી શકે છે. આમ ઘણા પહેલા પ્રકારમાં કે ફક્ત 100 Mt ના અંતરમાં જ તેને એક્સેસ કરી શકે છે. જ્યારે બીજા સાથે જોડાયેલ તકનીક કે ટેકનોલોજીને LANs માં Bluetooth કહેવામાં આવે છે. અને આ નામને મૂળ વિચારક દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

LANs નો અમુક દિશામાં ઉપયોગ અલગ અલગ સરનામા પ્રમાણે અને તે મશીનોનું સરનામુ જેનું જોડાણ LAN સાથે હોય તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદા. ઈન્ટરનેટ તેનો ઉપયોગ 48- bits ના સરનામા પ્રમાણે મશીનોને શોધવામાં કરે છે. આ સરનામાઓ network Interface card (NIC) ની સાથે જોડાયેલ હોય છે. ઉદા. ઈન્ટરનેટના hub સાથે જોડે છે. અથવા ટોકન રીંગ LAN ને જોડે છે. જો IP પેકેટો WAN ઉપર આવે તો તે LAN માંના કમ્પ્યુટરોમાં વહેચાઈ જાય છે. ત્યારપછી આપણે બીજા લેવલમાં સરનામાના ભાષાંતર માટે જવું પડે છે અને IP સરનામાને LAN ના મશીનના સરનામા ઉપર ફેરવવું પડે છે. આ માટેનું કાર્ય Address Resolution Protocol (ARP) દ્વારા થાય છે. જે ઈન્ટરનેટના સ્તર ઉપર ચાલે છે. તે IP સરનામા વિશે પૂછે છે અને તેના જવાબમાં મશીન સરનામામાં મળે છે. ઉલ્ટી પ્રક્રિયા WAN દ્વારા તેના નિયમન સરનામાને લે છે જ્યારે મશીન સરનામું નાંખવામાં આવે છે અને તે વિશે જાણતું હોય છે ત્યારે તે મશીનનું IP સરનામુ લે છે.

ATM અને સેલ સ્વીચીંગ વિશે આપણે એકમ-5માં ચર્ચા કરી ગયા અને તે વિશ્વના માનાંકોને LANs અને WANs માં અનુસરે છે. બીજા બધા માનાંકો WAN ને અનુસરે છે તેમજ LANs ને અનુસરે છે. આ મુજબ ATM LANs માં મોટા પ્રમાણમાં રસ જાગ્યો. ATM ની ગતિ રૂઢિચુસ્ત LAN ના વાતાવરણમાં માપી શકાતી નથી. ઓછામાં ઓછી ATM ની ગતિ 155 Mbps કે જેની સાથે તેની લાયકાત (HDTV) હાઈ ડેફીનેશન ટેલિવિઝનને રીયલ ટાઈમમાં બદલી શકે છે. બીજુ તેનાથી ઊંચી કક્ષાએ ATM દ્વારા ઉપભોક્તા 622 Mbps અને તેના કરતા પણ વધારે ગતિની લાયકાત સાથે 10 Gbps સુધીની ગતિ આપે છે. બીજા કોઈ LANs આવી મદદ આપતું નથી. ATM એ સમતોલ અને સૌથી અગત્યનું LAN અને WAN માટે ટેલિકોમ્યુનિકેશન ભવિષ્યનું બંધારણ છે. આ મુજબ ખાતરી કરીને અત્યારના LAN નિયમનોને ATM બંધારણમાં ચલાવવા ઘણા અભ્યાસો ATM ના ઈથરનેટ અને ટોકન રીંગની સરખામણી માટે હાથ ધરવામાં આવેલ છે. ATM ની LANમાં સરખામણી કરવી એ અત્યારના સમયનો રસપ્રદ વિષય થઈ ગયો છે.

ISO દ્વારા LAN માટે માનાંકો લાવવાની જવાબદારી IEEE (Institute of Electronics and Electrical Engineers) ને સોંપવામાં આવેલ અને આ માનાંકો નં IEEE802 તરીકે લાવવામાં આવ્યા. થોડા મહત્ત્વના LAN માટેના માનાંકો ટેબલ 6.3માં દર્શાવવામાં આવેલા છે. પહેલા જણાવ્યા મુજબ IEEE802.3 ઈથરનેટ LAN સૌથી પ્રચલિત છે. આમ છતા તેમાં એટલે કે ઈથરનેટમાં ઘણી બધી ભિન્નતા છે. આ ભિન્ન ભિન્ન ઈથરનેટને IEEE દ્વારા ભિન્નતા માટે સંક્ષિપ્ત ચિહ્નનાં લક્ષણો છે. આ ચિન્હને ત્રણ ભાગો છે. પહેલો ભાગ સીધી રીતે કાર્ય માટેની ગતિનો છે. બીજો ભાગ સંદેશા મોકલવા માટેની પધ્ધતિનો અને ત્રીજો અને છેલ્લો ભૌતિક સાધનો અને માધ્યમોના ઉપયોગનો ભાગ છે. દા.ત. ઈથરનેટ માટે સંક્ષિપ્ત ચિન્હ 10 BaseT, 100 BaseT છે. આમાં પહેલું ઉદાહરણ એટલે 10 Mbps LAN કે જેનો ઉપયોગ બે પ્રકારની

જોડીવાળા વાયરોના જોડાણ Star વાળું માળખું hub સાથે જોડાય એ માટે થાય છે. જ્યારે છેલ્લા ઉદાહરણ મુજબ અક્ષર 'F' દષ્ટિજન્ય વાયરો છે. એટલે કે 'F' ને ઓપ્ટીકલ ફાઈબર કહે છે. કમનસીબે આ ચિન્હ પોતે જ ઘણા ફેરફારો માટે કારણભૂત છે. આજના સમયમાં ભિન્ન ભિન્ન Ethernet LAN પોતાનું કાર્ય વધારેમાં વધારે 1000 Mbps ની ગતિએ કરે છે. આ કારણે તેમાં ગીગાબાઈટર ઈથરનેટની ભલામણ કરવામાં આવેલ છે.

**Table 6.3 Some LAN Standard**

| Number | Description |
|---|---|
| 802.1 | Overview and Architecture of LAN |
| 802.3 | CSMA/CD Eithernet |
| 802.4 | Token Bus LAN |
| 802.5 | Token Ring LAN |
| 802.6 | Metropolitan Area Network (MAP) |
| 802.11 | Wireless LANS |
| 802.15 | Personal Area Network (Blue tooth) |
| 802.16 | Broadband Wireless |

IEEE 802.4 LANs જનરલ મોટર દ્વારા સ્થાપિત કે પ્રયોજીત કરવામાં આવેલ છે. તેનો ઉપયોગ સ્વયં સંચાલિત ઉત્પાદનમાં કરવામાં આવેલ છે. MAP એકમોનો સિદ્ધાંત Token passing Bus ના બંધારણની ફરતે રહેલો હોય છે. IEEE 802.5 LANs ને IBM દ્વારા મુખ્ય રીતે IBM ના ઈન્સ્ટોલેશન માટે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. બંને IEEE 802.4 and 802.5 માં કોઈ આકર્ષક કે પ્રચલિત ગુણો જોવા મળતા નથી. આમ છતાં ટોકન રીંગના વિચારને આધારે તેના અમલમાં દષ્ટિજન્ય વાયર દ્વારા તેના માનાંકોને LAN/MAN જાણીતી રીતે ફાઈબર ડીસ્ટ્રીબ્યુટેડ ડેટા ઈન્ટરફેઈસ (FDDI) કે જેને આપણે દર્શાવ્યા મુજબ IEEE 802.6 ના ભાગરૂપે જોયા. આજના સમયે વાયરલેસ LAN ના વિકાસ તરફ પણ સારું ધ્યાન દેવામાં આવી રહ્યું છે. વધારે ગતિવાળા વાયરલેસ LAN ના મુદ્દે આપણે IEEE 802.16 કે જેનું શીર્ષક Broad band Wireless છે. તે અહીં જોવા મળે છે.

◆ **સ્વ - અધ્યયન**

(4) Eithernet LAN ના 1000 આધારિક વિશિષ્ટ લક્ષણની ચર્ચા કરો.

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલા જવાબો સાથે મેળવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 6.11 ગ્રંથાલયોના નિયમનો (PROTOCOLS FOR LIBRARIES)

ગ્રંથાલયોનાં કાર્યો એ આધારસામગ્રીના જોડાણ માટેનો સંભવિત વિસ્તાર છે ગ્રંથાલયનાં કાર્યોએ ઓફિસ કાર્યો અથવા કારખાનાની જરૂરિયાતોથી બિલકુલ અલગ છે. સ્થાપિત તબક્કાના નિયમનોની જરૂરિયાત જોડાણ થકીના ગ્રંથાલય સ્થાપનાની મદદ માટે જરૂરી છે. બે નિયમનો અને સેવાઓની અગત્યતા ગ્રંથાલયો માટે ISO દ્વારા નીચે જણાવ્યા મુજબ નક્કી કરવામાં આવેલ છે. નિર્દેશી કોષ્ટક 6.4 માં દર્શાવ્યા મુજબ.

**6.4 Library Protocol Standards**

| | |
|---|---|
| IS 10160 | Intger Library Load Services Definition |
| IS 10161 | Inter Library Loan Protocol Protocol Specifications |
| IS 10162 | Search and Retrive Servicesspecifications |
| IS 10163 | Search and Retrive Protocol Specifications |

બીજાં ગ્રંથાલયોનાં કાર્યો માટેના માનાંકો માટે યોજના થઈ રહી છે. ગ્રંથાલયના ઓટોમેશન માટેના માન્ય નિયમનો ખૂબ જ જરૂરી છે. આ વધારે જરૂરી છે અને અગત્યના ડીજીટલ અને વર્ચ્યુલ ગ્રંથાલય માટે છે. આજના સમયમાં ગ્રંથાલયો ઉપર મુજબના માનાંકો વગર સ્વયં સંચાલિત થઈ રહ્યા છે આ બાબતનો વિચાર લાંબા સમયે મુશ્કેલી ઊભી કરી શકે છે. ગ્રંથાલયોનાં કાર્યોનો કોઈ સમયનો સ્વભાવ હોય છે. તેથી નિયમનો ICP ના ઢાંચા પ્રમાણે નક્કી થવા જોઈએ.

◆ **સ્વ અધ્યયન..**

(5) ઈન્ટરનેટ નિયમનને અનુકૂલીત ગ્રંથાલય સંચાલન માટે નિયમન બંધારણની ભલામણ કરો. ગીગાબાઈટ Eithernet ને નીચેના નેટવર્ક તરીકે ધારો.

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો

(2) તમારો જવાબ આ એકમને અંતે આપેલા જવાબો સાથે મેળવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 6.12 આંતરિક જોડાણ (INTERNET WORKING)

આંતરિક જોડાણની મુશ્કેલીને આધારસામગ્રીનાં જોડાણો સુંદર રીતે ઉકેલે છે. તે જોડાણના નિયમનોના બંધારણ થકી આંતરિક જોડાણના સિદ્ધાંતો વિશે ચર્ચા કરીશું. નિયમનોના એકમો કે જે કોઈ ચોક્કસ એપ્લીકેશન કદાચ નક્કી કરવા અલગ અલગ માનાંકો દ્વારા નિયમનોનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. એપ્લીકેશનો ઉપયોગ Internet ના નિયમનો સ્તર 3-5 અને IEEE 802.3 LAN અથવા X 25 જોડાણ જેમ કે અન્ડરલેઈંગ જોડાણો વિગેરે માટે થાય છે. જ્યારે LAN દ્વારા SNA નિયમનો સ્તર - 4-7 માં ચલાવવામાં આવે છે. આંતરિક જોડાણ માટેની યોજનામાં ઉપયોગમાં લેવાતા નિયમનો સર્વ સામાન્ય રીતે નક્કી કરે છે અને તે ઉપલા સ્તરોમાં હોય છે. આંતરિક જોડાણનો એકમ નિયમનોની વચ્ચેના તફાવતને નીચલા સ્તરોમાં ઉકેલે છે. આંતરિક જોડાણના એકમને a Repeater, a Bridge, a Router or a gateway પણ કહેવામાં આવે છે. તે એના ઉપર આધાર રાખે છે. તે ક્યા આંતરિક જોડાણને મેળવવા માંગે છે. જે નિર્દેશથી 6.12 માં દર્શાવવામાં આવેલ છે.

પહેલા એવા બે નેટવર્ક લઈએ જેના બધા સ્તરોનો ઉપયોગ સમાન નિયમનથી થાય છે આ બધા આંતરિક રીતે જોડાયેલા અને physical સ્તરને વારંવાર ઉપયોગમાં લીધેલ નિર્દેશ 6.12 દેખાડેલ છે. જેમ તમે જાણો છો કે સિગ્નલ સ્તરનું વારંવાર સંવર્ધન અને ટ્રાન્સમીટ લીક્ટ એક્ટ એક નેટવર્કથી બીજા નેટવર્ક, બંનેને નેટવર્કને એક તાર્કિક નેટવર્ક જેવા તાર્કિક LAN physical LANs ના વિવિધ ભાગોમાં ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. બધી જ Physical LANs સમાન નિયમન બંધારણ અને Physical માધ્યમને ફરજીયાતપણે ઉપયોગમાં લે છે. બે નેટવર્ક કે જે physical સ્તરથી અલગ છે અને માધ્યમની રજૂઆત માટે પત્રવ્યવહાર કરે છે. ડેટા લીંક સ્તરના તાર્કિક દૃષ્ટિકોણથી આધાર જેવું બનાવી તેનો ઉપયોગ કરી ઉપરના સ્તરના સમાન નિયમનો એકબીજા સાથે જોડાયેલ નિર્દેશ 6.12 માં દેખાય છે.




**Fig. 6.12 Inter Networking Structures**

સરનામાની ઓળખ માટે ઉપર દેખાડેલ પુલ એ કાર્યક્ષમ યોજના માટે સક્ષમ છે. ટ્રાન્સમીટ માત્ર એક જ નેટવર્કના આંતરિક જોડાણની રૂપરેખા પાર કરી શકે છે. ટ્રાફિક મેનેજમેન્ટ માટે પુલ સમાન આંતરિક જોડાણનો ઉપયોગ કરે છે. Router એ નિદર્શ 6.12 (C) માં દર્શાવેલ પ્રમાણે જ્યારે બે સમાન નેટવર્ક આંતરીક રીતે જોડાય છે ત્યારે સમાન નિયમન સ્તર 3 અને ઉપર પ્રમાણે ઉપયોગમાં આવે છે. router આધારિત આંતરિક જોડાણ એ WAN's LAN સાથેના જોડાણ જેવું ઉદાહરણ છે. router ના ઉપયોગ પર સંપૂર્ણ ઈન્ટરનેટ આધારિત છે. નેટવર્ક જે જોડાયેલા સ્તરથી અલગ છે. અને અનુકુળ gateway બંધારણની સાથે આંતરિક જોડાણને ઉપયોગી થાય છે. આંતરિક કાર્યોના સંદર્ભમાં થોડા routing and gateway નિયમન ઉપયોગી થાય છે. તે Broder Gateways Protocol (BGeP) and Exterior Weateway Protocol (EGP) and Open Shortest Path First (OSPF) Protocol કહેવાય છે.

## 6.13 જોડાણનું સંચાલન (NETWORK MANAGEMENT)

ટેલિકોમ્યુનિકેશન નેટવર્કની જટિલતા હંમેશા વધતી રહે છે. મિશ્રિત Workstation Local Area Network (LAN) માં વધારે અને વધારે ઉપયોગકર્તા પોતાની સિગ્નલ યોજના અને સાધનોને ફેરવવા લાગ્યા છે. આ LAN એકબીજા સાથે વિશાળ વિસ્તૃત નેટવર્ક (WAN) થી જોડાય છે જે ઈન્ટરનેટ માળખામાં ખૂબ જ જાણીતુ છે. આ મુજબ જોઈએ તો ઈન્ટરનેટના માળખાએ Internet આધારિત ખાનગી નેટવર્ક છે. અલગ અલગ ભૌતિક વિસ્તારમાં આવેલી Corportate Body ને તેના ધંધાકીય જરૂરિયાત મુજબ સાથ આપે છે. Extranet એ Internet ના વધારેલ રૂપ જેવુ છે ધંધાકીય ભાગીકારો અને તેની કંપનીના Intranet અને extranet બને Internet ના સમાન સિદ્ધાંતો પ્રમાણે ચાલે છે જે ખૂબ જ ખાતરીપૂર્વકનું ઉપયોગકર્તાનું ઓળખીતું નેટવર્ક છે. આ સંદર્ભમાં ઈન્ટરનેટએ લોકોનું નેટવર્ક છે.

આવા જટિલ નેટવર્કનું સંચાલન માનવીય રીતે શકય નથી. તેથી તેની ગોઠવવા માટે શ્રેષ્ઠ યાંત્રિક સાધનોનો ઉપયોગ જરૂરી છે. નેટવર્ક સંચાલન પધ્ધતિની આંતરિક સહિયતાની ખાતરી આપતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે ISO, ITU અને ઈન્ટરનેટ સોસાયટી કે જે નેટવર્ક સંચાલનના વિસ્તૃત વિભાગ અભ્યાસ અને ધોરણો ધ્યાનમાં લે છે.

ઐતિહાસિક પરીક્ષામાં જોઈએ તો ISO એ પ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જેને નેટવર્ક સંચાલનના

દૃષ્ટિકોણ ઉપર ધ્યાન આપેલ છે. 1979 ની શરૂઆતમાં ISO_OSO સંદર્ભના નમૂનારૂપ ધોરણોની પ્રક્રિયા તરીકે નેટવર્ક સંચાલન માટે ISO ધોરણોની પ્રવૃત્તિ કરતું હતું. પ્રાથમિક સંદર્ભમાં ડેટા નેટવર્કના દૃષ્ટિકોણથી સંચાલન ગણવામાં આવતું. પછીથી આ કાર્યથી બધા જ પ્રકારના ટેલિકોમ્યુનિકેશન નેટવર્કને આવરી લેવામાં આવ્યુ. ISO ના નેટવર્ક સંચાલન ધોરણોને વિશાળ રીતે Common Management Information Protocol (CMIP) વિષય હેઠળ આવરી લેવામાં આવ્યું,

નેટવર્ક સંચાલનના વિકાસનો આધાર ISO/ITU ઉપર હતો. ISO/ITU ધોરણો માટે ઘણો સમય લાગ્યો છે. તેના દરેક વિષયોને સમાવિષ્ટ કરી ધોરણો બનેલ છે. વચ્ચેના સમયમાં અવ્યવસ્થિત વિકાસના કારણે નેટવર્ક સંચાલન સાધનની ઈન્ટરનેટ માટે તત્કાલ જરૂરિયાત ઊભી થઈ. ઈન્ટરનેટ સોસાયટી દ્વારા તેના Internet Architectuer Board (IAB) અને તેના પેટા જૂથ Internet Engineering Task Force (IETF) બંનેએ ISO/ITU ની દરખાસ્ત પ્રમાણે નેટવર્ક સંચાલનનું સામાન્ય સ્વરૂપ બનાવવાનું નક્કી કર્યું. 1989માં આ ધોરણોએ Simple Network Management Protocol (SNMP) જાણીતુંથયું કે જે TCP/IP આધારિત ઈન્ટરનેટ દ્વારા મળેલું હતું. SNMP એ નોંધનીય સફળતા મેળવતા દર્શાવ્યું કે જરૂરી સંચાલન સાધન દ્વારા જીવનની ઘણી મુશ્કેલી દૂર કરી શકાય છે. SNMP પ્રસરણ સામાન્ય અપેક્ષા કરતા પણ વધારે આગળ SNMP વધી ગયું જેના પરિણામરૂપ વ્યાખ્યા 1993માં SNMP Version 2 and SNMP Version 3 સ્વરૂપે છે. આમાં વધારે કરતા SNMP Remote Monitering of Network (RMON) 1993 માં અને તેના વધારેના Version તરીકે RMON2 1995 માં જાણીતુ થયું હતું. નેટવર્ક સંચાલનનાં કાર્યો પાંચ વિશાળ વિસ્તાર પ્રસ્તુત કરે છે. જે ISO દ્વારા અપાયેલ છે. ITU અને ઈન્ટરનેટ સોસાયટી દ્વારા અપનાવેલ છે.

- Fault Management
- Configuration and Name Management
- Accounting Management
- Performance Management
- Securit Management

આ મુજબ આ યાદીને ક્રમશઃ યાદી રાખવા માટે દરેકનો પહેલો અક્ષર લઈને યાદ રાખી શકાય છે જેમ કે F-CAPS.

## 6.14 સારાંશ (SUMMARY)

**1960 મી સદીથી શરૂ કરીએ તે પ્રમાણે, ડેટા નેટવર્ક એ નેટવર્કની માત્રા સુધી પહોંચીને હવે નેટવર્કસ ને ઈન્ટરનેટ તરીકે ઓળખાય છે. ડેટા નેટવર્ક ગમે તે સ્વરૂપમાં ડેટા એકમના બંધારણમાં ડેટાની ફેરબદલી કરે છે. કોમ્યુનિકેશન (પ્રત્યાયન) બંધારણના સ્તરના સિદ્ધાંતોનું પછીથી અર્થઘટન કરવામાં આવ્યું.** આ ISO-OSI સંદર્ભ નમૂનામાં ચર્ચા કરી અનુસરવામાં આવ્યા. સંદર્ભ નમૂનાને ધ્યાનમાં લઈને ઈન્ટરનેટના બંધારણને રજૂ કરવામાં આવ્યું. ઈન્ટરનેટના મહત્ત્વપૂર્ણ સ્તરના ત્રણ નિયમન જેવા કે ઈન્ટરનેટ અથવા TCP સ્તર, ટ્રાન્સમીશન નિયંત્રણ અથવા IP સ્તર અને એપ્લીકેશન સ્તરને ચર્ચવામાં આવ્યા છે. IP એડ્રેસ અને IP ડેટાગ્રામના બંધારણને સમજાવવામાં આવ્યું અને Protocol Data Units (PDU) વિચાર દર્શાવેલ. મોટાભાગની એપ્લીકેશન ક્લાઈન સર્વરના બંધારણથી ચાલતી હોય છે. પરંપરાગત રીતે જોઈએ તો ડેટા નેટવર્ક તેના ભૌતિક વિસ્તારના આધારે વર્ગીકૃત થતા હોય છે. આ વર્ગીકરણ પદ્ધતિ પછીથી સેટેલાઈટ આધારિત ડેટા નેટવર્ક (SBDN) અને Local Area Network દ્વારા રજૂ થઈ અનુસરવામાં આવે છે. Metropolitan (મુખ્ય) Area Networks (MANs) અને હોમ નેટવર્કસ તેને સ્પર્શતા હોય છે. ડેટા કોમ્યુનિકેશન જે સેટેલાઈટ દ્વારા પ્રાપ્ય છે. તેમાં ઘણીવાર મુશ્કેલી સર્જાતા ખાસ પ્રકારની નોંધની જરૂર હોય છે. આ મુશ્કેલી સર્જાતા ખાસ પ્રકારની નોંધની જરૂર હોય છે. આ મુશ્કેલી અને આદાન-પ્રદાનથી મળેલ હલને ટૂંકમાં દર્શાવેલ છે. ખાસ કરીને વાયર વગર LANs એ ખાસ રસનો વિષય બન્યુ. ATM એ WAN and LAN અને આંતરીક કાર્ય જે LANs દ્વારા થાય છે તેનો અભ્યાસ કર્યો. LAN ટેકનોલોજી કે જે તાજેતરના વિકાસને સાંકળી લે છે તેનું વર્ણન કરવામાં આવ્યુ છે. ગ્રંથાલય સેવાઓ અથવા નેટવર્ક સંબંધી નિયમનો જે ગ્રંથાલય કાર્યો છે તે ચરીતાર્થ કરવામાં આવ્યું છે. નિયમન ધોરણોનું તાજેતર સ્થાન એ

ગ્રંથાલય અને વિષયની જરૂરિયાત પર છે. આંતરીક કાર્ય એ ઈન્ટરનેટના હૃદય સમાન છે. સ્તરીય બંધારણના સિદ્ધાંતોની મદદથી આંતરીક કાર્યોની પધ્ધતિ ઓળખવામાં આવી છે. અંતમાં નેટવર્ક સંચાલનની ટૂંકમાં ચર્ચા કરવામાં આવી છે.

## 6.15 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ (ANSWERS TO SELF CHECK EXERCISE)

A - 1 IP એડ્રેસ માટે સમાન બાઈનરી યોજના લખીશું.

- યોજના/નમૂનો 110000 00011010 000100000 01111000
- પહેલા ત્રણ બીટ્સ 110 દર્શાવે છે જે વર્ગ C એડ્રેસ કરે છે. વર્ગ C એડ્રેસને 21 બીટ્સ હોય છે. નેટવર્ક એડ્રેસની જેમ જે 00000 00011010 00010000

## 6.16 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

- સરનામા રીઝેલ્યુશન : એક સરનામાનું બીજા સરનામાં રૂપાંતરણ જેમકે IP એડ્રેસથી મશીન એડ્રેસ અને એકબીજાથી વિપરીતપણે.
- બેઝમેન્ટ ટ્રાન્સમીશન : એક ટેકનીક છે. જેમાં બીટ્સ કોઈપણ આરોહ-અવરોહ વગર ફેલાય છે.
- કેબલ મોડમ : એવુ મોડેમ કે જે ટેલિવિઝન કેબલને ઘરનાં કોમ્પ્યુટર સાથે જોડે છે.
- કલાસડ IP એડ્રેસ (વર્ગીકૃત IP સરનામુ) : A,B and C ત્રણ કલાસનું બંધારણીય IP સરનામું.
- ક્લાસલેસ IP એડ્રેસ (વર્ગવિહિન IP સરનામુ) : જેમાં કોઈ વર્ગ વ્યાખ્યા કે વેરિયેબલ લંબાઈ ન હોય એવુ માળખા વિનાનું IP સરનામુ.
- ક્લાયન્ટ : એક માનવી અથવા કોમ્પ્યુટર કે જે સર્વર સેવાઓનો વપરાશ કરે છે.
- ડેટાગ્રામ : એક માહિતી એકમ જે સામાન્ય રીતે સ્વતંત્ર રીતે ફેલાય છે.
- એન્ડ ટુ એન્ડ : બે અંતસિસ્ટમમાં પીઅર એકમો વચ્ચે જોડાણ કે જે એપ્લિકેશન ચાલુ કરે છે.
- એન્ટીટી (એકમો) : હાર્ડવેર કે સોફ્ટવેર મોડ્યુલ કે જે સ્તરનાં કાર્યોનો અમલ કરે છે.
- ફ્લો કન્ટ્રોલ : સ્રોત અને અંતિમ મુકામ (ડેસ્ટીનેશન) કોમ્પ્યુટરોની મેળવાતી માહિતી એકમોને મોકલવા ઝડપ નિયંત્રણ કરવા માટેની એક ટેક્નીક.
- હોપ : જમીન સ્ટેશનથી સેટેલાઈટ અને પાછા અન્ય જમીન સ્ટેશન માટે સંકેતને એક છેડાથી બીજા છેડે લઈ જાય છે.
- હોસ્ટ : કોઈપણ કોમ્પ્યુટર જે ઈન્ટરનેટ સાથે જોડાયેલું હોય.
- હબ : સેટેલાઈટ સંચારમાં, હબ પૃથ્વીનું મુખ્ય સ્ટેશન છે. લેનમાં હબ એક એવું સાધન છે કે જે કોમ્પ્યુટરને સ્ટાર ફેશનમાં જોડે છે.
- ઈન્ટરનેટ પ્રોટોકોલ : પ્રોટોકોલ ઈન્ટરનેટ સ્તર પર ચાલે છે અને શ્રેષ્ઠ આધારના પ્રયત્નો પર ડેટાગ્રામમાં પહોંચવા માટે થાય છે.
- ઈન્ટરનેટ વર્કિંગ : બે કે તેથી વધુ નેટવર્કનું જોડાણ.
- IP સરનામુ : ઈન્ટરનેટ પર હોસ્ટને આપેલ અજોડ સરનામું.
- IP ડેટાગ્રામ : IP પ્રોટોકોલ દ્વારા ડેટાયુનિટનું પરિવહન.
- સ્તરવાળા આર્કીટેકચર : કોમ્યુનિકેશન આર્કીટેકચર કે જેમાં કાર્યોને સ્ટેકની રીતે કરવામાં આવે છે.
- લિંક ટુ લિંક : બાજુની સિસ્ટમમાં પીઅર એન્ટીટી (કંપનીએ) વચ્ચે જોડાણ.

- લો અર્થ ઓરબિટ (પૃથ્વીની નીચી ભ્રમણકક્ષા) - 1000-3000 કિમી ઊંચાઈએ આવેલ ભ્રમણ કક્ષાઓ.
- મલ્ટીપલ એક્સેસ : સ્ટેશનો દ્વારા શેર કરેલ માધ્યમોનો વપરાશ.
- ઓપન સિસ્ટમ : એવી સિસ્ટમ કે જે 250 ધોરણોને અનુસરે છે.
- પીઅર એન્ટીઝ : એન્ટીટી (એકમો) સમાન સ્તરે વિવિધ સિસ્ટમો પર હોય છે.
- પોર્ટ : નજીકના સ્તરો વચ્ચેનો ઈન્ફરફેસ પોઈન્ટ
- પોર્ટ બાઈન્ડિંગ : એપ્લિકેશન માટે ફાળવેલો પોર્ટ નંબર
- પ્રોટોકોલ : ડેટા એકમો ફેરબદલી માટેની પ્રક્રિયા પ્રોટોકોલ ડેટા યુનિટ - પ્રોટોકોલ નિયંત્રણ માહિતી અને વપરાશકર્તા ડેટા બંને વહન કરતા ડેટાયુનિટ
- પ્રોટોકોલ સ્યુટ : એક ચોક્કસ કાર્યક્રમના વિસ્તાર માટે પસંદ કરેલ સંચાર આર્કિટેક્ચરના બધા સ્તર પ્રોટોકોલનો એક સમૂહ.
- સ્કેલીબિલીટી (માપનીયતા) : કામગીરીને અસર કર્યા વગર સિસ્ટમની ક્ષમતા વધારે છે.
- સર્વર : એવી સિસ્ટમ કે જે સ્પષ્ટ કરેલ સેવાઓનો સમૂહ પૂરો પાડે છે.
- સેટ ટોપ બોક્ષ : એક એવો યુનિટ કે જે ટીવી સેટને લો એન્ડ કોમ્પ્યુટર તરીકે કામગીરી કરવાની પરવાનગી આપે છે.
- ટર્ન એરાઉન્ડ ડીલે (આસપાસ વિલંબ) : જમીન સ્ટેશનરી બીજા ફરી સેટેલાઈટ મારફતે સંકેત પસાર થવા માટે લેવામાં આવતો સમય
- ટ્રાન્સમીશન કંટ્રોલ પ્રોટોકોલ (TCP) : મોટા ડેટા પરિવહનના ઉપયોગમાં લેવામાં આવતો જોડાણલક્ષી પ્રોટોકોલ.
- યુઝર્સ ડેટાગ્રામ : વપરાશકર્તા સ્તર પર સ્વતંત્ર રીતે ફેલાયેલ માહિતી.

## 6.17 સંદર્ભો અને વાંચન REFERENCES AND FURTHER READING

Black, U. (1999). Computer networks: protocols, standards and interfaces. 2nd Edition. ; New Delhi: Prentice Hall of India.

Hardy, J. (1999). Inside networks. New Delhi: Prentice Hall of India.

Mansfield, K. C. and Antanakos, J. L. (2002). An introduction to computer networking, ^' New Delhi: Prentice Hall of India.

Martin, James. (1998). Telecommunications and the computer. 3rd Edition. New Delhi: Prentice Hall of India.

Panko, R. R. (2002). Business data networks and telecommunications. 4th Edition. New Delhi: Prentice Hall of India.

Sharda, N. K. (2002). Multimedia information networking. New Delhi: Prentice Hall of India

Stallings, W. (2000). Data and computer communications. 5th Edition. New Delhi:

Prentice Hall of India.

Tanenbaum, A. S. (2002). Computer networks. 4th Edition. New Delhi: Prentice Hall of India.

Viswanathan, Thiagarajan. (2004). Telecommunications switching systems and networks. New Delhi: Prentice Hall of India.

# એકમ–7

# એકત્રીકરણ તકનીક અને પ્રસ્તુતિકરણ (Convergence Technology and Applications)

: માળખું :

7.0 હેતુઓ
7.1 પ્રસ્તાવના
7.2 એકત્રીકરણનું લક્ષ્ય
7.3 એકત્રીકરણના હેતુઓ
7.4 એકત્રીકરણની પ્રાથમિક જરૂરિયાત
7.5 એકત્રીકરણના મૂળ
7.6 મૂળભૂત કારણો
7.7 એકત્રીકરણના ધ્યેય
7.8 એકત્રીકરણની સ્થાપના
7.9 એકત્રીકરણના વિભાગો
7.10 તકનીકી એકત્રીકરણ
7.11 એકત્રીકરણની પ્રક્રિયા
7.12 એકત્રીકરણ નેટવર્ક
7.13 એકત્રીકરણનો પ્રવેશ
7.14 એકત્રીકરણ સેવા
7.15 એકત્રીકરણની પ્રસ્તુતિ
7.16 ઉપસંહાર
7.17 સ્વ અધ્યયન અને તેના જવાબો
7.18 ચાવીરૂપ શબ્દો
7.19 સંદર્ભો અને વાંચન

## 7.0 હેતુઓ (OBJECTIVES)

ઘણા વર્ષોથી માહિતી પ્રત્યાયન માટે અલગ અલગ પદ્ધતિઓ અને તકનીકોનો વિકાસ થઈ રહ્યો છે. જે આગળના એકમમાં જોઈ ગયા. આવી ટેકનોલોજીની સાથે સુસંગતતા જાળવીને એક શ્રેષ્ઠ સમાજ મેળવી શકાય છે.

આ એકમના અભ્યાસ પછી નીચેની બાબત સમજવા સક્ષમ બની શકશો.

- ❖ એકત્રીકરણનો અર્થ
- ❖ વાસ્તવિક રીતે એકત્રીકરણ અને તેના ધ્યેય
- ❖ એકત્રીકરણના મહત્ત્વના હેતુઓ
- ❖ એકત્રીકરણ માટેની જરૂરિયાત
- ❖ એકત્રીકરણના માપ અને જવાબદાર સંસ્થા/સંઘ
- ❖ એકત્રીકરણની ઉદ્ભવતા અને પ્રક્રિયા
- ❖ એકત્રીકરણ બંધારણના સ્તર
- ❖ વિભાગીય એકત્રીકરણ
- ❖ એકત્રીકરણની ટેકનોલોજી અને પદ્ધતિઓ
- ❖ એકત્રીકરણનું નેટવર્ક, શોધ, સેવાઓ
- ❖ એકત્રીકરણના પ્રસ્તુતી સાધનો જેવા કે ઈન્ટરનેટ, ટી.વી.

## 7.1 પ્રસ્તાવના (INTRODUCTION)

આગળના એકમ 4 માં ચાર અલગ અલગ પ્રકારની આધુનિક ટેલી કોમ્યુનિકેશન પદ્ધતિ વિશે શીખી ગયા. એકમ 5 માં મૂળભૂત નેટવર્કીંગ, અલગ અલગ સ્વીચીંગ પદ્ધતિ, ટેલી કોમ્યુનિકેશન નેટવર્કના મુખ્ય વર્ગની ચર્ચા કરી. એકમ - 6 માં કમ્પ્યુટર નેટવર્કની ચર્ચા કરી. આ એકમમાં જોઈશું કે પ્રત્યાયન પધ્ધતિ અને નેટવર્ક માનવ જીવનને કઈ રીતે મદદરૂપ થાય છે. ટેકનોલોજીનો ઉપયોગ, નેટવર્કસની ડિઝાઈન, સેવાઓનો વિકાસ આ બધુ જ એક સમાન ધ્યેય માટે છે અને આ ધ્યેય એ છે કે માનવીય મૂલ્યાંકન નેટવર્ક ઈલેક્ટ્રોનીક્સ માહિતી સમાજ સામે આવે. (NEIS) અલગ અલગ ટેકનોલોજી, પદ્ધતિઓ, નેટવર્ક અને સેવાઓ આ બધાનું સાથે મળવું એ જ એક સમાન હેતુ માટે એ જ NEIS તરફ એકત્રીકરણ સ્વરૂપે સમજૂતી આપે છે.

નેટવર્ક સમાજ એટલે વૈશ્વિક જન સમાજનું એકબીજા સાથેનું જોડાણ અથવા ટેલી કોમ્યુનિકેશનની પદ્ધતિઓનું નેટવર્ક અને માનવ જીવનની રોજીંદી પ્રવૃત્તિમાં નેટવર્કનો ઉપયોગ રોજીંદી પ્રવૃત્તિ જેવી કે બેકીંગ, ટીકીગ બુકીંગ, મનોરંજન પ્રોગ્રામ, ઓડરીંગ, નાણાકીય ફેરબદલ, મેઈલ મોકલવા, ડેટાબેઝમાંથી માહિતી મેળવવી, મ્યુઝીક ફાઈલ ડાઉનલોડ કરવી, સામાન્ય ટેલિફોનમાં વાત કરવી વગેરે.

ઈલેક્ટ્રોન માહિતી એ આ બધા કાર્યોના કેન્દ્ર સ્થાને છે. ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં માહિતી મેળવવા માટે સામાન્ય સ્વરૂપ તરીકે e ઉપયોગમાં લેવામાં આવે છે જેમ કે e-banking નેટવર્ક સોસાયટી સુસંગતતા મેળવી શકાય તેવી e - પ્રવૃત્તિ નીચે મુજબ છે.

| | |
|---|---|
| - e-education | - e-governance |
| - e-library | - e-health |
| - e-banking | - e-commarce |
| - e-mail | - e-entertainment |
| - e-journal | - e-newspaper |
| - e-marketing | - e-procurement |

ઉપરના ઉદાહરણને સમજવા માટે ઉપર મુજબની બે e-actives ને સમજવી પડશે. e-education એટલે યુનિવર્સિટી સાથે જોડાણ, Fee ચુકવવી, પાઠ શીખવવા, સ્વ - અધ્યયન રજૂ કરવા, પરીક્ષા આપવી, પરિણામ મેળવવું. આ બધુ Univercity ની મુલાકાત લીધા વગર શક્ય બની શકે. જેમ કે IGNOU ભારતમાં e-education યોજના પ્રસ્તુત કરે છે. વ્યક્તિગત મુલાકાત લીધા વગર તેની લાયબ્રેરી, તેના સ્રોતો, તેની સેવાઓ વિશે નેટવર્ક દ્વારા માહિતી મેળવી શકાય. આ બધી જ બાબતને ધ્યાનમાં લઈએ તો જરૂરી છે જે લાયબ્રેરીના સ્રોતને ડિઝીટલ સ્વરૂપમાં સંગ્રહ કરવો જરૂરી છે. જે લાયબ્રેરીના સ્રોત ડીઝીટલ સ્વરૂપમાં હોય તેને ડિઝીટલ લાયબ્રેરી તરીકે જાણી શકાય. જ્યારે નેટવર્ક પરથી માહિતી મેળવવા અને ફેરબદલ કરવા ડિઝીટલ લાયબ્રેરીનો ઉપયોગ થાય છે. ત્યારે તે e-library બને છે. e- પ્રવૃત્તિ માટે જૂની પરિભાષા છે ઓનલાઈન ટીકીટ, ઓનલાઈન ભંડોળ ટ્રાન્સફર વગેરે. અલગ અલગ વિસ્તારનું એકત્રીકરણ એક જ મૂળભૂત જરૂરિયાત પ્રમાણે એ દ્વારા જ નેટવર્ક સમાજમાં e-activities શક્ય બને છે.

## 7.2 એકત્રીકરણનું લક્ષ્ય (GOAL OF CONVERGENCE)

એકત્રીકરણ એ ટેકનોલોજીની મર્યાદા નથી એકત્રીકરણ એ અસાધારણ રીતે બહોળા વિસ્તારને સાંકળી લે છે. જેવી કે ટેકનોલોજી, એપ્લીકેશન, માધ્યમ, નેટવર્ક પદ્ધતિ, નેટવર્ક મેળવવું અને સ્વીચીગ પદ્ધતિ. એકત્રીકરણ એ પ્રત્યાયન અને નેટવર્ક પૂરતું મર્યાદિત નથી. એ અસાધારણ બાબતને સાંકળી

લે છે. તેમજ ઘણી ટેકનોલોજી અને માનવીય સ્રોતને પણ આવરી લે છે. ઉદાહરણ તરીકે એકત્રીકરણી એ ઓટો મોબાઈલ ઉદ્યોગમાં વધારે જાણીતું છે. જ્યાં ઈલેક્ટ્રોનીક, કોમ્યુનિકેશન અને કમ્પ્યુટરને સ્વમેળે મર્યાદિત અને પ્રવૃત્ત રીતે ઉપયોગમાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો જેમ કે રડારનો ઉપયોગ વાહનને નિયંત્રણ કરવા માટે હોય અથવા જ્યારે બીજા સાધનોને જોઈએ તો વાહન રસ્તા પર જાય છે પણ જ્યારે જરૂર પડે છે ત્યારે ટેકનોલોજીના એકત્રીકરણથી ઝડપને નિયંત્રણમાં લાવી શકાય છે. તેવી જ રીતે બીજું એક રસપ્રદ ઉદાહરણ છે જે air condition માં કૃત્રિમ બુદ્ધિશક્તિનો ઉપયોગ છે. પારંપરિક air condition એ એક બુદ્ધિક્ષમતાને આધારિત છે. તે બદલાતા તાપમાન પ્રમાણે સ્વમેળે સેટ થઈ જાય છે. તેમાં ગણતરીના તબક્કાઓ હોય છે. જેવા કે માનવીય શારીરિક રીધમ, ત્યારનું ગરમ વાતાવરણ વગેરે અને તે પ્રમાણે તે તાપમાન સેટ થયેલુ હોય. કૃત્રિમ બૌદ્ધિક ક્ષમતા, જીવવિજ્ઞાન, યાંત્રિકીકરણ, કમ્પ્યુટર, ઈજનેરી આ બધા જ આ પ્રકારનો air condition બનાવવામાં ફાળો છે.

આ એકમમાં નેટવર્ક સમાજના સંદર્ભમાં એકત્રીકરણ માટેની ચર્ચા મર્યાદિત છે. એકત્રીકરણની અદ્‌ભૂત સફળતાએ મનુષ્યની NEIS ના સંદર્ભમાં આ મુજબ સમજી શકાય છે.

To archive the capability where in any network can deliver any service to any platform, and any user with an appropriate consumer device can access any application that runs on the networked world.

ઉપર મુજબના વાક્ય પ્રખ્યાત રૂઢિપ્રયોગને દર્શાવે છે કે 'વિવિધતામાં એકતા' પ્રસ્તુત છે. જે NEIS ના સંદર્ભમાં છે નેટવર્ક અને સ્રોત એ અલગ વિવિધ ટેકનોલોજીના ઉપયોગથી બનાવવામાં આવેલ હોય છે એ પ્રમાણે બહુવિધ દરખાસ્ત અને બહુવિધ ઉપયોગી યોજના હોઈ શકે. આ બહુવિધતા મુખ્યત્વે એકતાનો હેતુ પ્રદર્શિત કરે છે. જેથી ઉપભોક્તા કોઈપણ નેટવર્ક સાથે જોડાઈ શકે. જે કોઈપણ જગ્યાએ વૈશ્વિક નેટવર્કમાં હોય. જો કે જરૂરી માહિતી મેળવવા માટે ઉપભાર્તા પાસે યોગ્ય ઉપયોગી યોજના હોવી જોઈએ. તાજેતરમાં સંપૂર્ણ એકીકરણ થઈ ઉપયોગી યોજના રચવા અને વિકાસ કરવાના પ્રયત્ન થયેલા છે. જે આદાન પ્રદાન, ઓડિયો, વિડિયો અને ડેટા મેળવવા સક્ષમ બની શકે છે. વૈશ્વિક નેટવર્ક પર આ યોજનાના આધારે મલ્ટીમીડીયા કાર્યક્રમો જોઈ શકાય છે. NEIS માહિતી માટે ત્રણ સ્વરૂપ જણાવે છે. જેવા કે ઓડિયો, વિડિયો અને ડેટા કમ્પ્યુટર દ્વારા ઉત્પન્ન થયેલી માહિતી બધી જ આધારસામગ્રી સાંકળી લે છે. જેમ કે text, computer, graphics, computer animation, digitised picture etc.

◆ **સ્વ અધ્યયન..**

(1) અદ્‌ભૂત એકત્રીકરણને NEIS ના સંદર્ભમાં સમજાવો અને ચર્ચા કરો.

(2) એકત્રીત ઉપયોગી યોજના એટલે શું અને તે NEIS માં કઈ રીતે ઉપયોગી છે ?

નોંધ : (1) તમારા જવાબ નીચેની જગ્યામાં લખો.

(2) તમારા જવાબ અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 7.3 એકત્રીકરણના હેતુઓ (CONVERGENCE OBJECTIVES)

એકત્રીકરણની NEIS ના સંદર્ભમાં ચર્ચા કર્યા પછી એકત્રીકરણના હેતુઓની રચના જોઈશું. નીચેની બે બાબતને હેતુઓમાં ગણી શકાય.

(1) નેટવર્ક અને પધ્ધતિને ત્રણ સ્વરૂપમાં માહિતી મેળવવા સક્ષમ બનાવવા જેવા કે ઓડિયો, વિડીયો અને ડેટા.

(2) દરેક ઉપભોક્તા એક અથવા અનેક સ્વરૂપમાં માહિતી મેળવવા સક્ષમ હોવો જોઈએ. એકત્રીકરણની પધ્ધતિની રચના માટે ઘણા ખાસ હેતુઓ ધ્યાનમાં રાખવા જોઈએ અને તે આ મુજબ છે.

- વપરાશકર્તા સાથે મૈત્રીપૂર્ણ - સુવાક્યતા
- ખામીરહિત - વિશ્વસનીયતા
- સુરક્ષિત - વ્યક્તિગત ઉપયોગીતા
- ગુપ્તતા - વ્યવસાયિક ઉપયોગીતા

વપરાશકર્તા સાથે મૈત્રીપૂર્ણ સુવાક્યતા સુવાક્યતા એ એકત્રીકરણના હેતુઓની પહેલી રચના છે. દરેક પ્રકારના ઉપયોગકર્તા નેટવર્ક જગત અને તેના કામ સાથેની દરેક માહિતીને ખૂબ જ સરળ રીતે જોઈ શકે છે. જટિલ રચનાથી બનેલા જોડાણની પ્રક્રિયાને દૂર કરી શકાય છે. જોડાણની સ્થાપના કરવામાં સાંધા વિનાનું નેટવર્ક રચવું. મધ્યસ્થ નેટવર્ક માટે ઉપયોગકર્તા જાણકાર ન હોઈ શકે માટે માહિતી મેળવવા સાંધા વિનાનું નેટવર્ક હોવુ જોઈએ. નેટવર્ક પર ઉપભોક્તાને આદાન-પ્રદાન માટે પૂર્ણ એકાંત મળવું જોઈએ. જેમ કે માણસ ઘર બદલે તો તેના માટે ઘણા કારણો હોય શકે પણ ઘરના વાતાવરણ પર અસર ન થઈ શકે કેમ કે ફેરબદલ તો માત્ર જગ્યાની થઈ છે. સરનામામાં ફેરફાર થાય તેવું બની શકે. તે ઘરની પ્રવૃત્તિમાં ફેરફાર થતો નથી. વિશ્વાસપાત્ર એ નેટવર્ક માટે ખૂબ જ મહત્વની બાબત છે. ઉપભોક્તાની પ્રવૃત્તિ પર નેટવર્કની આડઅસર ન થવી જોઈએ. નેટવર્ક આધારિત જીવન શૈલી માટે વ્યક્તિગત ઉપયોગીતા અને વ્યવહારિત-ધંધાકીય ઉત્પાદન માટે નેટવર્કમાં વધારો થવો જોઈએ.

## 7.4 એકત્રીકરણની પ્રાથમિક જરૂરિયાત (BASIC REQUIRMENTS OF CONVERGENCE)

એકત્રીકરણની પાયાની પ્રક્રિયામાં ડિઝીટલ ટેકનોલોજી અને ટેક્નીક્સનો ઉપયોગ થાય છે. ડીઝીટલ કોમ્પ્યુટર, ડિઝીટલ કોમ્યુનિકેશન અને ડિઝીટલ માહિતી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ડિઝીટલ ટેકનોલોજી એ તમામ રીતે એનાલોગ ટેકનોલોજી કરતાં માહિતીને ઉચ્ચ કક્ષાની રીતે વ્યવસ્થા કરવામાં સૌથી વધારે ઉપયોગી સાબિત થઈ છે. MLI 101 નાં યુનિટ 12માં જણાવ્યા પ્રમાણે માહિતી વ્યવસ્થામાં મુખ્યત્વે સાત પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. ઉત્પાદન, પ્રાપ્તિ સંકલન, પુનઃ પ્રાપ્તિ, પ્રક્રિયા, પ્રસારણ અને વહેંચણી. આમ ઉપર જણાવેલ તમામ પ્રક્રિયામાં સારું પરિણામ મેળવવા માટે ડિઝિટલ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. યુનિટ - 5 માં આપણે જોયું કે ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં સહાયરૂપ બને છે. અહીં આપણે એમ કહી શકીએ કે ડિજીટલ ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં સહાયરૂપ બને છે. અહીં આપણે એમ કહી શકીએ કે ડિજીટલ માહિતી એ મલ્ટીમિડિયાનો એક પ્રકાર છે જેને અલગ અલગ સ્વરૂપમાં મેળવી શકાય છે. જેમ કે લખાણ સ્વરૂપે, શ્રાવ્ય સ્વરૂપે, દશ્ય સ્વરૂપે. આ અગાઉ MLI 101 નાં યુનિટ 8 માં આપણે ડિજીટલ માહિતી વિશેની સમજ મેળવી ચૂક્યા છીએ NEIS માં માહિતી ને કોઈપણ પ્રકારમાં રજૂ કરવામાં માટે અથવા આપલે કરવા માટે ડિજીટલ ટેકનોલોજી સહાયરૂપ બને છે તેથી ડિજીટલ એ એકત્રીકરણ માટે એક મહત્વનું ઘટક છે.

ઈન્ટરવર્કીંગ અને ઈન્ટર ઓપરેટીંગ એ બંને એકત્રીકરણની મહત્વની જરૂરીયાતો છે. આ બંનેના સમન્વયથી નેટવર્કનો સામાન્ય હેતુ સિદ્ધ થાય છે. ઈન્ટરવર્કીંગ એ નેટવર્ક પધ્ધતિને ઉપયોગમાં લેવા માટેનું લેવલ નક્કી કરે છે. દા.ત. આપણે જોઈએ કે ATM નું નેટવર્ક કઈ રીતે ઈથરનેટ સાથે કામ કરે છે. અને તેની કામ કરવાની પધ્ધતિ કઈ રીતની છે, તેનો આધાર ઈન્ટરવર્કીંગ પર રહેલો છે. જેમ કે એ ઓપરેટીંગ સિસ્ટમ લિનક્સ અને વિન્ડોસ વચ્ચે સામ્યાતાઓ કઈ કઈ છે ? આમ, અમૂક પધ્ધતિઓને ઈન્ટરવર્કીંગ દ્વારા દર્શાવી શકાય છે. આંતરપ્રક્રિયા શબ્દ એ ઉપકરણો અને પ્રોટોકોલના લેવલ માટે ઉપયોગી થાય છે. જેમ કે IP રાઉટર એ X.25 ના રાઉટર પર કઈ રીતે કાર્ય કરે છે ? તેમજ IPv4 નું કામ IPv6 પ્રોટોકોલ પર કરીએ છીએ. આવી અમુક પધ્ધતિઓને આંતર પ્રક્રિયાથી દર્શાવી શકાય. આમ, એકત્રીકરણની આવી પધ્ધતિમાં ગુણવત્તા પણ મહત્ત્વની જરૂરિયાત છે. તે કાર્યને ઝડપી બનાવવા માટે મહત્વની ભૂમિકા ભજવે છે. આમ, આ દૃષ્ટિએ બે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ યુનાઈટેડ નેશન્સ અંતર્ગત સ્ટાન્ડર્ડ નક્કી કર્યા છે.

(1) ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU)

(2) ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (ISO)

વધુમાં આ બે સંસ્થાઓ ઈન્ટરનેટ સંબંધિત માનાંકો ઈન્ટરનેટ સોસાયટી દ્વારા બહાર લાવે છે. મહદઅંશે આ સંસ્થાઓ માનાંકી કરાવવાનાં ચોક્કસ ક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત કરી બીજા માનાંકોને અનુસરવા માટે પ્રમાણભૂત છે. આ સંસ્થાઓ દરેક માનાંકોનાં વિકાસ માટે સારી રીતે પ્રક્રિયા કરે છે. ITU નામની સંસ્થા સ્વીટઝર્લેન્ડમાં જીનેવા ખાતે આવેલ છે. જેમાં વિશ્વસ્તરેથી 150 મેમ્બરો જોડાયેલા છે. યુનાઈટેડ સ્ટેટનું કોઈપણ રાજ્ય તેનું સભ્યપદ મેળવી શકે છે. આમ, જો કોઈપણ રાજ્ય માટે ITU એ એક આંતર સરકારી સંસ્થા છે. અહીંના સભ્યો તેનું વહીવટી કામકાજ સંભાળે છે અને બીજી કોઈ સંસ્થા નેટવર્ક અને સેવાઓ આપનાર, ઉત્પાદકો અથવા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંસ્થાઓ પણ ITU નાં પ્રોગ્રામમાં ભાગ લઈ શકે છે.

ITU માં બીજા બે ભાગ છે. જે NEIS થી એકત્રીકરણ કરવામાં જોડાયેલા છે.

(1) ટેલિકોમ્યુનિકેશન્સ સ્ટાન્ડડાઈઝેશન સેક્ટર (ITU - T)

(2) રેડિયો કોમ્યુનિકેશન્સ સેક્ટર (ITU-T)

ITU-T એ રેડિયો કોમ્યુનિકેશન વખતેનાં નેટવર્કમાં ગુણવત્તાનું ધોરણ જાળવવાનું કામકાજ કરે છે અને ITU- R એ કુદરતી રીસોર્સ સ્થાપી તેનું વહીવટ કરવાનું કામકાજ સંભાળે છે. તેમજ તે હવાનાં તરંગોને અનુસરીને અલગ અલગ પ્રકારની ફ્રિકવન્સી ઉત્પન્ન કરે છે. ITU-T એ (CCITT) એટલે કે કમીટ કન્સલટીફ ઈન્ટરનેશનલ ડે ટેલિફોનીક એટ ટેલીટેકનીકની સફળતા છે. જેમ કે ઈન્ટરનેશનલ કન્સલ્ટીવ કમીટી ફોર ટેલીગ્રાફ અને ટેલીફોન. ITU-R એ હાલ સામાન્ય કમીટ કન્સલ્ટીફ ડે ઈન્ટરનેશનલ રેડિયો (CCIR) માં સમાવિત થાય છે. વિશ્વસ્તરીય ફ્રિકવન્સી રજીસ્ટ્રેશન બોર્ડ કરે છે. જેનુ શોટર્ફોર્મ (IFRB) છે. જે ITU-T નાં માળખાનો એક ભાગ પણ છે. ITU-T ના સેક્ટરમાં સફળ ગોઠવણી કરે છે અને મીટીંગ બોલાવે અને સહાયક સેવાઓ પૂરી પાડવા માટે જવાબદારરૂપ બને છે. ITU-T જી ટેલિકોમ્યુનિકેશન સ્ટાન્ડર્ડાઈઝેશન એડવાઈઝરી ગ્રુપ (TSAG) દ્વારા સહાય મેળવે છે.

ISO એ સ્વતંત્ર સંસ્થા છે જે એક નેશનલ સ્ટાન્ડર્ડ ઓર્ગોનાઈઝેશન છે. જેવી રીતે અમેરિકન નેશનલ સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટયુટ (ANSI), બ્રિટીશ સ્ટાન્ડર્ડસ ઈન્સ્ટીટયુટ (BSI) એસોશીએશન ફ્રાન્સીસ ડી નોર્મલાઈઝેશન (AFNOR) ડયીસઈન્સ્ટીટયુટ ફોર નોરમલાઈઝ(DIN) અને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ (BIS) એ ISO સભ્યો છે. ઈલેકટ્રીકલ અને ઈલેટ્રોનીક એન્જિનીયર્સ (IEEE) સંસ્થા, વિશ્વની સૌથી મોટી વ્યવસ્થાયિક સંસ્થા ANSI ના આશ્રય હેઠળ સ્થાનિક વિસ્તારનાં નેટવર્ક અને સોફ્ટવેર એન્જિનીયરીંગ માનાંકના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

U.S. ની ગર્વમેન્ટ સંસ્થાઓ મોટા પ્રમાણમાં ઈન્ટરનેટનાં ઉદ્‌ભવને અને તેના વિકાસને સહાયરૂપ બની છે. ઈ.સ. 1992 માં ઈન્ટરનેટ U.S. ગર્વમેન્ટથી ઈન્ટરનેટ સોસાયટીનાં સ્વરૂપમાં ફેરવાઈ ગઈ જે ઈન્ટરનેટના કાર્યોની વ્યવસ્થા અને માર્ગદર્શન કરે છે એક ધોરણે ઈન્ટરનેટ સોસાયટીમાં ઈન્ટરનેટનાં માળખાનું બોર્ડ (IAB) એ ઈન્ટરનેટનાં કાર્યો અને માર્ગદર્શનનું મૂલ્યાંકન કરે છે. IAB એ ઈન્ટરનેટ એક્ઝીબીટી બોર્ડ તરીકે જાણીતું છે. IAB માં બે ફંક્શન ગ્રુપ છે. જેમાં એક રીસર્ચ સ્ટીરીંગ ગ્રુપ (IRSG) અને એન્જીનીયરીંગ સ્ટીરીંગ (IESG) અહીં સંશોધન કાર્યો એ રીસર્ચ ગ્રુપની અંદર કરવામાં આવે છે. એન્જીનીયરીંગ કાર્યોમાં માનાંકીકરણનો સમાવેશ થાય છે.

એકત્રીકરણ એ એવું પરિણામ નથી જે તુરંત જ ઊભું થયું હોય. તેનું માળખું 10 વર્ષથી કાર્યરત છે. આપણે અહીં જોઈએ કે હવે આવનાર સમયમાં એકત્રીકરણ છેલ્લા 50 વર્ષથી કઈ રીતે શરૂ થયેલ છે.

## 7.5 એકત્રીકરણનો આવિર્ભાવ (સર્જન) (GENESIS OF CONVERGENCE)

ઈ.સ. 1950 માં સૌ પ્રથમવાર શરૂઆત થઈ. તે સમયમાં કમ્પ્યુટર સિસ્ટમ બહુ મોંઘી હતી તેમજ તેને ચાલુ કરવા માટે બહુ જ નિયમનનાં વાતાવરણની જરૂર પડતી હતી. જે જગ્યાએ કમ્પ્યુટર હતા ત્યાં તાપમાનને વ્યવસ્થિત રાખવા માટે એર કન્ડીશનનો ઉપયોગ થતો તેમજ હવાનાં ભેજને અને કચરાને (ધૂળ) ને દૂર રાખવા માટેનાં ઉપાયો કરવા માટે એપ્રોન પહેરાવવામાં આવતા. ત્યારનાં સમયમાં કમ્પ્યુટર ખૂબ જ ઓછા પ્રમાણમાં હતા તેમજ બહુ દૂર દૂર સુધી લાંબી સફર કરીને તેનાં સેન્ટર સુધી

પહોંચવું પડતું હતું. ભારતમાં ટોટલ 3 થી 4 જેટલા મોટા શહેરોમાં જ કમ્પ્યુટર સેન્ટર હતા. જેવા કે કાનપુર, દિલ્હી, કલકત્તા અને બોમ્બે ખરી રીતે ઉપયોગકર્તાઓને કમ્પ્યુટરનો ઉપયોગ કરવાનો હોય તેઓને બહુ મુશ્કેલી થતી. ગ્રાહકનાં સમુદાયનાં પ્રમાણમાં તેઓની માટે કમ્પ્યુટરની બનાવટ પણ આર્થિક કારણોસર મુશ્કેલ થતી હતી. એથી ઘણી ખર્ચાળ પધ્ધતિને કારણે કોઈપણ ઉપયોગકર્તા ખરીદવા કરતાં કમ્પ્યુટર સેન્ટરનો ઉપયોગ કરવાનું પસંદ કરતા. એક પ્રખ્યાત કહેવત છે જે આ જો તમે પર્વત પાસે જઈ શકવા સમર્થ નથી તો પર્વત તમારી પાસે આવશે. કમ્પ્યુટરની બનાવટે આ હેતુને સિદ્ધ કરી બતાવ્યો છે. તેમજ કોઈપણ પ્રકારના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે આ ખૂબ ઉપયોગી પધ્ધતિ સાબિત થઈ છે. તેથી જ તેઓએ ઉપયોગકર્તાઓને ઘર સુધી કમ્પ્યુટર પધ્ધતિ પહોંચાડવાનું નક્કી કર્યું. રીમોર્ટ સાઈટ અને કમ્પ્યુટર સેન્ટર વચ્ચે માહિતી માટે યોગ્ય જોડાણના રીમોટ કમ્પ્યુટરીંગના સાધનની જરૂર પડતી તે અહીં આકૃતિ 7.1 માં જોઈ શકાય છે.




**Fig 7.1 Remort Computing Setup**

પંચીગ હોલ દ્વારા કાર્ડ પર કમ્પ્યુટર પ્રોગ્રામનો ઉપયોગ થતો અને કામને સફળ બનાવવા માટે તે કાર્ડને કમ્પ્યુટર સેન્ટરમાં દાખલ કરવામાં આવતુ. જે પ્રોગ્રામને દાખલ કરવામાં આવતો તેને જોબના નામથી ઓળખવામાં આવતું. રીમોર્ટ કમ્પ્યુટરીંગના ખ્યાલ મુજબ તે સાધન રીમોર્ટ સાઈટમાં રીમોટ જોબ એન્ટ્રી (RJE) સાધન નામથી ઓળખાતું. મુખ્ય કમ્પ્યુટરમાં કોમ્યુનિકેશન લાઈનને બહાર લાવવા માટે સામાન્ય રીતે કાર્ડ રીડરનો ઉપયોગ ઈનપુટ ડિવાઈસ તરીકે અને પ્રિન્ટરનો ઉપયોગ આઉટપુટ ડિવાઈસ તરીકે થતો હતો. કોમ્યુનિકેશન લાઈન અને મુખ્ય કમ્પ્યુટર કરતાં કાર્ડ રીડર અને પ્રિન્ટરની સ્પીડ ધીમી રહેતી હતી. ત્યાર બાદ RJE સેન્ટરમાં કોમ્યુનિકેશન લાઈન અને સેન્ટ્રલ કમ્પ્યુટરની ઉપયોગિતાને સાબિત કરવા માટે ટેપ ડ્રાઈવનો ઉપયોગ થતો. જે વધારે સ્પીડની ટેપ ડ્રાઈવ હતી તેનો ઉપયોગ મુખ્ય કમ્પ્યુટરમાં થતો અને ધીમા સ્પીડની I/O. ડિવાઈસ અને ટેપ યુનિટને કંન્ટ્રોલ કરવા માટે રીમોર્ટ કમ્પ્યુટરીંગ એ પહેલી એપ્લીકેશન હતી જેને કમ્પ્યુટર અને કોમ્યુનિકેશન ટેક્નોલોજીને સાથે રાખીને એકત્રીકરણની ટેક્નોલોજીને સાથે રાખી એકત્રીકરણની ટેક્નોલોજીનો ઉદ્ભવ રીમોર્ટ કમ્પ્યુટરીંગ દ્વારા 1950 માં અંતમાં શરૂ થયો હતો.

રીમોર્ટ કમ્પ્યુટર પદ્ધતિ કમ્પ્યુટર અને કોમ્યુનિકેશન ટેક્નોલોજીને જોડવામાં બહુ સફળ રહી છે. રીમોર્ટ કમ્પ્યુટરીગના ખ્યાલ હેઠળ 1960 માં ચાર મહત્વની પધ્ધતિનો વિકાસ થયો. જે મલ્ટી પ્રોગ્રામીંગ અને ટાઈમ શેરીંગ ઓપરેટીગ સિસ્ટમ, ઈન્ટરેક્ટીવ કમ્પ્યુટરીંગ અને કમ્પ્યુટર નેટવર્કીંગ, ઉપયોગકર્તાઓને જ્યાં સુધી યોગ્ય રીતે લાગુ પડતું હતું ત્યાં સુધી RJE સેન્ટર ઓફ લાઈન રહેતાં, ઉપયોગકર્તાઓ તેઓની જોબ કાર્ડ પર દાખલ કરી લેતા અને તેનાં કલાકો પછી તેઓને તે માહિતીનું આઉટપુટ મળતું. પરંતુ જ્યારથી મેઈન કમ્પ્યુટર સેન્ટરને લગતુ હતુ ત્યારે RJE સેન્ટર ઓનલાઈન કામ કરતાં જેમાં માહિતી કાર્ડ વડે કે મેગ્નેટીક ટેપ વડે કમ્પ્યુટરમાં દાખલ કરવામાં આવતી તથા તેનું આઉટટેપ કે પ્રિન્ટર વડે તરત જ મળી જતું હતું. એથી એમ કહી શકાય કે RJE સેન્ટર ઓનલાઈનનાં જોડાણથી

સફળ બન્યા. મલ્ટી પ્રોગ્રામીંગ ઓપરેટીંગ સિસ્ટમ એ દરેક ક્ષેત્રમાં RJE સેન્ટરને મદદરૂપ થાય છે. જયારે RJE સેન્ટરમાં એક I/O સિસ્ટમ પ્રોગ્રામમાં વ્યસ્ત હોય ત્યારે બીજી જોબ CPU નો ઉપયોગ કરવા માટેની છૂટ આપે છે. બીજા શબ્દોમાં કહીએ તો એક જ ક્ષેત્રમાં જુદા જુદા પ્રોગ્રામ કાર્યરત થાય છે. મલ્ટી પ્રોગ્રામીંગનો ખ્યાલ જો ઓનલાઈન કનેકટીવીટી સાથે જોડવામાં આવે તો તેમાંથી શેરીંગ ઓપરેટીંગ સિસ્ટમનો ઉદ્ભભવ થાય છે. કમ્પ્યુટરીંગની અસરથી ઉપયોગકર્તા સીધી રીતે મુખ્ય કમ્પ્યુટરીંગ પર અસર કરે છે. કી બોર્ડ એ ઈન્પુટ ડિવાઈસ છે અને સ્ક્રીન (VDU) એ આઉટપુટ ડિવાઈસ છે. જુદા જુદા પ્રકારની ઓપરેટીંગ સિસ્ટમમાં સુધારા વધારા કરવામાં આવતાં ટાઈમ સેટીંગ ઓપરેટીંગ સીસ્ટમ દરેક પ્રકારનાં ઉપયોગકર્તાને સીધી રીતે સંપર્કમાં લાવવા માટે સહાયરૂપ થાય છે અમુક પોલીસી જે વાતાવરણ સાથે અનુકુળ નથી હોતી. જ્યાં ઘણા ઉપયોગકર્તા એક સાથે સીધા કમ્પ્યુટર સાથે જોડાય છે. ટાઈમ શેરીંગ સીસ્ટમમાં એક ઉપયોગકર્તા માટે CPU નાં ચોક્કસ ભાગનો ઉપયોગ કરવા માટે અમુક સમય ફાળવેલ હોય છે. જેથી દરેક ઉપયોગકર્તા CPU નો સરખા ભાગે ઉપયોગ કરી શકે છે.

માહિતીની આપ-લે કરવાનો વિચાર તેમજ બીજા સાધનોના ઉદ્ભભવની શરૂઆત 1960થી થઈ. જેમાં ટર્મીનલ અને કમ્પ્યુટર વચ્ચે કોમ્યુનિકેશન પર વધુ ભાર મૂકવામાં આવ્યો. જેને કમ્પ્યુટર નેટવર્ક તરીકે ઓળખવામાં આવ્યું. જો કે આ વિચાર કમ્પ્યુટરીંગ સિસ્ટમ પરથી આવ્યો છે અને આજનાં સમયમાં ઈન્ટરનેટ દ્વારા પણ આ વિચારધારા જળવાઈ રહી છે. કમ્પ્યુટરથી કોમ્યુનિકેશન દ્વારા એકત્રીકરણ 1960નાં અંત સુધીમાં વધુ સફળ બન્યું. એક પ્રખ્યાત માહિતી વિશેષજ્ઞ C. R. M. FANO દ્વારા નોંધ કરવામાં આવેલી છે જે આ પ્રમાણે છે.

‘કમ્પ્યુટર અને કોમ્યુનિકેશનના લગ્ન સંપૂર્ણ સિદ્ધ છે. એને ઉજવવામાં આવે છે અને આનંદોત્સવ બાદ જ્યાં બે વ્યક્તિ એકબીજાની આધારિતતાને સમજે છે.’ C.R.M. FANO (1972)

આ મેરેજનાં 33 વર્ષ પછી પણ તેઓની મજબૂતાઈ વધતીને વધતી ગઈ છે. જેનાં આપણે લોકો સાક્ષી છીએ. જુદા જુદા ક્ષેત્રનું એકત્રીકરણ એવો ખ્યાલ એ નેટવર્ક સોસાયટીનાં હેતુઓ સમાન છે. અહીં આપણે સેક્શન-7 માં જુદા જુદા એરીયા વિશેની સમજ આપેલી છે.

◆ **સ્વ - અધ્યયન**

(3) કાર્ડ રીડર, પ્રિન્ટર અને ટેપ ડ્રાઈવને સમાવતું મુખ્ય કોમ્પ્યુટર સેન્ટર અને RJE સેન્ટર વચ્ચેના જોડાણ માટેનું ડાયાગ્રામેટીક પ્રેજન્ટેશન આપો.

(4) મલ્ટી પ્રોગ્રામીંગ અને ટાઈમ શેરીંગ સંચાલન પધ્ધતિ વચ્ચેનો ભેદ સમજાવો.

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો

(2) આ એકમને અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ ચકાસો

.....................................................................
WORM or DRAW (Direct Read After Write) કમ્પ્યુટર ડેટા સંગ્રહ archival અને બેકઅપ સંગ્રહ, હાથ લખાણ મેક્રો, સહીઓ, ચિત્રો ને એક જ ડિસ્કમાં 1,000,000 થી 1 મિલિયન ચિત્રોના ડેટા સંગ્રહ કરે છે. Write Once Read Many ઘણી ક્ષમતાયુક્ત ડિસ્ક છે. જે ઉપભોક્તા પોતાની ડિસ્ક બનાવવા માટે ડેટા ઈનપુટ કરી શકે છે. ચુંબકીય ડિસ્કની જેમ એક જ વખતે લખાણ (Write Once) ડિસ્કમાં દૂર કરી શકાતું નથી. તેમજ ફરી લખાણ તેના આખા ભાગમાં કરી શકાતુ નથી. ઉપભોક્તા જ્યાં સુધી ડિસ્ક પૂર્ણ ન થાય ત્યાં સુધી મહિનાના કે વર્ષના ડેટા રેકોર્ડ કરી શકે છે પરંતુ એક વખત writen થયેલ CD પર ડેટા દૂર કરી શકતા નથી તેમજ તેમાં over-write પણ કરી શકાતા નથી. આ સીડી જયારે written થતી હોય ત્યારે ચોકસાઈથી તપાસવાની છૂટ આપે છે. પ્રાયોગિકમાં WORM પદ્ધતિએ ખર્ચાળ છે પરંતુ વિશિષ્ટતા, સંગ્રહ માધ્યમ તરીકે આદર્શ છે.

સામાન્ય રીતે WORM optical disc એ ઉચ્ચ પ્રક્રિયા અથવા ઝડપની પુનઃપ્રાપ્તિ અમલીકરણ માટે સારી છે તેમાં Open-ended હેતુની જરૂર હોતી નથી. Archival WORM optical discs પર Archival storage એ સંચાલન વાતાવરણમાં વધુ cost effective છે. ઉચ્ચ જથ્થા માટે ફિલ્મ આધારિત સંગ્રહનો પસંદગીયુક્ત વિકલ્પ આપે છે. તેમ છતાં સંગ્રહ ઉત્પાદનની પ્રક્રિયા અંગેની પરિસ્થિતિ કંઈ જુદી છે જયારે પુનઃપ્રાપ્તિ એ જરૂરી અથવા રેકોર્ડ ઘણા વર્ષો માટે સંગ્રહ કરી શકાય. WORM હંમેશા ઓછી કિંમતે વધુ અસરકારક સમાધાન પુરુ પાડે છે. વધારામાં ઝડપી પુનઃપ્રાપ્તિ WORM ઝડપી ચક્ર, ચુંબકીય ડિસ્ક સંગ્રહ કરતાં સુરક્ષામાં વધારો તથા ચુંબકીય અને કાગળ માધ્યમ કરતાં ઓછી જગ્યા.

**CD Writable (CD RW)**

ડેટા દૂર કરી શકાય તેવી CD ROM ને CD-RW અથવા CD-Re-Writal કહેવામાં આવે છે. નવી ટૅકનોલોજીની સરખામણીએ દૂર/... શકાય તેવી CD જે સ્થિતિ સ્થાપક સંગ્રહ સમસ્યાનું સમાધાન ધરાવે છે. ફ્લોપી કરતાં 500 વખત વધારે ડેટા ધરાવે છે. ઇ.સ. 1997માં તૈયાર કરવામાં આવી અને અદ્યતન CD તરીકે ઉપયોગ કરવામાં આવે છે. CD RW ટૅકનોલોજી એ CD Recordable (CD-R) ટૅકનોલોજી કરતા જુદી છે જે એક જ વખત રેકોર્ડ કરી શકાય છે.

**Re-writable magnero-Optical Disc :**

કમ્પ્યુટરની સંગ્રહ ક્ષમતામાં વધારા માટે તેમજ સંગ્રહ માધ્યમ તરીકે મહત્વનો ફાળો ભજવ્યો છે. વાંચવા લખવા તેમજ દૂર કરવાની ક્ષમતા Re-writable magnato optical Disc માં રહેલી છે. Magnato-optical ટૅક્નોલોજીના લીધે ક્ષેત્રમાં ઘણી બધી શક્યતાઓ વધી છે. કેટલીક રીતે તેને દૂર કરી શકાય તેવી 'Winchester' સાધન તરીકે તેનો ઉપયોગ ઓનલાઈન, બ્રેકઅપ, archive, સૂચિકરણ અને અન્ય વિશાળ પ્રલંબો અને મલ્ટીમીડીયામાં ઉપયોગ થાય છે.

**CD નું ઉત્પાદન : પ્રકાશનની મૂલ્યવાન વસ્તુ**

CD Rom બનાવવાની પ્રક્રિયા ચુંબકીય ડેટા સંગ્રહ સાથે થઈ કે જે ચોક્કસ વિશીષ્ટીકરણથી ઉત્પાદન સગવડો માટે બનાવવામાં આવી હતી. glass master disc અને meral stampes પરના સમૂહ કે જે 'stampe out' બનાવવામાં આવી. ડિસ્કના ઉત્પાદન માટે જરૂરી વાતાવરણમાં સ્વચ્છ રૂમની જરૂરિયાત રહે છે. જેથી ડિસ્કને ધૂળ સામે રક્ષણ મળે છે. ડિસ્કને polycarbanate મટેરિયલ્સમાં બનાવવામાં આવે છે તેના મધ્યમાં છીદ્ર હોય છે કે જેથી ડિસ્કને ફરતી મૂકી શકાય. (ડેટાના સંગ્રહ દરમિયાન ચોકસાઈનું પ્રમાણ 0.5 માઈક્રોન વ્યાસ રેખાએ અને 1.5 માઈક્રોન તટસ્થ રીતે) tracks અનુસરવામાં આવે છે એનો અર્થ એ થયો કે ડિઝિટલ ડેટામાં ચિત્રની અને અવાજની સરખામણીની વધુ પ્રક્રિયા રહે છે કોઈપણ સંપૂર્ણ પ્રક્રિયા થયા પછી Scanning, Indexing, ગુણવત્તા અંકુશ અને Re-scanning (જો જરૂર હોય તો) ગુણવત્તા અંકુશ દ્વારા તેમને Final Recording સ્વરૂપમાં તૈયાર કરવામાં આવે છે આ સીડી રોમ સીડી માસ્ટરીંગ અને પુનઃ ઉત્પાદન પદ્ધતિનો પરંપરાગત ઉપયોગ હતો. તેનો ઉપયોગ પ્રકાશન ક્ષેત્રે સીડીના ઉત્પાદન માટે ખર્ચ અસરકારક પધ્યતિ તરીકે વિશાળ પ્રમાણમાં ડિસ્કના ઉત્પાદન માટે જરૂરી હતું.

CD નું ઝડપી ઉત્પાદન એ ઈલેક્ટ્રોનિકે ઉત્પાદન ક્ષેત્રે વધુ માંગ ઊભી કરી છે CD પરની પ્રકાશન પ્રવૃત્તિઓ વહેંચણી માટે વધારે આર્થિક નિવડી છે તેમાં desktop publishing નો ઉમેરો કરવામાં આવે છે. મુદ્રણમાં 'મુદ્રણ અને વહેંચણી' હતુ. અત્યારે 'વહેંચણી અને મુદ્રણ' છે જે web and CD પબ્લિકેશનને પરિણામે છે આ પરિબળો એ ઘરગથ્થુ સીડીનું ઉત્પાદન અને સીડી ના રેકોર્ડિંગનો જન્મ આપ્યો છે. ઈ.સ. 1980 સુધી સીડી માત્ર માસ્ટરીંગ અને નકલ પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવતી હતી. ઈ.સ. 1990ની શરૂઆત CD R-Recordable પ્રાપ્ય બની અને CD writer ઓછી પડતર કિંમતે ઉપયોગમાં આવે છે અને જે વ્યક્તિગત રીતે ઉપયોગ કરી શકાય તેવા હતા.

**CD Rom અને ગ્રંથાલયો** : CD Rom નો ગ્રંથાલયમાં ઉપયોગએ database, full tex jounral સંદર્ભ પુસ્તકો અને મલ્ટીમીડીયા ઉત્પાદનના સંગ્રહના સમાધાન તરીકે થયો છે. સીડી રોમ પર ડેટાબેઝને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.

(a) વાગ્મયસૂચિગત ડેટાબેઝ - અનુક્રમણિકરણ અને સારકરણ સામયિકના સંદર્ભે ડેટાબેઝ.

(b) ઉત્પાદન, પુસ્તક વિક્રેતાઓ અને પ્રકાશકોના ટ્રેડ કેટલોગ

(c) full tex સામયિકો અને માનાંકોના સ્રોત ડેટાબેઝ

(d) ઝડપી સંદર્ભોના સ્રોત ડેટાબેઝ - સંદર્ભે પુસ્તકો જેવા કે ડિક્શનરીઓ અને વિશ્વકોષો

(e) Hybrid Disc જેવી કે Disc પર Dialoge

(f) Multimedia ઉત્પાદનો અને CD-1 and CDTV સ્વરૂપમાં ડેટાબેઝ.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(10) ઓપ્ટીકલ મિડીયાની કેટેગરી કઈ કઈ છે ?

(11) Compact Disc Read Only Memory પર ટૂંકનોંધ લખો.

(12) ગ્રંથાલયમાં કોમ્પેક્ટ ડીસ્ક એપ્લિકેશનનું નિરીક્ષણ કરો.

**નોંધ :** (1) નીચે આપેલ જગ્યામાં તે તમારા જવાબ લખો

(2) આ એકમનાં અંતે આપેલ જવાબો સાથે તમારો જવાબો તપાસો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

### 8.6.3 ડિજીટલ વર્સેટાઈલ ડિસ્ક (DVD) (Digital Versatile Disc)

DVD-Digital Versatile સામાન્ય રીતે Digital Video Disc તરીકે જાણીતી છે જે ડેટા, ચલચિત્ર, મલ્ટીમીડીયા, રમતો અને અવાજની ઉચ્ચ ક્ષમતાયુક્ત LD છે. તેની Read only ક્ષમતા 12 cm disc પર 4.7 GB to 17.1 GB તેમજ CD 'One Size fits all' તાર્કિક પ્રકારે સ્વીકારે છે તેમજ મનોરંજન, કમ્પ્યુટર અને ધંધાકીય માહિતી એ એક ડિજીટલ સ્વરૂપમાં સંગ્રહની છૂટ આપે છે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત ચલચિત્ર અને અવાજ માટે VHS ની જગ્યાએ DVD - video એ મદદ કરી છે બજારમાં તેની ઉપયોગીતા ઉત્તરોત્તર વધતી રહી છે. સામાન્ય પદ DVD ના બે પ્રકાર છે DVD video અને DVD Rom.

**DVD નો ઈતિહાસ :**

ઈ.સ. 1994 માં બે સ્વરૂપમાં DVD ની શરૂઆત થઈ Superdisc (SD) અને Multimedia CD (MMCD), DVD એ અત્યારે બંને હદે એક માનાંકની જરૂરિયાતની કચરને લીધે જુદા જુદા ઉદ્યોગો સાથે સંકળાયેલ છે.

**Table - 8.2 : History of DVD**

| Year | EVENT |
|---|---|
| 1994 | Hollywood Ad-hoc Committee defined features for movies on a 'compact disc' |
| 1995 | Philips/Sony annouced and demonstrated MMCD. Toshiba & Warner announce and demonstrate SD. Agreement is reached on a single standard format called DVD that combines the best of MMCD and SD. |
| 1996 | DVD-ROM and DVD-Video specifications version 1.0 published. Digital copy protection scheme (CSS) agreed. First DVD-Video Players sold in Tokyo (Nov.) |
| 1997 | Launch of DVD in USA (Aug.) DVD Consortium becomes DVD Forum, Expand membership and holds first General DVD- Forum Meering with 120 members. |
| 1998 | DVD-Video version 1.1 and DVD ROM version 1.01 specifications released. |

| | |
|---|---|
| | DVD Forum adopts DVD-RW. DVD Forum announces 7 new members of DVD steering committee making 17 in all. DVD Forum publishes DVD Audio (Version - 0.9) specification. |
| 1999 | DVD Audio (1.0), DVD-Video recording (0.9 & 1.0), DVD-RW (0.9) and DVD RAM (2.0) Specifications published. |
| 2000 | CPPM copy protection for DVD-Audio agreed. DVD - Audio players launched in USA (Jul). First DVD - Audio discs in USA (NOV.) |
| 2001 | DVD - Audio players & discs available. DVD Video Recorders launched is Europe etc.<br>DVD - Multi (1.0), DVD Stream Recording (1.0) DVD Audio (1.2) & DVD Video Recording (1.1) specifications published. Guidelines for IEEE 1394 transmission for DVD- Video/Audio issued. |
| 2002 | WG-11 created to study future blue laser (format(s) DVD-Audio recording specification very 0.9 issued. Hybrid DVD-Audio format considered by DVD Forum. |
| 2003 | DVD Forum rejects hybrid DVD - Audio format.<br>DVD Forum releases DVD specifications to provide enhaced interactivity for DVD Video. |
| | DVD Forum approves HD DVD version 0.9 specification and adds three new members to the Streeing Committee. |

**DVD સ્વરૂપો અને માધ્યમો :**

DVD disc ની ક્ષમતા, અમલીકરણ અને સંગ્રહ સ્વરૂપે બદલાતી રહે છે તે સ્વરૂપો અને માધ્યમો જાણવા જરૂરી છે. (a) ભૌતિક સ્વરૂપો (b) DVD કાર્યક્રમો માટેનાં સ્વરૂપો (c) સંગ્રહ માટે સ્વરૂપો.

**(a) ભૌતિક સ્વરૂપો :** ભૌતિક સ્વરૂપો DVD Disc ની ભૌતિક લાક્ષણિકતાઓ આધારિત છે. નીચે મુજબના ચાર ભૌતિક સ્વરૂપે DVD પ્રાપ્ય છે.

DVD 5 : એકબાજુએ 4.7 GB સંગ્રહ ક્ષમતા ધરાવતી એક સ્તરીય DVD

DVD 9 : એક બાજુએ પરંતુ 8.5 GB સંગ્રહ ક્ષમતા ધરાવતી દ્વિ - સ્તરીય DVD

DVD 10 : બંને બાજુએ 9.4 GB સંગ્રહ ક્ષમતા ધરાવતી એક સ્તરીય DVD

DVD 18 : બંને બાજુએ 17 GB સંગ્રહ ક્ષમતા ધરાવતી દ્વિ-સ્તરીય DVD

**(B) એપ્લિકેશન સ્વરૂપો :** ભૌતિક સ્વરૂપો કે જે ડેટા સંગ્રહ અને બે માધ્યમ વર્ણવે છે જ્યારે એપ્લિકેશન સ્વરૂપો કે જે ડેટાના પ્રકારે - સોફ્ટવેર, ચલચિત્રો અથવા સંગીતનો સંગ્રહ અને કેવી રીતે તે દર્શાવે છે.

DVD Audio : ઉચ્ચ ગુણવત્તાયુક્ત શ્રાવ્ય ક્ષમતા કે જે સીડીમાં પ્રાપ્ય હોય તે પુરી પાડે છે.

DVD Video : MPEG ઉચ્ચ ગુણવત્તાયુક્ત 2 વિડિયો સંક્ષિપ્તીકરણ કે જે studio જેવી ગુણવત્તા ધરાવે છે.

Data DVD : કમ્પ્યુટરમાંથી મૂળભૂત પ્રકારના ડેટા સંગ્રહ કરવા માટે તેનો ઉપયોગ થાય છે જેમ કે મુદ્રિત પ્રલેખો.

**(C) Writable સ્વરૂપો અથવા ડેટા સંગ્રહ સ્વરૂપો** : ભૌતિક એપ્લિકેશન સ્વરૂપો અહીં પાછી આપવામાં આવી છે. ડિસ્કની ભૌતિક લાક્ષણિકતાઓ કહે છે અને તેમાં ડેટાના પ્રકારે માહિતી સંગ્રહ થાય છે લખી શકાય તેવા સ્વરૂપો કે જેમાં ડિસ્ક પર ડેટા લખી શકાય છે તેમજ સંગ્રહ વાંચી પણ શકાય છે તે ઓડિયો, વિડિયો અથવા કમ્પ્યુટર ડેટા પણ હોઈ શકે. Compact disc ની માફક DVD ના

કેટલાક સ્વરૂપો DVD Rom, DVD Rw વગેરે છે.

**DVD ની લાક્ષણિકતાઓ : DVD સ્વરૂપોની નીચે મુજબની લાક્ષણિકતાઓ છે.**

- અદ્યતન સીડી માધ્યમ સાથે સુંસગતતામાં પાછળ તમામ ડીવીડી હાર્ડવેર audio CDs and CDRoms ને રજુ કરશે. (છતાં તમામ હાર્ડવેર નહિ જેવા કે CDRs અથવા CDRws)
- ભૌતિક પરિમાણ Compact disc વ્યાખ્યાયિત કરે છે પરંતુ 0.6 mm જાડાઈ bounder પણ તેમાંથી બાદ કરી શકાય.
- એક સ્તરીય/દ્વિસ્તરીય અને એક-બે બાજુ વિકલ્પ ધરાવે છે.
- દરેક સ્તરે 4.7 GB ક્ષમતા સુધી વાંચી શકાય તેવી તેમજ 8.5 GB દરેક બાજુએ મહત્તમ.
- વિડિયો - ઓડિયો અને મલ્ટીમિડીયા માટેની રચના નહી તે માત્ર ઓડિયો.
- તમામ સ્વરૂપો Common file system (UDF) નો ઉપયોગ કરે છે.
- DVD- Drive and DVD Audio તેના માનાંકથી બને છે તેમજ નકલનું રક્ષણ પણ મળે છે.
- Recordable and Re-writable આવૃત્તિઓ પણ તેના ભાગ રૂપે છે.

**DVD video જરૂરિયાતો :** હોલીવુડ આધારિત ચલચિત્ર સ્ટુડિયો સલાહકાર સમિતિએ DVD Video જરૂરિયાતો આ મુજબ વર્ણવી છે.

- એક ડિસ્કમાં એક બાજુએ 135 મિનિટ (99% બધી જ ફિલ્મોનો સમાવેશ)
- Laser disc (LD) કરતા Video રીઝોલ્યુશન વધુ સારુ
- ઘરના સિનેમામાં સારો અવાજ સાંભળવા માટે ગુણવત્તાયુક્ત સીડી
- એક ડિસ્ક ત્રણથી પાંચ ભાષાઓમાં દરેક શીર્ષક
- દરેક એક ડિસ્ક પર ચાર થી પાંચ ગૌણ શીર્ષક
- Panscan, latter box and widescreen સ્વરૂપો
- પેરેટંલ લોકની સુવિધા
- નકલ સુરક્ષા
- ઉપલબ્ધ Cds સાથે સુસંગતતા
- પ્રકરણ વિભાગીકરણ અને પ્રક્રિયા (જેમ કે video CD)
- CD ની પડતર કિંમતની સમાન કિંમતે ઉત્પાદન

Video CD સ્વરૂપનો અભ્યાસ કર્યો પરંતુ તે ગુણવત્તા અને ક્રિયાને સમયનું જરૂરી જોડાણની સગવડ આપી શકાતી નથી પરંતુ નવી ઉચ્ચ ક્ષમતાયુક્ત ડિસ્ક સ્વરૂપો DVD ને પ્રવેશ આપ્યો છે. ઉપરોક્ત જરૂરિયાતો DVD- video વિશિષ્ટિકરણ ને મળતી છે મોટાભાગની DVD Video માં ઘટાડાનો સમાવેશ થાય છે કે જે VHS પર સમાવેશ કરી શકાતો નથી જેમ કે જીવનચરિત્રો, ડિરેક્ટરની કોમેન્ટ્રી, archives બનાવવી વગેરે. વધતી સંખ્યાને લીધે DVD ROM વિષયવસ્તુ કે જે સંબંધિત વેબસાઈટ સંપૂર્ણ રમત કે જે movies આધારિત છે તેને આવરી શકાય છે. વેબસાઈટ જુદી જુદી રીતે ઉપયોગ કરી શકવાની છૂટ મળે છે. DVD Video એ DVD-5, DVD-10 or DVD-9 disc જે રજૂ થવાના જરૂરી સમય અને અન્ય પરિબળો આધારિત છે. DVD video દ્વારા audio, video, stills અને navigation DVD audio પૂરી પાડે છે જેમાં સ્વરૂપોની જરૂરિયાત હોય છે છતાં જ્યારે DVD, Video and LPCM audio મલ્ટી ચેનલ છે માત્ર 6.144 mb/s દર સાથે પ્રાપ્ય છે જેની સરખામણી DVD Audio's 9.6 mb's કે જે MLP દ્વારા મહત્તમ નમૂના દર અને મહત્તમ રજૂ થવાના સમય સાથે જથ્થાત્મક ઓફર કરે છે. DVD-Audio એ audio માં રચના કરવામાં આવે છે અને જે slide shows ની ઓફર કરે છે કે જે CSS (DVD Video) કરતા વધારે મજબૂત હોય છે આ તફાવત કોઠામાં નીચે દર્શાવેલ છે.

**Table 8.3 : DVD - Audio Vs. DVD - Video**

| Feature | DVD-Audio | DVD-Video | Comments |
|---|---|---|---|
| Audio bit rate | 9.6 MB/s | 6.144 Mb/s | DVD-Audio allows higher quality |
| MLP Compression | YES | NO | For higher quality & playing time |
| For audio-only players | YES | NO | Important for mobile players |
| Copy Protection | Good | Poor | Required by content owners |

### 8.6.4 ડીવીડીથી આગળ (Beyond DVD)

**Blu-Ray :** Blu Ray સ્વરૂપએ Blu Ray Founders Group દ્વારા વિકસાવવામાં આવ્યું. આ સ્વરૂપે Hitachi, LG, Matushita, Pioneer, Philips, Samsung, Sharp, Sony and Thomson નું સંક્ષિપ્ત (ગ્રુપ) સમૂહ છે. 2003 માં Mutsubishi એ આ ગ્રુપ સાથે જોડાઈ અને Dell and HP તેની મદદમાં કાર્ય કરે છે. Blu Ray disc 27 GB પ્રતિ સ્તરની ક્ષમતા પૂરી પાડે છે. આ Blu સ્તરનો ઉપયોગ 45 mm તરંગ લંબાઈએ છિદ્ર 0.55 થી વધતા આંકડાએ અને 0.6 mm to 0.1 mm cover layer ઘટાડા સાથે મેળવી શકાય છે છતાં આ ઉત્પાદનમાં સમસ્યા પેદા કરે છે અને નવા mastering અને replaction સાધનો અને પ્રક્રિયાની જરૂરિયાત રહે છે.

Sony દ્વારા અગાઉ Blu Ray recorder ઉત્પાદન કરવામાં આવ્યું હતું. જેનો મૂલ્ય હેતુ જાપાનીઝ બજારમાંથી HD video માંથી HDTV satellite broadcaste નું વિશિષ્ટીકરણ હતું. 24 GB એક સ્તરીય લખી શકાય તેવું માધ્યમ પણ પ્રાપ્ય છે. Blu Ray ઉત્પાદનની વસ્તુઓ USA માં મનાઈ કરવામાં આવી છે પરંતુ 2006 થી યુરોપીયન દેશો દ્વારા પુનઃ ઉત્પાદન ત્યાર પછી શરૂ થયું છે.

પૂર્વ - રેકોર્ડ આવૃત્તિ (કે જે B.D Rom કહેવાય છે) પણ કામ હેઠળ છે પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ નથી કે 27 GB ક્ષમતા પૂરી પાડશે કે નહિં.

**HD DVD** : DVD નું વૈકલ્પિક સ્વરૂપ એ Toshiba and NEC દ્વારા વિકસાવવામાં આવ્યું અને DVD form દ્વારા વિશિષ્ટિકરણ માનાંક માન્ય રાખવામાં આવ્યાં. તેનું સાચું નામ AOD (Advanced Optical Disc) છે.

**અત્યારે ત્રણ આવૃત્તિઓ વિકાસમાં છે.**

(a) HD DVD Rom : ડિસ્ક પૂર્વ રેકોર્ડિંગ અને 15 GB પ્રતિ સ્તર પ્રતિ સ્લાઈડની ક્ષમતા આપે છે HD movies વહેંચણી માટે ઉપયોગ કરી શકાય છે.

(b) HD DVD Rw : ડિસ્ક rewritable છે અને 20 GB પ્રતિ સ્લાઈડ Re-writable આવૃત્તિઓ માટે ઉપયોગ કરી શકાય છે.

(c) HD DVD R : એ એક જ વખત write થાય છે તે 15 GB પ્રતિ સ્લાઈડની ક્ષમતા ધરાવે છે.

Blu Ray ની માફક તેમાં 405 mm તરંગ લંબાઈ ધરાવતા Blu laser ની જરૂર રહે છે પરંતુ ભૌતિક રીતે તે DVD Disc એની સમાન છે તે 0.6 mm સ્તરને આવરે છે. HD DVD disc એ DVD line અને ઉપલબ્ધ સાધનોથી ઉત્પાદન પણ કરી શકે છે.

### 8.6.5 ત્રણેય સ્વરૂપની તુલના (Comparision of Three Formats) :

નીચેનો કોઠો બે સ્વરૂપો અને DVD ની તુલના દર્શાવે છે તેમાં એ ચોક્કસ નથી કે કયુ સ્વરૂપ સૌથી આગળ હશે. Blu Ray અત્યારે વધુ આગળ છે પરંતુ HD DVD અદ્યતન સાધનો સાથે Mastered and replicated કરી શકાય છે જ્યારે Blu rayમાં સાધનો નવા સાધનો અને પ્રક્રિયા બંનેની જરૂર રહે છે. નીચેનો કોઠો DVD, HD, DVD and BD ની તુલના દર્શાવે છે.

**Table 8-4 Comparison of Formats**

| Parameters | DVD | BD-ROM | HD-DVD-ROM |
|---|---|---|---|
| Capasity per layer (GB) | 4.7 | 25 | 15 |
| Disc thikness (mm) | 0.6 + 0.6 | 1.1 + 0.1 | 0.6 + 0.6 |
| Laser wavelength (nm) | 650 | 405 | 405 |
| Nurmerical aperture | 0.60 | 0.85 | 0.65 |
| Catridge | No | - | No |
| Tilt control needed | No | - | YES |
| Complexity to read DVD also | - | More complex | OK |

## 8.7 મલ્ટીમીડીયા (MULTIMEDIA)

મલ્ટીમિડિયાએ શિક્ષણ, સંસ્કૃતિ અને શીખવાની પ્રક્રિયાનું મુખ્ય માધ્યમ બન્યું છે તે વ્યક્તિગત, વ્યાવસાયિક અને ધંધાકીય વાતાવરણમાં વધુ અસરકારક બન્યું છે પરંતુ અત્યારે મલ્ટીમીડીયાથી બધા જ અભણ છે તેમાં મુખ્યત્વે ગ્રંથાલયો કે જેમાં પરિવર્તન આવતા રહ્યા છે તે તમામ મુદ્રિત પુસ્તકોને ભૌતિક પદાર્થ ને આભાસી માધ્યમ તરીકે ફેરબદલી કરે છે આજે ચિત્રકીય સાહિત્ય અથવા શીખવાની કિટ અથવા સંદર્ભ પુસ્તકો વિશે વિચારીએ તો તે તમામ મલ્ટીમિડીયા સ્વરૂપોમાં પ્રાપ્ય છે.

### 8.7.1 ઉત્પત્તિ (Genesis)

મલ્ટીમીડીયાની કળા અને વિજ્ઞાનએ કમ્પ્યુટરમાં ઓપ્ટીકલ સંગ્રહ માધ્યમનું એકત્રીકરણ એ આશ્ચર્યજનક નથી પરંતુ ફિલ્મ, ટેલિવિઝન, ટેલિકોમ્યુનિકેશન, ડિજિટલ ઓપ્ટીકલ સંગ્રહ, મનોવિજ્ઞાન અને કમ્પ્યુટર વિજ્ઞાન જેવા ક્ષેત્રો તરફ જઈ રહ્યું છે. ચાર દાયકા દરમિયાન તેનો વિકાસ 1945-1980 દરમિયાન વિચારકો, લેખકો, કમ્પ્યુટર વૈજ્ઞાનિકોનો મહત્વનો ફાળો રહ્યો છે. Vennever Bush તે સમૂહના મુખ્ય હતા તેમની સાથે Ted nelson, Alan kay and Douglas engelbart કે જે જેઓ વૈશ્વિકને વાસ્તવિક જેવુ જ લાવવામાં તેમનો મહત્વનો ફાળો રહ્યો હતો.

આ મધ્યમમાં સંયોજનની પ્રક્રિયા અને વિકાસમાં મુખ્ય મુદ્દાઓ 19મી સદીમાં ટેલિફોન અને ટેલીગ્રાફ નેટવર્ક અને સિનેમોગ્રાફીની શરૂઆત, 1930 માં ટેલીવિઝનની શોધ, 1940 અને 1950 માં ડિજિટલ કમ્પ્યુટર, 1970 માં પર્સનલ કમ્પ્યુટરની શોધ અને 1980 માં interactive multimedia ની શોધ મુખ્ય રહી છે. ચિત્રો, અવાજ, શબ્દો અને આંતર પારસ્પરિકતાનું જોડાણ એ મલ્ટીમીડીયાનું કાર્ય છે. અત્યારે કમ્પ્યુટરની મદદ વડે માહિતી પ્રત્યાયનના રસ્તા તરીકે કામ કરે છે તે કમ્પ્યુટર, ડિજિટલ, વિડિયો ઓડિયો અને અવાજ સંમિશ્રણને આવરે છે. મલ્ટીમીડીયા CD Rom, CD-I and CD-A અને અન્યનો માધ્યમ તરીકે ઉપયોગ કરે છે.

### 8.7.2 મલ્ટીમીડીયાની વ્યાખ્યા (Defining Multimedia)

પ્રારંભિક વર્ષોમાં મલ્ટીમીડીયા વ્યાખ્યાયિત કરવું અસ્પષ્ટ હતું. જુદા જુદા લેખકો દ્વારા જુદો- જુદો અર્થ કરવામાં આવતો હતો. ગ્રંથાલય ક્ષેત્રે મલ્ટીમીડીયા પદ જુદા જુદા અર્થ કરવામાં આવતા હતા છતાં પણ આ પદને અહી સ્પષ્ટ રીતે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે પરંતુ આ પદની સ્વીકાર્ય વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. વ્યાખ્યા દ્વારા તે બે સંદર્ભે છે. અત્યારના ગ્રંથાલય સંદર્ભે મલ્ટીમીડીયા એ જુદી જુદી પ્રક્રિયાઓને આવરે છે અને ગ્રંથાલયો દ્વારા ચિત્રકીય જેવા કે નકશાઓ, એટલાસ, વિશ્વના ગોળો, દૃશ્ય-શ્રાવ્ય, સાહિત્ય જેવા રેકોર્ડિંગ, ચાર્ટ, માઈક્રોફોર્મ્સ અને ચલચિત્રો, પ્રલેખીય અને શૈક્ષણિક ફિલ્મનો સમાવેશ કરે છે.

પરંતુ હાલમાં તકનીકી સંદર્ભે તે ગાણિતીક સગવડો ધરાવતી સક્ષમ પ્રક્રિયા છે તેમજ અવાજ, ચલચિત્ર, ગ્રાફિક્સ, શબ્દો અને તેમની રજૂઆતનું યાંત્રીકરણ અથવા જોડાણ છે. તે ડેટા, શબ્દ, ચિત્રો અને અવાજનું ડિજિટલ માહિતી વાતાવરણમાં સાંધા વગરનું જોડાણ છે. તકનીકી મલ્ટીમીડીયાને વધારે સરળ કરી શકે છે તે કમ્પ્યુટર, ડિજિટલ વિડિયો, ડિજિટલ ઓડિયો અને અવાજ સંમિશ્રણની ફેરબદલી રજૂ કરે છે.

મલ્ટીમીડીયાની સરળ વ્યાખ્યા એ ચે કે ઉદ્‌ભવિત પદ Multimedia computing or Interactive Multimedia છે તેનો ઉપયોગ કમ્પ્યુટર અથવા hypermedia કાર્યક્રમ આધારિત જુદા જુદા માધ્યમમાં થાય છે છતાં તે કળાકાર્ય તરીકે જુદા - જુદા માધ્યમનું જોડાણ છે.

ઈ.સ. 1990 માં Byte ઝોલ મલ્ટીમિડિયાના વિશિષ્ટ લાક્ષણિકતા માટે પ્રકાશિત કરવામાં આવ્યું તે સંપૂર્ણ વિગતોમાંની એક એ હતી પરંતુ તેમાં મલ્ટી મિડિયાની મહત્વપૂર્ણ વ્યાખ્યા આ મુજબ આપી છે.

'જો તમે મલ્ટીમીડીયા શું છે તેના માટે ચોક્કસ  ન હોય ત્યારે તમારે સંભવિત જાણવું જોઈએ કે તમે તેને ક્યારે જોઈ શકો અથવા સાંભળી શકો.'

બીજા શબ્દોમાં શબ્દનો અર્થ તેની ઉપયોગીતામાંથી શોધવામાં આવ્યો છે. ત્યારે મલ્ટીમીડીયા એટલે માહિતીની પ્રાપ્તિ અથવા જુદા જુદા માધ્યમમાં તેની હાજરીની પ્રક્રિયા. CED ની દ્વિતીય આવૃત્તિમાં મલ્ટીમિડિયાને કલાકારો, શૈક્ષણિક અને ધંધાકીય પ્રત્યાયન કે તેમાંથી કોઈપણ એક માધ્યમનો ઉપયોગ તરીકે દર્શાવવામાં આવે છે.

અત્યારે કમ્પ્યુટર વિજ્ઞાન અને તકનીકી દર્શાવે છે કે તે જુદા જુદા પ્રકારની માહિતી એકત્રીકરણનું સાધન છે છતાં પણ તેને વ્યાખ્યાયિત કરવાનું પ્રથમ પગલુ આધુનિક મલ્ટીમિડિયા તરીકે તેની શક્તિ માટે પ્રત્યાયનના જુદા - જુદા સ્વરૂપો, ડિજિટલ વાતાવરણનું સરળ એકત્રીકરણ અને કમ્પ્યુટર પધ્ધતિના ઉપયોગ આધારિત સંગ્રહેલ માહિતીની પ્રક્રિયાનો ખ્યાલ છે જે ઝડપી સુસંગત અને આંતર પારસ્પરિક છે.

તમામ મલ્ટીમિડિયા પધ્ધતિમાં ચાર પરિબળો છે પ્રથમ તેમાં વધારે સંગ્રહ જગ્યા, દ્વિતિયમાં તકનીકીની વિશિષ્ટ અને સમર્થ પ્રક્રિયા કે જે માહિતી પુનઃપ્રાપ્તિ પ્રક્રિયા અને રજૂઆતનું સંચાલન કરવા માટેની મહત્વની પધ્ધતિ છે ત્રીજી બાબત વધારામાં શબ્દો અને આંકડાઓ, આઉટપુટ અને સંરચનાની રજૂઆત, અવાજ અને ચિત્રને તેમના માનાંક મુજબ યોગ્ય સ્વરૂપમાં રજૂ કરવામાં સક્ષમ છે. ચોથી બાબત કિંમતી અને જટિલ વાતાવરણ ઉપયોગી નથી. ઉપભોક્તા તેની જરૂરિયાત મુજબની માહિતી સરળતાથી શોધી તેમજ પ્રક્રિયા કરી શકતો નથી. ઉપરોક્ત પરિબળો દર્શાવે છે કે મલ્ટીમિડિયાએ તકનીકી ક્ષમતાએ વધારે પ્રાપ્ય છે અને તેના વિનસ માટે માનવીય આવડતની જરૂર રહે છે.

### 8.7.3 મલ્ટીમીડીયાની જરૂરિયાતો અને હેતુઓ (Need and Purpose of Multimedia)

મલ્ટીમિડિયા 'સારી પ્રક્રિયા અને માહિતી પ્રસ્તુતીકરણ' ની જરૂરિયાતો સંતોષવાના હેતુથી દર્શાવી શકાય છે મલ્ટીમિડિયાની એકાગ્રતા એ છે કે જુદા જુદા ઉપભોક્તાની જરૂરિયાત આધારિત માહિતી ઝડપી અને ગુણવત્તાયુક્ત રજૂ કરવાની ક્ષમતા ધરાવે છે હાલના વાતાવરણમાં ડેટાની પસંદગી વધુ મુશ્કેલ છે કોઈપણ અસરકારક પ્રત્યાયન ઉપભોક્તા કોઈપણ હદે તેને મહત્વ આપે છે મલ્ટીમિડિયા અમલીકરણ જુદા જુદા ઉપભોક્તાને ઝડપી અને અસરકારક માહિતી મેળવવાની સમસ્યાનું સમાધાન કરી આપશે.

મલ્ટીમિડિયામાં માહિતી પ્રસ્તુતીકરણ માટે virtual સ્વરૂપમાં સારી પ્રક્રિયા પુરી પાડે છે. આભાસી રીયાલીટી પદ એ મલ્ટીમીડીયાનું સમાનાર્થી છે મલ્ટીમીડિયાનો એકમ પદ તરીકે જુદા જુદા ગ્રંથાલયોમાં જુદા જુદા ઉપભોક્તા જુદી જુદી માહિતી જરૂરિયાત સંતોષે છે. માહિતીના જુદા જુદા સ્વરૂપમાં ઝડપી અને અસરકારક માહિતી મેળવવાની સમસ્યાનું સમાધાન કરે છે. તે શિક્ષણ અને તાલીમ, ધંધાકીય અને વ્યાવસાયિક ક્ષેત્રે, પુસ્તક પ્રકાશન અને ધંધામાં અસરકારક રીતે ઉપયોગ થાય છે હવે પછીના વિભાગમાં મલ્ટીમિડિયા તેમજ હાયપરમિડિયાનો અભ્યાસ કરીશું.

## 8.8 હાયપરમીડીયા અને હાયપર ટેક્સ્ટ (HYPERTEXT AND HYPERMEDIA)

આગળ દર્શાવ્યા મુજબ મલ્ટીમીડીયા માહિતી મેળવવા માટે Hypermedia and hypertext પધ્ધતિની તકનીકીનો તેમાં સમાવેશ થાય છે. હાયપરમિડિયા મલ્ટીમિડિયા સાથેનું ઘણું બધું જોડાણ છે કે જે કેટલીક વખત મલ્ટી મિડિયાના સમાન્ર્થી તરીકે ઉપયોગમાં લેવાય છે. હાયપર મિડિયા પરનો ઉપયોગ ગ્રાફનો ચોક્કકસ ભાગ અને ચિત્ર દર્શાવવા માટે કરવામાં આવે છે અને દશ્ય પડદા પ્રત્યેની માહિતીનો કોઈપણ સ્વરૂપને દર્શાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ચાલો સૌ પ્રથમ આપણે Hyper text and Hyper Media વચ્ચેનો ખ્યાલ સમજીએ.

### 8.8.1 અર્થ અને વ્યાખ્યા (Meaning and Definition)

સરળ રીતે ટેક્સ અને માહિતી જુદા જુદા જથ્થાના બનેલા હોય છે તેમની વચ્ચેનું જોડાણ હોય છે. મલ્ટીમિડિયા ગ્લોસરીના મત મુજબ Hyper text નો અર્થ શબ્દ કે જે 'હાયપર - જંપ' પૂરો પાડે છે. Hyper Text એ સામાન્ય રીતે કાયમી ટેક્સની પ્રમાણે છે. Hyper text નો વેબ ડોક્યુમેન્ટ સાથે જોડાણ ધરાવે છે. Hyper text પાછળનો વિકાસએ લખવાની પ્રક્રિયા, શબ્દક્રિયા માહિતી. માહિતી પ્રાપ્તિકરણ પાછળ રહેલા છે. પ્રલેખ કે જે Hyper text દ્વારા સ્થાનિક રીમોટ અથવા જુદા જુદા સ્થળોથી કદાચ જોડવાની સંભાવના રહે છે. Hyper text એ સોફ્ટવેર ટુલ છે. જેના દ્વારા ઉપભોક્તા ટેક્ષના શબ્દો અથવા કુકરા વચ્ચે નવું જોડાણ બનાવી શકે છે. દર્શાવ્યા મુજબ Hyper text ઉદાહરણ તરીકે ફૂટ નોટ્સનો ઉપયોગ તેના જોડાણ દ્વારા કરી શકાય છે. ફૂટનોટએ જોડાણ પુરા પાડે છે. અથવા તો એક નોડ અને બીજા નોડ સાથેનો નિર્દેશ કરે છે. નોડ વિશેનો સામાન્ય વિચાર એ અને નોડ વિશેષતા કદ વિશેનો કોઈ નિયમ નથી. તેનો તેમાં સમાવેશ થવો જોઈએ. જે Hyper text અભ્યાસ સુધી વપરાતા ઈન્ટર-લીનીયર પેપર ડોક્યુમેન્ટથી અલગ પડે છે કે જે Hyper text મશીન સહાયથી જોડે છે જ્યારે ઉપભોક્તા લીન્ક પસંદ કરે છે ત્યારે બે નોડ વચ્ચેની પ્રક્રિયા યાંત્રિક સ્થાન લે છે તેના માટેનું કારણ એ છે કે મોડને કમ્પ્યુટરમાં તેની સંમિશ્રણ - પ્રક્રિયાની રજૂઆત કરવાની રાહ જુએ છે.

તેમાં નોંધ લેવા જેવી એ છે કે નોડ અને લીંકનો ખ્યાલ સ્થિતિ સ્થાપક છે. માહિતીના નોડ ટેક્ષનો ભાગ સંગીતનો ભાગ નકશા કે સંપૂર્ણ ફિલ્મ કે જેમાં લેખક તેને એકમ તરીકે રજૂ કરી શકે છે જે તે Hyper text system કોઈપણ સમયે માહિતી રજૂ કરે છે. નોડ્સ જુદા જુદા પડદાઓના બનેલા હોય છે એ જ રીતે લીંક કે જે તે નક્કી કરવા માટે કોઈ નિયમ બનેલ નથી લીંક એ બે નોડ વચ્ચેથી બને છે કે જેમાં લેખક કેટલીક રીતે તેને જોડવાનો નિર્ણય લે છે કેટલાક Hyper text system નો કેટલાક પ્રકારની લીંક અને લેખક કે જે વિશિષ્ટ પ્રકારનો ઉપયોગ કરે છે તેનો સમાવેશ થાય છે.

બીજી બાજુ હાઈપર મિડિયા અને હાઈપર ટેક્સએ માત્ર ટેક્સનું જોડાણ કરતું નથી પરંતુ માધ્યમના જુદા જુદા સ્વરૂપ અવાજ ગ્રાફીક્સ, ચલચિત્ર, દશ્ય, કાર્ટુન અને અન્યને જોડે છે Hyper મીડીયાએ Hyper text ના બનેલા હોય છે. જેમાં ક્રૂરતા ચિત્રો અને અવાજનું જોડાણ સાથે હોય છે સાચી રીતે Hyper મીડીયા અને Hyper text બે જુદા જુદા પદ ખોટી રીતે આંતર ફેરબદલી થયેલ છે. જે સ્પષ્ટ રીતે Hyper text એ માત્ર text દર્શાવે છે હા મિડીયાની ટેકનીકલ વ્યાખ્યાએ આ મુજબ છે.

'આંતર આકર્ષિત કાક્રમ કે જેમા માહિતી જુદા જુદા માધ્યમમાં સંગ્રહ અને સંચાલન થયેલ હોય છે કે જેથી ઉપભોક્તા તેની જરૂરિયાત આધારિત જુદી જુદી રીતે માહિતી પુન: પ્રાપ્ત અને રજૂ કરી શકે છે હા મિડિયા એ માહિતીના માધ્યમમાં પ્રસ્તુતીકરણમાં સમાવેશ થાય છે કે જેમ તેની વિષયવસ્તુ વધુ અસરકારક રીતે પ્રત્યાયન થાય છે. ઉપભોક્તાઓને તેમની યોગ્ય માહિતી અનુસાર માહિતી પૂરી પાડવામાં મદદ કરે છે. એવું જાણવા મળ્યું છે કે હા મિડિયા અત્યારે તમામ પ્રકારની ટેકનોલોજીલ પધ્ધતિ માટે જેમ કે બેન્કના કેશ મશીન ફેક્ટરીની અંકુશ પધ્ધતિ અથવા ડેટાબેઝમાં ઈન્ફોર્મેશન પદ્ધતિ માટે 'કન્ટેએન્ડ' બન્યા છે'

આંતર પારસ્પરિકતાએ મલ્ટીમીડીયાનું આવું રૂપ બન્યા છે મલ્ટી મીડીયામાં આંતર પારસ્પરિકતાએ Hyper media અથવા Hyper text દ્વારા સગવડ પૂરા પાડવામાં આવે છે. જે ચિત્ર સાથે જોડવાની આવશ્યકતા રહે છે. તેની મલ્ટીમિડિયા ઉત્પાદનમાં પણ આંતર પારસ્પરિકતાનો ઉમેરો મલ્ટીમીડીયામાં સમાવેશ થાય છે જે મલ્ટીમિડિયા ઉત્પાદનમાં કાળજીપૂર્વક મૂલ્યાંકન નિર્ણાયક છે. Hyper text ડ્રામા મુદ્રિત text ને તેના બંધારણ મુજબ જુદા કરવામાં આવે છે. વાંચક માટે તેને વહેંચવામાં આવે છે ઉદાહરણ તરીકે કાર્યક્રમની સૂચના શબ્દ છતાં પણ નોડ અને લીંક બંધારણ Hyper text હજી સુધી કુકરા સ્તરે 1 એકમ લખાણનું સંયોજન કરે છે. એવું માનવામાં કોઈ કારણ નથી કે પરંપરાગત કોઈ કાગળ કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી જુદી રીતે વાંચી શકાય છે.

### 8.8.2 હાયપર ટેક્સ્ટ - ઐતિહાસિક દષ્ટિકોણ (Hypertext-Historic Perspective)

ઐતિહાસિક પ્રતિ ક્રિયામાં Hyper text નો ઉદ્ભવ ઘણા આવા સમય પ્રક્રિયા ઉદા. Aristotle ના કાર્યકાળ દરમિયાન કે જ્યારે માહિતીના અંતર જોડાણની પાત્રતા ભૂતકાળમાં હતી તેની સમીક્ષા

ટેકનોલોજી યુગમાં માત્ર ઉચિત છે તેનો સંક્ષિપ્ત ઇતિહાસ અહીં આપવામાં આવ્યો છે નીચે ઐતિહાસિક બાબતનું મૂલ્યાંકન Hyper text નો ક્રમિક વિકાસ સાથે અને તેના સંભવિત ખ્યાલ અહીં આપવામાં આવે છે.

**Table 8.5 Hyper text E volution**

| Date | Nature of Contribution |
|---|---|
| 1945 | Vannevar Bush proposes Memex. |
| 1965 | Tex Nelson coined the word Hypermedia and used the term Hypertext. |
| 1967 | Andy van Dam the Hypertext editing system and PRESS Brown University |
| 1968 | Dong Engelbart invented mouse and multiple window screens and many components of hypermedia. He produced the NLS (on Line System) which embodied features that were to become proto-types for all hypermedia systems. |
| 1968 | Alan Kay built cardboard model of Hypermedia system called the 'Dyanabook' |
| 1969 | Charles F. Goldfarb of IBM introduces Generic Markup Language (GML). |
| 1978 | Aspen Movie-Map, first hypermedia videodisk Andy Lippman, MIT Architecture Machine Group |
| 1980 | Charles F. Goldfarb introudces Standard Generalized Markup Language (SGML), sopnsored by American standards Institute (ANSI). |
| 1984 | William Gibson used the term 'cyberspace'. |
| 1984 | Filevision from Telos; limited hypermedia database widely available for Mac. |

ઇ.સ. 1945 Vannernvar Bush દ્વારા Hyper text નો ખ્યાલ આપવામાં આવ્યો છે. 'as we may think તેમના પેપરમાં Hyper text નો જન્મ થયો હતો. અમેરિકાના પ્રમુખ Revsevet દ્વારા 1941 માં ડાયરેક્ટર તરીકે America's Office of Scientific Research and Development તરીકે કરવામાં આવી વધતી જતી માહિતીની સમસ્યાના ભાગરૂપે તેમને નિવારણ સૂચવ્યું. Bush દ્વારા memex ની રચના કરવામાં આવી એવું સાધન કે જે તેમના પુસ્તકોનો રેકોર્ડ અને પ્રત્યાયનનો વ્યક્તિગત સંગ્રહ હોય છે જે આંતરીકરણ થયેલો હોય છે તેથી તે ચડિયાતુ ઝડપી અને સ્થિતિસ્થાપક તરીકે કાર્ય કરે છે. સામાન્ય સંગ્રહ ભંડાર તરીકે કરતા memex એ સહ અનુક્રમણિકા આધારિત થતા પ્રાથમિક ખ્યાલમાં ઝડપ અને યાંત્રિકીકરણ કારણને લીધે જોગવાઈ હતી આ memex ની આવશ્યકતા, લાક્ષણિક memex ના ખ્યાલમાં તેના સ્કોલર Schalar ના working and Bush ની ઈચ્છાને બાંધી શકવા જે તૈયાર પ્રલોપ સાથે પ્રકાશિત ના નવા સ્વરૂપને છૂટ આપતા હોય છે તે સમય પછી memex ને પડતા મુકવામાં આવતા અચાનક રીતે ટેકનોલોજીમાં memex એ કાર્ય કરી શક્યા ન હતા.

Bush એવું માને છે કે માઈક્રોફિલ્મએ સંગ્રહ સમસ્યાના હાર્દ તરીકે હશે તે ધારણા સાચી હતી અનુક્રમણિકા અને પુનઃપ્રાપ્તિનાં સ્તર અને જટીલતાએ memex દ્વારા માઈક્રોફિલ્મની આધારિતમાં જરૂરિયાત રહેતી Hyper memex માં શોધની મુખ્ય સમસ્યા હતી અને કમ્પ્યુટર તેનું સમાધાન હતું છતાં Bush એ Hyper text અથવા Multi Media ની પિતા તરીકે ઓળખાય છે.

Hypermedia પદ Theodor Nelson ને આભારી છે તેનો અર્થ એ થતો હોય કે Hyper text તરફ કર્મ કર્યું છે ઉદાહરણ તરીકે Dong engelbart તેમનો કર્મને અહીં ટાંકવામાં આવ્યું છે. Bush Velson and Engelbert એ Hyper text ત્રણ જુદી જુદી રીતે Hyper text પ્રસ્તુત કર્યું છે જે કે અત્યારે પણ આકર્ષે છે.

Bush ની દૃષ્ટિએ Hyper text કુદરતી પ્રકાશ પરનું મગજમાં અથવા ('આ સ્થિતિ મુજબ જ સ્વરૂપની દૃષ્ટિએ રચના) આ ખ્યાલમાંથી Hyper text સરળ રીતે ઉપયોગ થવું જોઈએ Melson ની દૃષ્ટિએ વર્તમાન વાતાવરણ છે. Hyper text ના ઉત્પાદનમાં શક્યતા વગર વધુ પ્રાપ્ય કરવામાં સૂક્ષ્મ થવો જોઈએ. Melson ની દૃષ્ટિએ સંગ્રહ અને પ્રક્રિયાનું પ્રાપ્તિકરણ છે. Hyper text નો ઉત્પાદનકર્તા કોઈપણ પ્રલેખ પ્રક્રિયા માટે સક્ષમ હોવો જોઈએ. Hyper text system માટે એ સલાહ આપવી શક્ય છે તમામ માહિતી માટે સંપૂર્ણ પ્રક્રિયા પૂરી પાડે છે તેમ છતાં નવા કાર્યો માટે ઉપયોગકર્તાને આપે છે. તેમ છતાં તેમના દૃષ્ટિકર્તાએ છે કે Hyper text એ એકમીય ખ્યાલ નથી કોઈ એવું વસ્તુ નથી કે જે ચોક્કસ રીતે વ્યાખ્યાયિત કરી શકાય.

### 8.8.3 હાયપર મીડીયા, હાયપર ટેક્સ્ટ અને મલ્ટીમીડીયા (Hypermedia, Hypertext and Multimedia)

મલ્ટી મિડિયા ની એક સરળ લાક્ષણિકતાએ છે કે જુદા જુદા માધ્યમમાં Hyper text નું જોડાણ અને ઉપયોગ કરવામાં આવે છે માહિતીની આ ક્રમિકતા પૂરી પાડે છે જેમ કે Hyper text નો કે જ્યાં માહિતી પાના પછી પાનાની સામાન્ય રીતે મળે છે. Hyper text ઉત્પાદક પોતાના ક્રમાનુસાર માહિતી પ્રાપ્ત કરે છે તે મલ્ટી મિડિયાનો મુખ્ય ભાગ છે. Hyper text માં માહિતી કે જ્યાં મલ્ટી મિડિયામાં પ્રસ્તુત કરવામાં આવતું હોય વૃદ્ધિ થઈ શકે છે અને તેમાં જોડાણ અને ડેટા બેઝમાંથી માહિતી Browsing પણ કરી શકાય છે હકીકતમાં Hyper text નું મહત્વની માહિતીનું વાંચન લખાણ અને સંચાલન મળે છે.

### 8.8.4 ગ્રંથાલયો અને શિક્ષણમાં અમલ (Applications in Libraries and Education)

મલ્ટી મિડિયાએ શિક્ષણમાં વિશાળ પ્રમાણમાં એક મહત્વ જનક વાતાવરણ તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે તે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બનેને શિખવા અને શિખવવાના નવા કર્તા તરીકે નવો રસ્તો પૂરો પાડે છે. માહિતી વિસ્ફોટના સમયમાં માહિતીના ઉત્તરોત્તર ઝડપી સંખ્યાને અને પ્રક્રિયાની સમસ્યા પ્રાપ્તિની કિંમત અને સંપાદિત ઉપયોગ માટે મલ્ટી મીડીયા માધ્યમ બની શક્યા છે જેવી ડિક્સનરી, વિશ્વકોષો આ સ્વરૂપમાં પ્રાપ્ય છે માટે મલ્ટી મિડિયાએ માહિતીના ઉપયોગ અને પ્રક્રિયા માટે ગ્રંથાલયમાં ક્રાંતિ તરફ જઈ રહ્યાં છે.

◆ **સ્વ અધ્યયન...**

(13) DVD ના લક્ષણો વિસ્તૃત રીતે જણાવો.

(14) DVD ની વિવિધ શ્રેણીઓ (કેટગરી) જણાવો.

(15) મલ્ટી મિડિયા શું છે તેની લાક્ષણિકતા જણાવો.

(16) માહિતી મિડિયામાં હાયપર મિડિયા અને હાયપર ટેક્ષનો ફાળો જણાવો.

નોંધ : (1) તમારા જવાબો નીચે આપેલ જગ્યામાં જણાવો

(2) તમારા જવાબો એકમના અંતે આપેલ જવાબો સાથે સરખાવો.

.........................................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

## 8.9 સારાંશ (SUMMARY)

રેકોર્ડિંગ અને સંગ્રહ જ્ઞાન માટે માણસે જુદા જુદા માધ્યમો પથ્થરથી માંડી ઓપ્ટીકલ મિડિયા સુધી ઉપયોગ કર્યો છે. આ બાબત માધ્યમના નવા વિભાગને જન્મ આપે છે જેવા કે મુદ્રિત અમુદ્રિત અને ઈલેક્ટ્રોનિક માધ્યમ સમયની સાથે જ્ઞાનના રેકોર્ડિંગ અને પ્રત્યાયન મૂળભૂત અને સ્થાનિક ટેકનોલોજી સમયની સાથે અમલીકરણ થતી રહે છે. ચાઈન્સ દ્વારા પ્રિન્ટીંગની શોધ કરવામાં આવી હતી જે વિશ્વના જુદા જુદા ભાગમાં પ્રસરી 15 મી સદીમાં ફેરફાર કરી શકાય એ પ્રિન્ટીંગ પૂરા પાડવામાં આવે છે. પ્રિન્ટીંગ ટેકનોલોજીમાં મુદ્રિત માધ્યમનો વધારો પેપરની સાઈઝ અને ચોક્કસાઈ વિવિધતાએ તેની પ્રક્રિયા સાથે ગુણવત્તામાં વધારો થતો રહે છે. મુદ્રિત માધ્યમનાં વિસ્ફોટને કારણે કાગળની અછત અને તકનીકી શોધનો ભય એ ઉત્પાદન પધ્ધતિમાં ગ્રંથાલય પદ્ધતિ માટે મુખ્ય કારણ બન્યો છે જેથી નોન અમુદ્રિત માધ્યમ તરીકે માઈક્રોફોન ગ્રંથાલય દ્વારા ઉપયોગ વધુ થતો રહ્યો છે ઈ.સ. 1970 અને ઈ.સ. 1980 માં ગ્રંથાલય દ્વારા archival સંગ્રહ જગ્યાની બચત તરીકે વિશિષ્ટ પ્રકારનાં ડોક્યુમેન્ટ પ્રાપ્તિ માટે તેનો સ્વીકાર કર્યો છે. માઈક્રોફોનમાં જુદા જુદા સ્વરૂપો જેવા કે Hyper Text Roll Film ‘Aperture micro Fiche and CD Rom’ વગેરેનો ઉપયોગ થતો હતો અમુદ્રિત માધ્યમના બીજા વિભાગ તરીકે દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્ય - શ્રાવ્ય સાહિત્ય તમામ પ્રકારનાં ગ્રંથાલયનો ભાગ બની ચૂકી છે. દૃશ્ય બાબતો જેવી કે Film Strips, slide audio, recording the gramophone records, audio tapes અને છેલ્લે the motion films and video tapes નો તેમાં સમાવેશ થાય છે. ગ્રંથાલયો દ્વારા અમુદ્રિત માધ્યમના અભ્યાસ માટેના કારણમાં તેની વિશિષ્ટ પદ્ધતિ અને માહિતી શ્રોતાની પ્રાપ્તિ, સંગ્રહ પ્રક્રિયા, તેની ઉપયોગીતાનો સમાવેશ થાય છે.

ઈલેક્ટ્રોનિક માધ્યમએ અમુદ્રિત માહિતીનું અન્ય સ્વરૂપ છે પણ માઈક્રો ફોર્મ્સ કરતા જુદુ છે. ઈલેક્ટ્રોનિક મિડિયા એ It નું માહિતી સંગ્રહ, પ્રસાર અને ફેરબદલી માટે મુખ્ય ફળ છે તે સંપૂર્ણ પણે પ્રિન્ટીંગ ટેકનોલોજી સાથે એકત્રીત થઈ રહી છે જુદા જુદા પ્રકારના ઈલેક્ટ્રોનિક માધ્યમ તરીકે ચુંબકીય માધ્યમ અને ઓપ્ટીકલ માધ્યમને વધારાનો ઉગતો ખ્યાલ (ડીવીડી) DVD ને લેવામાં આવ્યા છે. ચુંબકીય માધ્યમ tap, drum and dick અને ડીવીડીને આવરે છે તે એકમમાં સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવેલ છે. તમામ પ્રકારનાં મુદ્રિત અમુદ્રિત ઈલેક્ટ્રોનિક અને ઓપ્ટીકલ માધ્યમને લીધે મલ્ટી મિડિયા અસ્તિત્વમાં આવેલ છે. મલ્ટી મિડિયા પર એ Multimedia Computing or interactive multimedia પરથી ઉતરી આવેલ છે જે Computer interface અથવા તો Hypermedia સાથે ઉપયોગ છે. મલ્ટી મિડિયા માહિતી એ Hyper Media and Hyper text પદ્ધતિ દ્વારા સમન્વીત છે. Hyper Media એ text ગ્રાફિક, ડિઝિટલ સ્વીચ, શ્રાવ્ય, ચિત્ર અને ચલચિત્રો વગેરેનો સમાવેશ થાય છે. Hyper media અને Hyper text બને મલ્ટી મિડિયા માહિતીના પ્રક્રિયા નેવી ગેશન અને પ્રાપ્તિના કાર્ય કરે છે.

## 8.10 ‘તમારી પ્રગતિ ચકાસો’ના જવાબ (ANSWERS TO SELF CHECK EXERCISE)

1. મિડીયા એ માધ્યમનુ બહુવચન છે. માહિતી બદલવા તે મુખ્ય કન્ડકટર ચેનલ છે. કાગળ એ સદીઓથી માધ્યમ તરીકે મુખ્ય ભાગ ભજવે છે. જ્યાં સુધી માહિતી પ્રત્યાયનની વાત છે ત્યાં સુધી જૂની પદ્ધતિમાં પોસ્ટેરીટીનું આરક્ષણ હતું. પરંતુ તેમાં રેકોર્ડીંગ અને ઉત્તમ જ્ઞાન માટે પેઢી આવી. બિન-છાપ મિડીયામાં માઇક્રોફોર્મ્સ, AV સાહિત્ય જે 20 મી સદીની મધ્યમાં વપરાતું છાપ માધ્યમનો સમાવેશ થાય છે અને રૂપરેખા સંગ્રહ અને પ્રક્રિયા માટે પણ જવાબદાર છે. પ્રોદ્યૌગિકીનો પ્રિડોમિનેન્ટ રોલ મેગ્નેટીક અને ઓપ્ટીકલ મિડીયા સ્વચ્છ બને છે. વિભિન્ન મિડીયાનો ઉપયોગ દર્શાવે છે કે તે બધા માહિતી પ્રત્યાયન પ્રક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

2. પેપર શબ્દ પેપીરસમાંથી ઉતરી આવેલ છે. તે ચીનમાં ટસ એ લૂન દ્વારા 105 A.D માં શોધાણું. તે પ્રથમ આરબો દ્વારા તૂર્કીસ્તાનમાં ફેલાયું. સ્પેનમાં પ્રથમ કાગળ ઉદ્યોગ 1150 A.D માં શરૂ થયો અને ત્યારબાદ યુરોપમાં પ્રવેશ પામ્યો તે 1690માં અમેરીકા તરફ ગયો. કાગળ બનાવતું યંત્ર ચેબમાં નિકોલસ લૂઈસ રોબર્ટ દ્વારા ફ્રાંસમાં 1690માં શોધાયું. ફોરડિનાર ભાઈઓ દ્વારા સુધારવામાં આવ્યું અને અમેરીકા અને ઈંગ્લેન્ડમાં પ્રસ્થાપિત થયું.

3. પ્રિન્ટ મિડીયાનો મુખ્યત્વે કાગળ અને મૂવેબલ ટાઈપ્સ દ્વારા છાપકામમાંથી પ્રસારિત થયો. અક્ષરો રિન્ટેડ દસ્તાવેજને વિશ્વમાં ફેલાવવા અને સુધારવા માટે જવાબદાર હતા અને આવી રીતે પ્રિન્ટ મિડિયા એ લખેલા દસ્તાવેજથી અલગ છે. પ્રિન્ટ મિડીયાને ઘણા વર્ગો છે અને માહિતી પ્રત્યાયનની મુખ્ય શ્રેણી પુસ્તક છે. પ્રિન્ટ મિડીયાની બીજી શ્રેણીઓ, ટૂંકા લખાણ મિડીયા કોમ્પરાઈટીંગ ફોલ્ડર્સ, કેન્ડઆઉટ શ્રેણીઓ, સામયિકો, સમાચારપત્રો વગેરે છે. દશ્ય પ્રિન્ટ મિડીયામાં ચાર્ટ પોસ્ટર્સનો સમાવેશ થાય છે.

4. પ્રિન્ટ મિડીયાનાં ભવિષ્ય અંગે કોઈ ચોક્કસ સમયક્રમનો દાવો ન કરી શકાય. તેમ છતાં તેવી આગાહી કરી શકાય કે નજીકનાં સમયમાં તે અદશ્ય થઈ જશે. તેવો ભય રહેલ છે કે તે બિન પ્રિન્ટ અને યાંત્રિક મિડીયામાં પરિવર્તન થઈ જશે. તદ્ઉપરાંત તે વિચારવું ખોટું છે કે પ્રોદ્યોગિકી માહિતી પ્રત્યાયન માટે પ્રોદ્યોગિકી પ્રિન્ટ તરીકે બદલાશે અને બધી વસ્તુને યાંત્રિક અને આધુનિક સ્વરૂપમાં ફેરવશે. તે નજીકનાં ભવિષ્યમાં બની શકે તેમ નથી. યાંત્રિક મિડીયાની બાજુએ દલીલ પાસ કરેલ છે કે તેની ઈચ્છિત જરૂરિયાત છે અને રૂપરેખા મિડીયાની છાપિત સ્વરૂપમાં માંગ છે. ડેટાબેઝ ખાસ કરીને યાંત્રિક સામાયિક કે જે હવે પૂર્ણ અક્ષર યાંત્રિક અને છાપિત એમ બંને સ્વરૂપમાં ઉપલબ્ધ થયા છે. પ્રિન્ટ મિડીયાનું ભવિષ્ય તેની ફળદ્રુપતા પર આધારિત છે. તેની વિશ્વનીયતા આવતા થોડા સમય સુધી ટકી રહેશે.

5. બિન છાપિત મિડીયાનો ફાયદો માહિતી વિસ્તરણ માહિતી વિભાગ દ્વારા છાપિત મિડીયામાં જરૂર છે. વિશિષ્ટ ડોક્યુમેન્ટનો વિકાસ એ પણ બિન-છાપિત મિડીયાને સ્વિકારવાનું એક કારણ છે. બિન છાપ મિડીયાનો પ્રોદ્યોગિકી ભાષા અને કોમ્પ્યુટર સાથે સરળતાથી છાપકામની પેદાશ અને નકલીકરણ એ અન્ય કારણો છે. બિનછાપ મિડીયાનો અભ્યાસ તેનાં નિયમન, સંપાદન, સંગ્રહ, પ્રક્રિયા અને ઉપયોગ માટે જરૂરી છે.

6. માઈક્રોફોમ એવી સ્થિતિમાં આવ્યું છે કે જ્યાં તે છાપનાં વિસ્તૃતીકરણ માટેના ભૌતિક સંગ્રહ જથ્થાને લગતાં છે ત્યાં સુધી કેટલાંક પ્રકારનાં નિરાકરણો પૂરા પાડે છે. માઈક્રોફોમ એ જનરીક શબ્દ છે જે દશ્ય માહિતી અસલ કાગળ સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. જે ફોટોગ્રાફીકલી ઓછું થાય છે. બીજા શબ્દોમાં તે કોઈપણ માધ્યમ, ..... અથવા ઓપાહ માટેની તરાહ છે. તેના ફરી ઉત્પાદનની પ્રક્રિયા કરે છે જેને માઈક્રોગ્રાફી કહેવાય છે અને તે રીયોગ્રાફીનું મુખ્ય વિભાગમાંનું એક છે. માઈક્રોફોર્મનાં બે વર્ગો છે. (1) માઈક્રો ઓપાક (2) માઈક્રો પારદર્શિતા.

તેનાં મુખ્ય ફાયદાઓ આ મુજબ છે. (1) કરકસરયુક્ત (2) જગ્યાની બચત (3) ઝડપી સંપાદન (4) ફાઈલ સંકલન (5) સરળ યાંત્રિકીકરણ અને સ્વયં સંચાલન (6) માહિતી વિસ્તરણ અને બનાવવાનો ઓછો ખર્ચ (7) રૂપરેખામાં સરળ (8) સંગ્રહ નિયમન અને પાછું મેળવવામાં સરળ (9) વાચાવરણની કિંમત અને કાગળનું નિયંત્રણ, પ્રદૂષણ અને ખર્ચ (10) સંગ્રહની વિશ્વસનીયતા અને સંકલન (11) સરળ ઉત્પાદન અને આદર્શ ગુણવત્તા.

7. બિનછાપ મિડીયાનો એક વર્ગ ઓડીયો, દશ્ય અને ઓડીયો દશ્ય છે. તેઓ એક વખત ઘણી ગ્રંથાલયોમાં મલ્ટીમિડીયા ઘટક તરીકે ગણાતા ઓડીયો સાહિત્યમાં ગ્રામોફોન, રેકોર્ડ અને ઓડીયો ટેપનો સમાવેશ થાય છે. દશ્ય ઘણી બધી સંખ્યામાં છે તેમાંના કેટલાંક કાગળ આધારિત છે, કેટલાંક પારદર્શક જેવી કે ઓવરહેડ પારદર્શકતા અને કેટલાંક મોડેલ્સ અને ગ્રાફીક્સ છે. ઓડીયો દશ્યનાં બે વર્ગો મોફાન સિસ્ટમ અને વિડીયો ટેપ્સ છે. ફોટોગ્રાફિક પ્રક્રિયા ડોક્યુમેન્ટનાં કદને ઘટાડે છે કે જે ભાગ આગિયા કાચ દ્વારા વાંચી શકાય છે.

ઓડીયો દશ્ય મિડીયા હંમેશા છાપ મિડીયા સાથે હોય છે. તેઓ આજે પણ ઘણા ગ્રંથાલયનો ભાગ છે અને તેણે આધુનિક મલ્ટીમિડીયા પેદાશનાં વિકાસમાં ભાગ ભજવેલ છે.

8. યાંત્રિક મિડીયા સંગ્રહ, વિસ્તરણ અને માહિતી પ્રક્રિયા માટેનો ઉપયોગ થાય છે. તેમાં ચુંબકીય, ઓપ્ટીકલ, આધુનિક અને મેગ્નેટ ઓપ્ટીકલ મિડીયાનો સમાવેશ થાય છે. આ મિડીયાનો યાંત્રિક પ્રકાશનમાં, ખાસ કરીને ઓપ્ટીકલ મિડીયામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ છે.

યાંત્રિક મિડીયાનું સ્વરૂપ મેગ્નેટીક અને ઓપ્ટીકલ છે અને તેમાં મેગ્નેટીક ટેપ, ક્રમ અને ડિસ્ક પછી તેમાં હાર્ડ ડિસ્ક અને ફ્લોપી ડિસ્કનો સમાવેશ થાય છે. ઓપ્ટીકલ મિડીયા લેઝર વિઝન ડિસ્કમાંથી ઉત્પન્ન થાય છે. હવે તેને જુદાં-જુદાં ફોર્મેટ છે, જેવાં કે CD ઓડીયો, CD-R, CD-RW, CD-I અને અતિ પ્રખ્યાત CD-ROM. ઓપ્ટીકલ મિડીયામાં યાંત્રિક પ્રકાશનમાં નવો મલ્ટીમિડીયા ખ્યાલ સમાવેશ પામે છે.

9. મેગ્નેટીક મિડીયા એ દ્વિતીય સંગ્રહ સાધન છે. સાથે મેગ્નેફ્રેમ કોમ્પ્યુટર માઈક્રોકોમ્પ્યુટરનાં ક્ષેત્રમાં સતત ઉપયોગમાં આવે છે. તેઓ પરિચયમાં આવ્યા ત્યારથી લગભગ 200% ક્ષમતા અને સંગ્રહ ક્ષમતામાં વધારો થતા મેગ્નેટીક મિડીયા અતિ વિકસિત થયું છે. મેગ્નેટીક મિડીયા હવે ખૂબ જ વિપુલ જથ્થાનો આનંદિત ભાગ બનેલ છે અને ઇન્ટરનેટ પર માહિતીનો મુખ્ય સ્રોત બનેલ છે તે મેગ્નેટીક ટેપ, ક્રમ અને ડિસ્કને આવરે છે. પ્રથમ બે ફોર્મેટ ઉપયોગની બહાર છે. જ્યારે ડિસ્ક વર્તમાનમાં બધા યાંત્રિક .... માટે મુખ્ય સંગ્રહ અને વિસ્તરણ મિડીયા છે.

10. ઓપ્ટીકલ મિડીયાએ માહિતી સંગ્રહ અને વિસ્તરણનાં ખ્યાલને ઉત્ક્રાંતિ આપેલા છે. કોમ્પેક્ટ ડિસ્કનાં વિકાસથી આધુનિક વિષયવસ્તુ પહોંચાડવા અને મલ્ટીમિડીયા ખ્યાલ પ્રાથમિક બન્યા છે. જાગૃતિનાં નવા યુગમાં લખાણ સંગ્રહ, ઓડીયો વિઝ્યુઅલ અને એનીમેટેડ માહિતી, પિક્ચર ગ્રાફિક્સ બધું એક મિડીયામાં હોય છે. ઓપ્ટીકલ મિડીયાની વિભિન્ન વર્ગો દ્વારા આ સુવિધા પ્રાપ્ત થાય છે. તેમાં CD ઓડિયો, CD પ્રત્યાયન મલ્ટીમિડીયા માટે, CD-ROM અને WORM જથ્થા લખાણ માટે અને ડેટાબેઝ, શ્રેણીી અને સંદર્ભ બૂકોનો સમાવેશ થાય છે. વધારામાં CD રેકોર્ડેબલ અને CD લખાણ ડિસ્ક પણ હવે ઉપલબ્ધ છે.

11. કોમ્પેક્ટ ડિસ્ક માત્ર વાંચન માટેની મેમરી એ લખાણ અને બિનલખાણ માહિતી સંગ્રહ માટેનું મુખ્ય સાધન છે અને તેને બહોળો ઉપયોગ થાય છે. તે કોઈપણ આકારનાં કોમ્પ્યુટરનાં એકલા અને સંચાર સર્વર અને જ્યુક લોક્સ સાથે જોડી વાપરવામાં આવે છે. CD-ROM નાં અતિ ઉપયોગી લક્ષણો સાહિત્યની વિશાળ વિવિધતાનું સંચાલન અને નિયમન પુસ્તકો, શ્રેણી, શબ્દકોષ, શિક્ષણ સાહિત્ય, રમતો, સંગીત, મૂવીઝ, પ્રત્યાયન મોડ ડેટા પ્રકાર જેમાં એનીમેશન ગ્રાફિક, સોફ્ટવેર, અવાજ, લખાણ, વિડીયોનો સમાવેશ થાય છે અને 660+NB ની માહિતી ક્ષમતાને જાળવે છે કે જે 440 1.44 MB ફ્લોપી ડિસ્ક સમાન છે. 18 કલાકનું સાઉન્ડ અને 700 લાખ લખાણનાં અક્ષરો, CD-ROM નું ઉત્પાદન સરળ છે અને તે અતિ આકર્ષક લક્ષણ છે.

12. ગ્રંથાલય અમલીકરણમાં CD-ROM એ બીજા વર્ગની CD-ROM ડિસ્ક કરતાં મહત્ત્વનો ભાગ ભજવે છે અને આકર્ષક માહિતી સંગ્રહ પ્રોદ્યોગિકીની સુવિધા આપે છે. તે નવું પ્રકાશન માધ્યમ છે, તે નવી પેઢીના કોમ્પ્યુટરનું કેન્દ્ર છે અને તે ઊર્જા માટે શૈક્ષણિક સાધન છે. તે આખા ડેટાબેઝને સંગ્રહ કરવા પણ વપરાય છે અને કી-વર્ડ અથવા વર્ગત્માકોનો ઉપયોગ દ્વારા તેને શોધી પણ શકાય છે આવી સમયની બચત કરે છે. તેનાં ફાયદાઓના ગ્રંથાલયને માહિતી પ્રક્રિયા કરકસરયુક્ત થાય. નાની ડિસ્કમાં માહિતી મોટા ગુણવત્તા પ્રાપ્ત થાય. CD-ROM ડેટાબેઝ ઓનલાઇન તંત્ર કરતાં ઓછું ખર્ચાળ છે. ગ્રંથાલયમાં CD-ROM નો ઉપયોગ ડેટાબેઝનો સંગ્રહ, પૂર્ણ અક્ષર સામયિક સંદર્ભ પુસ્તક અને મલ્ટીમિડીયા પેદાશનું મોટું નિરાકરણ છે.

13. પ્રોદ્યોગિકીએ લેઝર વિઝન અને ઓપ્ટીકલ મિડીયાનાં ક્ષેત્રમાં નોંધનીય પ્રગતિ કરી છે. આ આધુનિક વર્સાટાઇલ ડિસ્કની શોધને લધે થયું છે. પ્રોદ્યોગિકીનું મેગ્નેટીક અને ઓપ્ટીકલ મિડીયા ક્ષેત્ર DVD-ROM અને વિડીયો વર્ઝનમાં બદલાયું છે. પછી બિનછાપિત સ્વરૂપનો સંગ્રહ ઓડીયો અને દૃશ્ય ડોક્યુમેન્ટ અને નોન લાઇનર પ્રક્રિયા સ્પર્ધક મિડીયાની માંગ કરે છે અને ઓપ્ટીકલ સંગ્રહ તંત્ર નોન લાઇનર પ્રક્રિયા માટેની પણ સુવિધા આપે છે.

DVD જે પ્રારંભ આધુનિક વિડિયો ડિસ્ક તરીકે ઓળખાતી તે હવે આધુનિક વર્સટાઇલ ડિસ્ક તરીકે જેનાં વિડીયો, વલ્ટીમિડીયા, રમત અને ઓડીયો અમલીકરણ માટે CD આકારની ડિસ્કમાં ખૂબ જ ક્ષમતા હોય છે. તે ઓપ્ટીકલ ડિસ્ક ફોર્મેટનું મલ્ટીએપ્લીકેશન પરિવાર છે જેમાં માત્ર વાંચન, રેકોર્ડબેલ અને ફરી લખાણ અમલીકરણ આવે છે. માત્ર વાંચન માટેની ડિસ્કની ક્ષમતા 4.7 GB થી 17.1 GB R CM ડિસ્કમાં જે R ગતિ CD-ROM ડ્રાઇવને સમાન છે. DVD માં હોમ મનોરંજન, કોમ્પ્યુટર અને ઉદ્યોગ પ્રત્યાયન સિંગલ, આધુનિક ફોર્મેટમાં સંગ્રહ થાય છે. વિડીયો અને ઓડીયોની ઊંચી ગુણવત્તા DVD વિડીયોને VHS માં બદલવા મદદ કરે છે. ઘણાં ક્ષેત્રોમાં વિડીયો માર્કેટનો વધારો થાય. DVD સામાન્ય શબ્દમાં વાસ્તવિક રીતે બે પ્રકાર છે. DVD વિડીયો અને DVD-ROM DVD 1994માં બે સ્વરૂપ સાથે શરૂ થયા, સુપર ડિસ્ક (SD) અને મલ્ટીમિડીયા CD (MMCD) DVD હવે સિંગલ સ્ટાન્ડર્ડ કેમ્પસ દ્વારા થયેલ કરારનું પરિણામ છે. જે બધી વિવિધ ઉદ્યોગોની જરૂરિયાત પૂરી કરે છે.

14. DVD એ ક્ષમતા, અમલીકરણ અને સંગ્રહ સ્વરૂપમાં વિશાળ છે. ફોરમેટ અને મિડીયાને જાણવું અત્યંત જરૂરી છે. (a) ભૌતિક ફોર્મેટ (b) ડીવીડી અમલીકરણ માટેનું ફોર્મેટ (c) ડેટા સંગ્રહ માટેનું ફોર્મેટ

**ભૌતિક ફોર્મેટ :** ભૌતિક ફોર્મેટ DVD ડિસ્કનાં ભૌતિક લક્ષણો પર આધારિત છે. નીચેના ચાર પ્રકારનાં ભૌતિક DVD ડિસ્ક ફોર્મેટ ઉપલબ્ધ છે.

DVD-5 એક બાજુ હોય છે, એક સ્તરની DVD 4.7 GB સંગ્રહ ક્ષમતા હોય છે.

DVD-9 આ પણ એક બાજુ હોય છે, બે સ્તરની DVD 8.5 GB સંગ્રહ ક્ષમતા હોય છે.

DVD-10 બે બાજુ હોય છે, એક સ્તરની DVD 9.4 GB સંગ્રહ ક્ષમતા હોય છે.

DVD-18 બે બાજુ હોય છે, એક સ્તરની DVD 17 GB સંગ્રહ ક્ષમતા હોય છે.

**અમલીકરણ ફોર્મેટ :**

ભૌતિક ફોર્મેટ ડેટા સંગ્રહાયેલા મિડીયાને વર્ણવે છે અને અમલીકરણ ફોર્મેટ કેવા પ્રકારનો ડેટા-સોફ્ટવેર, વિડીયો છે અથવા સંગીત સંગ્રહ છે કેવી રીતે છે તેનું વર્ણન કરે છે. તેમાં સમાવેશ થાય છે.

DVD ઓડીયો : ઊંચી ગુણવત્તા ઓડીયો સંગ્રહ પૂરી પાડે છે. CD માં હોય છે.

DVD વિડીયો : સ્ટુડિયો ગુણવત્તા પેદા કરવાની ક્ષમતા તે ઊંચી ગુણવત્તાના MPE 4.2 વિડીયો દબાણનો ઉપયોગ કરે છે.

ડેટા DVD : કોમ્પ્યુટરમાંથી સામાન્ય ડેટાનો સંગ્રહ કરવા માટે પણ DVD ડિસ્કનો ઉપયોગ થાય છે.

**લખાણ ફોર્મેટ અથવા ડેટા સંગ્રહ માટેનું ફોર્મેટ :**

ભૌતિક અમલીકરણ ફોર્મેટ ઉપર મુજબ છે. ભૌતિક લક્ષણો ડિસ્કનાં અને તેમાં સંગ્રહ થયેલ ડેટાનો પ્રકાર કહે છે. લખાણ ફોર્મેટ ડેટા લખવાના વિવિધ રસ્તાઓ અને DVD ડિસ્કમાંથી વાંચન ઓડીયો, વિડીયો અથવા કોમ્પ્યુટર ડેટા વિશે કહે છે. આ વર્ગમાં ઘણા બધા ફોર્મેટ છે.

આ બધા વર્ગો અને ફોર્મેટ આ દ્વારા ફલિત થાય છે. DVD વિડીયો, DVD-ROM, DVD ઓડિયો અને રેકોર્ડ ફોર્મેટ જેવા કે DVD-RAM, DVD RW અને DVD-R જે

હવે PC માં સતત ઉપયોગી થાય છે.

15. મલ્ટીમિડીયા પ્રોદ્યોગિકી એ કોમ્પ્યુટર, ડિજીટલ વિડીયો, ડીજીટલ ઓડીયો અને અવાજ પૃથક્કરણનું સ્વરૂપ છે. મલ્ટીમીડીયાની સરળ પરિભાષા 'મલ્ટીમિડીયા કોમ્પ્યુટર' અથવા આદાનપ્રદાન મલ્ટીમિડીયા માટેની જેનરીક તરાહ મિડિયાની વિશાળ તરાહનો ઉપયોગ કોમ્પ્યુટર ઈન્ટરફેસમાં અથવા હાયપર મિડીયા પ્રોગ્રામમાં થાય છે. મિડીયા કે જેમાં મલ્ટીમિડીયા CD-ROM, CD-I અને CD-A ને અહીં રાખે છે. મલ્ટીમિડીયા તંત્ર ચાર મહત્ત્વનાં પાસાઓ આ મુજબ છે. (1) તેમાં વિશાળ મેમરી સંગ્રહની જરૂર (2) વિશાળ અને શક્તિશાળી પ્રક્રિયા પ્રોદ્યોગિકી જે માહિતીનાં વિશાળ ગ્રંથને સુધારણા પ્રક્રિયા, દર્શાવવાનું નિયમન કરે (3) લખાણ અને સંપાદકીય આઉટપુટ પહોંચાડે અને બંધારીત અને અવાજ અને ઈમેજ બંનેને પહોંચાડે (4) સમદ્ધ અને જટિલ વાતાવરણ ઉપયોગ વિનાનું બને છે. વપરાશકર્તા તેની જરૂરિયાત મુજબની માહિતી સરળતાથી શોધી શકે છે અને પ્રક્રિયા કરે છે.

16. મલ્ટીમિડીયાની તરાહને આધારે, હાયપરટેક્સ એ એવું લખાણ જે વપરાશકર્તાને ઊંચો કુદકો આપે. મૂળભૂત રીતે હાયપર ટેક્સ્ટ એ રોજિંદા લખાણને સમાન છે. જેમાં એક ભેદ છે : હાયપર ટેક્સ્ટમાં લખાણથી અન્ય વેબ ડોક્યુમેન્ટ સાથેનાં જોડાણનો સમાવેશ થાય છે. સાદી રીતે હાયપર ટેક્સ્ટ માહિતીના નોડ્સ અને તેમની વચ્ચેનાં જોડાણનો સમાવેશ કરે છે.

થેડર નેલ્સન દ્વારા હાયપર મિડીયા શબ્દ આવ્યો છે. હાયપર મિડીયાની યાંત્રિક પરિભાષા આદાન-પ્રદાન વાળો પ્રોગ્રામ જેમાં વિવિધ અસંખ્ય મિડીયા દ્વારા માહિતી સંગ્રહ થાય છે અને ગોઠવાય છે કે જેથી વપરાશકર્તા વિવિધ રીતે તેને મેળવી શકે અને પ્રદર્શિત કરી શકે. હાયપર મિડીયા બીજી રીતે હાયપર ટેક્સ્ટને જે માત્ર લખાણ સાથે જોડાયેલ નથી પરંતુ મિડીયા અન્ય સ્વરૂપો – અવાજ, ગ્રાફિક્સ, મૂવીજ, વિડિયો એનીમેશનનું પણ જોડાણ થાય છે. હાયપર મિડીયામાં હાયપર ટેક્સ્ટનો ઈમેજ અને અવાજનાં મિશ્રણ સાથેનો સમાવેશ થાય છે. બદનસીબે હાયપરમિડીયા અને હાયપર ટેક્સ્ટ એ બે શબ્દ છે જે ખોટી રીતે બદલાયેલા છે. પરંતુ તેમાં તફાવત કરવો જરૂરી છે. હાયપર ટેક્સ્ટ સખતાઈથી લખાણ માહિતી અને માહિતીના પ્રદર્શનને લગતી બાબતો રજૂ કરે છે. કેટલીકવાર માહિતીનાં અંગો ગ્રાફીક્સ અને ઈમેજને પણ રજૂ કરે છે.

મલ્ટીમિડીયાનું એક અતિ આવશ્યક લક્ષણ હાયપરટેક્સ્ટ લખાણનો ઉપયોગ કરે છે. હાયપર મિડીયા માહિતીની બિન અનુક્રમિત પ્રક્રિયા પેપર લખાણમાં પૂરી પાડે છે કે જ્યાં માહિતી પાનાથી પાના જોવાય છે. હાયપરટેક્સ્ટ વપરાશકર્તાને પ્રક્રિયાને તેની હારમાં જોવામં મદદ કરે છે. મલ્ટીમિડીયાની આંતરક્રિયા એ ચાવીરૂપ લક્ષણ છે. મલ્ટીમિડીયામાં આંતર પ્રક્રિયા એ હાયપર મિડીયા અથવા હાયપર ટેક્સ્ટ દ્વારા પૂરી પડાય છે.

## 8.11 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**ઓડીયો ટેપ્સ (Audio Tapes)** : ઓડીયો ટેપ અથવા કેસેટ સાઉન્ડ રેકોર્ડીંગ અને સંગીત દ્વારા પેક થયેલ હોય છે અને ઓડીયો પ્લેયરને આની જરૂરિયાત હોય છે. રેકોર્ડીંગ મોનીટર, સ્ટીરીઓથી અથવા ...... થી થઇ શકે. માહિતીના પ્રકારો રેકોર્ડીંગમાં સંગીત, વાર્તાકોણ, વાંચન, વાણી, રેસીટેલ અને અવાજ અસરનાં શોધાયેલાં છે.

**કોમ્પેક્સટ ડિસ્ક (Compact Disc)** : કોમ્પેક્ટ ડિસ્ક એ આયનીક માધ્યમ છે જે 12 cm પોલીકાબોનેટ મેટાલાઇઝ સીટ માં બંધાયેલ છે અને સુરક્ષિત લેક્વર અરક્ષણ CD નું ભૌતિક ફોર્મેટ Isracro ઉદ્યોગ દ્વારા વર્ણવવામાં આવેલ છે.

**CD–A** : CD ઓડીયો સંગીત જે વિન્ડો મિડીયા પ્લેયર સાથે શરૂ થાય તેમ છતાં તમારે CD-ROM ડ્રાઇવ સાથે આવેલ સોફ્ટવેરનો ઉપયોગ કરવો પડે.

**CD–I** : CD ઈન્ટરેક્ટીવ ફિલિપ્સ દ્વારા વિકસાવવામાં આવી છે અને લીલા પુસ્તકમાં

દર્શાવવામાં આવી છે. જે CD માં માહિતી સંગ્રહ કરવાનો ખાસ રસ્તો છે કે જે ઇન્ટરેક્ટીવ મલ્ટીમિડીયા અમલીકરણનો અસરકારક સહકાર પૂરો પાડે છે.

**CD–R** : કોમ્પેક્ટ ડિસ્ક રેકોર્ડેબલ. આ શબ્દ રેકોર્ડબલ CD ની પ્રોદ્યોગિકીને વર્ણવા તેમજ સાધનો, સોફ્ટવેર અને રેકોર્ડ ડિસ્ક બનાવવામાં વપરાતા મિડીયાને વર્ણવવા થાય છે. CD રેકોર્ડબેલને સબસ્ટ્રો બને ધાતુ પ્રત્યાઘાત સ્તરની વચ્ચે ઔદ્યોગિક ડાયડેટા સ્તર હોય છે.

**CD–ROM** : ઓપ્ટીકલ સંગ્રહ મિડીયા જે CD-ROM દ્વારા ચોક્કસ થયા છે. જે મલ્ટીમિડીયા અલમીકરણ માટે સંગ્રહ મિડીયાનો વધારો કરે છે. CD-ROM એ પરંપરાગત લાંબા તબક્કે ચાલતો રેકોર્ડ છે. પરંતુ તે ટ્રેકમાં વિભિન્ન છે જે જેને CD વાંચે છે. પરંપરાગત CD-ROM 650 MB ડેટાનો સંગ્રહ કરે છે જે 250,000 પાનાંઓ A4 લખાણ સાથે તેમ 7000 પૂર્ણ સ્ક્રીન ઇમેજીસ, 12 મિનીટ પૂર્ણ એનીમેશન અથવા પૂર્ણ સ્ક્રીન વિડીયો, અથવા 19 કલાક ઓડીયોનો સમાવે છે.

**CD–RW** : CD લખાણ એ કોમ્પ્યુટર ડેટા સંગ્રહ મિડીયા છે જે ઉત્તમ CD ની જેમ કાપ કરે છે તેને તેમાં હજારો વખત લખી શકો છો. આ CD નવી શ્રેણીમાં સાહિત્યથી બને છે, બધા પેકેજ રીસાયકલ છે. જવેબ કેસ રીસાયકલ્ડ પ્લાસ્ટીક અને ઇન્ફોશીટમાંથી બનેલ છે. આ CD પર્યાવરણની દષ્ટિએ વધુ સારી છે કારણ તેમાં વિશાળ જથ્થામાં માહિતી હોય છે અને તેનો ઘણી વખત ઉપયોગ કરી શકાય છે.

**Com** : કોમ્પ્યુટરમાંથી સીધું જ માઇક્રોફિલ્મ પેદા થાય છે જેમાં હાર્ડકોપી ઇન્ટરવેન્શન અથવા ફોટોગ્રાફિક પ્રક્રિયાની જરૂર નથી પડતી.

**DVD** : ડિજીટલ વિડીયો ડિસ્ક એ ડીજીટલ વર્સેટાઇલ ડિસ્ક છે જેને વિડીયો, મલ્ટીમીડિયા, રમત અને ઓડિયો અમલીકરણ માટે ઊંચી ક્ષમતા છે.

**DVD–ROM** : CD ROM ડિસ્કને સમાન છે. પરંતુ તેમાં ઊંચી સંગ્રહ ક્ષમતા છે. DVD-ROM DVD વિડિયો પ્લેયર અને કોમ્પ્યુટર DVD ડ્રાઇવમાં ચાલે છે. માત્ર વાંચન માટેની ડિસ એ 4.7 GB થી 17.1 GB 12 સે.મી.ની ડિસ્ક છે.

**DVD–RAM** : CD RAM ડિસ્ક વર્ચ્યુઅલ હાર્ડ ડિસ્ક જેવી છે. જેમાં વધારાની વાંચન લેખન પ્રક્રિયા થાય છે. આ ડિસ્કમાં એક લાખ કરતાં પણ વધારે વખત લખી શકાય છે. ડેટા સંગ્રહ અને અમલીકરણ માટે 2.6 GB થી 9.4 GB ની દરેક સાઇડમાં ક્ષમતા ધરાવે છે.

**DVD–R** : DVD-ROM ને સમાન છે. એક વખત લખવા માટેની ડિસ્ક જે એક બાજુએ 4.7 GB અને બન્ને બાજુએ 9.4 GB ક્ષમતા ધરાવે છે. બે શ્રેણી છે. આથોરિંગ DVD-R સામાન્ય ઉપયોગ માટે DVD-R.

**DVD+RWઅને DVD+R** : DVD પરિવારનો ઓફિશયલ ભાગ નથી. પરંતુ સામાન્ય ફોર્મેટ માટે DVD-RW અને DVD-R સમાન છે. DVD + RW એક હજાર વખતી લખી શકાય છે. અને વાસ્તવિક સમય વિડીયો રેકોર્ડિંગ અને રેન્ડમ ડેટા રેકોર્ડિંગ બન્ને માટે યોગ્ય છે. વિડિયો રેકોર્ડિંગ માટે દરેક બાજુએ 4.7 GB ની ક્ષમતા છે. DVD + R માત્ર એક જ વખત લખી શકાય છે.

**DVD વિડિયો** : 1997 માં શરૂ થઇ, DVD ફોર્મેટમાં સૌથી વધુ સફળ છે અને વિડિયો વિષય વસ્તુ અને મુવીના વિસ્તરણ માટે આદર્શ સાધન છે.

**DVD ઓડિયો** : 2000 માં સ્થપાયું. ઉચ્ચી ગુણવત્તાનું અવાજ. સંગીત માટેનું આદર્શ સંકલન બન્યું છે, સંગીત ઉદ્યોગને નવી તકો પૂરી પાડી છે.

**ફલોપી ડિસ્ક** : પાતળી સરક્યુલર પોલિમર ડિસ્ક જેની બન્ને બાજુ મોનેટીક સાહિત્યથી સુરક્ષિત

હોય છે અને તે પ્લાસ્ટીક જેકેટમાં બંધ થયેલ હોય છે. તે નાનું સાધન છે. જે માહિતી સંગ્રહમાં અને ફ્લોપી ડ્રાઇવની મદદમાં વપરાય છે.

**ડ્રામો ફોન રેકોર્ડસ** : આ શબ્દ કોઇપણ ડિસ્ક ફોર્મેટનું વર્ણન કરવા વપરાય છે. કે જ્યાં ઓડિયો સિગ્નલ શ્રેણીમાં રેકોર્ડ થયા હોય છે. કે જે સ્પાઇલસ અને એમ્પ્લીફીકશન તંત્રના ઉપયોગથી વાંચી શકાય છે.

**હાર્ડ ડિસ્ક** : જટીલ સરક્યુલર માધ્યમ જેને પ્લેટર બોલાય છે. જેની બન્ને બાજુ મેગ્નીટ મટીરીયલ આરક્ષિત કરવામાં આવેલ હોય છે. તે વધારે ગતી અને વધારે સંગ્રહ કરતું સાધન છે. હાર્ડ ડિસ્ક બે પ્રકારની છે. ડિસ્ક પેક અને વિન્ચસ્ટર ડિસ્ક.

**મેગ્નેટિક ડિસ્ક** : પાતળું પેલ્ટર જે દેખાવમાં ફોનોગ્રાફીક રેકોર્ડને સમાન હોય છે. ડિસ્કની બન્ને બાજુ મેગ્નેટિક સાહિત્યથી આરક્ષિત હોય છે અને હાર્ડ ડિસ્ક-ફ્લોપી ડિસ્ક તરીકે ઉપલબ્ધ છે.

**મેગ્નેટિક ડ્રમ** : ડિસ્કને સમાન છે. પરંતુ, ક્લિન્ડર સ્વરૂપ અને ખૂબ જ વધારે ગતિએ ફરે છે. વાંચન, લેખન, હેડ્સ બેન્ડ અને સંગઠન માટે ડ્રમ પર આવે છે.

**મેગ્નેટિક ટેપ** : પ્લાસ્ટિકની પાતળી ફિલ્મ અને તેની એક બાજુ જ માત્ર મેગ્નેટિક સાહિત્યથી સુરક્ષીત હોય. રેકોર્ડ બ્લોકમાં વિભાજિત થાય છે. વિથ અને લંબાઇમાં વિભિન્ન પ્રાપ્ત થાય છે. તે ટેપ ડ્રાઇવ, કેસેટ અને કાટરિજ છે.

**મેગ્નેટોક ઓપ્ટીકલ** : તેઓ આર્યન ઓક્સાઇડ કરતાં ક્લોરાઇઝ પ્લાસ્ટીક અને લેઝરનો ઉપયોગ કરે છે અને ડેટા સંગ્રહ અને વાંચન માટે મેગ્નેટિક હેડનો આ અન્ય પ્રકારની ડિસ્ક છે. જે આજે ઉપયોગમાં લેવાય છે તેનાથી તેઓ બીટમાં થોડા વિભિન્ન છે. કે 0 અને 1 બીટ MO ડિસ્કમાં પ્લાસ્ટીકના બીટ કે જે કાંતો ડાબી અથવા જમણી ક્લોરાઇઝન ધરાવતા હોય તેની સાથે રેકોર્ડ થાય છે.

**મિડિયા** : માધ્યમનું બહુવચન છે. તે કંડક્ટર ચેનલ અને જેનાં દ્વારા માહિતી ફેરવી શકાય તે છે. મિડિયા મૌખિક, લખાણ, છાપ બિનછાપ અને યાંત્રીકમાં બદલાય છે.

**માઇક્રોફોન્સ** : આ જેનેટિક શબ્દ છે જે કાગળ સ્વરૂપમાં દશ્ય માહિતીને ઓળખે છે. કે જે ફોટોગ્રાફીકલી ઉચ્ચા સ્વરૂપમાં ઉત્પન્ન થઇ હોય તેમાં રોલ ફિલ્મ, ....., ફિલ્મ સ્ક્રિપ, માઇક્રો ફિશ, માઇક્રો કાર્ડ અને માઇક્રો પ્રિન્ટનો સમાવેશ થાય છે.

**મુવેબલ ટાઇપ્સ** : જહોન બુટન બર્ગ દ્વારા 15મી સદીની મધ્યમાં છાપકામની પ્રયુક્તિની શોધ થઇ. જેનાથી ડોક્યુમેન્ટના વિશાળ ઉત્પાદન અને છાપકામમાં ઉત્ક્રાંતિ આવી.

**કાગળ કદ** : કાગળ કદના બે મૂળભૂત વર્ગો છે. (1) બ્રિટિશ સ્ટાન્ડર અને આંતરરાષ્ટ્રીય કદ. બ્રિટિશ કદ ફુલ સ્કેપ, ક્રોઉન, રોયલ વગેરે છે અને આંતરરાષ્ટ્રીય કદ એ ABC છે.

**પેપીરસ** : પ્રાચીન કાગળ જેવું કે રિવર પ્લાન્ટના ઉચા પ્રવાહમાંથી બનાવવામાં આવેલ સાહિત્ય. નાઇલ નદીમાં શોધાયું અને આ સાહિત્ય મુખ્યત્વે ઇજિપ્તમાં ઉપયોગ આવે છે.

**U.D.F.** : યુનિફાઇડ ડેટા ફોર્મેટ

**U.S.B.** : સાર્વત્રિક શ્રેણી બેઝ

**વિડિયો ટેપ** : તે વિડિયો ટેપના ઉપયોગથી ચિત્ર અને અવાજમાં પ્રોગ્રામ રેકોર્ડ કરવા વપરાય છે. વિડિયો ટેપ મેગ્નેટિક સિગ્નોલેને દશ્ય અને ઓડિયો માહિતી ઘટકોને સુધારવા માટે સંગ્રહ કરે છે.

**વિન્ચેસ્ટર ડિસ્ક** : ઉચ્ચી ક્ષમતાની હાર્ડ ડિસ્ક છે અને મુખ્યત્વે માઇક્રો કોમ્પ્યુટરમાં વાપરવામાં

આવે છે. તે હવે બધા માહિતી સંગ્રહ અને વિસ્તરણ જરૂરિયાત માટે મહત્ત્વનો હાર્ડવેર બન્યો છે.

**Worm** : અન્ય સંગ્રહ પ્રોદ્યોગિકી Worm એક વાર લખો. ઘણી વાર વાંચો આ એવાં માધ્યમ દ્વારા લખી શક્યા છે. જે પ્રારંભમાં ખાલી હોય છે. પરંતુ એક જ વખત લખી શકાય છે.

**NACO (નામ ઓથોરીટી સંગઠન પ્રોગ્રામ) :** NACO પ્રોગ્રામ 1977 થી શરૂ થયો. આ પ્રોગ્રામ વડે સ્પર્ધક ઓથોરીટી રેકોર્ડને નામ, યૂનિફોર્મ શીર્ષક અને શ્રેણીને રાષ્ટ્રીય ઓથોરિટી ફાઇલમાં ફાળો આપ્યો છે. NACO સ્પર્ધક નવી નામ ઓથોરિટી રેકોર્ડમાં ફાળો આપે છે અને ચોક્કસ લક્ષણો વડે અસ્તિત્વ ધરાવતા રેકોર્ડમાં બદલાવ કરે છે. વધારામાં સ્પર્ધક શ્રેણી અને યુનિફોર્મ શિર્ષક ઓથોરીટીમાં પણ ભાગ ભજવે છે. સ્વતંત્ર સંખ્યા આ પ્રોગ્રામમાં જોડાઇ શકે છે. અથવા ગ્રંથાલય સંગઠન સામાન્ય રસ સાથે આ યોજનામાં કો-ઓર્ગેનેટ દ્વારા રેકોર્ડમાં ફાળો આપે છે. પ્રોગ્રામમાં ભાગ લેનારાઓ જ્યારે તેઓ ઓથોરીટી રેકોર્ડને વિશાળ વિભાજીત ઓથોરીટી ફાઇલની જાળવણી માટે ફેરવે કે સર્જન કરે ત્યારે તેઓએ કેટલાંક સામાન્ય ધોરણો અને માર્ગદર્શનોને અનુસરવું પડે છે. NACO સ્પર્ધકો એ કાં તો ઘરે અથવા LC માં તાલીમ પ્રોગ્રામ કરવા પડે છે. તાલીમ દરમ્યાન માર્ગદર્શનની ચર્ચા કરવામાં આવે છે અને પત્રકોની જાગૃતતા જ્યારે ફાઇલ કરતાં હોય ત્યારે તેને વિસ્તારવામાં આવે છે. આ ફાઇલ ખૂબ જ અસરકારક અને આકર્ષક રીતે ગ્લોબલ ગ્રંથાલય કોમ્પ્યુનીકી વર્કને તેનાં સ્રોતો વિસ્તારવામાં મદદ કરે છે.

નાકો ઓથોરીટી યોજનાનો એક મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે તેમાં ભાગ લેનારાઓ જ્યારે તેઓ ઓથોરીટી રેકોર્ડને, વિશાળ વિભાજીત ઓથોરીટી ફાઇલની જાણવણી માટે, ફેરવે કે સર્જન કરે ત્યારે તેઓએ કેટલાંક સામાન્ય ધોરણો અને માર્ગદર્શનોને અનુસરવું પડે છે.

**SACO (વિષય ઓથોરીટી સંગઠન પ્રોગ્રામ) :** SACO સંગઠન વિષય પત્રક યોજનામાંથી ઉતરી આવેલ છે. જે 1983માં શરૂ થયું છે. SACO નું સ્થાપન ગ્રંથાલયને તેનાં વિષય મથાળા જમાં કરાવવા અને સંગઠન પત્રક માટેના પ્રોગ્રામ દ્વારા કોંગ્રેસ ગ્રંથાલયનું વર્ગીકરણ કરવા માટે થયું છે. વિષય મથાળામાં બદલાવ એ કોંગ્રેસ ગ્રંથાલયમાં વર્ગીકરણ નંબરમાં દાખલ થવા માટે કરવામાં આવેલ છે. પ્રયત્નોના નકલીકરણથી જાળવવા, સ્પર્ધકે કોંગ્રેસ ગ્રંથાલયની ઓથોરીટી ફાઇલની ઓનલાઇન પ્રક્રિયા, નામ ઓથોરીટી અને વિષય ઓથોરીટીની શોધ હેતુ માટે કરવી પડે છે. સ્પર્ધકનો તાલીમ કાર્યક્રમ, SACO વર્કશોપ PCC દ્વારા કાં તો ગ્રંથાલય સંબંધી મિટીંગમાં અથવા કોન્ફરન્સ અથવા વિષય પત્રક વર્કશોપ તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવે છે. ભાગ લેવાની સુગમતા માટે SACO કાર્યક્રમ સૂક્ષ્મ સાહિત્ય અર્થે ફોર્મનો વિકાસ કર્તા છે જે વપરાશકર્તાને તેની દરખાસ્તો અને કોંગ્રેસ ગ્રંથાલયમાં બદલાવ મૂલ્યની સરળતા કરી દે છે.

**BIBCO (ઐતિહાસિક સંગઠન પ્રોગ્રામ) :** BIBCO એ PCC નો ઐતિહાસિક રેકોર્ડ સાધન પ્રોગ્રામ છે જે રાષ્ટ્રીય કો-ઓર્ડીનેટેડ પત્રક પ્રોગ્રામમાંથી 1995માં ઉતર્યો. BIBCO સ્પર્ધકને મોનોગ્રાફ દસ્તાવેજને કેન્દ્રીય ડેટાબેઝ ઉપયોગી ધોરણોનો ઉપયોગ કરી તેનાં વિસ્તરણમાં ભાગ ભજવે છે. PCC BIBCO યોજનાં નળ ઐતિહાસિક રેકોર્ડ સર્જન અને અસ્તિત્વ ધરાવતા રેકોર્ડને OCLC ડેટાબેઝ રાષ્ટ્રીય સ્તરે ધોરણોને આધારે નલીનીકરણ કરાવવા સજ્જ થઇ છે. આ પ્રોગ્રામ થકી NACO નાં સભ્યો ઐતિહાસિક રેકોર્ડ રાષ્ટ્રીય ડેટાબેઝમાં ફાળો આપી શકે છે.

BIBCO સભ્ય પૂર્ણ અથવા થોડા સ્તરે ઐતિહાસિક રેકોર્ડનાં ફાળા માટે જવાબદાર

છે. આ રેકોર્ડ PCC રેકોર્ડ તરીકે ઓળખાય છે અને તેનાં સંપૂર્ણ ઓથોરીટી કામ માટે નોંધનીય છે. રાષ્ટ્રીય સ્તરે કોર્સ નંબર અને અંતે એક વિષય પ્રક્રિયા પોઈન્ટ રાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ય થેસરી જેવી કે LCSH Mesh વગેરે.

## 8.12 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCE AND FURTHER READING)

Arora, Renu. (1998). *Physical media of information.* In: MLIS-02 Course Materials. New Delhi: Indira Gandhi National Open University.

Basandra, Suresh K. (1998) *Computers today.* New Delhi, Galgotia.

Brynjolfsson, Erik and Kahin, Brian (Ed.). (2002). *Understanding the digital economy: data, tools and research.* Massachusetts: MIT Press.

Cotton, B. & Oliver, R. (1993). *Understanding hypermedia.* London, Phaidon Press.

FomergjJl, R. and BuAcart, L (1978). *Non-book materials in libraries: a practical guide.* London: CfiveBingley.

Gates, Jean Key. (1979) *Guide to the use of books and libraries.* 4th Edition. New York,McGimw-HilL

Hanop, Dorothy. (1968) *Modern book production.* London, Clive Bingley.

Havaru, LJ. (1998). *Non-print media: microform, electronic and optical media.* In: MLIS-02 Coarse Materials. New Delhi: Indira Gandhi National Open University.

Hills, P. (1981). *The future of printed -word.* London, The Open University Press.

Kankanhalti, Mohan S. (1999). DVD technology and its impact *Economics Times: IT.* ET:IT- Special Supplement, 1(4), Jan-Feb. 1999.

Kasdorf, Wiliam E. (Ed.). (2003). *The Columbia guide to digital publishing.* New York: Cohnnbia University Press.

Leiner, Barry M. [et. al.]. (2003). *A brief history of the Internet.* Reston: Internet Society. <hdp^/www.isoc.org/internet/history/brief.shuiil>

McKnight, C. [et al.]. (1982). *Hypertext in context.* Cambridge: Cambridge University Press.

Murthy, TAV and Satyanarayana, R. (1998). *Print media, multimedia (hypermedia) and hypertext.* In: MLIS-02 Course Materials. New Delhi: Indira Gandhi National Open University.

Nielsen, J. (1990). *Hypertext and hypermedia.* New York: Academic Press. PC Quest:

October 2003.

Singel, E. (et al).(1982). *Books, libraries and electronics.* New York, Knowledge Industry Publications.

Stokes, Roy. Ed. *Esdaile's manual of bibliography.* Rev. Edition. London, George Alien and Unwin.

Taylor, Jim. (2005). *DVD demystified.* 3rd edition. New York: McGraw-Hill.

Teague, S John (1985). *Microform, video and electronic media librarianship.* London, Butterworths.

Tucker, Alien B. (1996). *The computer science and engineering handbook.* Boca Raton, CRC Press.

Wall, C. Edward (Ed.). (2005). *Media review digest: the only complete gutfte to reviews of non-print media: film and video, audio, CD-ROM, miscellaneous.* Ann Arbor: Pierian Press.

| એકમ–9 | મુદ્રિત અને પ્રકાશિત તકનીકી પ્રક્રિયા<br>(Printing and Publishing Techology) |
|---|---|

: માળખું :


9.0 હેતુઓ

9.1 ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

9.2 લેટર પ્રેસ પ્રિન્ટીંગ અથવા રિલીક પ્રિન્ટીંગ

9.2.1 છાપકામ યંત્રો (Printing Machines)

9.2.2 યાંત્રિક કૃતિ

9.2.3 ક્રિયાના ગેરફાયદાઓ

9.3 પ્લાનોગ્રાફિક અથવા લિથોગ્રાફિક છાપકામ

9.3.1 કૃતિમાં સ્ટેટ ઓફ આર્ટ

9.3.2 વર્ડ પ્રોસેસર અને ડેસ્ક ટોપ પબ્લીશીંગ

9.3.3 ઈમેજ સેટર

3.3.4 કાગળ વિનાનો સમાજ

9.4 આકૃતિઓ

9.4.1 લાઈન આકૃતિ

9.4.2 હાફટોન આકૃતિ

9.4.3 રંગ આકૃતિ

9.5 રંગીન છાપકામના વર્તમાન તરાહ

9.6 ક્રિયા કામ

9.7 નેગેટીવ અથવા પોઝીટીવનો બોજો/પેસ્ટ-અપ

9.8 પ્લેટની બનાવટ

9.8.1 સાફ કરવાની પ્રક્રિયા

9.8.2 નકલો છાપવા સોય કે તેજાબ વડે પતરા ઊંડી આકૃતિ કોતરવાની પ્રક્રિયા

9.8.3 પૂર્વીય સૂક્ષ્મ ફેરફારની નોંધ લેનાર પ્લેટ

9.8.4 Tri-Metallic Plates

9.9 લીથોગ્રાફીક/ઓફસેટ છાપકામ યંત્રો

9.10 અન્ય છાપકામની પ્રક્રિયા

9.10.1 ઈન્ટાગ્લીયો છાપકામ

9.10.2 ડ્રાય ઓફસેટ

9.10.3 સિલ્ક સ્ક્રીન છાપકામ

9.10.4 ફ્લેક્સોગ્રાફીક છાપકામ

9.11 બાંધવુ

9.11.1 મધ્યમાં સ્ટેપ્લર/દોરા વડે ટાંકા લેવા

9.11.2 સાઈડમાં દોરા વડે ટાંકા લેવા

9.11.3 ચોક્કસ બાંધવું

9.11.4 વિભાગો ચોંટાડવા અને કાગળનું આવરણ ચોંટાડવું.

9.11.5 હાર્ડબોર્ડનું બંધારણ

9.11.6 પરિસ્થિતિમાં બાંધવું

9.12 કાગળ

9.13 છાપકામની શાહી

9.14 સારાંશ

9.15 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

9.16 ચાવીરૂપ શબ્દો

9.17 સંદર્ભ અને વિશેષ વાંચન

## 9.0 હેતુઓ (OBJECTIVES)

છાપકામ અને પ્રકાશનની પ્રોદ્યોગિકીનો વિકાસ થતા માહિતીના ક્ષેત્રમાં નવી ક્ષિતિજો વિસ્તરી છે. આ એટલા માટે જરૂરી છે કે તેનાથી તેના મૂળભૂત ખ્યાલો સમજી શકાય છે. આ એકમમાં આપણે છાપકામ અને પ્રકાશનની પ્રાથમિકતાની ચર્ચા કરીશું. આ એકમ વાંચ્યા પછી તમે નીચે મુજબ સમજી શકશો :

- છાપકામ વાળા સાહિત્યના ઉત્પાદનમાં છાપકામની પ્રયુક્તિના વિવિધ ફાયદાઓનું જ્ઞાન મળે.
- કોમ્પોઝીશનના વર્તમાન વલણનું પૃથક્કરણ જેવા કે DTP છાપસેટીંગ અને કલર સ્કેનિંગ.
- વર્તમાન પધ્ધતિ કે જેમાં લેખકની માહિતી હોય તેનાથી માહિતીગાર; બીજુ માત્ર છાપ માધ્યમ માટે જ નહિ પરંતુ યંત્ર માટે યંત્રક્રિયાથી સ્રોત માહિતી.

## 9.1 ઐતિહાસિક પૃષ્ઠભૂમિ (HISTORICAL BACKGROUND)

પહેલા પ્રત્યાયનનું માધ્યમ મૌખિક કરતા, પત્થરમાં લખાણ, સૂકુ લખાણ અને પાંદડામાં લખાણ એ રીતે હતું આનો મતલબ એમ કે ત્યારે પ્રત્યાયન માત્ર લોકોને ધર્મની બાબતો સમજાવવા માટે થતું. કોતરણી કરેલ લાકડાના ટુકડાઓમાંથી ઘણી બધી છાપ કાઢવાનું પહેલાના સમયમાં ચાઈનીઝ લોકોએ કરેલું. ઈજિપ્તના લોકોના પેપીરસના (Papyrus) (કે જે અત્યારે કાગળ તરીકે પ્રખ્યાત છે.) પરિચયથી તણખલાના રેસાઓને ઉદ્ભવ થયો કે જેથી કોતરેલ લાકડાના ટુકડામાંથી ઘણીબધી નકલો બનાવવા ઉપયોગમાં આવતું. આ અદલાબદલીની પ્રયુક્તિ ત્યાં સુધી ચાલતી રહી જ્યાં સુધી જોન ગટનબર્ગ (John Gutenberg) એક હલન ચલન પ્રકારનો ખ્યાલ ન આપ્યો, આમાં દરેક અક્ષરને પોતાનું બંધારણ હોય અને વિવિધ અક્ષરોના પ્રકારોનું વિભાજીતકરણ કરી કોઈ એક તેને શબ્દ, વાક્ય, વગેરેના બંધારણમાં મૂકી શકે.

આ શોધ આજે પણ ગ્રાફિસ, કલા, સાક્ષરતા, નાગરિકતા અને જ્ઞાનની વૃદ્ધિની શરૂઆત ગણાય છે. આ શોધ દ્વારા વિવિધ ટાઈપકેસ (Typefaces) અને વિવિધ ભાષાના સંવાદ માટે અક્ષરોને ફરી વખત આકારમાં ઢાળી શકીએ પરંતુ ત્યારબાદ દરેક ડિઝાઈનરને ડિઝાઈનને ટાઈપકેસ માટે મશીન શોધી કઢાયા કે જેનાથી તેણીની અને તેની ડિઝાઈનની છાપકામ થાય. આ પ્રકારની ઉત્તમ ઊંચાઈ (0.918) ઉત્તમ કદ 72 પોઈન્ટ ઈંચ અને છાપક્ષેત્ર 12 પોઈન્ટ જે ફ્રેન્ચ ડિડોટ (French Didot) દ્વારા આપવામાં આવેલ છે પરિણામે બધા જ છાપણીતંત્રની ઉત્તમ ઊંચાઈ 0.918 ની કરે છે. છાપકામના આ તંત્રને લેટર પ્રેસ પ્રિન્ટીંગ કહે છે. એલોઈસ સેન ફેલ્ડર (Alois Senefelder) દ્વારા પ્લાનોગ્રાફિક છાપકામની શોધ થઈ. ત્રીજી પ્રક્રિયા છાપકામની ઈન્ટાગેલિયો (Intagalio) છાપણી ખૂબ મોડથી પરિચયમાં આવી.

## 9.2 લેટર પ્રેસ પ્રિન્ટીંગ અથવા રિલીફ પ્રિન્ટીંગ (LETTER PRESS PRINTING OR RELIEF PRINTING)

આ શબ્દનો પ્રયોગના અનુસંધાને કોઈપણ સરફેસ કે જે છાપવાની છે તેને રિલીફમાં (Relief) રખાય છે અને બિન છાપણી સરફેસ કોતરણીવાળુ હોય છે કે જેથી શાહી રોલ પર લાગે અને દબાણ દ્વારા કાગળ પર લાગે. આ જટિલ ઉદાહરણ (આકૃતિ - 1) માં દેખાડાય છે. પ્રકારોનું વિભાજીતકરણ વિશિષ્ટ ડિઝાઈન રાચરચીલામાં ઊંચી ફ્રેમમાં ચોક્કસ પ્રકારની પેટીઓ રાખવામાં આવે છે કે જેના કેપિટલ્સ, નાના કેપિટલ્સ, ગાણિતિક સંજ્ઞાઓ અને ચોક્કસ અક્ષરો હોય છે અને નીચી ફ્રેમમાં વિવિધ આકારની પેટીઓ હોય છે અને તેવા પ્રકારો હોય છે કે જે નીચા કેસમાં ઉપયોગમાં લેવામાં આવે છે કે જેથી લખનાર પાસે તેના કામ માટે અસંખ્ય પ્રકારો ઉપલબ્ધ થાય. આની એસેમ્બલ્ડ (Assembled) હારને મેટાલિક ટ્રે અથવા ગેલિ (Galley) (આકૃતિ-3) માં ચોક્કસ માપ દ્વારા સ્થળાંતરિત કરવામાં આવે છે. હારના યોગ્ય નંબરોથી પ્રુફ (સાબિત) લેવાય છે જે પ્રુફીંગ પ્રેસ દ્વારા લેવાય છે. જેને પ્રથમ પ્રુફ અથવા ગેલિ પ્રુફ કહે છે. આવા ગેલી પ્રુફો ઉત્તમ પ્રુફના વાંચન દ્વારા ખરાઈ કરાય છે કે જેથી લખનાર ગેલીપ્રુફમાં રહેલ ભૂલોને સુધારી શકે, દૂર કરી શકે અને સાચુ પ્રુફ બનાવે તેમાં પાના નંબર, મથાળાઓ, કોષ્ટકનો પણ સમાવેશ કરે છે.

ઉદાહરણોને ત્રણ શ્રેણીમાં વિભાજીત કરવામાં આવે છે.

(1) ચોખ્ખી કાળી અથવા સીમા સાથે હાર દોરવી કે જેમા એકપણ અંતરાય ન હોય.

(2) હાફટોન ઉદાહરણ ફોટોગ્રાફ્સ કે જે કાળા અને સફેદ ટોનની વચ્ચે હોય.

(3) રંગ ઉદાહરણ જેમાં કોઈપણ રંગના વક્રીભવનનો સમાવેશ થાય છે.

બ્લોક બનાવવાના પ્રક્રિયાની વિગતે ચર્ચા કરતા નથી કેમ કે આખી પ્રક્રિયા ખૂબ જ ખર્ચાળ અને મહેનતવાળી છે. જેથી છાપકામમાં આ પ્રક્રિયાનો ઓછો ઉપયોગ થાય છે તદ્ઉપરાંત વિભિન્ન પ્રકારોના ઉદાહરણોમાં વર્ણનો અને છાપકામ માટેની તેની પ્રક્રિયાઓની પછીથી ચર્ચા કરીશું.

### 9.2.1 છાપકામ યંત્રો (Printing Machines)

આવા બનાવેલ પાનાઓ 2, 4, 8 અને 16 યંત્રના કદના આધારે કે જેમાં છાપકામ થયું હોય તેના આધારે જોડવામાં આવતા. આવી રીતે કરીએ ત્યારે પાનાઓ વચ્ચે યોગ્ય જગ્યા મુકવી જરૂરી છે જેનાથી યોગ્ય માર્જિન (Margine), સ્પાઈન (Spine), મથાળુ, હાંસિયો (આકૃતિ - 5) યોગ્ય બને છે. લેટર પ્રેસ પ્રિન્ટીંગ યંત્રના ત્રણ પ્રકારો છે. પ્લેટન (આકૃતિ-6) જેમાં લખાયેલું સાહિત્ય અને છાપ સરફેસ પર સપાટ હોય છે અને બીજો પ્રકાર સિલીન્ડ્રીકલ (Cylindrical) હોય છે. જેનાથી સારી નિકાસ મળે છે. ત્રીજો પ્રકાર રોટરી (આકૃતિ 8) છે. જેમાં લખાયેલ સાહિત્ય સ્ટિરીયો પ્રકાર અથવા યાંત્રિક પ્રકારની સિલિન્ડ્રીકલ સરફેસમાં ફેરવવામાં આવે છે અને તેની છાપ સરફેસના કાગળ પર છાપ પડે છે. સતત વેબ દ્વારા થતું કાર્ય ખૂબ જ ઝડપી છે સામાન્ય રીતે આ પ્રકારનું યંત્ર સમાચાર પત્ર છાપકામ અથવા વિશાળ ક્ષેત્રમાં પેદાશ કરવાની હોય ત્યાં ઉપયોગમાં આવે છે.

### 9.2.2 યાંત્રિક કૃતિ (Mechanical Composition)

કૃતિ તંત્ર સિંગલ સ્થળાંતરિત પ્રકાર વડે મેન્યુઅલી માત્ર વિભાગ માટે નહી પણ લખનાર ઘણી ભૂલ કરી શકે છે જેમ કે ખોટા અક્ષરના આકારો, તૂટેલા અક્ષરો, અંતરાય વાળા અક્ષરો વગેરે માટે કામ કરે છે. લખનારની નિકાસ, છાપકામની સાક્ષરતા, વિજ્ઞાન અને પ્રદ્યોગિકી કે જે યાંત્રિક કૃતિ જેવી કે લીનો (Lino) પ્રકાર અને અને મોનો (Mono) પ્રકાર છે તેની માંગને ભાગ્યે જ પહોંચી શકે છે. લીનો ટાઈપ શબ્દ પ્રમાણે લાઈનનો ટાઈપ છે જે સિંગલ બંધારણ કે જે યાંત્રિક સંગમ બનાવે છે જે કી-બોર્ડ યંત્ર અથવા મંદ ગતિએ થાય છે અને લાઈન મોલ્ટન (molten) મેટલને પંપીગ કરવાથી લાઈન લંબાઈ, ટાઈપની ઊંચાઈ અને ટાઈપની સાઈઝ (આકૃતિ -9) ને યોગ્ય બનાવી શકાય છે. મોનોટાઈપનું બીજુ તંત્ર બે એકમને આવરે છે. કી-બોર્ડ અને કાસ્ટિંગ કે જે માધ્યમને જોડે છે કે જે બોર્ડ દ્વારા કાગળના ઝૂમખાનું સર્જન કરવામાં આવ્યું હોય છે. જેનાથી યોગ્ય આકાર અક્ષરોને આપવામાં આવે છે. લીનો ટાઈપ સિંગલ તંત્ર છે. તેમ છતાં ઘણા બધા ગેરફાયદાઓ છે જેમ કે આખી લાઈન કેટલીક તાજી ભૂલો સાથે સર્જન પામે છે અને યંત્ર બિન ઉત્પાદિત ખરા યંત્ર માટે ઉપયોગમાં આવે છે જ્યારે મોનોટાઈપ જેમાં વ્યક્તિગત જેમાં વ્યક્તિગત અક્ષરો સિંગલ બોડીમાં ખરાઈ કરે છે તેમ છતાં તે બે એકમ યાંત્રિક

ક્રિયા કરે છે જેનુ આઉટપુટ ઘણું છે વધારેમાં તેના હુકમમાં ઘણા અક્ષરોની સ્થિતિ હોય છે. લીનો ટાઈપની સરખામણી એ અઘરી ગાણિતીક સંજ્ઞાનું અર્થઘટન સરળતાથી થાય છે. આ કારણે જ આ યંત્ર પુસ્તકો અને અન્ય ઘણા જટિલ લખાણ માટે ખૂબ જ પ્રખ્યાત છે. આમ છતાં આ યંત્રનું આઉટપુટ આવશ્યક જથ્થાની સરખામણી ન કરી શકે તેમ છતાં આ તંદુરસ્તી સંબંધી સૂચનાઓ સંચાલકને પૂરી પાડે છે. આના પરિણામે ફોટોકૃતિ પ્રયુક્તિ પરીચયમાં આવી.

### 9.2.3 ક્રિયાના ગેરફાયદાઓ (Demerits of Process)

લેટરપ્રેસ પ્રિન્ટીંગ યંત્રની રચના એવી રીતે કરવામાં આવી છે કે તે પ્રકારોના વજનને વહન કરે છે. માત્ર મોટા હેતુ માટે નહી પરંતુ ઓછા આઉટપુટ માટે આ વાસ્તવિકતા હોવા છતાં લેટરપ્રેસ પ્રિન્ટીંગ યંત્ર અથવા રીલીફ છાપકામ ઉત્તમ કક્ષાના સાહિત્યનું છાપકામ કરવા સક્ષમ છે જેમાં તીક્ષ્ણતા અને જે શાહીને ખૂબ પ્રદર્શિત કરે છે. તે સામાન્ય રીતે લીથોગ્રાફિક (Lithographic) છાપકામ ક્રિયાનો રસ્તો લે છે જેમાં નાના તબક્કાના છાપકામનો સમાવેશ થતો નથી.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(1) છાપકામના પૂર્વ સમયથી વિકાસની ચર્ચા કરો.

નોંધ : (1) નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 9.3 પ્લાનોગ્રાફિક અથવા લિયોગ્રાફિક છાપકામ (PLANOGRAPHIC PRINTING OR LITHOGRAPHIC PRINTING)

પ્લાનોગ્રાફિક શબ્દ છાપકામ અને બિન છાપકામ બંને સપાટી ગ્રીસના તીવ્ર સિદ્ધાંતને સમાન યોજના અને કામ પર લાગુ પડે છે. લિથોગ્રાફીક શબ્દ લેટિન શબ્દ 'લિથોસ' (Lithos) પરથી ઊતરી આવ્યો છે જેનો અર્થ પથ્થર અને ગ્રાફી (Graphi) જેનો અર્થ લખાણ થાય છે કે જે અસલી પત્થરનું લખાણ છે. જે તેના શોધક એલોઈસ સેનફેલ્ડર (Alois Senfelder) દ્વારા શોધાયું છે. આ ઉપરાંત આ જે પથ્થર સંપૂર્ણપણે ધાતુમાં ફેરવાયેલ છે. કોઈપણ તૈલીય (Greosy) છાપ કામ તો હાથ અથવા ફોટોગ્રાફીની ક્રિયા દ્વારા સર્જન કરી શકાય છે.

વાંચન સાહિત્યના વિશાળ ગ્રંથો ઉત્પન્ન થવાથી તેને લખવા શક્ય નથી. પ્રારંભિક તબક્કે દસ્તાવેજોને લીનો અને મોનો કૃતિ (Lino anf Mono) સાહિત્યમાં ઉપયોગ લેવામાં આવતો. ફોટોકૃતિના પરિચયથી લિથોગ્રાફી (Lithographi) છાપકામ માટે કૃતિએ પ્રખ્યાત માધ્યમ બન્યું હતું. આ પ્રક્રિયાના છાપકામના વિવિધ તબક્કાઓની ચર્ચા કરતા પહેલા કૃતિ, પ્રયુક્તિના વર્તમાન સ્તરે વિકાસને મુલવવું યોગ્ય લાગશે.

### 9.3.1 કૃતિમાં સ્ટેટ ઓફ આર્ટ (State of Art in Composition)

લેટરપ્રેસ કોમ્પોઝીશન (composition) માટે મેન્યુઅલ અથવા યાંત્રિક સંચાલકે શબ્દના વિભાગ માટે અથવા જગ્યા મુકીને કે જગ્યા ઘટાડીને લાઈનની ગોઠવણી માટે દરેક લાઈનને અંતે નિર્ણય લેવો પડે છે. તેઓ અનુમાનિત છે કે તેનો આ નિર્ણય લેવાનો સમય ક્રિયા સમયનો 20% જેટલો હોય છે. વાસ્તવિક રીતે જયારે ફોટોકૃતિ પ્રથમપેટી પરિચયમાં આવી હતી. ત્યારે ફોટોમોટ્રેસ (Photo Matrices) દ્વારા ગરમ ધાતુ અને કોતરણી અદલા બદલી થતી અને ફોટોપ્રયુક્તિ દ્વારા ગરમ ધાતુની યાંત્રિક

ક્રિયા થતી ત્યારે ભાગ્યે જ નિર્ણય એક જ બુક માટેનો જુદી જુદી વ્યક્તિ દ્વારા જુદા જુદા સમય લેવાતા ત્યારે જ ભાગ્યે જ કોઈ ઉત્તમ તૈયારી થતી.



### 9.3.2 વર્ડ પ્રોસેસર અને ડેસ્ક ટોપ પબ્લીશીંગ (DTP) (Word Processor and Desk Top Publishing)

આ એક સમય હતો કે જ્યારે વહીવટી કામને ઓછું કરવા વર્ડ પ્રોસેસિંગ હાર્ડવેર પરિચયમાં આવ્યું હતું પરંતુ તે તે યાંત્રિક રચના કૃતિ વિવિધ ફાયદા સાથે ઉપયોગમાં આવતું હતું.

(એ) જમણા હાથનું એલાઈમેન્ટ (Alignment) સ્વયં સંચાલિત રીતે બને છે.

(બી) મેમરીમાં ખરાઈ થાય છે.

(સી) પાનાનું ફોર્મેટીંગ થાય છે.

(ડી) સ્પેલિંગ તપાસને અસર કરે છે.

(ઈ) દસ્તાવેજ વાંચન ક્રિયાની કાંપણી અને સતત ચોક્કસ તર્ક દ્વારા શબ્દોનું વિભાજન.

વર્ડ પ્રોસેસરનો લાભ લઈને ફોટોકૃતિ સોફ્ટવેર નિરાકરણ આઉટપુટ વધારા સાથે પરિચયમાં આવી લેઝર પ્રોદ્યોગિકી (Laser Techonology) ના વિશાળ ઉપયોગ સાથે ફોટોકૃતિની ત્રીજી પેઢીના એકમો વિકસીત થયા. આ પેઢીનું અદ્વિતિય લક્ષણ એ છે કે તે પૂર્વ નિર્ધારીત ફોટોમેટ્રીક્સમાં ઉપયોગ કરીને અક્ષરોને સંપૂર્ણત્તમ નવિનીકરણ વિભિન્ન ફેમેલી સ્ટાઈલમાં થાય છે. અક્ષરોની તીક્ષ્ણતા DPI (Dots per Inch) તરાહ વિવિધ થઈ શકે છે. આ તંત્ર માટે પ્રારંભિક તબક્કે ડોરમેટ્રીક્સ પ્રિન્ટર અને લેટર ક્વોલીટી પ્રિન્ટર ઉપયોગમાં હતા. તેમ છતાં ત્યારબાદ લેઝરમશીન કે જેમાં અંતિમ છાપેલી પેદાશને જોઈ શકાય. જેમા મોટી સાઈઝના અક્ષરોને સમાવી શકાય ઈટાલીક અને ખાસ અક્ષરો ઉપયોગમાં લેતા તેવા તંત્રનો વિકાસ થયો આ સમય દરમ્યાન PC બધા સોફ્ટવેર સાથે પરિચયમાં આવ્યા. જે વર્ડ પ્રોસેસીંગના લેખિકી માટે આઉટપુટ સાધનોમાં વિશાળ શ્રેણી હતી જેમાં ટાઈપ સ્ટાઈલ (Type Style) પાનાનું નવિનીકરણ, ઉચ્ચ ગાણિતીક અને પ્રોદ્યોગિકીની સાહિત્યની કૃતિ, ગ્રાફિક સોફ્ટવેર વગેરેનો સમાવેશ થતો પરિણામે કૃતિ ચોખ્ખી અને ઝડપી બનવા લાગી. PC લેઝર સ્ટાઈલ્સ અને સોફ્ટવેર ડેસ્કટોપ (Desktop) પબ્લીશીગના નામે કેપ્લૂસ પેદાશ તરીકે માર્કેટમાં આવ્યા. આના દ્વારા લેખક કી-બોર્ડનો ઉપયોગ કરે સીધી રીતે જ પોતાના વિચારોને વિવિધ સોફ્ટવેરોની મદદ દ્વારા ગ્રાફીક ફોર્મેટમાં મૂકી શકતા. જેનાથી લેખક માત્ર પાનાને ફોર્મેટ ન કરી શકતો પરંતુ પૂર્ણ થયેલી છાપેલી પેદાશ કેવી દેખાય છે તેને ચોક્કસ જોઈ શકાય. આ કારણે તે શા માટે કૃતિતંત્ર કહેવાય છે તેને પ્રકાશન તંત્ર કહેવુ જોઈએ.

આજે કોઈને પાસે લેઝર આઉટપુટ એકમ 300 DPI to 1200 DPI સુધીનું કોઈપણ હોય છે. ચોક્કસ પ્રકારના વ્યવસાય માટે કોઈએ ઉચ્ચ DPI તરફ વિશે વિચારવું જોઈએ. પરંતુ, ત્યારબાદ ઈમેજ ગરમ ઊર્જાવાળી બને છે. જે ચોક્કસ પ્રકારના વ્યવસાય માટે સ્વીકાર્ય નથી ખાસ કરીને જ્યાં લાક્ષણિકતા અને વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ થતો હોય. વિધયાત્મક રીતે વ્યવસાયના પ્રકારના માટે નહીં કે જ્યાં ગ્રાફિક્સ લખાણ માટે અનુબધ્ધ ધરાવતા હોય ત્યાં સ્વીકાર્ય નથી. આગળ લેઝર આઉટપુટમાંથી આવેલ પેસ્ટ અપ (paste-up) માટે પણ સાવધાન રહેવું જોઈએ કે જે ઈમેજના ફેલાવવાથી પાવડર ઈમેજને પ્રવાહી અને ચીકણી ચોટી જાય તેવી ઈમેજ બનાવે છે.

### 9.3.3 ઈમેજ સેટર (Image Setter)

PC ના વિકાસના સ્તરનો ફાયદો લઈને સોફ્ટવેર જેવા ઉચ્ચ પ્રકારના ગ્રાફિક્સ સોફ્ટવેર જે રેકોર્ડિંગ અને કાળા અને સફેદ અને કલર આકૃતિમાં ક્રિયા કરે છે. તેવી ફોટો સેટીંગ તંત્રએ ઈમેજ સેટર તરીકે ભાત પામ્યુ છે કે જે સંપૂર્ણપણે પોસ્ટ-સ્ક્રીપ્ટ (Post-script) ભાષા પર આધારિત છે આ જ તંત્ર નેગેટીવ સ્વરૂપમાં અથવા પુસ્તકકામ માટે પોઝેટીવ સ્વરૂપમાં એક માત્ર ચાંદીરૂપી પ્રવાહી જેમાં લખાણ, લાઈન, હાફટોન (Half tone) અને રંગ આકૃતિનો સમાવેશ થાય છે. વિજ્ઞાનના પ્રકાશનું દૃશ્ય ખાસ કરીને સામુહિકનું ઉત્પાદન લેખકો ટેક સોફ્ટવેર (Tech software) ઉપયોગ કરીને મુખ્ય કોપીને ફ્લોપીમાં જમા કરાવે છે. જેમાં લેખો એક તરાહમાં અને અનુક્રમથી ગોઠવાયેલા હોય છે અને તેનું આઉટપુટ પ્રકાશિત દ્વારા લેવામાં આવે છે. આ પ્રક્રિયામાં આખા પુસ્તકીય માહિતી અને ગ્રાફીક વાંચન સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. યાંત્રિક વાંચન શરૂની પેઢીઓ માટે બીજા માહિતીસ્રોતના પ્રકાશનની

દિશા ખોલે છે. ડેટાબેઈઝનું સર્જન કરે છે. મુખ્ય પુસ્તક માહિતીની સંચારમાં પ્રક્રિયા થાય. ' CD ROM' માં સર્જન થાય વગેરે.

### 7.3.4 કાગળ વિનાનો સમાજ (Paperless Society)

આ વિકાસ દ્વારા કાગળ વિનાનો સમાજ થશે તેવી આગાહી કરશે પરંતુ તેવું નથી આખરે દરેક સર્જનાત્મક વિચારનો સર્જનાર તેના સર્જનને પ્રિન્ટમાં જોવા ઈચ્છે છે. તેના વિચારો પ્રિન્ટ સિવાય ગમે તેમ હોય તેને સંતોષ આપી શકતા નથી. આ ઉપરાંત પ્રત્યાયન ઘણા બધા રસ્તાઓ હોવા છતા માત્ર છાપેલા શબ્દો જ આધારીત છે. આ એવું છે કે જે છપાયુ છે તે પ્રકાશનનો ખર્ચ વધે છે અને છાપકામ ઘટે છે પરંતુ ક્યારે કાગળ વિનાનો સમાજ નહી થાય. રોજિંદા જીવનમાં સમીક્ષકો અને સંવાદદાતાઓ જુદા જુદા સ્થળે વાર્તાઓ લખે છે અને સમાચાર કાર્યાલયનો મુખ્ય તંત્રમાં સંચાર, ઈમેઈલ વગેરે દ્વારા તેમાં મોકલે છે. લખનાર વાર્તાને લખી શકે છે અને પેઈજ ડીસ્ટેલના સમયે દરેક લેખક વાર્તાને જોઈ શકે છે અને ઈમેજ સેટરને આખા પેજનું આકૃતિ ગોઠવવાનું હુકમ પણ આપી શકે છે. તે વર્ગીકૃત અને પ્રદર્શિત બંને જાહેરાતને નિયંત્રીત કરી શકે છે. આવા પૂર્ણ વિધયાત્મક પાનામાંથી પ્લેટ બને છે અને વેબઓફસેટ દ્વારા છાપકામ થાય છે. ઉપગ્રહના પ્રસ્થાપન સાથે સમાચારપત્રો એક નિયંત્રિત કાર્યાલયમાંથી સંચાલન કરી જુદા જુદા શહેરોમાંથી લખાણ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા કરે છે અને બાકીના કેન્દ્રમાં નકલ સ્વીકારવાની સુવિધા પ્લેટ બનાવવાની અને છાપકામની સુવિધા માત્ર હોય છે. વાસ્તવિકતામાં કેટલાક રોજિંદા આપણા શહેરમાં જુદા જુદા શહેરોમાં ઉપગ્રહની મદદ વડે એક જ સમયે પ્રકાશિત થાય છે. હકીકત એવી છે કે આખા સમાચાર પત્રોના પાનાઓ યાંત્રિક વાંચન સ્વરૂપમાં ઉપલબ્ધ થાય છે. તે યાંત્રિક સમાચારના લખાણ માટે CD ROM ના સર્જન માટે માત્ર રૂપરેખા માટે નહિ પરંતુ સંગ્રહ અને પાછુ મેળવવા માટે હોય છે. તેની માટેની તકો પૂરી પાડે છે.




**આકૃતિ - 11 ફ્લો ચાર્ટ**

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(2) પ્રિન્ટ મેટ્રિસની વિવિધ કૃતિ પ્રયુક્તિ વર્ણવો.

**નોંધ :** (1) નીચે આપેલ જગ્યામાં જ તમારો જવાબ લખો.

(2) આ એકમને અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 9.4 આકૃતિઓ (ILLUSTRATIONS)

આકૃતિઓ કે જે છપાયેલી છે તેને ત્રણે પ્રકારે વિભાજિત કરવામાં આવે છે.

(A) લાઈન (Line)

(B) હાફટોન (Half-tone)

(C) રંગ (Colour)

### 9.4.1 લાઈન આકૃતિ (Line Illustrations)

લાઈન આકૃતિ એ છે કે જેને બે ટોનલ વેલ્યુસ (Tonal Values) જેમાં એક કાળ અને એક સફેદ છે. આ આકૃતિનું ફરી ઉત્પાદન સરળ છે. સામાન્ય રીતે અસલી આકૃતિનો આકાર 1.25 થી 1.50 ગણો જરૂરિયાત કરતા વધારે ઘેરાવવામાં આવે છે. જેથી જ્યારે સામક દવા બનાવવામાં આવે ત્યારે તેની તીક્ષ્ણ છાપ મેળવી શકાય છે. ઘણી વખત ઝેરોક્ષની પ્રક્રિયા દ્વારા પણ ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. આવી આકૃતિ પાનાના લખાણની બાબતમાં પાનાનો ફોલિયો (Falio) મથાળા વગેરેની આગળની પ્રક્રિયા માટે ઉપયોગી છે.

### 9.4.2 હાફટોન આકૃતિ (Halftone Illustrations)

કોઈપણ અસલી જેનું સ્થાન બે ટોનલ (tonal) વેલ્યુ સફેદ અને કાળાની વચ્ચે હોય ત્યારે તેનું ફરી ઉત્પાદન કરવાનું હોય, છાપકામનું ક્ષેત્ર જુદા આકારની નેગેટીવનું ઉત્પાદન કરે છે તે સ્ક્રીનના ઉપયોગ દ્વારા થાય છે કે જે બીજુ કાંઈ નહી પરંતુ બે સમાન લાઈન છે જે કાટખૂણે એકબીજા સાથે ભેગી થાય છે. આ સ્ક્રીનને લાઈટ સેન્સીટીવ (Light Sensitive) ફિલ્મના જોડાણમાં રખાય છે કે જેથી અસલમાંથી ફેંકાયેલ પ્રકાશ ડોટ (dot) ફોર્મેશનમાં જાય છે. આવી જોડાણવાળી સ્ક્રીન જુદા જુદા તબક્કામાં ઉપલબ્ધ છે જેમ કે ... 65 લાઈન્સ, 85 લાઈન્સ, 100, 120, 200 વગેરે ... સ્ક્રીનની પસંદગી વાપરવામાં આવતા કાગળ પર આધારિત છે. જેટલી સ્ક્રીન સરળ હોય છે તેટલો કાગળ નરમ હોય છે. (આકૃતિ-12) તેમ છતાં આપણે ફોટોગ્રાફની છાપ વિવિધ આકાર તેમજ કાળી શાહી દ્વારા લઈ શકીએ. આપણે અસલનાં કિંમતી ગ્રેડેશનસ (Gradations) મેળવી શકીએ જે ઈષ્ટભ્રમણા (Optical Illusion) દ્વારા પ્રાપ્ત થાય છે તેવું શોધાયું છે કે સરળ ઈષ્ટભ્રમણા (Optical Illusion) 45 એંગ્નલ મોનો કલર છાપમાંથી ઉત્પન્ન થાય છે ત્યારથી અને પારદર્શક યંત્રની વચ્ચે ઓળખાય છે. તેને 50% વિસ્તાર છાપતી હોય છે અને હાફટોન કહે છે. જરૂરી જગ્યા ફોટોગ્રાફ માટે મૂકવામાં આવે છે અને હાફટોન નેગેટીવ અલગ રીતે ક્રિયા કરે છે અને સેન્ડવીચની સ્થિતિમાં તે આગળની ક્રિયા માટે તૈયાર કરે છે.

### 9.4.3 રંગ આકૃતિ (Colour Illustrations)

રંગ આકૃતિ એ છે કે જે રંગોના વર્ણપટને સંપૂર્ણ આવરે છે ત્રણ પીળો, સીયાન (cyan) અને મેગ્નેટા એ પ્રાથમિક રંગોનો ઉપયોગ કરી કોઈપણ અસલ રંગને ઉત્પન્ન કરી શકાય. જે છાપકામની કોઈપણ ક્રિયા દ્વારા ઉત્પન્ન થઈ શકે. આ ઉપરાંત છાપકામ પેદાશને ઘાટી બનાવવા કાળા રંગનું ઉમેરણ કરવામાં આવે છે. એવું કહેવાય છે કે પ્રાથમિક રંગોનો જરૂર મુજબ એકબીજા પર પ્રયોગ કરી શકાય જેનાથી જુદા જુદા ક્ષેત્રો નટ વિવિધ રંગો જરૂરિયાત મુજબના છાપકામ માટે પ્રાપ્ત થાય છે. પહેલાના દિવસોમાં ક્રિયા કેમેરા યંત્ર દ્વારા રંગોનું વિભાગીકરણ થતું જેમાં વિભિન્ન રંગો અથવા વિભિન્ન રંગોના ચલણનો ઉપયોગ થતો કે જેથી દરેક પ્રાથમિક રંગના છાપકામ માટે રંગો પ્રાપ્ત થતા એ પરંતુ આજે આખી રંગ વિભાગીકરણ આકાર માટે હુકમ આપવાનો હોય છે. સ્કેનર (scanner) રંગ વિભાગીકરણ વિધયાત્મક રીતે થાય છે એ કહેવુ બિનજરૂરી છે કે આવી આકૃતિમાં વચગાળાના ટોન માટે સ્ક્રીનના ઉપયોગની જરૂર પડે. આ ઉપરાંત રંગ છાપકામની વિભિન્ન સ્ક્રીન એંગલ વિભિન્ન રંગો માટે ઉપયોગી છે કે જેથી ટપકાઓનું એકીકરણ પ્રાપ્ત થાય છે જેનાથી ઈચ્છિત રંગોનું ચિન્હ પ્રાપ્ત થાય છે. સિંગલ રંગની જેમ હાફટોન ફોટોગ્રાફ જગ્યાએ ખાલી રહે છે. જેનાથી લખાણની બાબતના પાનામાં રંગ આકૃતિ માટે જગ્યા રહે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(3) વિવિધ પ્રકારની આકૃતિઓની ચર્ચા કરો.

નોંધ : (1) નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ લખો

(2) આ એકમને અંતે આપેલ જવાબો સાથે તમારો જવાબ ચકાસો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 9.5 રંગીન છાપકામના વર્તમાન તરાહ (PRESENT TREND IN COLOUR PRINTING)

જ્યારે વિવિધ પ્રકારની આકૃતિઓનું વર્ણન કરવામાં આવે છે ત્યારે યોગ્ય પ્રયુક્તિ ક્રિયાને પ્રમાણભૂત કરવામાં આવે છે. આ ઉપરાંત PC આધારિત માહિતી પ્રવેશ સાથે ઊંચી યોગ્ય ભાષાના સોફ્ટવેર સ્કેનર સાથે પોસ્ટ સ્ક્રીપ્ટ (Script) ઈમેજ સેટર (Image Setter) આઉટપુટ યંત્ર સાથે જોડવામાં આવે છે. જેથી કામ કરવાનો સંપૂર્ણ ખ્યાલ બદલાઈ જાય છે.

ખરાઈ કરેલ ફ્લોપી સાથે સંપૂર્ણ પાનું બને છે અને લેઝર રાઈટર (Laser Writting) પર તેની નકલ લઈ શકાય છે. જેમા લાઈન અને આકૃતિનું સ્કેનિંગ થાય છે. તેમજ જરૂરી ખરાઈ પણ કરાય છે અને ઈચ્છીત કદ મેળવી શકાય છે. આ લેઝર રાઈટર આઉટપુટ અંતિમ પાનાના પ્રુફ તરીકે કાર્ય કરે છે. એકવાર ચોક્કસ થઈ જાય પછી ઈમેજ સેટર દ્વારા નેગેટીવ અથવા પોઝેટીવ ઈચ્છીત આઉટપુટ લઈ શકાય છે. કોઈ કેસમાં ચાર રંગનો સમાવેશ થાય ત્યારે હાફટોન આકૃતિના સમાન સિદ્ધાંતોને અનુસરવાના હોય છે. આ તદ્‌ઉપરાંત રંગ સ્કેનર અને ઈમેજ સેટરના હુકમ દ્વારા ફિલ્મ પોઝીટીવથી આઉટપુટ નીકળે છે. ચાર રંગ અલગ અલગ હોય છે. પીળો, સીયાન, મેઝેન્ટા અને કાળો એમ દરેક રંગના સીંગલ પીસને આવકારી શકાય છે. વાસ્તવિકતા હોવા છતાં તે તંત્ર સિંગલ પીસ પોઝીટીવ રંગ અને કાળા સફેદ બંને માટે આપે છે. ગ્રાફિક્સની ક્રિયા એ સમય બચાવવાની છે. જ્યારથી DPII ના ઊંચા ઓર્ડર પર નિશ્ચિતતાપણું મહત્તમ 1500 DPI સમાન પુસ્તકીય બાબત 900 DPI આવે છે તે એકની સીંગલ પીસ જેના ગ્રાફિક્સ અથવા લખાણ અને ગ્રાફીક્સનો સમાવેશ થાય છે. જે પૂર્વે પધ્ધતિમાં વર્ણવવામાં આવ્યો હતો.

## 9.6 ક્રિયા કામ (PROCESS WORK)

વાસ્તવિકતા હોવા છતાં ઈમેજ સેટર પ્લેટ બનાવવા માટે સીધી નેગેટીવ, પોઝીટીવ આપવા સક્ષમ છે. હજી ઘણા વ્યવસાયો શારીરિક લેડ આઉટપુટ અને કાગળ પરના લેઝર આઉટપુટ દ્વારા નેગેટીવ બનાવવાની પ્રક્રિયા શરૂ રાખે છે. પ્રોસેસ કેમેરા કે જે નેગેટીવ બનાવવા ઉપયોગી છે તે બીજું કાંઈ નથી પરંતુ તે એક સામાન્ય કેમેરો છે. જે આપણે બધા જાણીએ છીએ. તેમાં ડીઝાઈન અને બંધારણ જુદા પ્રકારના છે જે ફ્લેટ કોપી અસલને કાબુમાં રાખી શકે છે. નેગેટીવ મોટા આકારમાં જે આકાર પ્રકાશન માટે જરૂરી હોય તે આખાર પ્રાપ્ત કરાવે છે. સારા પરિણામને પ્રાપ્ત કરવા ધીમું - ઝડપી લીથ (Lith) ફિલ્મ ઉપયોગમાં લેવામાં આવે છે. તેનાથી નેગેટીવના ઓપેક (Opeque) અને પારદર્શક વિસ્તારો વચ્ચે પરીધાન જાળવવા ઉપયોગી છે.

## 9.7 નેગેટીવ અથવા પોઝીટીવનો બોજો/પેસ્ટ-અપ (IMPOSITION/PASTE UP OF NEGATIVE OR POSITIVES)

નેગેટીવ, ક્રિયા અથવા ઈમેજ સેટર દ્વારા સર્જી શકાય છે કે જેમાં મશીનના આકારના આધારે યોગ્ય જગ્યાએ લાદણ અપાય છે. જેનાથી છાપકામ થાય છે અને વળાંકના પ્રકારો પડે છે. આ ક્રિયાની જરૂરિયાત એ છે કે વળાંક લીધા બાદ છાપેલા કાગળ બંને બાજુએથી હારબદ્ધ રીતે ગોઠવાય જ્યારે પાનાઓએ સ્થિતિમાં હોય ત્યારે પાનાઓ યોગ્ય માર્જીનમાં ગોઠવાય તેની સંભાળ લેવી પણ જરૂરી બને છે કે જે સંપૂર્ણપણે અદ્વિતીય હોય છે. (ફીગર-13). આવી પેસ્ટઅપ નેગેટીવ પારદર્શક પીનહોલ્સ

(Pin Holes) ને સ્પર્શ કરાવવો જરૂરી બને છે અને પારદર્શિકામાં માત્ર છાપકામ વિસ્તારમાંજ રાખવો જોઈએ.

## 9.8 પ્લેટની બનાવટ (PLATE MAKING)

આ ક્રિયા મૂળભૂત રીતે પેસ્ટેડ નેગેટીવ (Pasted Nagative) દ્વારા મેટલના તળીયે છાપકામની છે. પ્લેટ બનાવવાની ઘણી પદ્ધતિઓ છે.

(A) સાફ કરવાની પ્રક્રિયા (Wipe on process)

(B) નકલો છાપવા સોય કે તેજાબ વડે પતરા પર ઊંડી આકૃતિ કોતરી કાઢવાની પ્રક્રિયા (Deep etch process)

(C) પહેલાના સૂક્ષ્મ ફેરફારની નોંધ લેનાર પ્લેટ (Pre-sensitized plate)

(D) ત્રણ ધાતુની પ્લેટ (Tri-metalic plate)

મૂળભૂત રીતે એલ્યુમિનિયમ અથવા ઝિંક પ્લેટ ત્રણ ધાતુની જગ્યાએ વપરાય છે જેના ટોપ પર યાંત્રિક તાંબુ અને ક્રોમિયમનું સ્તર હોય છે.

### 9.8.1 સાફ કરવાની પ્રક્રિયા (Wipe on Process)

એલ્યુમિનિયમ અને ઝીંક પ્લેટનો એકબાજુના ઘટક માટે ઉપયોગ થાય છે. ઘટકવાળા તળિયાનો ઉપયોગ કરવાનો ઉપયોગ કરવાની જરૂરિયાત એ છે કે પ્લેટનું તળિયું ઈમેજને પોતાના કબજામાં અને નોન ઈમેજના વિસ્તારને પણ પોતાના કબજામાં રાખે ઘટકવાળી બાજુ કોલોઈડ (Colloaid) અને ડ્રાઈડથી (Dried) ઢંકાયેલી હોય છે. જેનાથી હળવી ચંચળ બને છે. પાસ્ટડ (pasted) અને સ્પર્શીત નેગેટીવ સંપૂર્ણ રીતે વિશિષ્ટ પ્રકારનું ઘર્ષણ ઉત્પન્ન કરીને જોડાણમાં રહેલ હોય છે અને ચોક્કસ સમયગાળામાં તીવ્ર શક્તિવાળા અલ્ટ્રાવાયોલેટ (ultra-voilet) કિરણો બહાર ફેંકે છે આમ કરતી વખતે જે પ્રકાશના નેગેટીવના પારદર્શક વિસ્તારોમાંથી પસાર થાય છે. તે ઈમેજના વિસ્તાર સાથે સંપર્ક કરે છે અને તેના કારણે રાસયણિક અસરો ઉત્પન્ન થાય છે જેનો અર્થ માત્ર પ્રદર્શીત ક્ષેત્રકરણ કરી આવરી લેવાનું નથી પરંતુ ધાતુ સાથે પ્રક્રિયા કરવાનો છે. આ સખત છાપનો ઉપયોગ ડેમ્પિંગ રોલર્સ (damping rollers) અને શાહી રોલર (inking rollers) અને બ્લેંકેટ સીલીન્ડરનો (Blanket Cylinder) સંપર્ક થાય ત્યાં સુધી છે સખત છાપને શક્તિશાળી બનાવવા આગળ તેને સાબુ, શેમ્પુ, પાવડર, બિટ્યુમિન (Bitumen) ને સામાન્ય પાણીથી સાફ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં અસલ આવરણ અને બિનજરૂરી ક્ષેત્રનું ધોવાણ થાય છે અને માત્ર સાફ ધાતુંનું તળિયું બિન છાપક્ષેત્ર રહે છે. ચોકસાઈથી તળિયાને સુરક્ષિત રાખવા ગુંદરનું પાતળું આવરણ લગાડવામાં આવે છે.

### 9.8.2 નકલો છાપવા સોય કે તેજાબ વડે પતરા ઊંડી આકૃતિ કોતરવાની પ્રક્રિયા (Deep Etch Process)

સામાન્ય રીતે સાફ કરીને પ્લેટ બનાવવાની પ્રક્રિયા સસ્તી અને ઝડપી છે. પરંતુ, અસંખ્ય છાપ તેની છબી મર્યાદિત રહે છે. ગમે તે હોય જેમ કે 10,000 થી 15, 000 ની વચ્ચે પણ હોય આગળ તેની ગુણવત્તા કેટલાક વ્યવસાય માટે સારી હોય છે પરંતુ કેટલાક માટે સારી નથી હોતી. આવા કેસમાં પ્લેટ બનાવવાની સારી પ્રક્રિયાને હસ્તગત કરવામાં આવે છે. (Ada Pted) જેમ કે નકલો છાપવા સોય કે તેજાબ વડે પતરા પર ઊંડી આકૃતિ કોતરવાની પ્રક્રિયા આમાં પ્લેટનો ઉપયોગ સાફ કરવાની પ્રક્રિયાની જેમ જ ઉપયોગમાં આવે છે. આ ઉપરાંત પ્રકાશની ચંચળતા વિભિન્ન હોય છે અને નેગેટીવની જગ્યાએ પોઝીટીવ અને પ્લેટને જાળવી રાખવા ફિલ્મ પોઝીટીવનો ઉપયોગ થાય છે. જ્યારે તે વિકસીત થાય ત્યારે તૈલીય (Greasy) છાપક્ષેત્ર અને સરળ ધાતુના તળીયાના બિન-છાપ ક્ષેત્રને અનુસરવામાં આવે છે. વિકસીત કરવાની પ્રક્રિયામાં ઈમેજના વિસ્તારમાં તેજાબ વડે પતરાં પર કોતરણી કરવામાં આવે છે કે જેથી ઈમેજતંત્ર સીધી જ રીતે ઈમેજક્ષેત્ર સીધી જ રીતે ડેમ્પિંગ રોલર, શાહી રોલર અને બ્લેકટના સંપર્કમાં આવે છે. પરિણામે ઈમેજની લાખો નકલો જ નહી પણ પેદાશ સારી ગુણવત્તામાં પ્રાપ્ત થાય છે. પોઝીટવનો ઉપયોગ થતો હોવાથી ફિલ્મનો ખર્ચો અને વપરાશમાં આવતા રસાયણનો ખર્ચ બે ગણો થઈ જાય છે અને પ્લેટને બનાવવા ઘણો બધો સમય જોઈએ છે.

### 9.8.3 પૂર્વીય સૂક્ષ્મ ફેરફારની નોંધ લેનાર પ્લેટ (Pre-Sensitized Plate)

આ પ્રકારની પ્લેટની ગુણવત્તામાં ફાયદા સોય કે તેજાબ વડે પતરાં પર આકૃતિ કોતરવાની પ્રક્રિયાને

સમાન છે ફેરફાર એટલો છે કે આમાં પૂર્વ આવર્ણીય પ્લેટ ઉપયોગમાં લેવાય છે. આ ગુણવત્તામાં મશીન દ્વારા ઢાંકણ કરવામાં આવે છે. તેથી વધારો થાય છે. વાસ્તવિકતામાં ઉચ્ચ ગુણવત્તામાં સંપૂર્ણ રંગકામ માટે આવી પ્લેટો ઉપયોગમાં લેવાય છે. પતરાં પર આકૃતિ કોતરવાની પ્રક્રિયાની સરખામણીએ આ પ્રક્રિયામાં સમય ઓછો વપરાય છે. આગળ આ યંત્રનો એક ફાયદો એ પણ છે કે પ્લેટની ક્રિયા યંત્ર દ્વારા થાય છે.

### 9.8.4 Tri-Metallic Plates

પહેલાં નોંધાયુ તે રીતે, આધાર ધાતુ તરીકે એલ્યુમિનિયમ જેની સાથે યાંત્રિક પડ તાંબાનું અને ક્રોમીયમ હોય છે. એ જાણીતી બાબત છે કે તાંબાને તૈલીય તરફ આકર્ષણ રહે છે. સમાન રીતે ક્રોમીયમ ને મોશ્યર પ્રત્યે આકર્ષણ રહે છે. પ્લેટ બનાવવાની આ પ્રક્રિયા પતરાં પર કોતરવાની પ્રક્રિયાને સમાન જ છે પરંતુ જ્યારે વિકસિત કરવાનું હોય ત્યારે ઈમેજ વિસ્તારમાંથી ક્રોમિયમના આવરણને દૂર કરવામાં આવે છે. પ્લેટ તૈયાર થાય તે ઉત્તમ ગુણવત્તાનું કામ તે ઉત્તમ કરે છે. યોગ્ય પુરતું પાણી, તૈલનું માપ વગેરેની જાળવણી શક્ય બને છે. આગળ કોઈપણ આ પ્લેટના ઉપયોગી લાખો નકલો લઈ શકે છે.

## 9.9 લીથોગ્રાફીક/ઓફસેટ છાપકામ યંત્રો (LITHOGRAPHIC/OFFSET PRINTING MACHINES)

બ્લેકેટ દ્વારા આડકતરી જ રીતે પ્લેટમાંથી છાપને લઈ શકાય છે અને આજ કારણને ઓફસેટ પ્રક્રિયા બોલાય છે તેનો આકાર અને બનાવટ માપ મુજબ નથી હોતો મૂળભઊત રીતે ઓફસેટ છાપકામ યંત્ર નીચે મુજબનું હોય છે.

1. કાગળના જથ્થા માટેની વ્યવસ્થા કે જેથી કાં તો હાથથી અથવા યંત્રથી એક પછી એક ગોઠવાય જાય.
2. પૂરતો સીટ નિયંત્રણ કે જેથી દરેક અને બધી કાગળની સીટ આગળના તબક્કાથી નિયમન થાય તે પહેલાં સમાન પોઈન્ટ પર ગોઠવાય છે.
3. પાણીના સંગ્રહ દ્વારા પાણીના રોલરનું ગોઠવણ
4. શાહીના સંગ્રહ દ્વારા શાહીના રોલરની ગોઠવણ
5. પ્લેટ સિલિન્ડરને યોગ્ય યાંત્રિક ક્રિયા સાથે પ્લેટ સાથે ચોટાડવાની સુવિધા
6. સિલિન્ડર જેની સાથે રબર બ્લેકેટને ચોટાડવામાં આવે છે.
7. છાપ સિલેન્ડર જેની સાથે ફિંગરની ગોઠવણી કે જે જ્યારે છાપકામ શરૂ હોય ત્યારે સમાન સ્થિતિને જાળવી રાખે અને કાગળનું નિયમન રાખે.
8. ફિંગરની ગોઠવણી સાથે વહેંચવાનું તંત્ર
9. છાપેલી સીટને ગોઠવવાની સુવિધા અને સીટની શાહી સુકવવા સ્પ્રેના યોગ્ય છંટકાવની સુવિધા

સદ્ભાગ્યે આજે દરેક પાસે વિશિષ્ટ જરૂરિયાતને પહોંચી વળવા વિશાળ શ્રેણીની યાંત્રિક સુવિધા છે. જેમાં ઉચ્ચ ગુણવત્તાની રંગીન છાપકામ આંકડાકીય અને સ્લિટીંગ (Slitting) ની સુવિધા છે. તેમાં છાપેલા સીટને અલ્ટ્રાવાયોલેટ કિરણોથી ખાસ શાહી વડે સુકવવાની પણ સુવિધા છે. ઓફસેટ યંત્રનો કામ કરવાનો સિદ્ધાંત નીચે મુજબ છે.

સ્ટેકડ પાઈલ (Stacked pile) માંથી કાગળને એક પછી એક એમ છુટા પડાય છે. વેક્યુમ અને કાગળને છાપ સિલેન્ડરના ગિયરની ગોઠવણ દ્વારા ભીનું થાય છે અને શાહી રોલરના સંપર્કમાં આવે છે. તૈલીય ઈમેજ ક્ષેત્ર પ્લેટમાં શાહી આવકારાય છે અને પાણી ઘ્રુણા જનક રીતે બહાર નીકળે છે. તેવી રીત બિન-છાપક્ષેત્રમાં પાણીને આવકારજન્ય છે અને શાહી ઘ્રુણજનક રીતે બહાર નીકળે છે. પ્લેટ પરની શાહીની પાતળી ફિલ્મ રબ્બર બ્લેકેટમાં પરિવર્તિત થાય છે કે જેમાં છાપ સિલિન્ડરના ગ્રિપર ગોઠવણ દ્વારા કાગળમાં પરિવર્તિત થાય છે. સિલીન્ડર ગિયરતંત્રથી આંતરીક જોડાણ ધરાવતા હોય છે. જે પૂર્ણ સમયે કરે છે. આ સિલિન્ડરનો એક આંટો એક છાપેલી સીટને ઉત્પન્ન કરે છે. જે (આકૃતિ-14) માં દેખાડેલું છે. છાપેલી સીટને અન્ય ફિગરની ગોઠવણ દ્વારા નિયમનમાં લેવાય છે અને ડિલીવરી બોર્ડ પર પ્રદર્શિત થાય તે પહેલા ચોક્કસ અંતર કાપે છે. આ અંતરને આવરી લેવા માટે

ગ્રિપરનો એક સેટ પૂરતો કરવામાં આવે છે કે જેથી બીજી સીટ આવે તે પહેલા પહેલી સીટની શાહી સૂકાય જાય. આ ઉપરાંત સૂકવવા માટે સિક્વીડ સ્પ્રે અથવા પાવડરનો ઉપયોગ છાપેલી અને પહોંચાડી સીટ પર થાય છે.

સામાન્ય રીતે કાગળની એક બાજુ છપાય છે અને પાછળની બાજુને છાપવા આજ પધ્ધતિને અનુસરવી પડે છે જેમાં પ્લેટ પર પ્લેટ સિલિન્ડરને ચોટાડવામાં આવે છે. જ્યારે તે છાપકામમાં આવે છે તે વિભિન્ન રીતે ચાર જુદા જુદા કલરની પ્રિન્ટ કાઢે છે. જેમાં પીળો, સીયાન, મેઝેન્ટા અને કાળા રંગનો સમાવેશ થાય છે. કાગળને ચાર વખત ફેરવવો પડે છે અને ચાર વખત પ્લેટના ઉપયોગ વડે શાહીને પણ ફેરવવી પડે છે. પરંતુ ઝડપી આઉટપુટ મેળવવા બે રંગ અથવા ચાર રંગનું યંત્ર વાપરવાની સલાહ છે. બે રંગના છાપકામ યંત્રમાં કાગળ બે વખત પસાર થાય છે અને કદાચ ચાર રંગનું હોય તો કાગળના લખાણનો સંદર્ભ એક જ હોય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

4. પ્લેટ બનાવવાની પ્રક્રિયાને વર્ણવો

નોંધ : (1) નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ લખો

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ તપાસો.

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

## 9.10 અન્ય છાપકામની પ્રક્રિયાઓ (OTHER PRINTING PROCESS)

રીલીફ અને પ્લેનોગ્રાફી (Relief and Planographi) છાપકામને બાદ કરતા ઈન્ટાગ્લીયો (Intaglio) છાપકામ ડ્રાય ઓફસેટ છાપકામ અને સીલ્ક સ્ક્રીન છાપકામએ વિવિધ કામના જ પ્રકારો છે.

### 9.10.1 ઈન્ટાગ્લીયો છાપકામ (Intaglio Printing)

આ ગ્રેવર (gravure) છાપકામ તરીકે પણ જાણીતું છે. આનો સિદ્ધાંત રીલિફ છાપકામથી વિરુદ્ધ છે. છાપકામનું તળીયું કોતરણીવાળું હોય છે અને બિનછાપકામનું તળિયું રીલિફ હોય છે. આ ઉપરાંત ઊંડો તફાવત માઈક્રોસ્કોપીક (Micro Scopic) નો હોય છે. સંપાદન, પેજ, મેક-અપ, લખાણ અને ગ્રાફિકનું જોડાણ આવી ક્રિયાઓ પ્લેનોગ્રાફી છાપકામને સમાન હોય છે. પેજ પોઝેટીવ તાંબાના સિલિન્ડર પ્રદર્શિત હોય છે અને છબીમાં ટપકાઓને પ્રદર્શિત કરવા માઈક્રોસ્કોપીક પ્રક્રિયા કરે છે. ટપકાઓની ઊંડાઈ પણ જુદી જુદી હોય છે. આવા તૈયાર થયેલા સિલીન્ડર રોટો ગ્રોવર (Roto gravure) છાપકામ યંત્રમાં મળે છે. સિલીન્ડર ડીપ્સ (dips) એ સેમી પ્રવાહી શાહીની ટાંકી અને ડોક્ટર બ્લેડના ઉપયોગથી ઉપરના તળિયેથી શાહી દૂર કરવામાં આવે છે અને કાગળ શીટના સંપર્કથી શાહી સ્થળાંતરીત થાય છે. સામાન્ય રીતે એબ્સોબેન્ટ (Absorbent) કાગળ જેમાં એબ્સોર્બ શાહી વપરાય છે. આ પ્રક્રિયામાં રીલીફ અને પ્લેનોગ્રાફી છાપકામની સરખામણીએ શાહી ખૂબ ઊંડી હોય છે. આ શાહી સ્તર સૈદ્ધાંતિક રીતે ફેલાય છે. આ ફેલાવવાને લીધે હાફટોન સફેદ અને કાળો અને રંગીન એમ બંને પ્રકારનું ઉત્પાદન ફરીથી થાય છે. સામાન્ય રીતે આ પ્રક્રિયા એવા પ્રકાશનો ઉપયોગી છે જ્યાં છાપકામની બાબતમાં તીક્ષ્ણતાની જરૂર નથી. ફોટોગ્રાફ્સનું ફરી ઉત્પાદન સતત નજીક સ્વરૂપ વધારે મહત્વનું છે. જેના ઉદાહરણ તરીકે આકૃતિયુક્ત સામયિક કે જે પ્રખ્યાત હોય તેનો અને પોસ્ટર્સ વગેરેનો સમાવેશ થાય છે. કોઈપણને તાંબાના સિલિન્ડરનો વધારે ખર્ચ લાગે છે અને અન્ય પ્રક્રિયાનો ખર્ચ ભારે લાગે છે. પરિણામે આ તંત્ર લાંબા વ્યવસાયમાં જ કામ લાગે છે.

### 9.10.2 ડ્રાય ઓફસેટ (Dry Offset)

જ્યારે રિલીફ છાપકામનું વર્ણન કરીએ ત્યારે ખર્ચાળ પ્રક્રિયા મર્યાદિત આઉટપુટ, ખર્ચાળ મજુરી વધારે જગ્યાના રોકાણ વગેરેને આવજો કરી દેવું જોઈએ જ્યારે પ્લેનોગ્રાફી છાપકામમાં ભેજ સર્જનની

સમસ્યા enlogation સંકોચન પાણી અને શાહીની બિન જાળવણીથી થતા શાહી ફેલાવા વગેરે અસ્તિત્વ ધરાવે છે. પરિણામે નવી પ્રયુક્તિનો અવિષ્કાર થયો જેને ડ્રાય ઓફસેટ કહે છે. જેમાં સક્રિયાના બંને પ્રકારના ફાયદાઓને લાવે છે અને બંને સમસ્યાઓ સામે લડે છે. શરૂઆતથી જ નેગેટીવ/પોઝેટીવ પેજ સુધી પ્લેનોગ્રાફી છાપકામની સમાન છે અને એલ્યુમિનિયમ અને ઝીંકના બદલે કોટો પોલિસ્ટર પ્લેટસનો છાપકામના ક્ષેત્રમાં માઈક્રોસ્કોપીક રીલીફ ઈમેજનો ઉપયોગ થાય છે. આ યંત્ર એવી રીતે પાતળી ફિલ્મ કોટીંગ શાહી કામ કરે છે કે તે ડમ્પિંગ રોલર વગર જ બ્લેકેટ અને પ્લેટ પર શાહીને સ્થળાંતરીત કરે છે. ફોટો પોલિમર પ્લેટ અને તેની આગળની પ્રક્રિયા ખર્ચાળ છે. પરિણામે ખૂબ જ મોટા પ્રમાણમાં પેદાશ મળે છે.

### 9.10.3 સિલ્ક સ્ક્રીન છાપકામ (Silk Screen Printing)

આ પ્રક્રિયાનો સામાન્ય રીતે નાની સ્ટેશનરી, મેન્યુ કાર્ડ, વિન્ડો ડિસપ્લે, સ્ટીકર અને કેટલીકવાર પોસ્ટર કે જેમાં ખાસ શાહી વાપરવામાં આવે છે તેને માટે ઉપયોગમાં આવે છે. સરસ સીલ્ક એક છબીમાં સપ્ત રીતે આરક્ષિત અને પોઝીટીવ દ્વારા પ્રસ્તુત અને વિકસીત થાય છે જે છિદ્રાળુ ઈમેજ ક્ષેત્રમાં બિન ઈમેજના બિનછીદ્રાળું ક્ષેત્રને છોડે છે. તળિયે કાગળની શીટને ગોઠવી આવી ક્રિયાશીલ સ્કીન દ્વારા શાહીને પ્રેસ આપવામાં આવે છે કે જેથી છીદ્રાળુ ક્ષેત્રમાં શાહી પસાર થાય છે અને પાતળી ફિલ્મ શાહી કાગળની શીટમાં જમા થાય છે.

અહીંયા ગમે તે શાહીનો ઉપયોગ થઈ શકે છે કે જે સામાન્ય રીતે ઉપર દર્શાવેલ પ્રક્રિયામાં ઉપયોગ ન થાય તેનું કારણ તેનો પ્રત્યાઘાત, શાહી રોલર અને પ્લેટનો છે. આ પ્રક્રિયા સરસ ઉત્પાદન કરે છે. જેની સાથે શાહીની સારી ઊંડાઈ જોડાયેલ હોય છે વાસ્તવમાં કાગળને બાદ કરતા, શાહી સૂકવવાં અન્ય યોગ્ય માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે.

### 9.10.4 ફ્લેક્સોગ્રાફીક છાપકામ (Flexographic Printing)

છાપકામનું આ યંત્ર પેકેજ ઉદ્યોગ સાથે ખૂબ જ પ્રખ્યાત છે. ખાસ કરીને ફોઈલ (Foil) ના છાપકામમાં મેટલ પ્લેટની જગ્યાએ ઈમેજ ક્ષેત્રમાં રબર પ્લેટનો ઉપયોગ થાય છે. યંત્ર વેબ ફીડીંગ (Web feeding) માટે ગોઠવવામાં આવેલ હોય છે. શાહીનું સૂકાવુ, પેકેજનું કાપવું અને બંધારણને સ્વયં સંચાલિત રીતે થાય છે.

## 9.11 બાંધવુ (BINDING)

છાપેલી શીટ કોઈપણ પ્રક્રિયામાં આ પ્રક્રિયાનું પહેલા વર્ણન થાય છે જેમાં કાગળને વાળવો, ટાંકવો (Collted) યોગ્ય આકારથી કાપવો અને બાંધવાની પ્રક્રિયાનો સમાવેશ થાય છે આ પ્રક્રિયા કાં તો સામાન્ય રીતે અથવા યંત્ર વડે થાય છે. આવા વાળેલા એકમોને વિભાગ કહેવાય છે. જ્યાં પાનાઓના જથ્થાને અનુક્રમિત નંબરોથી ગોઠવવામાં આવે છે. પુસ્તકનો આકાર લેવા માટે વ્યક્તિગત વાળેલા વિભાગોને ભેગા કરવામાં આવે છે. આ સંગ્રહ પર રોટરી પ્રકારમાંના યંત્ર વડે પણ પ્રક્રિયા કરી શકે છે. અહીંયા ઘણીબધી બાંધવાની પધ્ધતિઓ છે.

(1) મધ્યમાં સ્ટેપલર/દોરી વડે ટાંકા લેવા. (Centre Stapling/stiching)

(2) સાઈડમાં દોરા વડે ટાંકા લેવા અને કવરને ઉપર ચઢાવવું
(Side stiched and cover pasted upon)

(3) સાઈડમાં સ્ટેપ્લર મારવું અને પેસ્ટેડ ચોટાડવું. (Side stapling and cover pasted)

(4) ચોક્કસ બાંધવું. (Perfact Binding)

(5) વિભાગો ચોટાડવા અને કાગળનું આવરણ ચોટાડવું.
(Section sewn and paper cover pasted)

(6) કપડા વડે સખત રીતે બાંધવું. (Hard Bound binding with full cloth)

(7) પરિસ્થિતિમાં બાંધવું. (Case in binding)

### 9.11.1 મધ્યમાં સ્ટેપ્લર/દોરા વડે ટાંકા લેવા (Center Stapling/Stitching)

સામાન્ય રીતે આવા બંધારણમાં કવર ઉપર હોય ત્યારબાદ વિભાગો અને એકમોને ગોઠવવામાં આવે છે અને તેના વાયર સ્ટેપ્લર મારવામાં આવે છે. આ પ્રકારનું બંધારણ સામાજિક અને પુસ્તકના ઉત્પાદન માટે જરૂરી છે કે જેમાં પાનાની સંખ્યા 40 થી 65 થી વધારે હોતી નથી.

### 9.11.2 સાઈડમાં દોરા વડે ટાંકા લેવા (Side Stitching)

આ પ્રકારના બંધારણમાં વાયર સ્ટેપલની તીક્ષ્ણ ધારથી સીવવામાં આવે છે. જેમાં કવરને ઉપર તે આકારમાં કરાય તે પહેલા લગાડવામાં આવે છે. આ આખી પ્રક્રિયા વાયર સ્ટેપ્લરની સ્ટેશન-ગેધરીંગ (station-gathering) યંત્ર દ્વારા ઝડપી સ્વરૂપે થઈ શકે છે. સાર્વત્રિક રીતે આ બંધારણનો શ્રેણીઓ ભેગી બાંધવામાં ઉપયોગ થાય છે. જેથી ગ્રંથ નંબર અને વર્ષને ઓળખી શકાય.

### 9.11.3 ચોક્કસ બાંધવું (Perfect Binding)

તે ઝડપી અને બિનખર્ચાળ બંધારણ છે. જેમાં વધારે સામાન્ય કરતાં યંત્ર ભાગ ભજવે છે. પહેલા તો વાળેલા કાગળને યંત્રમાં નાખવામાં આવે છે કે જેમાં પહેલા આકારમાં કાપવામાં આવે છે. ત્યારે ખાસ પ્રકારનો ગુંદર લગાડીને કવરને ઉપર ચોંટાડી સૂકવી યોગ્ય રીતે કાંપણ કરી એક સંપૂર્ણ પેદાશ તરીકે બહાર કાઢવામાં આવે છે. પેપર બેંક (paperbank) બધાં પ્રકારનો આ રીતે બંધાય છે. આ પ્રક્રિયામાં આગમનથી મજૂરી કામ ઓછુ થયું છે. અને વિકસિત દેશોમાં ઘણી શ્રેણીઓ આ રીતે બંધાય છે તે એક ફેશન છે. આ પ્રકારના બંધારણનો એક ફાયદો એ છે કે વ્યક્તિગત શીટનો ઉપયોગ કરવો હોય ત્યારે તે તરત જ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત વ્યક્તિગત સામયિકની નકલોને સાથે બાંધી એક ગ્રંથ જેવું બનાવી શકાય છે. જેમાં યોગ્ય ગોઠવણી કરી તેને દોરા વડે બાંધી શકાય છે. આ બંધારણ પધ્ધતિના ઘણા બધા ફાયદાઓ હોવા છતાં અંદરના પેજની ઝેરોક્ષ કરવામાં આ પ્રકારે તકલીફ પડે છે. ઘણા બધા ધોરણો અને સિદ્ધાંતો હોવા છતાં શ્રેણીનાં ઉત્પાદનમાં આ બાબતો લાગુ પડે છે. માર્જિનની ગોઠવણ, બંધારણનો પ્રકાર, યોગ્ય કાપણી, કિંમત અને નિર્ણય કરવો વગેરે છે.

### 9.11.4 વિભાગો ચોંટાડવા અને કાગળનું આવરણ ચોંટાડવું (Sections Sewn and Paper Cover Pasted)

આ પ્રકારનું બંધારણ પુસ્તકો અથવા મોનોગ્રાફ્સ (Monographs) માટે ઉપયોગી કે જે કાગળ બાંધવાની પ્રયુક્તિ કરતા વધારે લાભદાયી અને મજબૂત છે. અહીંયા સતત દોરાને વિવિધ વિભાગોમાંથી પસાર કરવામાં આવે કે જે વધારાની મજબૂતી આપે છે. મઢાયેલા કવરને પુસ્તક પર લગાડવામાં આવે છે અને અંતમાં લગાડેલું વધારેનું કવર પુસ્તક અને કવર વચ્ચે જોડાણ ધરાવે છે. આવી રીતે બંધાયેલું પુસ્તક વાંચવામાં સરળ રહે છે.

### 9.11.5 હાર્ડબોર્ડનું બંધારણ (Hard Board Binding)

સાંધવાના બધા તબક્કા આ બંધારણને લાગુ પડે છે જેવી રીતે કાગળના બંધારણ કરીએ તેવી જ રીતે આમાં કરવાનું હોય છે. પરંતુ આમાં છાપીત કવરની જગ્યાએ હાર્ડબોર્ડ વપરાય છે અને તેની આજુબાજુ કાપડ, કેલીકો (calico), લેધરની (Leather) છાપેલી પટ્ટી મારવામાં આવે છે. દેખાવ સારો કરવા સારી ડિઝાઈનવાળી અને છાપેલી ડસ્ટજેકેટ (dust jacket) લગાડવામાં આવે છે.

### 9.11.6 પરિસ્થિતિમાં બાંધવુ (Case in Binding)

બંધારણની આ પદ્ધતિ પ્રકાશનો માટે છે કે જે પાતળા અને સાહિત્ય શોધનાં હોય છે. પ્રારંભિક પગલાંઓ જેમ કે વાળવું, ભેગુ કરવું વગેરે... અન્ય બંધાણ પધ્ધતિને સમાન રહે છે પરંતુ કોઈ સંદર્ભ તેના પર શીર્ષકનું રેપર મઢેલું અથવા છાપેલું લગાડવામાં આવે છે જેકેટને પણ રેપર તરીકે લગાડવામાં આવે છે.

## 9.12 કાગળ (PAPER)

કાગળએ કાગળના કારખાનાની સંપૂર્ણ પેદાશ છે. જે છાપકામની દુકાન માટે મૂળભૂત મટીરીયલ્સ છે. કાગળ શાકભાજીના રેસામાંથી મર્યાદિત શ્રેણીમાંથી ઉત્પન્ન થાય છે. આ રેસાઓ જુદા જુદા લક્ષણો ધરાવે છે. પરિણામે જુદી જુદી ગુણવત્તાના કાગળો પ્રાપ્ત થાય છે.

કાગળ માટેનું વપરાતું રો-મટીરીયલ્સ પ્રારંભિક તબક્કે સેલ્યુલોઝ (Cellulose) સ્વરૂપમાં છૂટા કરવામાં આવે છે અને રાસાયણિક દવાઓને કાગળ બનાવવાના મુખ્ય યંત્રમાં રાખવામાં આવે છે. આ તબક્કે ફાઈબરના જથ્થાની સાથે પાણી વધારે ઉમેરવામાં આવે છે. આવા પ્રવાહીનો છંટકાવ કરવામાં આવે છે કે જેથી તે લાંબા અંતરની મુસાફરી કરી શકે જેથી કેન્દ્રીય યંત્ર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે. આ રીતે સતત ભીનો કરાયેલો કાગળ વિવિધ તબક્કાઓ જેવા કે પોલીશ સુંવાળા, ગરમ રોલરમાંથી પસાર થાય છે કે જેમાંથી પણ મોશ્ચર (Moisture) નો જથ્થો ઓછો થાય છે છતાં પણ કાગળની બંને બાજુઓએ સરસ પોલીશ થાય છે અને વેબ (Form) સ્વરૂપ પ્રાપ્ત કરે છે (આકૃતિ 16). અંતિમ

તબક્કે મોશ્ચરનો જથ્થો 4% થી 6% હોય છે. પરિસ્થિતિમાં આર્ટના કાગળ ચાઈના માટીના પ્રવાહી દ્વારા ઊંડી રીતે ઉત્પાદિત થાય છે અને રોલર દ્વારા પોલીશ થાય છે અને સરસ તળિયું મેળવે છે.

છાપકામના કાગળમાં વિવિધતા રહેલી છે. જેમાં નામ આ મુજબ છે. સફેદ છાપકામ, સમાચાર છાપ, નકશોલીયો, ઓફસેટ, કાર્ટરીજ (catridges), કેલન્ડર, ઈમીટેશન આર્ટ (Imitation) અને કલા કાગળ કવર કાગળમાં વિવિધ શેડ્સ ઉત્પાદિત થાય છે. સામાન્ય રીતે કોઈ કાગળમાં આકાર અને ગુણવત્તાને લઈને પ્રમાણભૂત નથી થતો પરંતુ વજનને પણ ગણવામાં આવે છે. પરંપરાગત યંત્ર કાગળને વજન કરવાનું સંપૂર્ણ રીતે હવે અલગ છે અને તે GSM (સ્કેવર મીટર ગ્રામ્સ) ને આધારે વજન મપાય છે. કાગળનું કાપકામ અને વહેચણી રીમના પેકેજ દ્વારા થાય છે. છાપકામ કાગળની 500 શીટ, લખાણ કાગળની 480 શીટ જુદા જુદા આકારો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| 1. | ફૂલસ્કેપ | 13 1/2" × 17" |
| 2. | ક્રાઉન | 15" × 20" |
| 3. | ડેમી | 17 1/2" × 22 1/2" |
| 4. | મધ્યમ | 18 " × 23 " |
| 5. | રોયલ | 20" × 25" |
| 6. | ઈમ્પોરીયલ | 22" × 28" |

સામાન્ય રીતે આપણા દેશમાં કાગળ 'A' સીરીઝ અને 'B' સીરીઝમાં ઉત્પાદિત નથી હોતા. ત્યારથી ઘણા બધા ઉત્પાદકો જૂના યંત્રો સાથે વ્યવસાય કરે છે. વિશાળ કદના કાગળને તેના યંત્રના કદને આધારે કરવામાં આવે છે. 4, 8, 16 પાના અથવા 32 પાનાની શીટ સમાવી શકાતી હોય છે. જ્યારે આ કદની કાગળની શીટ હોય છે તેની લાંબી સાઈડને વાળવામાં આવે છે. તેને ફોલીયો (Folio) કહેવામાં આવે છે. વિવિધ સ્વરૂપોને સમજવા વિવિધ જાર્ન્સનો (Jargons) ઉપયોગ કરવામાં આવે છે. આકૃતિ - 17 માં આ ઉપરાંત ધોરણોનો ઉપયોગ થાય છે. જેમાં 'A' સીરીજ અને 'B' સીરીજના કાગળ જ્યારે કાગળને વાળવામાં આવે છે ત્યારે '$A_1$' આગળ '$A_2$', '$A_3$', '$A_4$', અને '$A_5$' અને આવી જ રીતે 'B' સીરીજમાં થાય છે.

## 9.13 છાપકામની શાહી (PRINTING INKS)

કાગળને બાદ કરતા શાહીએ છાપકામ માટે બીજુ રો-મટેરીયલ્સ છે. ઘણા બધા રસાયણો છાપકામની શાહીના ઉત્પાદનમાં ભાગ ભજવે છે. મૂળભૂત ત્રણ ગ્રુપ આ મુજબ છે.

(1) રંગીન દ્રવ્ય જે શાહીને રંગ અને મજબૂતાઈ આપે છે.

(2) વાર્નિસ અથવા વ્હીકલ જે પ્રવાહી નિયમન કરે છે કે જે રંગીન દ્રવ્યને લઈ જાય અને શાહીને સૂકવી નાખે.

(3) ડ્રાય અને અન્ય રસાયણો જે ભેળવવામાં આવે છે કે જે સુકવવામાં સુધારો કરે છે અને ચીકણાઈને ઘટાડે છે.

આ મૂળભૂત જૂથોને બાદ કરતાં ઘણા બધા પ્રકારની શાહી ઉત્પાદિત થાય છે. છાપેલી પેદાશની ગુણવત્તામાં શાહીની પસંદગીએ મહત્વનો ભાગ ભજવે છે.

## 9.14 સારાંશ (SUMMARY)

આ એકમમાં તમે છાપકામ અને પ્રકાશનનું ઐતિહાસિક અને યાંત્રિક બેક-ગ્રાઉન્ડ ભણ્યા. પહેલાના છાપકામની પ્રક્રિયા લેટર પ્રેસ છાપકામ યંત્ર અને કૃતિઓના ઉપયોગને વર્ણવે છે. લિથોગ્રાફીક છાપકામ અને છાપકામ પ્રક્રિયાની Proceeds સમજાવે છે. છાપકામ યાંત્રિક વિકાસની શરૂઆત કમ્પ્યુટરના ઉપયોગથી અને વર્ડ પ્રોસેસીંગ સોફ્ટવેરથી ડેસ્કટોપ પબ્લિશીંગ (Publishing) સોફ્ટવેર જેવા સોફ્ટવેરના ઉપયોગથી થઈ. ડેસ્કટોપ પબ્લીશીંગની મદદ વડે પાના ફોર્મેટની જરૂરી આકૃતિ સાથે તેમજ નેગેટીવ સાથે મળે છે. હાલનો વિકાસ 'ઈમેજ સેટર' એક પગલું આગળ છે. આ યંત્ર સિલ્વર ગેલીડમાં છાપ આપે છે. આનો મતલબ એકેય છાપકામ માટે નેગેટીવ અથવા પોઝીટીવ મળે છે.

જુદા જુદા પ્રકારની આકૃતિઓ જેવી કે હાફટોન આકૃતિ અને કલર આકૃતિ આ એકમમાં વર્ણવવામાં આવે છે.

પ્લેટ બનાવવાની અને વિવિધ છાપકામ પ્રક્રિયા છાપકામ અને પ્રકાશનમાં ઊંડું જ્ઞાન મળે તેથી વર્ણવવામાં આવે છે આ એકમમાં અન્ય છાપકામ કાર્યો જેવા કે બાંધવાની પ્રક્રિયા, કાગળના પ્રકાર અને કદ અને છાપકામની શાહી વગેરેની ચર્ચા કરે છે.

## 9.15 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ (ANSWERS TO SELF CHECK EXERCISE)

1. છાપકામ પ્રક્રિયાની શરૂઆત જોન ગુટનબર્ગ ના સિંગલ સ્થાળાંતર પ્રકારની શરૂઆત થઈ કે જેમાં અક્ષરો, શબ્દ, વાક્યો વગેરેમાં ચોટેંલા હોય છે. આ શોધથી વિવિધ ભાષાઓ માટે અક્ષરોની વિવિધ ટાઈપકેસ અને કદની ડિઝાઈન થઈ શકે છે. છાપકામનું આ યંત્ર પ્રેસ પ્રિન્ટીંગ તરીકે ઓળખાય છે. આગળ લિથોગ્રાફિક છાપકામ કે જેમાં છાપકામ અને બિન - છાપકામ બંને સપાટીએ પાણી, તેલના સિદ્ધાંતે કામ કરે છે. છાપકામની ત્રીજી પ્રક્રિયા ઈન્ટાગ્લીયો (Intaglio) છાપકામ થોડું મોડેથી પરિચયમાં આવ્યું.

2. પ્રારંભિક તબક્કે છાપકામની બાબતનું સંપાદન સીંગલ મુવેબલ પ્રકારે હતું. તે ઘણી ધીમી પ્રક્રિયા હતી યાંત્રિક શોધ મતલબ કે સપાદનમાં લિનોટાઈપ (Linitype) નો વિકાસ અને તે ખૂબ ધીમી પ્રક્રિયા હતી. લિનોટાઈપ અને મોનો ટાઈપમાં યાંત્રિક સંપાદન અસ્તિત્વમાં આવ્યા જેમાં યાંત્રિક કી-બોર્ડ પ્રક્રિયાનો સમાવેશ થયો. કમ્પ્યુટર અને સોફ્ટવેર પ્રદ્યોગિકીનો વિકાસ થતા વર્ડ પ્રોસેસીંગ (Processing) અને ડેસ્કટોપ પ્રકાશનનું વાતાવરણ ઉત્પન્ન થયું આ આખા પાનામાં ગ્રાફિક અને આકૃતિ નેગેટીવને તૈયાર કરવો સીધી રીતે ઉપયોગમાં આવતા હાલની સંપાદક પ્રયુક્તિ 'ઈમેજ સેટર' નેગેટીવ અથવા પોઝીટીવના સ્વરૂપમાં છાપકામ માટે સિલ્વર હેલીડમાં (output) આઉટપુટ આપે છે.

3. પ્રિન્ટ મેટ્રિક્સમાં ગ્રાફિક અને ઈમેજની આકૃતિઓ હોય છે. આકૃતિની પ્રક્રિયામાં છાપકામની પ્રક્રિયામાં વિવિધ લાઈન અને ટોન જરૂરી છે. આને ત્રણ તબક્કામાં વિભાજીત કરી શકાય. (1) લાઈન આકૃતિ (2) હાફટોન આકૃતિ (3) રંગ આકૃતિ. લાઈમ આકૃતિને સફેદ અને કાળો એમ બે ટોનલ વેલ્યુ હોય છે. સામાન્ય રીતે આકૃતિનો આઉટપુટ 1.25 થી 1.50 ગણો વધારે દોરવામાં આવે છે કે જેનાથી અસલી કદ સ્વચ્છ અને તીક્ષ્ણ છાપ મેળવી શકાય છે.

   હાફટોન આકૃતિ સફેદ અને કાળાની વચ્ચે ટોનલ અસર ઉત્પન્ન કરે છે આ અસર ટપકાની કદની સ્ક્રીનના ઉપયોગ વડે ઉત્પન્ન કરી શકાય. રંગ આકૃતિ રંગના સંપૂર્ણ વર્ણપટને આવરી લે છે. મૂળભૂત ત્રણ રંગ પીળો, સીયાન અને મેઝેન્ટા કોઈપણ રંગને ઉત્પન્ન કરવા ઉપયોગમાં આવે છે.
જાય છે જે પછી કાગળની સપાટીએ પ્રવાહીથી ચોંટી જાય છે. ઝેરોગ્રાફીની સરખામણીએ ખર્ચાળ છે કારણ કે ઓક્સાઈડ રક્ષિત કાગળનો ઉપયોગ થાય છે એટલે કે આ અત્યારે ખૂબ જ પ્રચલિત છે.




**oxide electronic**

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(3) ઝેરોગ્રાફી નકલ બનાવવામાં કયા તબક્કાનો સમાવેશ થાય છે. ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 11.6 ઘણી બધી નકલો કરવાની પધ્ધતિ (MULTICOPYING METHODS)

### 11.6.1 હેક્ટ્રોગ્રાફી (Hactography) (સૂકી સ્થળાંતર - સ્પીરીટનું નવીનીકરણ) (Hectrography) (Dry Transfer Process - Spirit Duplicating)

સ્પીરીટ ડુપ્લીકેટીંગમાં (હેક્ટોગ્રાફી પ્રક્રિયા તરીકે પણ જાણીતી છે.) માસ્ટર છે. જે ગ્લેઝડ કાગળની શીટ તૈયાર કરે છે અને કાર્બન બેકીંગ શીટનો અમલ કરે છે. જ્યારે માસ્ટર પર ઈમેજ લખાય અથવા દેખાય ત્યારે કાર્બન ઈમેજ માસ્ટર શીટ પર જ સ્થળાંતર કરે છે પછી માસ્ટર નાના પ્રેસ પર છાપીત થાય છે કે જે કાગળ યાંત્રિકીકરણ રોલરની જોડી અને ડ્રમનો સમાવેશ થાય છે અને તેમાં માસ્ટરને મૂકવામાં આવે છે. જ્યારે કાગળ નકલશીટ યંત્ર દ્વારા ઝાંખી પાડવામાં આવે છે મોઈસટેન્ટ (Maistenes) સોલવેન્ટ (solvent) દ્વારા તેને ચીકણી કરવામાં આવે છે ત્યાર બાદ ડ્રમમાં રહેલા માસ્ટર અને ઈમ્પ્રેશન રોલરની વચ્ચેથી સેલ્વેન્ટ કાગળની સપાટીને કાર્બન ઈમેજ દ્વારા સપાટીને પાતળી બનાવે છે અને ઈમ્પ્રેશન રોલરની મદદ વડે કાગળને દબાણ આપવામાં આવે છે. માસ્ટરમાંથી બનેલા દરેક સફળ કોપીમાંથી ચોક્કસ સંખ્યામાં કાર્બનને દૂર કરવામાં આવે છે. સ્પીરીટ નકલીકરણ મર્યાદિત હોય છે. જે વધારેમાં વધારે 500 નકલોને લાગી શકે છે. ફોટોગ્રાફીક અને થર્મોગ્રાફીક એટલે કે DTR પ્રક્રિયામાંથી અસલ ઉત્પન્ન થયેલ તેના દ્વારા સ્પિરીટ માસ્ટર તૈયાર થાય છે. સ્પીરીટ માસ્ટર બનાવવા બે પધ્ધતિઓ છે. જે DTR દ્વારા આપવામાં આવેલ છે. જે આગફા (Aagfa), ગર્વટ (Gevaert) અથવા ઈચનેર (Eichner) પ્રક્રિયા દ્વારા વિકાસ પામી.

### 11.6.2 સ્ટેનસીલની નકલ કરવી (Stencill duplicating)

સ્ટેનશીલનું ડુપ્લીકેટીંગનો સિદ્ધાંત શાહી ખુલેલા સ્ટેનશીલ (stencil) નકલ કાગળ પરથી પસાર થાય તેના પર છે. સ્ટેનશીલ માસ્ટર ત્રણ ભાગમાં બનેલું છે. સ્ટેનશીલને પોતાની સુરક્ષા સાથે પાતળા કાગળની શીટ હોય છે. જેમાં શાહી રેલાયેલી હોય છે. બેકીંગ શીટ અને આ બંને વચ્ચે કાર્બન કાગળની શીટ હોય છે. માહિતીને સ્ટેનશીલ પર લખવામાં અથવા દોરવામાં આવે છે ઘણા ટાઈપરાઈટરોને સ્ટેનશીલની વ્યવસ્થા હોય છે. જે રીબન (ribbon) ને દબાણ આપે છે અને ધાતુની સ્વીચને સીધું જ સ્ટીનશીલ પર કાર્યરત થવા આદેશ આપે છે. જ્યારે સ્ટેનશીલ સ્વીચને ધક્કો મારે ત્યારે સુરક્ષિત આવરણ દૂર થાય છે અને સ્વીચ દ્વારા અક્ષરોનું સ્વરૂપ પ્રગટ થાય છે તે જ સમયે નકલ કાર્બન શીટમાંથી થઈ બેકીંગ શીટમાં ઉત્પન્ન થાય છે. બેકીંગ શીટનો પ્રાથમિક ઉપયોગ ટાઈપરાઈટરની સ્વીચને હવાનું દબાણ આપવાનું હોય છે અને અન્ય ઉપયોગમાં નકલ વાંચન માટે કાર્બન નકલની સપાટી પર કાર્ય કરે છે. ખરાઈ ફલ્યુઈડ (Fluid) અને અક્ષરોનું પુનઃ લખાણના અમલીકરણ દ્વારા સ્ટેનશીલ (Stencil) ની ભૂલોને સુધારી શકાય છે. સ્ટેનશીલ જ્યારે પૂર્ણ થાય છે ત્યારે બેકીંગ શીટથી અલગ પાડવામાં આવે છે અને ડુપ્લીકેટીંગ યંત્રમાં સુકવવા માટે મુકવવા આવે છે. સિલિન્ડર શરૂ થાય છે અને શાહીનો છંટકાવ સ્ટેનશીલ પર કરવામાં આવે છે અને તે કાગળ પર જમા થાય છે. ત્યાર બાદ ડીલીવરી ટ્રે પર ઉપયોગ માટે મૂકવામાં આવે છે. રોટરી સ્ટેનશીલ ડુપ્લીકેટીંગ યંત્ર રોનીઓ (Roneo) રેમીગ્ટન-રેન્ડ (Remington -Rand) જેસ્ટનર (Gestener) દ્વારા બનાવવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા ખૂબ જ ઝડપી અને સસ્તી ઉપયોગમાં આવે તેવી છે. આજે પણ સ્ટેનશીલ ડુપ્લીકેટીંગની આગળ માત્ર ઝેરોક્ષ-કમ-ઓફસેટ છાપકામ પ્રક્રિયા છે.

### 11.6.3 ઓફસેટ ડુપ્લીકેટીંગ (ઓફસેટ લીથોગ્રાફી) (Offset Duplicating) (Offset Lithography)

ઓફસેટ ડુપ્લીકેટીંગ તેનું નામએ હકીકતમાં મેળવે છે કે સ્થળાંતર અથવા 'ઓફસેટ' ઈન્ટરમીડીએટ (Intermediate) રોલરમાં થાય છે જે ત્યારબાદ સાચી વાંચન ઈમેજના સ્વરૂપમાં નકલ કાગળમાં સ્થળાંતરીત થાય છે. ઓફસેટ ડુપ્લીકેટીંગનો છાપકામ અંગેનો સિદ્ધાંત કે જે લિથોગ્રાફીક સદીઓથી ઉપયોગમાં આવે છે. જે પાણી અને તેલને મિશ્રણ ન કરવું તેવું છે. ઓફસેટ ડુપ્લીકેટીંગ માટે માસ્ટર ઈમેજ તૈલીય શાહીનો ઉપયોગ કરે છે જ્યારે બેકગ્રાઉન્ડ ક્ષેત્ર ફરજીયાત પણે પાણીને સ્વીકારે છે.

ઓફસેટ ડુપ્લીકેટર્સ સ્ટેનશીલ અથવા સ્પીરીટ ડુપ્લીકેટર્સ કરતા ઘણા બધા અઘરા છે. તેઓ ખર્ચાળ છે અને સંચાલન માટે કૌશલ્ય જરૂરી છે. ઓફસેટ પ્રક્રિયા આ ઉપરાંત મેમોગ્રાફી (Memography) અથવા સ્પીરીટ ડુપ્લીકેટીંગના જરૂરી ઘટકોમાં કાગળ અને શ્રેણીબદ્ધ રોલરોના ઘટકોનો સમાવેશ થાય છે. આમા વિશાળ રોલરનો સમાવેશ થાય છે. જે ઓફસેટ માસ્ટરને પકડી રાખે છે રોલર્સ જે ઈમેજ પર શાહી રાખે છે રોલર્સ જે બેકગ્રાઉન્ડ ક્ષેત્ર પાસે પાણી લગાડે છે. ઈન્ટરમીડીએટ (intermediate) રબર કે બેકગ્રાઉન્ડ ક્ષેત્ર પર પાણી લગાડે છે ઈન્ટરમીડીએટ રબર રોલરને આવરે છે. જેને બ્લેકેંટ રોલર કહેવાય છે. જેનાથી ઈમેજ પ્લેટમાંથી સ્થળાંતરીત થાય છે અને ઈમ્પ્રેશન રોલર જે નકલ કાગળને દબાણ આપે છે અને બ્લેકેટ કાગળ સાથે સંપર્ક કરાવે છે.




(આકૃતિ 11.11 Offset litho Printing)

ઓફસેટ ડુપ્લીકેટીંગ માટેના માસ્ટર્સ ઘણા કદમાં અને આકારમાં ઉપલબ્ધ છે ટૂંકા ડુપ્લીકેટીંગ માટેના

બિન ખર્ચાળ કાગળ માસ્ટરથી ખૂબ ચાલે તેવા ધાતુના માસ્ટર બનાવવામાં આવે છે. ઓફસેટ માસ્ટર લખાણ અથવા ચિત્રણ દ્વારા તૈયાર થઈ શકે છે અને અસંખ્ય ફોટોગ્રાફિક અને થર્મોગ્રાફિક ક્રિયા જેવા વેરીફેક્સ, એકલાલીથ (Aktalith), DTR , થર્મો-ફેક્સ, એકતા ફેક્સ (Ektafax) ઝેરોગ્રાફિ, ઈલેક્ટ્રોફેક્સ વગેરેનો સમાવેશ થાય છે. તેનાથી તૈયાર થઈ શકે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

4. સ્ટેનશીલ ડુપ્લીકેટીંગના સિદ્ધાંતો શું છે ?

**નોંધ :** (1) નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ આપો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 11.7 કોપીરાઈટ ફરી ઉત્પાદન માટે હક અથવા સંમતિ (COPYRIGHT THE RIGHT OR PERMISSION TO REPRODUCE)

ફોટો કોપિંગનો વિકાસ ન થયો ત્યાં સુધી વિદ્યાર્થીઓ નોંધ કરતા અને લખાણ અથવા ટાઈપરાઈટીંગ દ્વારા નોંધ કરતા પરંતુ આ બંને પ્રક્રિયા મજૂરીકામ જેવી લાગતી નોટ બનાવવામાં ફોટોકોપીંગ સમય બચાવે છે પરંતુ સરળતાથી તૈયાર થતી નકલો, પ્રકાશનો, પ્રકાશનના વહેંચાણને અસરકર્તા બની ચોક્કસ રીતે ત્યારે કે તે સસ્તાભાવે વેંચવા માંડી ફરી ઉત્પાદન કરવા માટે પ્રોદ્યોગિકી ક્ષમતા આપવા તેની પાસે હક અથવા સંમતિ ફરી ઉત્પાદન માટે હોવી જોઈએ. કોપીરાઈટ દ્વારા ઘણુ સાહિત્ય સુરક્ષીત રાખી શકાય છે કે જે સાહિત્ય પર પ્રકાશક અથવા લેખકને હક હોય છે અને આવી રીતે મિલ્કતનું નકલીકરણ અને વેચાણ અટકે છે. કોપીરાઈટ સરકાર દ્વારા મર્યાદિત મોનોપોલી (monopoly) અથવા સર્જન સ્વરૂપ માટે મૂકવામાં આવેલ છે. પૈસાની દૃષ્ટિએ કોપીરાઈટ કેટલીક વખત તેના માલિકો દ્વારા ઈર્ષા અદેખાય જેવો ભાવ દર્શાવે છે. વિષય વિનાના સાહિત્યને કોપીરાઈટની મનાય એ 'પબ્લીંક ડોમેઈન' તરીકે ઓળખાય છે. પબ્લીક ડોમાઈનમાં કેટલીક વાર એવા કોપીરાઈટ સાહિત્યનો સમાવેશ થાય છે કે જેવું કોપીરાઈટ યાંત્રિક કારણને લીધે પુરુ થઈ ગયેલ છે અને એવું સાહિત્ય જેના પર કોપીરાઈટનો દાવો છે. જો સરાહિત્ય પબ્લીક ડોમેઈનમાં હોય છે તો અચકાયા વગર તેની નકલ બનાવવામાં આવે છે. જો સાહિત્ય કોપીરાઈટ હેઠળ હોય તો તેના ફરી ઉત્પાદનમાં સંમતિ લેવી જરૂરી બને છે. આ મંતવ્ય વિશાળ ક્ષેત્રમાં આ ચોક્કસતા અને વિભિન્નતા છે અંતે એવી પરિસ્થિતિ છે કે જેમા ફરી ઉત્પાદન કરવા માટે સંમિત લેવી જોઈએ અને જો આ માટે કોપીરાઈટ (copyright) માલિક પૈસા, ફી અથવા રોયલ્ટી (Royalty) માંગે તો તેને આપવા જોઈએ.

કાયદાકીય નિયમોને અવગણ્યા વિના સાહિત્યનું ફરી ઉત્પાદન, નીચેના પ્રશ્નોના જવાબ પર આધારિત છે.

- સાહિત્ય બંધનમાંથી મુક્ત છે ? જેમ કે તે પબ્લિક ડોમેઈન (domain) માં છે ?
- તેને કોપીરાઈટ દાવો (claim) છે ?

- જે હોય તો દાવો યોગ્ય છે. ?
- જો સાહિત્ય કોપીરાઈટ (Copyright) હોય તો એવા કયા સંજોગો છે જેમાં કોઈ એક આગળ જઈ શકે
- કેટલી નકલો બનાવવાની છે ?
- નકલો સંપૂર્ણ અથવા અંશ (part)ની કરવાની છે ?
- ભાગ કેટલો વિશાળ છે ?
- તે મુખ્ય ઉપયોગ માટે છે ?
- તે નફા માટે શું છે ?
- તે લેખક અથવા પ્રકાશકના નફાને અસરકર્તા છે ?
- કોપીરાઈટની માહિતીને ઓળખવી કે શોધવી અશક્ય છે ?

◆ **અસલ નકલનો ઉપયોગ (Fair copy use)**

અસલનો ઉપયોગ નથી થતો તે કેટલાક અમર્યાદિત સ્વરૂપમાંથી કેટલાકનો ઉપયોગ કરવામાં આવે છે. કોપીરાઈટ સાહિત્યનો બધા રસ્તે ઉપયોગ થઈ શકે છે. જેમાં લેખકની કોપીરાઈટની દખલગીરી અથવા કાનૂની કોપીરાઈટની દખલગીરી ન હોય. ઐતિહાસિક રીતે અને મુખ્યત્વે કોપીરાઈટ ઘણી નકલોનું વેચાણ કરવાનો અને તેના દ્વારા નફો કરાવવાનો હક છે. અસલ અને નકલના ઉપયોગની વચ્ચે ભિન્નતા એ નકલ અથવા પ્રકાશનના કાર્યકર્તા હેતુ, ડિગ્રી અને નકલને અસર કરતી બાબત છે અને કોર્ટે એવો નિયમ ઘડ્યો છે કે કોપીરાઈટ તજજ્ઞને તેના પોતાના વ્યક્તિગત ઉપયોગ માટે તેમાંથી નોંધ લેવા માટે મનાય ન ફરમાવી શકે. બેશક પ્રેક્ટીકલી વિચારીએ તો આવી નોંધ લેવાનું, આપણે અટકાવી ન શકીએ ભલે તે અકાયદાકીય હોય, ઘણા ગ્રંથાલયો અસલ ઉપયોગને અમલમાં મૂકે છે અને ફરી ઉત્પાદનને એટલી હદે મર્યાદિત રાખે છે કે જે લેખક અથવા પ્રકાશકને પ્રકાશનના વેચાણમાં નુકશાન કરે.

એક તરફ વિદ્યાર્થી અથવા સંશોધક મજૂરીકામ કરી નોટ્સ (notes) લેવાની જગ્યાએ ફોટોકોપી યંત્રનો ઉપયોગ કરે છે તે લેખક અથવા પ્રરાશકના વેચાણમાં અસર નથી કરતું. બીજી તરફ વ્યવસાયિક અથવા ગ્રંથપાલો દ્વારા વર્ગ એસાઈનમેન્ટસ (Assignments) પુસ્તકના એકમોની સંખ્યાબંધ નકલો બનાવે છે. જે અયોગ્ય અથવા કોપીરાઈટને અવગણે છે. ફોટોકોપીંગના ઝડપી અને સસ્તા જથ્થાથી વેચાણમાં છેતરામણી થાય છે અથવા તેના દ્વારા આવકમાં વધારો થાય છે. તેથી કેટલાક પ્રકાશક અને લેખકોના સંગઠનોએ સપ્ત રીતે વર્ણવવાનું શરૂ કર્યું છે. તેઓએ આના માટે કડક પગલા લેવાનું વિચાર્યું અને કોટોકોપીંગની રોયલ્ટીને ઉઘરાવવા માટે એક ક્લીયરીંગ હાઉસની (clearing house) યોજનાનો વિચાર કર્યો. ઘણા અભ્યાસોએ એવું નોધ્યું છે કે ભાગ્યે જ ફોટોકોપીંગને લીધે લેખક અથવા પ્રકાશનની આવકમાં ઘટાડો થયો છે, ક્લીયરીંગ હાઉસનું અસરકારક અને પ્રેક્ટીકલ સંચાલનનું યંત્ર હજી શોધાયું નથી.

◆ **ચેતવણીના શબ્દો (A world of warning)**

અંતિમ ચેતવણીના શબ્દો જરૂરી છે કોપીરાઈટ કાયદાનું ક્ષેત્ર વિશાળ અને જટિલ છે. નવા કાયદા, નવા ધારા - ધોરણો મુજબ તે સતત પરિવર્તનશીલ છે. તેના મુજબ ગ્રંથપાલોને સલાહ આપવામાં આવે છે અને તેઓ પોતાની જાતને કોપીરાઈટ સાહિત્યને ફરી ઉત્પાદન કરવા સરકારના વર્તમાન નિયમથી માહિતગાર બને.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

5. કોપીરાઈટમાં 'કોપી' નો અર્થ શું છે અને ગ્રંથપાલ દ્વારા ફરી ઉત્પાદનમાં વાસ્તવિક અસર ઉપયોગ શું છે. ?

નોંધ : (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો

(2) આ એકમને અંતે આપણે જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 11.8 માહિતી સંચાલન માટે માઈક્રોગ્રાફિક્સ (MICRO GRAPHICS FOR INFORMATION MANAGEMENT)

### 11.8.1 પરિચય (Introduction)

આજના ઉદ્યોગ વિશ્વમાં ઘટક પ્રદ્યોગિકીમાં સાધનોની ઉત્ક્રાંતિ થઈ છે. પ્રથમ કમ્પ્યુટર જાણી જોઈને શહેરી બ્લોકમાં રાખવામાં આવ્યું કારણ કે તેમાં વેક્યુમ ટયુબના (vacume tubes) વિશાળ સંચાલનનો ઉપયોગ થતો હતો. વિશાળ સ્તરમાં સંયોજીત સરકીટ નાના યંત્રોમાં વર્ષોથી ચાલે છે. અને સદ્‌ભાગ્યે નાના અને સૂક્ષ્મ કમ્પ્યુટરો આજે માહિતી કેન્દ્રોમાં ઉપલબ્ધ છે. આ સમસ્યા બીજા ક્ષેત્રોમાં પણ જોવા મળે છે જેમ કે શોધક યંત્ર, નાના કેલ્ક્યુલેટર, લેપટોપ, કમ્પ્યુટર્સ, નાના ટીવી વગેરે.

આગળના ઉદાહરણો સુક્ષ્મ ફેરફારોમાં માઈક્રોગ્રાફીક ક્ષેત્રમાં શોધી શકાય છે કે જેમાં સંગ્રહ ક્ષેત્રની જરૂરિયાત માટે દસ્તાવેજનું ફિલ્મીંગ થતુ ઉત્તમ સ્પેશના ઉપયોગ માટે માઈક્રોગ્રાફિક્સ અસરકારક સંગ્રહ પૂરો પાડતા, ઝડપી કાર્યકરતા, રૂપરેખાની ગુણવત્તા, વિશ્વસનીયતા અને સુરક્ષા જેવા લાભો પૂરા પાડતા આ ક્ષેત્રો પરંપરાગત રીતે માઈક્રોગ્રાફિક્સ સાથે સંકલિત થયા હતા.

નીચેની આકૃતિ માઈક્રોફોર્મ્સની ઉત્ક્રાંતિ વિશે જણાવે છે.




**આકૃતિ 11.12 Evolution of micrographics**

### 11.8.2 માઈક્રોગ્રાફિક્સની ઉત્ક્રાંતિ (Evolution of micrographics)

માઈક્રોગ્રાફિક્સ 1939 માં શોધાયું જ્યારે જોન બેન્ઝામીન ડાન્સર (John Benjamain Dancer)

અંગ્રેજ વૈજ્ઞાનિક 20 ઈંચના દસ્તાવેજને ઘટાડીને 1-8 (one-eight) ઈંચની ઈમેજ બનાવી કે જે સાધારણ 100 × માઈક્રોસ્કોપ વડે જોઈ શકાતી હતી. બે દાયકા બાદ ફ્રેન્ચમેન જેનું નામ રેન ડેગ્રોન (Dagron) હતું તેણે 2 ઈંચ વિશાળ સ્ટ્રીપ (strip) માં 1000 ટેલિગ્રામના ફોટોગ્રાફનું આયોજન કર્યું

એ એટલી નાની હતી કે જાણે કબૂતરના પગમાં પાટો બાંધ્યો હોય ફ્રાન્સો-પર્શીયન (Franco- Prussian) ના યુદ્ધ દરમ્યાન માઈક્રોફિલ્મનો ઉપયોગ પ્રારંભિક રીતે થતો જેમાં રહસ્યમય સંદેશાઓ અને સમાચારો માઈક્રોફિલ્મના રોલમાં લઈ તેને કબૂતરના પીંછામાં બાંધવામાં આવતા અને તેઓને પેરીસ અને બોરડેક્સ (Boardeaux) ની વચ્ચે ઊડાવવામાં આવતા. યુદ્ધ સમય દરમ્યાન V-mail (વી-મેલ) નો ઉપયોગ ખૂબ જ જાણીતો હતો. જેણે ઓવરસીઝ મેઈલને 2700 ટોનમાંથી માત્ર 31 ટોન ફરી દીધું હતું. 65:1 રેડક્શનનો ઉપયોગ કરીને ટ્રાન્સપોર્ટ પ્લેનમાં વાસ્તવિક રીતે માઈક્રોફિલ્મ રીલમાં 9,600,000 યંત્રોને લઈ જવામાં આવે છે. આ ઊપરાંત 1930 સુધી માઈક્રોફિલ્મ નાની વસ્તુ ગણાતી જ્યાં સુધી તેનો યુનાઈટેડ સ્ટેટસ (United States) મુદ્દો બનીને વિકસ્યો નહીં. અન્ય ઉદ્યોગો માઈક્રોફિલ્મની કિંમત તરીકે ઓળખાવા લાગ્યા. 1930ના અંત દરમ્યાન ગ્રંથાલયોએ નકલો બાકી રહેલ દસ્તાવેજો, સમાચાર પત્રો, ફાઈલ વગેરે માટે બનાવવાની શરૂઆત કરી. જેનાથી સંગ્રહની જગ્યા ઓછી જોઈએ અને કાગળ નકલના સંપાદનના ભાવમાં ઘટાડો થાય. 1959 દરમ્યાન વિશ્વને જાણ થઈ ગઈ હતી કે માઈક્રોફિલ્મ માત્ર બેક ફાઈલ્સની (back files) સુરક્ષા કે વધારાના દસ્તાવેજોને સાચવવા માટે ઉપયોગમાં નથી આવતું પરંતુ તે સક્રિય માહિતી તંત્રમાં પણ ભાગ ભજવે છે. માઈક્રોફિલ્મ પ્રદ્યોગિકી તેના પોતાના 1960 માં આવી. આ તબક્કા દરમ્યાન ઘટકો અને સાહિત્યમાં વિશાળ સુધારો અસ્તિત્વમાં આવ્યો. ઓછા ખર્ચ વાંચના પ્રિન્ટરો પણ ઉપલબ્ધ થયા. આ બધાએ ગ્રંથાલયો અને ઉદ્યોગઘરોમાં માઈક્રોફોર્મ્સ (Microforms) નું અમલીકરણ વધારી દીધું. આ તબક્કા દરમ્યાન સૌથી મહત્વનો વિકાસ એ હતો કે માઈક્રોગ્રાફિક્સ પ્રદ્યોગિકી અને યાંત્રિક ડેટા પ્રક્રિયા (Electronic Data Processing - EDP) બંને જોડાણ પામીને માઈક્રોફોર્મ્સનું સીધુ રેકોર્ડ કરતાં પરિણામે કમ્પ્યુટર આધારિત માહિતી મળતી. આ કમ્પ્યુટર આઉટપુટ માઈક્રોફિલ્મની શરૂઆત હતી. 1970 ની શરૂઆતમાં સૂક્ષ્મ માઈક્રોફોર્મ્સ રીડર જે કેટલીકવાર લેપ રીડર્સ (Lap Readers) તરીકે ઓળખાયા છે. તે બજારમાં દેખાવા લાગ્યા અને માઈક્રોફોર્મ દસ્તાવેજનું નિયમન સરળ બનાવ્યું. આ દાયકાની શરૂઆતમાં ઉત્તમ માઈક્રોફોર્મ બનાવવામાં આવ્યું હતું અને 1972 માં માઈક્રોપ્રકાશનને આવકારવાથી યુનાઈટેડ સ્ટેટસમાં વાર્ષિક 50 લાખ કરતાં વધારે માઈક્રોફોર્મનું ઉત્પાદન થયું. 25 પુસ્તકો સામાયિકો અને સમાચાર પત્રો બને માઈક્રોફોર્મમાં ઉપલબ્ધ છે. ઉદાહરણ તરીકે ન્યુયોર્ક ટાઈમ્સ (New York Times), ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (Times of India), ટાઈમ ન્યુઝવીક (New week), રીપોર્ટ ઓફ (Report of the USERDA), નેશનલ એરોનાટીક્સ એન્ડ સ્પેશ એડમિનીસ્ટ્રેશન - નાસા (National Aeronautics and Space Administration - NASA) વગેરે.. આજે ઉદ્યોગ સરકાર અને શિક્ષણમાં માઈક્રોફોર્મનો વિપુલ ઉપયોગ થાય છે.

### 11.8.3 માઈક્રોફોર્મ્સના પ્રકારો (Types of Microforms)

વપરાશકર્તાની ઉપયોગીતા અને અમલીકરણને આધારે વિશાળ વિવિધતાએ અસંખ્ય વિભિન્ન સ્વરૂપોનો ઉદ્ભવ થયો છે. જેમાં માઈક્રોફિલ્મ બને છે, સંગ્રહ થાય છે અને ઉપયોગમાં આવે છે. કેટલાક પરિચીત માઈક્રોફોર્મ્સ નીચે મુજબ છે.

(A) **રોલ ફિલ્મ (Roll Film)** : રોલ સ્વરૂપમાં માઈક્રોફોર્મ્સએ એક પ્રથમ માઈક્રોફોર્મ્સ હતું અને માઈક્રોફિલ્મની લંબાઈ 16mm, 35mm or 105 mm રીલ લાંબી હોય છે. રોલ ફિલ્મ કાર્ટરીઝ (cartridge) અથવા કેસેટમાં આવે છે જે ફિલ્મને આંગળીના સ્પર્શથી, કચરાંથી અને અન્ય સમાન હાનિકર્તાથી બચાવે છે.

(B) **માઈક્રોકાર્ડ (Micro card)** : માઈક્રો અપારદર્શક ફોટોગ્રાફ કાગળની બંને બાજુએ અસંખ્ય ઈમેજોને છાપે છે અને તેનો પ્રાથમિક ઉપયોગ વાંચવામાં થાય છે કારણ કે તે સહેલાઈથી નકલ બની શકતી. માઈક્રો અપારદર્શક હવે માઈક્રોફીચીસમાં (Microfiches) માં બદલાયું છે.



ROLL FILM



carhdges and cassettes





micro-opaques

**(C)** **માઈક્રોફીચ (Microfiche)** : માઈક્રોફીચ એ માઈક્રોફીલ્મની શીટ છે. જેમાં અસંખ્ય માઈક્રો ઈમેજનો ગ્રીડ પેટર્ન (Grid Pattern) તરીકે સમાવેશ થાય છે. માઈક્રોફીચમાં સામાન્ય રીતે ઓળખ અંગેની માહિતી હોય છે. જે બિલોરી કાચ વિના પણ વાંચી શકાય છે. ઉત્તમ માઈક્રોફીચને 6" × 4" and 105' × 148 mm ના ડાઈન્મેશન હોય છે. (Dimension) અને તે 60-98 પાના રીડક્શન સ્કેલમાં (Reduction Scale) માં 1:20 અથવા 1:24 લઈ શકે છે.

**(D)** **અલ્ટ્રાફીચ (Ultrafiche)** : અલ્ટ્રાફીચ એ માઈક્રોફીચનું બીજુ સ્વરૂપ છે. જે લગભગ 2000-3000 પાનાનો ઊંચો રેશિયાના રીડક્શનમાં 90× સમાવેશ થાય છે. અલ્ટ્રાફિચ સામાન્ય ઉપયોગ માટે નથી હોતું.

**(E)** **અપેર્ચર કાર્ડ (Aperture cards)** : અપેર્ચર કાર્ડ એ અપારદર્શક ટેબકાર્ડ છે જેમાં ચાર ગોળ કાણા હોય છે. જેનાથી માઈક્રોફિલ્મને પ્રવેશ કરાવી શકીએ. કાર્ડમાં કી-પંચ (key punche) આલેખેલી અને છાપીત માહિતી પણ હોય છે. તે ઈજનેરી ચિત્ર તંત્ર માટે ઉપયોગી માધ્યમ છે.

**(F)** **અલ્ટ્રાસ્ટ્રીપ્સ (Ultrastrips)** : અલ્ટ્રાસ્ટ્રીપ્સ માઈક્રોફિલ્મ પ્રક્રિયાની ટૂંકી લંબાઈ જેમાં ફોટોગ્રાફ સાહિત્યનો ઊંચા સ્તરે સમાવેશ થયેલો હોય છે. સામાન્ય રીતે આનું સર્જન બે તબક્કાની પ્રક્રિયામાં થાય છે. જેમાં સાહિત્યને ફિલ્મીંગ કરવું અને ત્યારબાદ આ ફિલ્મનું ઊંચા સ્તરે ફરી ફિલ્મ કરવું આ એક ખર્ચાળ પ્રક્રિયા છે જે રૂમના ચોખ્ખા વાતાવરણમાં થાય છે.

(G) **ચીપ્સ (Chips) :** માઈક્રોફિલ્મ ચિપ એક નાનું સ્વચ્છ કપાયેલું માઈક્રોફિલ્મનું એકમ છે. જેમાં માઈક્રો ઈમેજનો સમાવેશ થાય છે. આ ટીપ્સ કાર્ટરીઝ (cartridge) અથવા સેલમા સંગ્રહ થાય છે તેનું બંધારણ સ્વયં સંચાલિત યાંત્રિક સર્કિટ અને સાધનો વડે થાય છે. માઈક્રો ફિલ્મ ચિપ યંત્ર સામાન્ય રીતે ઉપલબ્ધ નથી થતું અને વિશિષ્ટ અમલીકરણ માટે તેની ડિઝાઈન કરવામાં આવે છે અને તે ખૂબ જ ખર્ચાળ હતા.

MICROFICHE





JACKETS

APERTURE CARDS



**આકૃતિ 11.14 The Microfarms**

(H) **જેકેટસ :** રોલ ફિલ્મ સ્ટ્રીપ્સમાં ફિલ્મ ઉત્પન્ન કરવા કાપવામાં આવે છે અને ત્યાર બાદ તેને જેકેટમાં દાખલ કરવામાં આવે છે. જેકેટ પ્લાસ્ટીકનો બનેલો હોય છે. અને તેની ડિઝાઈન ફિલ્મ સ્ટ્રીપ્સને પાકી રાખે તેવી હોય છે ને સ્ટ્રીપ્સને રક્ષણ અને સાહિત્યના સંગઠન માટેની સુવિધા પુરી પાડે છે. જેકેટના બધાં લક્ષણો માઈક્રોફિચ જેવા છે. તેની સહેલાઈથી નકલ અને વહેંચાણ થાય છે અને તે બિનખર્ચાળ છે અને તેના નવા સાહિત્યને અથવા માઈક્રોફોર્મ્સના પડેલા સાહિત્યને બદલવાનો અને અથવા દાખલ કરવાનો ફાયદો પણ છે.

### 11.8.4 માઈક્રોગ્રાફિક્સ ડોક્યુમેન્ટસ સંચાલન માટે

**(Micrographics for document Management)**

જથ્થાનો વધારો અને વિશાળ કાગળ તંત્રના સંચાલનની જરૂરિયાત માટે અસંખ્ય નકલોને ફાઈલ કરવી જોઈએ. જેવી રીતે આવતા અને જતાં દસ્તાવેજોનું નિયંત્રણ નવી પ્રદ્યોગિકીનો ઉપયોગ વિસ્તારવો ઉદાહરણ તરીકે ઈન્ડેક્સીસ (Indexes) દ્વારા માઈક્રોફિલ્મ ડોક્યુમેન્ટ ફાઈલને સહકાર મળે છે.

માઈક્રોફિલ્મ જગ્યાની સમસ્યાને ઘટાડે છે. ડુપ્લીકેશન માટે પૂરી પાડે છે અને દસ્તાવેજોનું વિસ્તરણ કરે છે અને સાહિત્યમાં સરળ પ્રક્રિયા પૂરી પાડે છે. તદ્દઉપરાંત માઈક્રોફિલ્મ બેક-અપ અને રૂપરેખાની નકલો દ્વારા ફાઈલ્સની શારીરિક એકતા પણ પૂરી પાડે છે.

માઈક્રોગ્રાફીક પદ્ધતિનો છેલ્લા દાયકામાં થયેલા વિકાસથી માઈક્રોફોર્મ તંત્ર વપરાશકર્તાની માંગ માટે ખૂબ જ જવાબદાર બન્યું છે. પરિણામે અસલ કાગળતંત્ર કરતા વપરાશકર્તાને વધારે લાભો આપે છે. સક્રિયતંત્ર અંતે કહેવાય છે જેમાં ફિલ્મ દરમ્યાન માહિતી રેકોર્ડ થાય અને ઉદ્યોગનો નોર્મલ કોર્સમાં અસલી કાગળની જગ્યાએ તે ફિલ્મનો ઉપયોગ થાય. રૂપરેખાતંત્ર એવું છે કે જેમાં માહિતી સલામતી માટે રેકોર્ડ કરવામાં આવે છે અને અકસ્માતે અસલ માહિતી નાશ પામે તો તેનો ઉપયોગ થઈ શકે. રૂપરેખા તંત્રમાં ફિલ્મ નકલ ઉદ્યોગના નોર્મલ કોર્સમાં ઉપયોગની અપેક્ષા નથી રાખતી.




**આકૃતિ 11.15 Micrography illustracted sclient paints**

**વર્તમાન કાગળતંત્ર ઉપર માઈક્રોફિલ્મ તંત્રના ફાયદાઓ**

(1) માઈક્રોફિલ્મમાં રેકોર્ડ માટે માત્ર ચાર ટકા જેટલી જગ્યા જોઈએ છીએ જે રેકોર્ડને કાગળ પર દર્શાવે છે. અલગ સાહિત્ય સંગ્રહ અથવા નાશ થઈ શકે છે.

(2) નકલી માઈક્રોફિલ્મ ફાઈલ ઓછા ખર્ચમાં તૈયાર થાય છે અને તેને અન્ય સ્થળે ઉપયોગ માટે રાખવામાં આવે છે અને બીજો સેટ પૂરો પાડે છે કદાચ પ્રથમ નાશ પામે.

(3) માઈક્રોફિલ્મ રેકોર્ડસને અનુક્રમમાં ગોઠવવામાં આવે છે જે મીસફાયલીંગ (misfiling), મીસલેયીંગ (Mislaying) અથવા નુકશાન સામે રક્ષણ આપે છે.

(4) માણસના કિંમતી કલાકોને વહેંચણી અને કાગળ ફાયલીંગમાંથી વધારાના ઉત્પાદન કાર્યમાં લગાડવામાં આવે છે.

(5) અસલ દસ્તાવેજ કદ, ઈમેજને ઉત્તમ માઈક્રોફિલ્મ ડાયમેન્શનમાં (Dimensions) ગોઠવવા અને તેનું નિયમન કરવા ઘટાડવામાં આવે છે.

(6) અસલ દસ્તાવેજની કાગળ નકલો માઈક્રોફિલ્મ ઈમેજમાંથી સેકન્ડમાં ઉત્પાદિત થાય છે માઈક્રોફિલ્મ ઐતિહાસિક માહિતી ભવિષ્યના સંશોધકોને પૂરી પાડે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(6) વિભિન્ન પ્રકારના માઈક્રોફોર્સની યાદી કરો.

નોંધ : (1) નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 11.9 માઈક્રોગ્રાફીક તંત્ર (THE MICROGRAPHIC SYSTEMS)

સંસ્થામાં નવા તંત્રનો પરિચય થાય તે પહેલા અસ્તિત્વ ધરાવતા તંત્રનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ મૂલ્યાંકનમાં બને પાટી કે જેઓ માહિતી પેદા કરે છે અને જેઓ માહિતીનો ઉપયોગ કરે છે તે બંનેનો સમાવેશ કરવામાં આવ્યો. તેઓને ખાત્રી કરવામાં આવી કે તેમની સમસ્યાઓ અને ધ્યેયોને યોગ્ય કરવામાં આવશે.

તંત્ર પધ્ધતિઓનું સંગઠન છે. સંગઠિત સ્વરૂપમાં કિમિયા અથવા પ્રયુક્તિ રોજીંદા પ્રયત્ન દ્વારા એકત્રીત થાય છે. માઈક્રોફોર્મ તંત્રમાં યંત્ર તંત્રમાં આંતરીક ભાગ તરીકે ગણવામાં આવે છે. માઈક્રોફોર્મ સુધારા તંત્રમાં નીચેનો ઘટકોનો સમાવેશ થાય છે.

- માઈક્રોફોર્મ
- માઈક્રોફોર્મના સર્જન માટે હાર્ડવેરનો ઉપયોગ
- કોડીંગ (coding) પ્રયુક્તિ
- ઈન્ડેક્સીંગ (indexing) પ્રયુક્તિ
- સુધારા માટે હાર્ડવેરનો પ્રયોગ, માઈક્રોફોર્મમાંથી ડીસપ્લે અને છાપ
- કામ પ્રક્રિયા અને
- લોકો




આકૃતિ 11.16 Components of micrographics system

### 11.9.1 માઈક્રોફોર્મ સુધારા તંત્રની પસંદગી (Selection of a Microform Retrieval system)

માઈક્રોફોર્મએ કાઈ ઈલાજ નથી અને એક માઈક્રોફોર્મ તંત્રથી વપરાશકર્તાની બધી જરૂરિયાતને પુરી ન કરી શકે. ઘણા બધા ઘટકોથી એક માઈક્રોફોર્મ તંત્ર બને છે અને જ્યારે એક તંત્રને પસંદ કરવું હોય ત્યારે બધા ફરજિયાતપણે યોગ્ય હોવા જોઈએ. યોગ્યતાની વિશાળ શ્રેણીમાં ફિલ્મ સાહિત્યનો પ્રકાર, ફાઈલની વ્યવસ્થા સુધારવાની જરૂરિયાત, સાધનનો પ્રકાર અને તંત્રનું સંગઠન કે જે દરેક વપરાશકર્તાની જરૂરિયાતને પહોંચી શકે તેનો સમાવેશ થાય છે. આ મુદ્દાની આકૃતિ માટે સમાચારપત્રક 35 mm ફિલ્મનું ઉત્તમ ઉદાહરણ. બેન્ક એક 16 mm ફિલ્મ યાંત્રિક અહેવાલ માઈક્રોફિચ (microfiche) અને ઈજનેરી (Engineering) ચિત્રણ અપેરચર કાર્ડ પર થાય છે. (Apertore cards)

### 11.9.2 રોલ માઈક્રોફિલ્મ તંત્ર (Roll Microfilm System)

સુધારા તંત્રની ડિઝાઈનની શરૂઆત યોગ્ય માઈક્રોફોર્મની પસંદગી સાથે થઈ. દરેક પ્રકારના માઈક્રોફોર્મને તેના પોતાના ફાયદા અને મર્યાદાઓ હોય છે. જે તેના અમલીકરણ પર આધાર રાખે છે. 16 mm થી 36 mm નું રોલ ફોર્મેટ ખુલ્લા સ્પૂલમાં (Spools) અથવા કાર્ટરીજ અથવા કેસેટમાં લોડેડ (loaded) થાય છે અને તેની સાથે સાદી ઓડોમીટર ઈન્ડેક્સીંગ (odometer Indexing) થી યોગ્ય કમ્પ્યુટર આધારિત તંત્રની વિવિધ સુધારા પ્રયુક્તિ હોય છે. માઈક્રોફોર્મ ફાઈલ્સના અપડેટીંગ વખતે રોલ ફોર્મેટના સામાન્ય ડ્રો-બેકની સમસ્યાનો સમાવેશ થાય છે. આ સમસ્યાનું નિરાકરણ રોલ ફિલ્મને માઈક્રોફિલ્મ ઝેકેટમાં નાખવાથી થઈ શકે છે. જેકેટસ જગ્યા બચાવવાની સુવિધા કરી આપે છે સાથે કાર્ય પ્રક્રિયાનું સંચાલન પણ કરે છે.

### 11.9.3 માઈક્રોફિલ્મ્ડ દસ્તાવેજનો સુધારો (Retrieval of Microfilmed Document)

કાગળ દસ્તાવેજનું ફાઈલમાં મળવું એ એક સમસ્યા છે. તે તાર્કિક છે કે ફિલ્મમાં નાની ઈમેજ જેટલી ઘટાડવી તેથી તેને સ્થાપિત કરવામાં સમસ્યાઓ ઊભી થાય છે. આ ઉપરાંત આ મુદ્દો નવા થોડા સમય માટે તેઓ કદમાં ઘટે છે તેઓ વધારે વિશાળ બની જાય છે. આના પરિણામે ખાસ દસ્તાવેજના સરળ અને ઝડપી સુધારા માટે ફાઈલ ગોઠવવાની વ્યવસ્થા સુધરે છે.

**રોલ ફિલ્મ (Roll Film) :** દશ્ય અથવા સંચાલિત સુધારા માટે રોલ ફિલ્મ ઘણી રીતે કોડેડ થઈ શકે છે. ટૂંકુ વર્ણન નીચે મુજબ છે.

**(A) ફ્લેશ કાર્ડ Flash Card :** દસ્તાવેજને વિભાજિત અથવા જૂથમાં મૂકવામાં આવે છે અને દરેક જૂથ નંબર વડે ઓળખાય છે દસ્તાવેજનું જૂથ માઈક્રોફિલ્મ હોય દરેક જૂથ સાથે ઓળખ નંબરનું કાર્ડ પણ માઈક્રોફિલ્મ હોય. કાર્ડ ઈમેજ ચોખ્ખી ફિલ્મ સ્પેશને અનુસરે છે. જેવી ફિલ્મ વાચક પાસેથી પસાર થાય છે ઓપરેટર શોધનો હોય તેવા માહિતીના ઈચ્છિત જૂથની નિશાની અને કાર્ડ નંબર તેને મળે છે.




**આકૃતિ 11.17 Flash Card**

**(B) કોડ લાઈન (code lines) :** સંબંધિત દસ્તાવેજના જૂથ આપવાની અન્ય પધ્ધતિ વિશાળ લાઈનની છે. જે દસ્તાવેજમાં સ્થિતિ મુજબ નીચેથી ઉપરથી ઈમેજની વચ્ચે હોય છે આ લાઈન દસ્તાવેજ માઈક્રોફિલ્મ હોઈ સ્વયં પ્રગટ થાય છે. જેવી રીતે ફિલ્મ વાચક પાસેથી પસાર થાય છે. લાઈન ઘાટી અથવા આછી દેખાય છે. વાંચન સ્ક્રીન પર અસંખ્ય પટ્ટાઓ આવેલા હોય છે. જ્યારે કોડ

લાઈન પટ્ટાની સંખ્યાને મળે દસ્તાવેજના ચોક્કસ જૂથનું સ્થાપન થાય ત્યારબાદ સંચાલક તેની જરૂરિયાતનો ચોક્કસ દસ્તાવેજ શોધી શકે.



**આકૃતિ 11.18 Code lines**

**(C) સીકવન્સીયલ નંબરીંગ (Sequential Numbering) :** કોડીંગની આ પધ્ધતિમાં માઈક્રોફિલ્મના દરેક દસ્તાવેજને અનુક્રમિક નંબર સ્વયં સંચાલિત રીતે લગાડવામાં આવે છે. આ નંબરો સ્ક્રીન પર દેખાય છે અને ચોક્કસ દસ્તાવેજનું સ્થાન અને તેમાં નંબરનું ચોક્કસ સ્થાન દેખાય છે.



**આકૃતિ 11.19 Sequential nummering**

**(D) ઈમેજ નિયંત્રણ :** દસ્તાવેજના ઝડપી સુધારા માટે ઈમેજ નિયંત્રણ પધ્ધતિ સરળતાથી બટન દબાવવાની સંચાલિત કરી શકાય છે. દરેક દસ્તાવેજ માઈક્રોફિલ્મ હોવાને લીધે એક ચોક્કસ નિશાની દરેક દસ્તાવેજ નંબરનો પ્રવેશ કરાવે અને શોધ બટનને દબાવે નિશાની વધારે ગતિએ યાંત્રિક રીતે ગણાતી હોય છે અને વાચક સ્ક્રીન પર ઈચ્છીત દસ્તાવેજ સાથે અટકે છે.



**આકૃતિ 11.20 iMAGE Control**

**(E) બાયનરી કોડ પેટર્સ :** માઈક્રોફિલ્મ દસ્તાવેજના સુધારા માટે આ ઉત્તમ પધ્ધતિ છે અને દરેક દસ્તાવેજ માઈક્રોફિલ્મ હોવાને લીધે કોડ તરાહ દસ્તાવેજને વર્ણવે છે અને ફિલ્મને પ્રસ્તુત કરે છે. દસ્તાવેજના સુધારા માટે સંચાલક નિયંત્રક કી-બોર્ડ પર ઈચ્છીત કોર્ડ નંબર પ્રવેશે છે. વાંચક યાંત્રિક રીતે કાર્ડની પેન્ટરને સ્કેન કરે છે અને નિયંત્રણ કીબોર્ડમાં નાખેલા કોર્ડ સાથે મળીને એક અથવા વધારે ઈમેજથી તે અટકે છે. આ બધુ કરવામાં અડધી મિનિટ કે તેનાથી ઓછો સમય જોઈએ છે. માઈક્રોફિલ્મીંગ અને દસ્તાવેજ સુધારણાની આ પધ્ધતિ, કોડાક માઈક્રોકોડ - 2 સાધનમાં જોડી શકાય છે. આ સાધન માઈક્રોફીલ્મીંગ પુરુ પાડે છે અને તે ગમે તે દસ્તાવેજની સૂકા કાગળની છાપને ઉત્પાદિત કરે સુધારે અને સ્થાપિત કરે છે.



**આકૃતિ 11.21 Binary code patterns**

(2) અર્પચર કાર્ડસ :

ઘણી ખરી રીતે અપેર્ચર કાર્ડસમાં જેકેટ્સ અને માઈક્રોફિચની જેમ સમાન સુધારાની ક્ષમતા છે. આ ઉપરાંત તેમા એક મહત્વનો તફાવત છે. અપેર્ચર કાર્ડનો યંત્ર રેકોર્ડ નિયંત્રણ તંત્રમાં ઉપયોગ કરવો શક્ય છે. તેઓ યંત્ર દ્વારા છપાય અને વહેંચાય છે. કાર્ડના ફીકવન્ટ સ્લેવ ડેક્સ યંત્ર વહેંચણી છાપકામ અને પંચીગ માટે વપરાય છે કે જેથી ફિલ્મ ઈન્સટર્સ સાથે માસ્ટર કાર્ડને સાચવીને રાખી શકાય.



**આકૃતિ 11.22 Aperture cards**

(3) જેકેટ્સ, માઈક્રોફિચ (Jackets, Microfiche) :

આ બંને માઈક્રોફોર્મ મૂળભૂત રીતે સુધારવા માટે સમાન છે દરેકને શીર્ષક, મથાળા હોય છે કે જેથી નંબર અને શીર્ષકને ઓળખી શકાય. દરેક જેકેટ્સ અથવા માઈક્રોફિચ ઈમેજના જથ્થાને તાર્કિક અનુક્રમમાં ગોઠવે છે કે જેથી જ્યારે માઈક્રોફીચ વાંચનમાં ગોઠવાય ત્યારે આમ ગોઠવાય. રેકોર્ડક ઈસામેટીક રીડર્સ (Recordak Esamatic Readers) અથવા કોડાક ઈક્ટેલાઈટ રીડર્સ (Kodak Ektalite Readers) ચોક્કસ ઈચ્છીત ઈમેજ સરળતાથી અને ઝડપી શોધી શકાય.



**આકૃતિ 11.23 Jackets, microfiche**

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(7) માઈક્રોફોર્મ સુધારતંત્રના ઘટકોને વર્ણવો

**નોંધ :** (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ તપાસો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 11.10 માઈક્રોગ્રાફીક્સ એક ઈન્ટફેસિંગ પ્રદ્યોગિકી તરીકે (MICROGRAPHICS AS AN INTER FACING TECHNOLOGY)

માઈક્રોગ્રાફીક્સનું અન્ય પ્રદ્યોગિકી સાથે ઈન્ટરફેસિંગ એ મૂળભૂત બાબત છે. ફિલ્મ માધ્યમમાં રહેલા ઘણા ઉદ્યોગનેતાઓ દ્વારા આ જોવામાં આવ્યું છે કે સ્વયં સંચાલિત સંગઠિત માહિતી તંત્રના વિકાસનો ભાગ ભજવે છે.

### 11.10.1 કમ્પ્યુટર આઉટપુટ માઈક્રોફિલ્મ (Computer Output Microfilm)

ખૂબ જ વધારે ગતિને કારણે કમ્પ્યુટર માહિતી પ્રક્રિયાને સ્થળાંતરીત કરે છે અને વિશાળ જથ્થામાં માહિતીનું ઉત્પાદન કરે છે. COM કાગળ કામને આર્થિક સહકાર આપે છે. હેન્ડવેર (Handwar) અને માઈક્રોફોર્મ્સ પણ માઈક્રોપબ્લીશીંગ બનાવવા માટે જ વિકસીત થયા છે. કોમ (com) સાધનો હવે ઉપલબ્ધ થયા છે કે જે ફિલ્મ સૂકવવા અને લેસર પ્રદ્યોગિકીમાં ઉપયોગી છે ઉદાહરણ તરીકે કોડાક ડોમસ્ટાર 100/200 (¾ËTkuf Codak Komstar 100/200) માઈક્રોઈમેજ પ્રોસેસર, આ કોમ (com) તંત્ર ચાલું અથવા બંધ લાઈનમાં કમ્પ્યુર સાથે શરૂ થઈ શકે છે અને ફિલ્મની શાહી સૂકવવાની ખૂબ જ વધારે ગતિ ધરાવે છે. આઉટપુટ માઈક્રોફિચમાં થઈ શકે છે અથવા 16 mm રોલ ફિલ્મમાં જેની ગતિ 10,000 પાના પ્રતિ કલાકની હોય છે. com ને સ્વીકારવામાં વૃદ્ધિ થઈ શકે છે કારણ કે તંત્રના ખર્ચને ઘટાડે છે સેવામાં વિશ્વસનીયતા આપે છે. અને ફિલ્મ સાથે તેનો વિશાળ ઉપયોગ કરી શકાય છે તેમ છતાં ભારતમાં હજી કોમ પરિચયમાં આવ્યું નથી. ઘણી આગળ સંસ્થાઓ કમ્પ્યુટર્સનો વિપુલ ઉપયોગ કરે છે. તેઓએ આ અત્યારે અથવા મોડેથી અપનાવવું પડશે.

### 11.10.2 કમ્પ્યુટર આધારિત સુધારાઓ (CAR) (Computer Assisted Retrival) (CAR)

કમ્પ્યુટરયુક્ત માહિતી તંત્ર અને માઈક્રોગ્રાફિક માહિતી સુધારા તંત્ર (MIRS) ની વચ્ચે ઘણી સામ્યતા છે. આ બંને તંત્રમાં માહિતીને પકડવી. સંગ્રહ અને સુધારવી જરૂરી છે. કમ્પ્યુટરમાં ડેટા પકડવા તમે કી અથવા ઓપ્ટીકલ સ્કેનીંગનો (Optical scanning) નો ઉપયોગ કરી શકો જ્યારે માઈક્રોગ્રાફીક તંત્રમાં તમે કેમેરાનો ઉપયોગ કરી શકો. કમ્પ્યુટર ડીસ્ક ડ્રાઈવમાં ડેટાને સંગ્રહે છે. માઈક્રોગ્રાફીક તંત્ર ફિલ્મમાં સંગ્રહ કરે છે



આકૃતિ 11.24 com

કમ્પ્યુટર્સમાંથી માહિતીના સુધારા માટે તમારે કોન્સલ ટર્મીનલ (Console terminal) અને પ્રિન્ટરનો ઉપયોગ કરવો પડે અને માઈક્રોગ્રાફીક તંત્રમાં શોધક કી-બોર્ડ સાથે કોન્સલ રીડર પ્રિન્ટર અને પ્રિન્ટીંગ જોડાણ સાથે ડીસપ્લે સ્ક્રીનની જરૂર પડે છે. આવી નજદીકી સામ્યતાને લીધે કમ્પ્યુટર અને માઈક્રોગ્રાફીક તંત્ર એકબીજા સાથે જોડાઈને માહિતી વ્યવસ્થાપન વધારેમાં વધારે ગતિ અને ચોક્કસ સ્થાને સિદ્ધ કરે છે. કમ્પ્યુટર્સ વધારે ગતિએ વિશાળ ડેટાની વહેંચણીના કાર્ય બજાવવા સક્ષમ છે. માઈક્રોગ્રાફિક પ્રદ્યોગિકી સાથેની સંયોજિત ડેટા પ્રક્રિયા પ્રદ્યોગિકીએ કમ્પ્યુટર્સ રાઈઝટ (Computerized) ઈન્ડેક્સનું સર્જન થયું જેમાં માઈક્રોફાર્મની માહિતીનું ઝડપી અને અસરકારક સુધારો થતો જે કમ્પ્યુટર આધારિત સુધારો અથવા CAR તરીકે ઓળખાય છે.

CAR ની વૃદ્ધિના ઘણાં વર્ણનો છે. કમ્પ્યુટરના ભાવમાં ઘટાડો થાય છે અને વપરાશકર્તા CAR માટે નાના કમ્પ્યુટર્સનો ઉપયોગ કરી શકે છે. CAR બે તબક્કામાં સંચાલિત થાય છે. કમ્પ્યુટરને ઈન્ટ્રેક્ટીવ લોજીકલ સર્ચ પ્રક્રિયા (Intractive Logical search process) ના ઉપયોગ માટે મૂકી શકાય. જ્યારે માઈક્રોગ્રાફિક તેના ઓછા ખર્ચનો અને તેના ડીપ્લે માહિતીની સંગ્રહ ક્ષમતાનો ફાયદો લે છે. CAR માં ઘણી વિવિધતા છે જેમ કે જોડાણ ડેટાબેઈઝ અને અમલીકરણ અને રોલફિલ્મ અને વિવિધ એકત્રિત ફોર્મેટ સાથે બધા પ્રકારના માઈક્રોફોર્મ પૂરા પાડે છે. તે સંયોજનમાં ઉપયોગમાં આવી શકે તેની સાથે મેન્યુઅલ, સેમી સ્વયં સંચાલિત અને સંપૂર્ણ સ્વયં સંચાલિત સંગ્રહ અને સુધારાનો સાધનોનો સમાવેશ થાય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(8) કમ્પ્યુટર આઉટપુટ માઈક્રોફિલ્મના ફાયદાઓ કયા છે ?

**નોંધ :** (1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ તપાસો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

## 11.11 માઈક્રોગ્રાફિક્સ ભવિષ્ય (MICROGRAPHICS THE FUTURE)

આજે માઈક્રોપ્રોસેસર એવી વસ્તુ છે કે 10 વર્ષ પહેલાના વિશાળ માઈનફ્રેમ (Main Frame) વાળા કમ્પ્યુટરની જરૂર પડે. શક્તિશાળી નાના કમ્પ્યુટરો ઉપલબ્ધ થયાં છે અને ભાવ દર વર્ષે નીચા જાય છે. આ તંદુરસ્ત પ્રવાહ CAR અને COM તંત્રના વિશાળ અમલીકરણનો નિર્દેશ કરે છે. કદાચ સોફ્ટવેર વિશાળ બ્લોક છે. જે ખાસ અમલીકરણના વિકાસ માટે ખૂબ ખર્ચાળ છે. ઉત્તમ અમલીકરણ ક્ષેત્ર માટે હાર્ડવેર ઉત્પાદક દ્વારા તૈયાર કસ્ટમર સોફ્ટવેર પેકેજ પહોંચાડવામાં આવે છે. ઘણા CAR તંત્રને ચલાવવા પોતાનો સોફ્ટવેરને વિકસાવે છે. વર્ડ પ્રોસેસર રેકોર્ડ અને ઈન્ડેક્ષ ના ઉત્પાદન માટે જવાબદાર છે. જે કમ્પ્યુટરમાં લોડેડ થાય છે. અને તેનાથી CAR તંત્રનું સંચાલન અને સર્જન થાય છે આ નવી પ્રદ્યોગિકીઓ ઘણા ફાયદાઓ સાથે માઈક્રોગ્રાફીક્સના ઈન્ટરફેસીંગ પહોંચી વળવા સક્ષમ છે. આવી રીતે માઈક્રોગ્રાફીક સરસ માહિતી વ્યવસ્થાપન માટે નવા પૂરા પાડે છે.

માઈક્રોગ્રાફિસનો ભાવિ વિકાસ ઈન્ટરફેસિંગને સંબંધિત પ્રદ્યોગિકીના વિકાસ પર આધારિત છે. વર્ડ પ્રોસેસર દ્વારા આધુનિક સ્થળાંતર, COM, CAR વગેરે અંતરે ટેલિફોન કેબલ દ્વારા જોડાણ મેળવવામાં અને માહિતીના આદાન પ્રદાનમાં સફળ થયા છે. માહિતી સુધારાની સમસ્યા માટે વિડીયો ટેક્સ્ટ (Video Text) રેકોર્ડીંગ પ્રદ્યોગિકીનો પણ વિકાસ થયો છે. આધુનિક માઈક્રોગ્રાફિક તેમના વિકાસનું વચન આપે છે કે જેમાંથી અપડેટની ક્ષમતાનો વિકાસ થશે. ભવિષ્યમાં માહિતી વ્યવસ્થાપનમાં ઊંચી પ્રદ્યોગિકી માઈક્રો ઈલેક્ટ્રોનિક્સ અને પ્રત્યાયન પ્રદ્યોગિકીનો વિકાસ થશે. માઈક્રોફોર્મ ગ્રંથાલય અને માહિતી વ્યવસ્થાપન બંને માટે ઉપયોગી છે. માઈક્રોફિલ્મ જગ્યા બચાવવાનો મોટો લાભ પૂરો પાડે છે અને ગ્રંથાલયના કિંમતી દસ્તાવેજો રાખવાની રૂપરેખા પૂરી પાડે છે. માઈક્રોફિલ્મ દસ્તાવેજોનો આંતર

ગ્રંથાલય ધિરાણ માટે ઉપયોગ થાય છે. માઈક્રોફિલ્મ મેઈલીંગ કાગળ દસ્તાવેજ કરતા સસ્તુ છે. માઈક્રોફિલ્મ નવલીકરણ બિનખર્ચાળ છે. ગમે તેટલી નકલો બનાવી શકાય અને એર - મેઈલ (air mail) દ્વારા વહેંચી શકાય. ઘણા પ્રદ્યોગિકી માહિતી સંગ્રહ અને સુધારા માટે ઉપયોગ કરે છે.

ઘણા ગ્રંથાલયો અને માહિતી કેન્દ્ર દ્વારા માઈક્રોગ્રાફિક્સ તંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. વ્યાવસાયિક, સંસ્થાઓ જેવી કે બેંક ઈન્સ્યોરન્સ કંપની, હોસ્પિટલ, એન્જિનીયરીંગ ઈન્ડસ્ટ, એરલાઈન્સ વગેરેમાં માઈક્રોફિલ્મીંગ પ્રદ્યોગિકીનો મુખ્ય ફાયદો યાંત્રિક ઈમેજીસ પ્રદ્યોગિકી પર છે કે જે માઈક્રોફિલ્મ ઈમેજ મૂળભૂત રીતે ફોટોગ્રાફીક ઈમેજ છે. તેમ છતાં એ અકસ્માતથી તંત્ર નિષ્ફળ થાય અથવા યાંત્રિક કે ચુંબકીય ક્ષેત્રમાં ખલેલ પડે તો તે ઈમેજને અસરકર્તા નથી અને તે નાશ પામતી નથી. માઈક્રોફિલ્મ દસ્તાવેજની સંભાળ લેવામાં માત્ર તેનો સંગ્રહ વાતાનુકૂલિત રૂમમાં રહે તેટલા સમય સુધી તે સુરક્ષિત રહે છે. આ વાતાવરણ અને કચરાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

## 11.12 સારાંશ (SUMMARY)

આ એકમે તમને ‘રીપોગ્રાફી’ અને ‘માઈક્રોગ્રાફિક’ થી પરિચિત કર્યા છે. આ એકમમાં તમે રીપ્રોગ્રાફીક પધ્ધતિથી પણ પરિચિત થયા છો. ચાર્ટ પૂરો પાડવામાં આવેલ કે જે મુખ્ય રિપોગ્રાફીક પ્રક્રિયાને દર્શાવે છે. જેના નામ ફોટોગ્રાફિક, નોન ફોટોગ્રાફિક પ્રક્રિયા અને મલ્ટીકોપીંગ પધ્ધતિને પણ દર્શાવવામાં આવેલ છે જેમ કે હેક્ટોગ્રાફિક, સ્ટેનશીલ ડુપ્લીકેટીંગ અને ઓફસેટ પ્રિન્ટીંગ આ પધ્ધતિઓનું વિગતવાર વર્ણન લખાણમાં આકૃતિ સાથે આપવામાં આવે છે. આ બાબતમાં કોપીરાઈટ અને તેનું ગ્રંથાલય રિપ્રોગ્રાફીક સેવામાં અમલીકરણ તેની પણ ચર્ચા કરવામાં આવેલ છે. ગ્રંથપાલ કોપીરાઈટ સાહિત્યના ફરી ઉત્પાદન માટેના સરકારી વર્તમાન નિયમોથી માહિતગાર હોવો જોઈએ.

રિપોગ્રાફીને બાદ કરતા માઈક્રોગ્રાફીમાં અસરકારક જગ્યાનો ઉપયોગ છે અને માઈક્રોગ્રાફી ઉત્તમ સંગ્રહ પૂરો પાડે છે. જુદા જુદા પ્રકારના માઈક્રોફોર્મ લખાણમાં આકૃતિ તેમજ આંકડાઓની મદદ વડે ચર્ચવામાં આવ્યા છે. ગ્રંથાલય અને માહિતીમાં માઈક્રોગ્રાફિક્સના અમલીકરણમાં સંગ્રહ અને સુધારાને પણ લેવામાં આવે છે. માઈક્રોગ્રાફિક તેમના ઘટકો જેવા કે માઈક્રોફોર્મ, હાર્ડવેર, કોડીંગ પ્રયુક્તિ, ઈન્ડેક્સીંગ પ્રયુક્તિ અને પ્રોસીઝર અને લોકો યાદીમાં આવે છે. આ એક્સ આકૃતિની મદદ વડે રોલફિલ્મ તંત્રનું પણ વર્ણન કરે છે.

માઈક્રોગ્રાફિકનું અન્ય પધ્ધતિ સાથે ઈન્ટરફેસીંગ એ એક મૂળભૂત બાબત છે. કમ્પ્યુટર આઉટપુટ માઈક્રોફિલ્મ કમ્પ્યુટર આધારિત સુધારણા આવા ઈન્ટરફેસિંગને અંતે માઈક્રોગ્રાફીનો ભાવિ વિકાસ ઈન્ટરફેસિંગ સંબંધિત પ્રદ્યોગિકીના વિકાસ પર આધારિત છે. માઈક્રોગ્રાફી તંત્ર ઘણા ગ્રંથાલયો દ્વારા ઉપયોગમાં લેવાય છે. માઈક્રોફિલ્મ જેટલો સમય વાતાનુકૂલીત રૂમમાં રહે તેટલો સમય સુરક્ષિત રહે છે.

## 11.13 ‘તમારી પ્રગતિ ચકાસો’ના જવાબ (ANSWERS TO SELF CHECK EXERCISE)

(1) બજારમાં વિવિધ રીપ્રોગ્રાફીક સાધનો ઉપલબ્ધ છે સાચી પસંદગી કરવીએ થોડું અઘરું કામ છે. જ્યારે રીપ્રોગ્રાફિક સાધનોની પસંદગી કરો ત્યારે નીચેના પાસાઓને ધ્યાનમાં રાખવા.

(A) ચાલુ ખર્ચ

(B) પ્રારંભિક ખર્ચ

(C) નકલી ગુણવત્તા

(D) અસલનો નકલમાં પ્રકાર

(E) ઝડપ અને યોગ્યતા

(F) કૌશલ્યનો ઉપયોગ

(G) કાયમીપણું

(2) ફોટો કોપીંગ ફોટો ગ્રાફિક પ્રક્રિયાનો ઉપયોગ કરે છે જે બે પધ્ધતિએ થાય છે.

(A) કેમેરા પ્રક્રિયા

(B) બિન - કેમેરા પ્રક્રિયા

(3) કેમેરા પ્રક્રિયામાં ફોટોસ્ટેટ પધ્ધતિનો ઉપયોગ થાય છે અને બિન કેમેરા પ્રક્રિયામાં નીચે આપેલી પદ્ધતિઓ ઉપયોગમાં આવે છે.

(A) કોન્ટેક પ્રક્રિયા અને ડાયરેક્ટ કોપીંગ

(B) રીફલેક્સ કોપીંગ

(C) ડાયરેક્ટ પોઝીટીવ પ્રિન્ટીંગ

(D) ડીફયુઝન ટ્રાન્સપર પ્રક્રિયા

(E) વેરીફેક્સ

(3) ઝેરોગ્રાફીક નકલ બનાવવામાં પાંચ પગલાનો સમાવેશ થાય છે.

(A) પ્લેટ ચાર્જીંગ

(B) એક્સપોઝર

(C) ડેવલોપમેન્ટ

(D) ઈમેજ ટ્રાન્સફર

(E) ફ્યુઝીંગ

(4) સ્ટેનશીલ ડુપ્લીકેટીંગનો (Stencil duplicating) સિદ્ધાંત સ્ટેનશીલના ખુલવાથી અને નકલના કાગળ પરથી શાહીનું પસાર થવું તેના પર આધારિત છે.

(5) કોપીરાઈટમાં કોપીનો અર્થ વાસ્તવિક રીતે નકલોની વિવિધતાને લગતો છે અને વેચાણ માટે પ્રકાશનનો છે અને કોટર્સે એવો કાયદો આપ્યો છે કે કોઈ વ્યક્તિ પોતાના અંગત ઉપયોગ માટે નોંધ કરે તો તેને અટકાવવો નહીં. ઘણા બધા ગ્રંથપાલો ફેરનો ઉપયોગ કરે છે. મર્યાદિત 20 જેટલી નકલોમાં તેનું ઉત્પાદન કરે છે. જે લેખ અથવા પ્રકાશકને કોઈ રીતે પ્રકાશનના વેચાણમાં નુકશાનકર્તા નથી.

(6) માઈક્રોફોર્મના પ્રકાર :

(A) રોલ ફિલ્મ

(B) માઈક્રોકાર્ડ

(C) માઈક્રોફિચ

(D) અલ્ટ્રાફિચ

(E) અપેર્ચર કાર્ડ

(F) અલ્ટ્રાસ્ટ્રીપ્સ

(G) ચીપ્સ

(H) જેકેટસ

7. માઈક્રોફોર્મ સુધારાતંત્રના ઘટકો

(A) માઈક્રોફોર્મ

(B) માઈક્રોફોર્મ સર્જન માટે ઉપયોગી હાર્ડવેર

(C) કોડીંગ પ્રયુક્તિ

(D) ઈન્ડેક્સીંગ પ્રયુક્તિ

(E) સુધારા માટે ઉપયોગી હાર્ડવેર અને માઈક્રોફોર્મમાંથી નકલ

(F) વર્ક પ્રોસીઝર અને

(G) લોકો

(8) COM ના ફાયદાઓ

(A) કાગળ કામ માટે આર્થિક સુવિધા

(B) હાર્ડવેર અને માઈક્રોફોર્મ્સ માઈક્રોપબ્લિશીંગ બનાવવા વિકસિત થયા

(C) COM સાધનો વડે ડ્રાય ફિલ્મ અને લેઝર પ્રદ્યોગિકીનો ઉપયોગ

(D) COM મુખ્ય કમ્પ્યુટર ચાલુ અને બંધ અવસ્થામાં કામ કરી શકે છે અને ફિલ્મ પર બિન અસરકારક છાપની વધારે ગતિ ધરાવે છે.

(E) આઉટપુટ માઈક્રોફિલ્મ અથવા 16 mm રોલ ફિલ્મ હોઈ શકે જેની ગતિ 10,000 પાનાની પ્રતિ કલાક છે.

## 11.14 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

- **ક્લીયરીંગ હાઉસ (Clearing house)** : એવી સંસ્થા કે સંશોધક વિકાસની માહિતીઓને ભેગી કરી અને જાળવે છે અને અન્ય પ્રવૃત્તિઓના વર્તમાન પ્રગતિનું આયોજન આ પ્રવૃત્તિઓની માહિતી પુરી પાડવી અને આ પ્રવૃત્તિઓ સંબંધિત માહિતીના અન્ય સ્રોતો પૂરા પાડવા.
- **મિનીટ્યુરાઈઝેશન (Miniaturisation)** : દસ્તાવેજની નકલ કે જે વાંચવા માટે અથવા ઓપ્ટીકલ સાધનોથી ફરી ઉત્પાદન થવા માટે હોય છે.
- **ઓપાક માઈક્રોકોપી (Opaque Microcopy)** : અપારદર્શક માઈક્રોકોપી જેમ કે કાગળ અથવા કાર્ડ તેને માઈક્રો ઓપાક પણ બોલાય છે.
- **ઓપ્ટીકલ ડીવાઈસીસ (Optical Devices)** : ફોટોગ્રાફીક સાહિત્યમાં સમાન માપ પર દસ્તાવેજની નકલ બનાવે અથવા અસલમાંથી એક વિભિન્ન.
- **સેન્સીટાઈઝડ મટીરીયલ (Sensitized Material)** : દસ્તાવેજના ફરી ઉત્પાદન માટે ઉપયોગમાં આવતું સાહિત્ય કે જે પ્રવાહી વડે સુરક્ષિત હોય છે. પ્રકાશ અથવા ગરમીના ઉપયોગથી થર્મોગ્રાફીક પ્રક્રિયા થાય છે.
- **ટ્રાન્સક્યુલન્ટ સ્ક્રીન (Translucent Screen)** : કેટલીક રીતે ટ્રીટ થટેલી કાચની શીટ અથવા પ્લાસ્ટિક કે જેમાં ઈમેજ પ્રદર્શિત કરવામાં આવે છે.

## 11.15 વધારાના સંદર્ભો અને વિશેષ વાંચન સામગ્રી (REFERENCE AND FURTHER READING)

Ashby, P. (1979). *Microform publishing.* London: Butterworths.

Gaddy, D. (1974). *Microforms handbook.* Maryland: National Microfilm Associate

Gabriel, M.R. (1980). *Microform revolution in libraries.* Greenwich: Jaipress.

Hautot, A. (1963). *Photographic theory.* London : The Focal Press.

Luther, F. (1959), *Microfilm: a history.* Maryland: The National Microfilm Association.

Mason, D. (1968). *Document reproduction in libraries.* London: Association of Assistant Librarians.

SarYady, W. (1985). *Micrographics.* Littleton, Goto: Libraries Unlimited.

# BLOCK–4

## સ્રોત અને વહેંચણી નેટવર્ક

## RESOURCE SHARING NETWORKS

# એકમ–12 ગ્રંથાલય અને માહિતી નેટવર્ક્સ (Library and Information Networks)

## : બંધારણ :


12.0 હેતુઓ

12.1 પરિચય

12.2 ગ્રંથાલય અને માહિતી નેટવર્ક્સના હેતુઓ

12.3 ગ્રંથાલય અને માહિતી નેટવર્ક્સના લક્ષણો

- 12.3.1 દરેક સભ્યોને પ્રવેશ માર્ગની સમાન તક મળવી
- 12.3.2 પરસ્પર આધિનતા
- 12.3.3 ધોરણો અને રૂપરેખાનો ઉપયોગ
- 12.3.4 સામૂહિક નિર્ણય
- 12.3.5 વિસ્તૃત સ્વરૂપે ગ્રંથાલયની કામગીરી
- 12.3.6 એકત્રીકરણ અને એકસૂત્રતા
- 12.3.7 કેન્દ્રીય કરણ
- 12.3.8 આર્થિક
- 12.3.9 આંતરરાષ્ટ્રીય ફેલાવો અને આગળ જોડાણ માટેની તક
- 12.3.10 સંશોધન અને વિકાસ

12.4 જરૂરિયાત

- 12.4.1 શારીરિક મર્યાદા
- 12.4.2 આર્થિક મર્યાદા
- 12.4.3 સાહિત્ય વિસ્ફોટન
- 12.4.4 જાગૃતતાનો વધારો અને ઉપયોગકર્તા પાસેથી માંગણી

12.5 ગ્રંથાલય અને માહિતી નેટવર્ક્સ

- 12.5.1 પરિભાષા
- 12.5.2 ગ્રંથાલય નેટવર્ક્સનો ઇતિહાસ અને ઉત્ક્રાંતિ

12.6 ગ્રંથાલય અને માહિતી નેટવર્ક્સના ઘટકો

- 12.6.1 માનવીય નેટવર્ક્સ
- 12.6.2 ચાલુ લાઈને માહિતીકરણ
- 12.6.3 કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેર માળખું
- 12.6.4 ડેટા નેટવર્ક્સ
- 12.6.5 સભ્યો

12.7 ગ્રંથાલય અને માહિતી નેટવર્ક્સ પ્રકારો

- 12.7.1 ભૌગોલિક ક્ષેત્રના આધારે ગ્રંથાલય નેટવર્ક્સના પ્રકારો
- 12.7.2 તેની પ્રવૃત્તિને આધારે ગ્રંથાલય નેટવર્ક્સના પ્રકારો

12.8 ગ્રંથાલય નેટવર્ક્સની પ્રવૃત્તિ અને કાર્યો

- 12.8.1 સહકારી સૂચિપત્ર તૈયાર કરવું
- 12.8.2 ઈન્ટરનેટ સ્રોતોનું સહકારી સૂચિપત્ર તૈયાર કરવું, વિષય પ્રવેશદ્વાર
- 12.8.3 દસ્તાવેજ આધારીત સેવાઓ

12.8.4 પુરાવા પહોંચાડવાની સેવાઓ
12.8.5 આંતર ગ્રંથાલય ધીરાણ
12.8.6 ઇલેક્ટ્રોનીક (વિજાણું) સંદર્ભોની વહેંચણી/ પાકા સમયના સંદર્ભોની સેવા
12.8.7 સામુહિક સંગ્રહિત સ્ત્રોતોનો ઉમેરો
12.8.8 સંગઠિત ખરીદી
12.8.9 સંયુક્ત દફતરનું જોડાણ અને સહકારી સંગ્રહની સુવિધાઓ
12.8.10 આંતરિક સંગ્રહોની વહેંચણી
12.8.11 ડીજીટલ ગ્રંથાલય યોજના વિકાસની વહેંચણી
12.8.12 ઉપયોગકર્તા અને ગ્રંથાલય કર્મચારીઓને તાલીમ
12.8.13 સભ્ય સંસ્થાઓ માટે પ્રદ્યોગિકીનો સહકાર
12.8.14 સભ્યો વચ્ચે વાર્તાલાપ/ સંચાર સેવાઓ
2.9 આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્રંથાલય નેટવર્ક્સ
12.9.1 ચાલુ લાઈન કોમ્પ્યુટર ગ્રંથાયલ કેન્દ્ર.
12.9.2 સંશોધન ગ્રંથાલયો નેટવર્કનો સમૂહ
12.9.3 શૈક્ષણિક નેટવર્કનું જોડાણ
12.9.4 મહાવિદ્યાલય સંશોધન ગ્રંથાલયોનું સંગઠન
12.9.5 ચીન : શૈક્ષણિક ગ્રંથાલય અને માહિતી પદ્ધતિ
12.9.6 ઓસ્ટ્રેલિયન શૈક્ષણિક અને સંશોધન ગ્રંથાલય નેટવર્ક
12.10 ભારતમાં ડેટા નેટવર્ક્સ
12.10.1 માહિતી પ્રદ્યૌગિકીથી સુસજ્જ સેવાઓ
12.10.2 શિક્ષણ અને સંશોધન નેટવર્ક
12.10.3 NICNBET
13.10.4 BSNL ની લીઝ લાઈન અને ડેટા કોમ.
12.10.5 ઇનેટ (INET)
12.10.6 સરનેટ (SIRNET)
12.10.7 બિટસનેટ (BITSNET)
12.11 ભારતમાં ગ્રંથાલય અને માહિતીના નેટવર્ક્સ
12.12 આંતરરાષ્ટ્રીય સંસ્થાનો ગ્રંથાલય નેટવર્ક્સના વિકાસમાં ફાળો
12.12.1 IFLAનો ફાળો
12.12.2 UNESCO નો ફાળો
12.13 સારાંશ
12.14 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
12.15 ચાવીરૂપ શબ્દો
12.16 સંદર્ભો અને વિશેષ વાંચન

## 12.0 હેતુઓ (OBJECTIVES)

ગ્રંથાલયમાં સ્ત્રોતોની વહેંચણીની જરૂરીયાત એ લાંબા સમયથી જણાય છે. કોઈપણ ગ્રંથાલય માટે બધાં સ્ત્રોતોને પહોંચી વળવું તેમજ ઉપયોગ કર્તાની માહિતીને લગતી બધી જ જરૂરિયાતોને સંતોષવું એ શક્ય હોતું નથી. પરિણામે ગ્રંથાલય અને માહિતી કેન્દ્રો, સંગઠન અને નેટવર્કથી ભેગા થયા. છતાં સ્ત્રોતોની વહેંચણીમાં ગ્રંથાલયના સાહિત્યની જ વહેંચણી થતી અને ભાગ્યે જ તે બીજા સ્ત્રોતોની વહેંચણી કરતી, જેમ કે રાચરચીલું, માનવ સ્ત્રોતો જેવા કે જેઓ સમાન રીતે મહત્ત્વના છે. પ્રદ્યૌગિકીના

વિકાસે આવા નેટવર્કનું મહત્ત્વ વધાર્યું છે. આ એકમ વાંચ્યા પછી તમે સમજી શકશો.

- ગ્રંથાલય અને માહિતી નેટવર્કનો ખ્યાલ.
- ગ્રંથાલય નેટવર્કના મુખ્ય ઘટકો
- ગ્રંથાલય નેટવર્કની લાક્ષણિકતાઓ અને જરૂરિયાતો
- એક લાક્ષણિક ગ્રંથાલય નેટવર્કની સેવાઓ અને પ્રવૃત્તિઓ
- મુખ્ય આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ગ્રંથાલય નેટવર્ક્સની પ્રવૃત્તિઓ
- ગ્રંથાલય નેટવર્ક્સના વિકાસને વૃદ્ધિમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાનો ફાળો.

## 12.1 પ્રસ્તાવના (INTRODUCTION)

ગ્રંથાલય અને માહિતી કેન્દ્ર શૈક્ષિક સંશોધન અને વહિવટી પ્રવૃત્તિઓ માટે મુખ્ય મથક જેવું કામ કરે છે. અને તે જ્ઞાનને સંગ્રહ કરવાનું, જ્ઞાનને સંગ્રહ કરી ક્રિયાન્વિત રાખવાનું કેન્દ્ર તરીકે કામ કરે છે. તેઓની મોટી ભૂમિકા એ છે કે પોતાના ઉપયોગકર્તાને પોતાના સ્રોતોના સંગ્રહ દ્વારા અથવા બીજા ગ્રંથાલય દ્વારા જ્ઞાન પુરું પાડવું. ઘણા સમયથી પ્રકાશનોની સંખ્યામાં વધારો થવાથી તેની કિંમતમાં ઝડપી વધારો થવાથી અને ગ્રંથાલયની મૂડી ઘટવાથી, લાયબ્રેરીઓ તેના ઉપયોગકર્તાની માંગને પહોંચી વળવામાં સમસ્યા અનુભવે છે. જ્યારે ઉપયોગકર્તા તરફથી સ્રોતો અને સેવાઓનો વધારે થાય તેવી માંગ છે. જેમ કે માનવીય સંસાધન, રાચરચીલું, આર્થિક સ્રોતો વગેરે કે જે ગ્રંથાલયોને પ્રાપ્ય હોય છે. તેમાં ઘટાડો થવા માંડ્યો છે. આ પાસાંઓએ ગ્રંથાલય નેટવર્ક સ્થાપનાની જરૂરિયાતમાં ફાળો દર્શાવ્યો છે. જેનાથી ગ્રંથાલયો વચ્ચે સ્રોતોની વહેંચણી થઈ શકે. પ્રદ્યૌગિકીની ઉન્નતિ કે જે માહિતીની પ્રક્રિયામાં પુનઃપ્રાપ્તિમાં તેમજ ફેલાવવામાં એક નવી પદ્ધતિ આપે છે. તે વિજાણું પર્યાવરણમાં શક્તિમાન પાસા તરીકે કામ કરે છે.

ગ્રંથાલય અને માહિતીના ક્ષેત્રમાં, માહિતી પ્રદ્યોગિકીના અમલીકરણે નાટ્યાત્મક પરિવર્તન લાવ્યું છે. પ્રદ્યોગિકીની ઉન્નતિ સાથે વિશ્વભરમાં આવેલા ગ્રંથાલયના દરરોજના કામકાજો કોમ્પ્યુટર વડે થવા માંડ્યા છે. અને તેઓએ માહિતી વિસ્તરણનો ઉપયોગ કમ્પ્યુટર નેટવર્ક્સથી કર્યો છે. તદ્‌ઉપરાંત કાર્યદક્ષતામાં વધારો થયો છે. ગ્રંથાલયો પણ અસરકારક કમ્પ્યુટર નેટવર્ક્સનો સ્રોતો માટે અને સુવિધા માટે ઉપયોગ કરતાં થયાં છે.

સુધારેલી કાર્યસિદ્ધી, વ્યવહારો અને સેવાઓને સુધારવા તદ્‌ઉપરાંત ગ્રંથાલયો અસરકારક માહિતી નેટવર્ક પ્રદ્યોગિકી વડે ગ્રંથાલયના કાર્યો, સ્રોતો સુવિધાઓની સુધારણા ઘણી રીતે સમર્થ બની છે. તે ઉત્પાદકની માહિતીમાં અને નેટવર્ક વિભાજીત એકમના ભાવમાં ઘટાડો કરી શકે છે. તે વપરાશકર્તાઓને તેમની જરૂરિયાતની સેવા પુરી પાડે, કદની મર્યાદા જોયા વગર તેમજ અંતર અને ભાષાના વિઘ્નોને છોડીને ગ્રંથાલય નેટવર્ક વિસ્તરણના અસ્તિત્વથી માનવીય સ્રોતો કરતા આ સ્રોતો પર ભાર વધ્યો છે. આ નેટવર્કો વિવિધ સ્રોતોને ક્રિયાન્વિત કરે છે. જેવા કે ગ્રંથાલયની જાહેરાતો સામાયિકોના લેખો, આધુનિક લખાણ, છાપ, વિડીયો અને ઓડીયો ફાઈલ વૈજ્ઞાનિક અને યાંત્રિક માહિતીઓ વગેરે...

સંચારનો વિકાસ ત્યારે જ થાય જ્યારે ગ્રંથાલયોનું સંગઠન અને માહિતી કેન્દ્રો કોમ્પ્યુટરની મદદથી માહિતીની અદલાબદલી કરવાનું વિચારે. જે લાયબ્રેરી પોતાના વપરાશકર્તાને સારી સુવિધા પુરી પાડવાનો આશય રાખતી હોય તે થોડીક સંમતિઓ અને સ્રોતોથી સંચાર માધ્યમમાં જોડાય છે. અને તેના સ્રોતોને તેઓ ક્રિયાન્વિત કરી સંગ્રહ કરે છે. ગ્રંથાલય નેટવર્કના આ સંગઠનમાં પ્રવર્તમાન સંચાર સુવિધાઓનો નેટવર્ક સ્થાપન માટે ઉપયોગ થાય છે. જોડાયેલા ગ્રંથાલયો તે સંગઠનની યોગ્ય અને લાયક શરતોનું પાલન કરે છે.

"નેટવર્ક શબ્દનો ઉપયોગ" સ્રોતોની વહેંચણી અથવા "સંગઠીત સહકારી સમુદાય"ની જગ્યાએ વધારે થાય છે. બીજા ઘણા ગ્રંથાલયો વધારો પ્રાપ્ત કરવા પોતાની ઉપયોગકર્તાની જરૂયિાતોને પહોંચી વળવા નેટવર્ક અને આધુનિકીકરણ આજે દરેક ગ્રંથાલયમાં જરૂરી બન્યું છે. "ગ્રંથાલય સંગઠન પણ ગ્રંથાલય નેટવર્કની જગ્યાએ વપરાતો શબ્દ છે. આવા કેટલાક સંગઠિત ગ્રંથાલયોનું સ્થાપન માત્ર સ્રોતોની વહેંચણી માટે નહિ પરંતુ સંગઠન સંસ્થાઓના સમુહ વતી વિજાણું સ્રોતોની વહેંચણી કરવા

માટે થયું છે. પ્રદ્યોગિકીના ઝડપી વધારાથી ભારતમાં ઘણા ગ્રંથાલયો ખૂબ જ કાર્યત્વરિત બન્યા છે. અથવા આગળ પડતા તબક્કે પહોંચ્યા છે.

## 12.2 ગ્રંથાલય અને માહિતી નેટવર્ક્સના હેતુઓ (OBJECTIVES OF LIBRARY AND INFORMATION NETWORKS)

ગ્રંથાલય અને માહિતી નેટવર્ક્સના હેતુઓ નીચે મુજબ છે.

- આંતર ગ્રંથાલયોને સહકાર/ સંગઠન માટે પ્રોત્સાહન કરવા અને નેટવર્ક્સના સભ્યો વચ્ચે દરેક સ્તરે સ્ત્રોતોની વહેંચણી કરવી.
- સભ્ય ગ્રંથાલયોમાં કમ્પ્યુટરનો ઉપયોગ (Computerization) કરી શકે તે માટેની મદદ કરવી. ગ્રંથસૂચી સાહિત્યની આપ-લે કરવી અને ઉત્તમ માહિતીનો સામૂહિક ઉપયોગ થઈ શકે તે રીતે વિકાસ કરવો.
- વિવિધ સ્ત્રોતોના સંયુક્ત સૂચિપત્રને એવી રીતે વિકસીત કરતા રહેવું કે જેથી સભ્યગ્રંથાલયોને દસ્તાવેજી સંયુક્ત સંગ્રહનો વિશ્વસનીય પ્રવેશ માર્ગ (Access) મળતો રહે.
- સભ્ય સંસ્થાઓની કમ્પ્યુટર કૃત સંયુક્ત માહિતી સામગ્રી દ્વારા ગ્રંથાલય સ્ત્રોતોને અસરકારક રીતે અનૂકુળતાથી પૂરા પાડવા.
- સભ્ય ગ્રંથાલયોને દસ્તાવેજો (Documents) પહોંચાડવાનું કાર્ય કરવું/ સેવા પુરી પાડવી.
- સભ્ય ગ્રંથાલયોને સ્ત્રોતોની વહેંચણી દ્વારા માહિતી સ્ત્રોતોના સંપાદન વિશે સમજાવવું.
- રૂપરેખા અને ધોરણો, માર્ગદર્શિકા, પદ્ધતિ અને ક્રિયાઓ ગ્રંથસૂચિ તેનો સંગ્રહ, આંતર ગ્રંથાલય ધિરાણ, હાર્ડવેર સોફ્ટવેર સમજ આપવી/ અપનાવવી.
- નેટવર્ક અસરકારક ઉપયોગ કરતી ગ્રંથાલયોમાં બીજા ગ્રંથાલયના કર્મચારીઓને તાલીમ આપવી.
- સભ્ય સંસ્થા તેમજ ઉપયોગકર્તા વચ્ચે અસરકારક સુવિધાયુક્ત પ્રત્યાયન
- સભ્ય ગ્રંથાલયોને આધુનિક પ્રદ્યોગિકીના અનુકરણ અને અમલીકરણ વિશે માર્ગદર્શન.
- યોગ્ય આયોજન વડે માહિતીના સ્ત્રોતો ઘટાડેલા છે. સાનુકૂળતાથી પૂરા પાડવા.
- સંગઠિત થઈને આધુનિક યોજનાઓનો વિકાસ અને સ્થાપન.

## 12.3 માહિતી અને ગ્રંથાલય નેટવર્કના લક્ષણો (CHARACTERISTICS OF LIBRARY AND INFORMATION NETWORK)

નીચેના મુદ્દાઓને આધારે ગ્રંથાલય અને માહિતી નેટવર્કના લક્ષણો આ મુજબ છે.

### 12.3.1 બધા સભ્યોને સરળતાથી પ્રવેશ માર્ગની સમાન તક (Equal Opportunity of Access to All Member)

ગ્રંથાલય નેટવર્ક તેના બધા સભ્ય ગ્રંથાલયોને વાજબી સરળતાથી મુખ્ય માહિતી પૂરી પાડે તદ્ ઉપરાંત જે ત્રીજી વ્યક્તિ પાસેથી પરવાનગી લીધેલી માહિતીને સંમતિ સાથે લવાજમ લઈ પૂરી પાડવી.

### 12.3.2 પરસ્પર આધિનતા (Interdepencdence)

ગ્રંથાલય નેટવર્કના સભ્યો પોતાના સ્ત્રોતોની વહેંચણી માટે એકબીજા પર આધિન/પરાશ્રિત હોય છે. આવી. આંતરિક આધિનતામાં દસ્તાવેજ સ્ત્રોતોની વહેંચણી તદ્ ઉપરાંત કૌશલ્ય/ વિશેષ અનુભવ માનવીય સંપત્તિ (Manpower) તેમજ સાધનસામગ્રી વગેરેની વહેંચણી પણ થાય છે.

### 12.3.3 ધોરણો અને શિષ્ટાચાર / રૂપરેખાઓનો ઉપયોગ (Use of Standards and Protocols)

ગ્રંથાલય (લાઈબ્રેરી) અને માહિતી નેટવર્કના સફળતાપૂર્વકના અમલીકરણ માટે સામાન્ય નક્કી કરેલ ધોરણો (Standards) અને શિષ્ટાચાર / રૂપરેખાઓ (Protocals) એ આગવી રીતે અત્યંત આવશ્યક છે. આવા ધોરણો અને શિષ્ટાચાર/

રૂપરેખાઓ નેટવર્ક પ્રદ્યોગિકી, માહિતી બંધારણ, માહિતી પ્રસ્તુતીકરણ અને ગ્રંથસૂચિ દસ્તાવેજ / રેકોર્ડ માટે અસ્તિત્વ ધરાવે છે. સારી રીતે વિકસાવેલા, બહોળા સ્તરે ઉપયોગમાં લેવામાં આવતા ધોરણો અને તેમના એકસરખા અમલીકરણ એ સેવાની ગુણવત્તામાં વધારો કરવામાં, પરસ્પર માહિતી સમૂહ અને ડીઝીટલ સંગ્રહ સ્થાન / ભંડારના પરસ્પર ઉપયોગમાં વધારો કરે છે.

### 12.3.4 હિસ્સેદારી વાળો નિર્ણય (Shared Decision)

### - સામૂહિક નિર્ણય

ગ્રંથાલય અને માહિતી નેટવર્કના સભ્યોની કારોબારી સમિતીના નિર્ણયો તેમના દરેક સભ્યસંસ્થાઓને ન્યાય યુક્ત સમાન રીતે લાગુ પડે છે. ગ્રંથાલય નેટવર્કના દરેક સભ્યોને આવી સામુહિક રીતે લેવાયેલ નિર્ણયને માનવાની ફરજ પડે છે.

### 12.3.5 વિસ્તૃત સ્વરૂપે ગ્રંથાલયની સેવાઓ/ કામગીરી (Broad - Based Library Services)

ગ્રંથાલય અને માહિતી - નેટવર્ક સામાન્ય રીતે ગ્રંથાલય સેવાઓની એક વિશાળ હાર/ શ્રેણી (Range)ની દરખાસ્ત/ રજૂ કરે છે. જેમાં પુસ્તકો અને સામયિકોનું સામુહિક / સંગઠિત / સંવાદિત સૂચિપત્ર (Union catalogue) આવા યુનિયન કેટલોગ અને પરવાના વાળા માહિતી સંગ્રહોની પ્રાપ્તિનો માર્ગ, (Access) પ્રકાશકો પાસેથી ઈ-સ્રોતોના પરવાના મેળવવા, અનુક્રમણિકાની સેવાઓ, વિવિધ વિદ્યાશાખાઓના વિશિષ્ટ તજ્જ્ઞોનો માહિતી સંગ્રહ, વિગેરેનો સમાવેશ થાય છે.

### 12.3.6 સંકલન અને એકસૂત્રતા (Intergrectuon and Cordination)

ગ્રંથાલય અને માહિતી નેટવર્ક એ સ્રોતોના સંકલન અને એકસૂત્રતા માટેની તક પૂરી પાડે છે. જે સંગ્રહ (Collection), માનવીય સંપત્તિ / માનવશક્તિ (Man power) અને વિશિષ્ટ તજ્જ્ઞતા જેવા સ્તરે હોય છે.

### 12.3.7 કેન્દ્રીયકરણ (Centralisation)

નેટવર્ક પ્રવૃત્તિઓ સામાન્ય રીતે કેન્દ્રીય કૃત હોય છે. વિશાળ ગ્રંથસૂચિ માહિતી સંગ્રહો (Bibliographic Databases) ને કેન્દ્રીયકૃત રીતે સંગ્રહવામાં અને તેનો નિભાવ કરવામાં આવતો હોય છે. જો કે તેમાં ઓનલાઈન માહિતી દાખલ કરવી કે સુધારાવધારા કરવા ને માટે માળખું-સુવિધા પુરી પાડે છે.

જો કે, વહેંચાયેલા-વિભાજીત માહિતી સંગ્રહોને ધોરણસર ચોક્કસ નક્કી કરાયેલા શિષ્ટાચાર / રૂપરેખાઓ (Protocols). નો ઉપયોગ કરીને એકમાત્ર શોધ કરવા માટેના માળખા (Single search Interface) દ્વારા નિભાવ કરવો શક્ય છે.

### 12.3.8 આર્થિક (Economics)

ગ્રંથાલય અને માહિતી સંચારને મળવાનો અને કાર્યાન્વિત રાખવાનો ત્રીજી વ્યક્તિની સંમતિ અને મુખ્ય માહિતીનો ખર્ચ ગ્રાહક અને સંચાર વચ્ચે વહેંચવાનો હોય છે. ગ્રંથાલયના વ્યક્તિગત સીધા જોડાણ કરતાં, સંચાર આધારિત ઉત્પાદન અને સેવામાં ખર્ચ વધે છે.

### 12.3.9 આંતરરાષ્ટ્રીય ફેલાવો અને આગળ જોડાણ માટેની તક (International Reach and Opportunity for Further Collaboration)

આ સંસાર આવા ચાલતા બીજા સંચાર સાથે જોડાઈ શકે કે જેથી તેનાથી કાંઈક શીખવાની તક મળે.

### 12.3.10 સંશોધન અને વિકાસ (Research and Development)

ગ્રંથાલય અને માહિતી સંચાર, તેમાં વિપુલ રાચરચીલા અને ઉત્તમ માહિતીઓ દ્વારા સંશોધન અને વિકાસ કામ માટે ઉત્તમ તક પુરી પાડી શકે. આંકડાકીય માહિતીનો ઉપયોગ, યાંત્રિક સ્રોતો, સાર્થક ગ્રંથાલયનાં સૂચિ ભાવ પત્રક વગેરે આગળનાં સંશોધન અને પ્રકરણ માટે ઉપયોગી પુરવાર થાય છે.

## 12.4 જરૂરિયાત (NEED)

ગ્રંથાલય સંચાર દ્વારા ગ્રામ્ય, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આવેલા ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો પર માહિતી પર આપ-લે કરવાનું સરળ બન્યું છે. ગ્રંથાલય સંચાર ઉપયોગકર્તા દ્વારા કરવામાં આવતી સ્રોત વહેંચણીની કદ, અંતર અને ભાષાનાં અંતરાયો કાઢી નાંખે છે. ગ્રંથલાય નેટવર્કની મૂળભૂત જરૂરિયાત આ છે.

### 12.4.1 શારીરિક મર્યાદા (Physical Limitation)

આઈસલેન્ડમાં ગ્રંથાલય નથી. માત્ર એક જ પ્રકાશક બધા પ્રકાશનોને ખરીદી, તેના સંગ્રહ અને અસરકારક ઉપયોગ ન કરી શકે. અરે કોંગ્રેસ ગ્રંથાલય અને બ્રિટીશ ગ્રંથાલય તેની સંપાદન પ્રવૃત્તિઓની આખા વિશ્વમાં પ્રકાશિત બન્યા તેમ છતાં તેઓ દાવો ન કરી શકે. તેઓની પાસે બધા જ ઉત્તમ પ્રકાશનો હતા.

### 12.4.2 આર્થિક મર્યાદા (Economic Limitation)

માત્ર એક ગ્રંથાલય દ્વારા બધા દસ્તાવેજો (ડોક્યુમેન્ટ) કે એક વિષય પરનાં પ્રકાશનો ખરીદી લેવા એ શક્ય હોતું નથી. જ્યારે બધું ખરીદીલો ત્યારે ગ્રંથાલયના બજેટમાં ઘટાડો આવે છે. આ ઉપરાંત છેલ્લા કેટલાંક દાયકામાં પ્રકાશનોના ભાવ પણ વધ્યાં છે. સ્થાનિક ચલણ (રૂપિયો)ની કિંમત ડોલર અથવા બીજા ચલણ જેવા કે યુરો અને બ્રિટીશ પાઉન્ડ ચોક્કસ રીતે દેશને અમુક ચોક્કસ પરિસ્થિતિમાં બાંધી દે છે, જ્યારે ઉત્તમ સાહિત્યમાં દર વર્ષ વધારો થતો જાય છે, અંદાજીત રીતે તે 7 ટકાથી 10 ટકાથી વધે છે.

### 12.4.3 સાહિત્ય સંશોધન (Literature Explotion)

બીજા વિશ્વયુદ્ધ પછી ઉત્તમ સાહિત્યનો વિકાસ થયો કે જેણે વિવેચકોનું પ્રમાણ વધાર્યું અને વિજ્ઞાન, ટેક્નોલોજીના સંશોધનકાર્યને પ્રેરણા પુરી પાડી. એવું કહેવાય છે કે અડધા વૈજ્ઞાનિકો આ દાયકામાં થઈ ગયા અને તેઓએ જીવનભર કાર્ય જ કર્યું. 1800થી 1850 તેમજ 1900 દરમ્યાન કાર્ય ઉત્તમ લેખકોનો પણ ઉદ્ભવ થયો. આવશ્યક પ્રકાશનનાં શબ્દકોષમાં 2,40,000 પ્રકારનો છે. એવું નોંધાય કે વૈજ્ઞાનિક તેમજ સાહિત્યનાં ગ્રંથો દરેક દાયકામાં બેવડાયા છે.

### 12.4.4 જાગૃતતામાં વધારો અને વપરાશકર્તા પાસેથી માંગણી (Increased Awareness and Demand from Users)

ઈન્ટરનેટ અને વેબનો ઝડપી વધારો થયો છે તેમજ તેનાં ઉપયોગનાં વધારાને લીધે માહિતીના સ્રોતોમાં વધારો થયો છે. આ ટેક્નોલોજી એ સતત પરિવર્તન કર્યો છે. અને આખું વિઝન બદલી નાખ્યું છે. જ્યારે વપરાશકર્તા સરળતાથી પોતાની માહિતી, માહિતી સ્રોતો જેવા કે વ્યાવસાયિક પ્રકાશનો, વ્યવસાયિક, સામયિકો, વ્યક્તિગત સંશોધકો પાસેથી મેળવે છે. આજે બધા લોકો બધી માહિતીના સ્રોતોથી ખૂબ જ યોગ્ય રીતે જાગૃત બને છે. આજે પ્રોદ્યોગિકીનાં ફાયદા અને સસ્તી કિંમતે તેની પ્રાપ્યતા તેના લીધે ગ્રંથાલયના વપરાશકર્તા દ્વારા તેની માંગ ઉભી થવા પામી છે.

ગ્રંથાલય નેટવર્કનાં અસ્તિત્વ દ્વારા તેમજ વેબ દ્વારા સંગઠન પત્રકો, તેમજ સ્રોતોની અન્ય ગ્રંથાલયમાં સુલભતા, આંતર ગ્રંથાલય ધિરાણ વિશે તેનાં ઉપયોગકર્તાને જાગૃત કરાય છે.

## 12.5 ગ્રંથાલય અને માહિતી સંચાર (LIBRARY AND INFORMATION NETWORKS)

### 12.5.1 પરિભાષા (Definition)

ગ્રંથાલય નેટવર્કનો મુખ્ય હેતુ, સભ્યો ગ્રંથાલયો વચ્ચે સ્રોતો અને કાર્ય વહેંચણીનો છે. ગ્રંથાલય નેટવર્ક વિસ્તૃત સ્વરૂપે ગ્રંથાલય સંગઠન અથવા માહિતી કેન્દ્ર તરીકે ઓળખાય છે. કે જે એકબીજા સાથે સંકળાઈને એકબીજાને મદદ કરે છે અને ગ્રાહકોની અપેક્ષા પૂર્ણ કરે છે. યુનિસિસ્ટ - 2 મુખ્ય કાર્યરત દસ્તાવેજે માહિતી

નેટવર્કને આ રીતે પરિભાષિત કર્યો છે. સ્રોતોનાં સંગ્રહ અને ગ્રાહકોને ઉત્તમ સેવા આપવા, સામાન્ય નિયમ અને પ્રક્રિયાથી જોડાઈને, આંતર સંકલન કરી એકબીજાને માહિતીનું આદાનપ્રદાન કરી કે જેમાં અરસપરસ પ્રત્યાયનની સુવિધા હોય તેવું માહિતી કેન્દ્ર ઉભું કરી એકબીજા કેન્દ્રોને મદદ કરવી."

**સુસાન માર્ટિન નેટવર્કને આ રીતે વર્ણવે છે.**

નેટવર્ક એ વ્યક્તિગત અથવા સંસ્થાઓનું એવું સંગઠન છે કે જે ચોક્કસ ધ્યેયોને પૂર્ણ કરવા એકત્રિત થાય છે. આ બાબતની અંદર તેનાં સભ્યોને અસરકારક પ્રત્યાયન પુરું પાડવા યાંત્રિક પ્રત્યાયનો અને ઘણા અસ્તિત્વ ધરાવતા નેટવર્કનો ઉપયોગ થાય છે. રેનાર્ડ સી. સ્વાન્ડ ગ્રંથાલય નેટવર્કને આ રીતે પરિભાષિત કરે છે, એવા ખ્યાલનો વિકાસ કે જેમાં સંયોજીત યોજના, ભૌગોલિક વિષય અથવા બીજી લાઈનોનો વિકાસ થાય અને આના કારણે અન્ય કેટલાંક કેન્દ્રોની માત્ર આંતરિક યોજનાઓનું સુસંયોજન ન થતા તેની બાહ્ય પ્રવૃત્તિઓનું પણ સંયોજન થાય."

### 12.5.2 ઈતિહાસ અને ઉત્ક્રાંતિ (History and Evolution)

સદીઓથી સ્રોતોની વહેંચણી તેમજ ગ્રંથાલય સંગઠનમાં જ ગ્રંથાલય નેટવર્કનાં મૂળ પડેલાં હતા. નવી પેઢી માટે કોમ્પ્યુટરનો ઉપયોગ 1970 થી શરૂ થઈ ગયો હતો. અને આ દ્વારા માહિતીના વિપુલ જથ્થાની વહેંચણી થતી અને આ રીતે ઓન લાઈન માહિતી આદાનપ્રદાનનો ખ્યાલ વિકસ્યો. આ પરિબળોએ ડાયલોગ, બીઆરએસ અને ડિમડી જેવી ઓન લાઈન શોધ સેવા તેમજ કોમ્પ્યુટરી કૃત માહિતીનો વિકાસ કર્યો. 1970માં યુ.એસ.એ.નાં વેરિનટેન વર્જિનિયા ખાતે અમેરિકન ગ્રંથાલય સંગઠન અને યુ.એસ. શૈક્ષણિક કાર્યાલયનાં ઉપક્રમે આંતર લાયબ્રેરી પ્રત્યાયન અને માહિતી નેટવર્ક વિશે એક બેઠક યોજાઈ. આ બેઠકનો હેતુ એ હતો કે અસરકારક પ્રત્યાયન તેમજ માહિતી સ્રોતોનાં સંગ્રહ માટે અમેરિકામાં રહેલ ગ્રંથાલયોનું યુ.એસ.એ. માં આવેલ ગ્રંથાલયો સાથે જોડાણ કરવું.

ગ્રંથાલય નેટવર્કમાં સતત રસ પડવાને કારણે કેન્દ્રિય સેવાની તક મળે છે. જે આર્થિક કરકસર વાળી છે. લાંબા સમયથી ચાલતી આવી સેવાના ઉદા.માં કોંગ્રેસ ગ્રંથાલય 1968નું ઉદા. લેવાય છે કે તેણે પોતાના પત્રકો છાપ્યાં હતા. દસ્તાવેજોનું યાંત્રિકીકરણ કોંગ્રેસ ગ્રંથાલય દ્વારા શરૂ થયું. અને પછી તે અન્ય રાજ્યોમાં, યુ.એસ.એ. અને યુરોપિયન દેશોમાં પ્રચલિત બન્યું. આ ઉપરાંત ગ્રંથાલય નેટવર્ક કેન્દ્રિય ક્રિયાના સ્રોતની વહેંચણીની વિપુલ તક હતી. નકલી સ્રોતો દ્વારા સ્રોત વહેંચણીની કિંમત થઈ. ત્યારબાદ આંતર ગ્રંથાલય ધિરાણનો વિકાસ થયો, સામૂહિક યોજના જેવી કે ફાર્મિંગટન યોજના અને રાષ્ટ્રીય યુ.એસ.એ. સંગઠન પત્રકનો વિકાસ થયો. ગ્રંથાલય નેટવર્કનો વિકાસ અને સર્જન છેલ્લા બે દાયકામાં ખૂબ જ વધ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આવેલા કેટલાંક ગ્રંથાલય નેટવર્કો ઓસી.એલ.સી. RLG Curl, આર્બીન અને જાનેટનો સમાવેશ થાય છે.

ભારતમાં પ્રત્યાયનની સીધી સુવિધા હોવાને લીધે 1970ના અંત સુધીમાં ગ્રંથાલય નેટવર્ક અને ઓન લાઈન શોધ સુવિધાનો વિકાસ ન હતો. ભારતમાં ગ્રંથાલય નેટવર્કનો વિકાસ અને વધારો 1986ના નિશાન દ્વારા કરવામાં આવ્યો હતો. 1988માં Nissat સાથે ડેલનેટ જોડાઈ અને 1984માં કાબિબનેટનું સ્થાપન થયું. ડેલનેટે પ્રથમ વખત સક્રિય નેટવર્કની શોધ કરી. અને અત્યારે રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર દ્વારા તેને સહાય કરવામાં આવે છે. 1988માં મહાવિદ્યાલય મંજુરી સંસ્થા દ્વારા ઈનફ્લીબનેટનું સ્થાપન થયું અને તે રાષ્ટ્રીય સ્તરે મહત્ત્વની બાબત સાબિત થઈ. ઈનફ્લીબનેટ એક સંસ્થા તરીકે કામ કરે છે કે જે મહાવિદ્યાલયોનાં ગ્રંથાલયોને નેટવર્ક દ્વારા જોડે છે. યુજીસીનાં ઈન્સેનેટ કાર્યક્રમ અંતર્ગત ઈનફ્લીબનેટ ને હમણાં એક કામ સોંપવામાં આવ્યું. જેમાં મહાવિદ્યાલયો માટે તેણે યાંત્રિક સ્રોતોનું સર્જન

કરવાનું છે. બીજા કેટલાંક ગ્રંથાલય નેટવર્ક ભારતમાં ચાલે છે, જેમાં ઇન્સડોકનાં સહકારથી (MALIB NET) ચેન્નાઈ 1993 અને (BALNET) બેંગ્લોર 1997નો સમાવેશ થાય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

1. ગ્રંથાલય અને માહિતી નેટવર્કને જુદા પાડો, ગ્રંથાલય અને માહિતી નેટવર્કનાં મુખ્ય હેતુઓની ચર્ચા કરો.

નોંધ : (1) આપેલ જગ્યામાં જ તમારો જવાબ લખો.

(2) આ એકમને અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ તપાસો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 12.6 ગ્રંથાલય અને માહિતી નેટવર્કનાં ઘટકો (COMPONENTS OF LIBRARY AND INFORMATION NETWORKS)

ગ્રંથાલય અને માહિતી નેટવર્કમાં આનો મહત્ત્વનો ફાળો નીચે મુજબ છે.

### 12.6.1 માનવીય નેટવર્ક્સ (Human Networks)

જ્યારે યાંત્રિક માહિતી, કોમ્પ્યુટર, યાંત્રિક પ્રત્યયન વગેરેની વાત કરતા હોઈએ ત્યારે ગ્રંથાલય અને માહિતી સંચારના અસરકારક અમલીકરણ માટે ખૂબ જ જરૂરી ઘટક છે. માનવીય શક્તિ અને માનવીની સ્રોતોની વહેંચણી અન્ય ગ્રંથાલયમાં કરવાની ઇચ્છા. જ્યારે ગ્રંથાલય માહિતી નેટવર્ક માહિતીની આપ-લે માં તેમજ તેનાં પ્રાપ્યતા પર ધ્યાન કેન્દ્રિત કરતી હોય ત્યારે તે માનવીય શક્તિ દ્વારા સરળ બને છે. અથવા શક્ય બને છે. ઇચ્છુક વ્યવસાયિક ગ્રંથપાલો અને સંગઠિત વ્યવસાયિક કર્મચારીઓ ગ્રંથાલય સેવાને સર્જનાત્મક અને ઝડપી બનાવવા સાથે કામ કરે છે. તે જરૂરી છે. ગ્રંથાલય નેટવર્ક તેમનાં માટે મુલાકાતો, તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે કે જેનાંથી સભ્યો સુસંગઠિત થાય.

### 12.6.2 ઓનલાઈન માહિતી આપ-લે (Online Database)

ગ્રંથાલય નેટવર્કનો મુખ્ય આધાર ટેક્નોલોજી નેટવર્કને બદલે, તેનાં જથ્થા અને તે જથ્થાનાં વપરાશકર્તા પર છે. ગ્રંથાલય નેટવર્ક પ્રત્યાયનના આદાન-પ્રદાન દ્વારા બીજા માહિતી નેટવર્ક દ્વારા, ઇન્ટરનેટ સેવા દ્વારા જથ્થાનાં વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તે જથ્થો સભ્યોને સરળતાથી પ્રાપ્ત થાય તેવાં પ્રયત્નો કરે છે. ઓન લાઈન આદાન-પ્રદાનનો ખ્યાલ માહિતીની વહેંચણીમાંથી ઉદ્‌ભવ્યો છે. માહિતી આધાર ઘણી રીતે ઉપયોગમાં આવતી, સ્વાતંત્ર્ય અને શારીરિક રીતે પ્રાપ્ય એવો સંપૂર્ણ અહેવાલ છે કે જે કોઈ ચોક્કસ વિષયમાં સંગ્રહાયેલો હોય છે. અને વપરાશકર્તા દ્વારા માહિતીની શોધ કરવાથી તે ક્રિયાન્વિત હાલતમાં મળે છે. ગ્રંથાલય સંચાર કેટલાંક અહેવાલોનો વિકાસ કરી શકે છે અને ઉત્પાદક કર્તા પાસેથી તેના અહેવાલો પ્રાપ્ત કરી શકે છે.

ઐતિહાસિક દસ્તાવેજ માટેનો અહેવાલ ગ્રંથાલય નેટવર્ક દ્વારા એક લાઈનમાં વિકાસ થાય છે. ગ્રંથાલય નેટવર્ક બધેથી અથવા કોઈ એક સભ્ય સંસ્થા પાસેથી માહિતી મેળવી વિશાળ અહેવાલ તૈયાર કરે છે, વર્લ્ડ કેટ આવું જ એક વૈશ્વિક બુકોનું પત્રક તૈયાર કર્યું છે અને તેને 1,000 કરતાં વધુ સભ્ય સંસ્થાઓ તેની જાળવણી કરે છે. તેની પાસે OCLC ની 57 લાખ કરતાં વધારે ઐતિહાસિક દસ્તાવેજો છે. ડેલનેટ પુસ્તકોનું સામુહિક પત્રક ઉદા. ત. 30 લાખ કરતા વધારે, જે 844 સભ્ય સંસ્થા પાસેથી પ્રાપ્ત કરેલા છે તેની જાળવણી કરે છે.

આ ઉપરાંત ગ્રંથલાય સંચાર અહેવાલોનો વિકાસ અને જાળવણી પણ કરે છે. તે પ્રકાશક પાસેથી અહેવાલો ખરીદી પણ કરી શકે અને તેઓને સહેલાઈથી આમાં યજમાન બનાવે છે કે જેનાંથી તે સભ્યોને સહેલાઈથી પ્રાપ્ત થાય. OCLC ઉદા. તરીકે ત્રીજી વ્યક્તિઓને યજમાન બનાવ્યા છે કે જેથી તેની સભ્ય સંસ્થાઓને ઘણો લાભ થયો છે.

### 12.6.3 કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેર માળખું (Computer Hardware and Software Infrastructure)

અહેવાલોનાં વિકાસ અને જાળવણી માટે ગ્રંથાલય અને માહિતી નેટવર્કને કોમ્પ્યુટર બંધારણ જરૂરી છે. સર્વર અહેવાલોને શોધવા, યાંત્રિક ઘટકોને શોધવા અને સભ્ય સંસ્થાઓ સરળતાથી પ્રક્રિયા કરી શકે તે માટે જરૂરી છે. ગ્રંથાલય નેટવર્કનું સર્વર શક્તિશાળી હોવું જોઈએ કે જે મુખ્ય મેમરીને નિયંત્રિત કરી અપેક્ષિત કામ કરે અને જે ઘણી સુરક્ષિત ડિસ્ક અહેવાલો અને યાંત્રિક ઘટકોનો સંગ્રહ કરી શકે. ગ્રંથાલય નેટવર્કને ઘણા વિશિષ્ટ સર્વરની જરૂર પડે કે જેનાંથી વર્કમાં બોજને જુદા જુદા સર્વરમાં વહેંચી શકાય. ત્યાં એક અથવા એક કરતાં વધારે સર્વરની જરૂર પડે. જેમાં અહેવાલો અને યાંત્રિક ઘટકો અને અન્ય આધુનિક ઘટકોનો સંગ્રહ કરી શકાય. આ ઉપરાંત નાના ગ્રંથાલય નેટવર્ક માટે એક જ સર્વર પર વિવિધ જુદી જુદી પ્રવૃત્તિઓ કરી શકાય, એ અગત્યનું છે કે સર્વર સારું હોવું જોઈએ જેમાં વધારાનો સંગ્રહ થઈ શકે, જેની ઊર્જાની ક્રિયા સરળ હોય અથવા સંચાર ક્ષમતામાં જરૂર પડ્યે વધારો કરી શકીએ.

ગ્રંથાલય નેટવર્કને પ્રત્યાયન ઘટકોની પણ જરૂરીયાત હોય જેવા કે પ્રત્યાયન સ્વિચ, રાઉટર્સ, કુલ રીપીટર્સ, મોડમ અને બીજા અન્ય સાધનો કે જેનાથી સ્થાનિક વિસ્તાર નેટવર્ક ગોઠવી શકાય. આ હાર્ડવેર અને સોફ્ટવેર સાધનો કોઈપણ નેટવર્કની ગોઠવણ માટે જરૂરી છે, અને ગ્રંથાલય નેટવર્ક માટે વિશિષ્ટ સાધનોની જરૂર નથી પડતી.

ગ્રંથાલય નેટવર્કને ઘણા બધા અન્ય સોફ્ટવેરની પણ જરૂર પડે છે કે જેનાંથી તેઓ વિશિષ્ટ રીતે સ્રોતો, પ્રવૃત્તિઓ અને સેવાઓને નિયંત્રિત કરી શકે. ગ્રંથાલય નેટવર્કનાં જુદાં જુદાં સોફ્ટવેર જુદાં જુદાં ઘટકો અને પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા માટે જરૂરી છે ત્યાં અહેવાલ આયોજીત યોજનાની જરૂર પડે છે. કે જેનાંથી ઐતિહાસિક દસ્તાવેજોનો સંગ્રહ કરી શકીએ, સર્ચ એન્જીન દ્વારા ઐતિહાસિક દસ્તાવેજોના સામુહિક અહેવાલો ઝડપથી શોધવાની સુવિધા પ્રાપ્ત કરી શકીએ અથવા યાંત્રિક ઘટકો કે જેનાથી સભ્ય ગ્રંથાલયો દ્વારા મુકવામાં આવેલ નવી ચોપડીઓનાં દસ્તાવેજો સહેલાયથી પ્રાપ્ત કરી શકીએ. ગ્રંથાલય નેટવર્કને દસ્તાવેજ છાપનો સોફ્ટવેરની પણ જરૂર પડે કે જેનાંથી દસ્તાવેજની છાપ પાડી શકીએ. RDBMS નો સંગ્રહ અને તેને યાંત્રિક ઘટકો માટે કાર્યરત કરી શકાય છે જે સરળતાથી યાંત્રિક ઘટકો સાથે સંયોજન સાધી લે છે. માત્ર એક જ સોફ્ટવેર એક જ કામ માટે પ્રાપ્ય નથી, ગ્રંથાલય નેટવર્ક માટે આ આખી એક રચના તેનાં ઘટકો સાથે છબીકામ તરીકે આવે છે.

આ ઉપરાંત કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેરનું બંધારણ નેટવર્ક સાથે હોવું જોઈએ. સભ્ય ગ્રંથાલયો જરૂરી હાર્ડવેર અને સોફ્ટવેર સાથેનાં કોમ્પ્યુટર જરૂરી છે. કે જેનાંથી તેઓ ઇન્ટરનેટ પર કામ કરી શકે અને નેટવર્ક સાથે જોડાઈ શકે. વપરાશકર્તા સભ્ય સંસ્થાઓ પાસે આધુનિક કોમ્પ્યુટર્સ હોવા જોઈએ કે જેનાંથી તેઓ ઇન્ટરનેટ નેટસ્કેપ જેવી સુવિધા અને નેટવર્ક દ્વારા પ્રાપ્ય સુવિધાનો ઉપયોગ કરી શકે.

### 12.6.4 ડેટા નેટવર્ક્સ (Data Networks)

ગ્રંથાલય નેટવર્કનું સર્વર આધુનિક હોવું જોઈએ કે જે તેના સભ્યોને સહેલાઈથી ઇન્ટરનેટ સાથે જોડાણ કરી આપે. ઘણાં ગ્રંથાલય નેટવર્કો બીજા ડેટા નેટવર્ક અને

ઈન્ટરનેટ સેવા ઉપભોક્તાનો બંધારણમાં ઉપયોગ કરે છે. ઉદા. ત. ડેલનેટ અને ઈનફલીનેટ, NICNET અને ERNETના નેટવર્ક બંધારણનો ઉપયોગ કરે છે.

### 12.6.5 સભ્યો (Members)

ગ્રંથાલય નેટવર્કમાં સફળતમ રીતે ઘણાં બધા સભ્યો સમાવી શકાય છે. જો સભ્ય સંખ્યા વધારે હોય તો ગ્રંથાલય નેવર્ક વધારે અર્થપૂર્ણ અને અસરકારક બને છે. ગ્રંથાલય નેટવર્કમાં પ્રવૃત્તિ સાચવવાનો, તેને કાર્યરત રાખવાનો, ત્રીજી વ્યક્તિના યજમાન અહેવાલ રાખવાનો, જે ખર્ચ આવે તે ગ્રાહકો અને સભ્યો વચ્ચે વહેંચી લેવાનો હોય છે. ગ્રંથાલય સંચારમાં ઘણી બધી સભ્ય સંખ્યાનો લાભ તેમજ બીજા લાભ તેનાં સભ્યોને મળે છે. ગ્રંથાલય નેટવર્કમાં સભ્યોની સામુહિક શક્તિથી ગ્રાહકોને ઉત્તમ પ્રકારનો સારા ભાવે મળી રહે અને પરવાનાની શરતોમાં પણ સુધારા લાવે છે.

## 12.7 ગ્રંથાલય અને ડેટા નેટવર્ક્સનાં પ્રકારો (TYPES OF LIBRARY AND INFORMATION NETWORKS)

ગ્રંથાલય અને ડેટા નેટવર્ક્સ સભ્ય ગ્રંથાલયો માટે ઘણી બધી પ્રવૃત્તિઓ કરે છે. જેમ કે પૂર્ણ અક્ષરનો સંદેશો આપો, ઐતિહાસિક અહેવાલો, સર્જન જાળવણી, સભ્ય ગ્રંથાલયનાં પત્રકોની ચકાસણી, દસ્તાવેજ પહોંચાડવાની સેવા, સ્રોત વહેંચણી વગેરે, ગ્રંથાલય અને ડેટા નેટવર્ક્સ તેના કદ, વિષય, યોગ્યતા અને પ્રવૃત્તિઓનાં આધારે નીચે મુજબનાં ત્રણ તબક્કામાં વિભાજીત થાય છે.

- વિશાળ નેટવર્ક જે પ્રાથમિક રીતે વિશાળ કોમ્પ્યુટર ટેક્નોલોજી સાથે જોડાયેલું હોય છે. ઉદા.ત. OCLC, RLIN, Etc./
- નાના નેટવર્ક અથવા સંયોજન કે જે સભ્ય ગ્રંથાલયો માટે યાંત્રિક સ્રોત પહોંચાડે અને કર્મચારીઓને તાલીમ આપે.
- મર્યાદિત હેતુ સંચાર કે જે મર્યાદિત ખાસ વિષયનાં ક્ષેત્રમાં કામ કરતું હોય દા.ત. FORSA
- મર્યાદિત હેતુ નેટવર્ક કે જે પ્રાથમિક રીતે આર્ત ગ્રંથાલય ધિરાણ અને સામુહિક પ્રવૃત્તિ પત્રક સાથે સંગઠિત હોય.

### 12.7.1 ભૌગોલિક ક્ષેત્રનાં આધારે ગ્રંથાલય નેટવર્કનાં પ્રકારો (Types of Library Networks Based on Geographical Region)

ભૌગોલિક ક્ષેત્રની કામગીરીને આધારે ગ્રંથાલય અને માહિતી નેટવર્કને નીચે મુજબના તબક્કામાં વિભાજીત કરી શકાય.

**સીટી અથવા મેટ્રો ગ્રંથાલય નેટવર્ક :** ગ્રંથાલય નેટવર્ક તેની પ્રવૃત્તિઓ અને સભ્યો કે જેઓ શહેરી વિસ્તારમાં હોય તો તેઓને શહેરી ગ્રંથાલય નેટવર્કમાં વિભાજીત કરે છે જેમ કે ભારતમાં એડીનેટ, પૂનેનેટ, બોનેટ વગેરે.

**ગ્રામ્ય ગ્રંથાલય નેટવર્ક :** આમાં ગ્રામ્ય શૈક્ષણિક ગ્રુપ કોઈ વિશિષ્ટ હેતુસર સભ્ય બન્યું હોય છે. ઉદા.ત. આપ્સોનેટ - આંધ્રપ્રદેશ

**રાષ્ટ્રીય ગ્રંથાલય નેટવર્ક :** ગ્રંથાલય નેટવર્ક કે જેની પ્રવૃત્તિઓ, આખા દેશમાં ફેલાયેલી હોય તેને રાષ્ટ્રીય ગ્રંથાલય નેટવર્કમાં વિભાજીત કરાય છે. ભારતમાં ઈનફલીબનેટ તેની સભ્ય સંખ્યા તેમજ પ્રવૃત્તિઓના ફેલાવાને લીધે રાષ્ટ્રીય નેટવર્ક છે.

**આંતરરાષ્ટ્રીય ગ્રંથાલય નેટવર્ક :** OCLC ગ્રંથાલય નેટવર્કને આંતરરાષ્ટ્રીય નેટવર્ક માની શકાય કે જેમાં 50,540 ગ્રંથાલયો કે જે 84 દેશોમાં છે તેનો સમાવેશ થાય છે.

### 12.7.2 ગ્રંથાલય નેટવર્કનાં તેની પ્રવૃત્તિઓનાં આધારે પ્રકાર (Types of Library Networks Based on Their Activities)

ગ્રંથાલય નેટવર્કનાં તેની પ્રવૃત્તિઓનાં આધારે પણ પ્રકાર પડે છે, જે નીચે મુજબ છે.

**છત્રી અથવા મોટી બજાર :** કેટલાંક નેટવર્કો OCLC જેવા હોય છે કે જે છત્રી

અથવા મોટી બજારની જેમ બધા ક્ષેત્રોને આવરી લે છે અને વિવિધ સેવાઓ પુરી પાડે છે. ગ્રંથાલયો આવા નેટવર્કનું સભ્યપદ લઈ શકે છે, તેમાં તેનો સામુહિક પત્રક વાપરવાની તક મળે છે.

**ઐતિહાસિક નેટવર્ક :** ગ્રંથાલય નેટવર્કનો મુખ્ય હેતુ ગ્રંથાલયનું કામ આપોઆપ તેમજ સ્રોતની વહેંચણીનું છે. બીજી, બધી પ્રવૃત્તિઓ જેવી કે સામુહિક પત્રકનું સર્જન, દસ્તાવેજ પહોંચાડવાની સેવા અને પત્રકની છાપણી તે ઉત્પાદન આધારિત છે. તેઓ વિશાળ પ્રમાણમાં ઐતિહાસિક ડેટા સભ્ય ગ્રંથાલય માટે રાખે છે. અને તેનાં દ્વારા નવા પુસ્તકમાં ઐતિહાસિક ડેટાનું સર્જન કરે છે. આવા નટેવર્કો આપણને પત્રકને લગતી માહિતી પણ પુરી પાડે છે. વિશાળ ઐતિહાસિક નેટવર્ક જેવા કે OCLC આપણને પત્રકની માહિતી પૂરી પાડે છે. જે સભ્ય ગ્રંથાલયો દ્વારા સર્જન પામ્યા હોય છે.

**ઓન-લાઈન સેવા નેટવર્કની શોધ :** ઓન-લાઈન નેટવર્કની શોધ દરમ્યાન અસંખ્ય માહિતીઓ ઉપલબ્ધ થાય છે, જે પ્રત્યાયન વ્યવહારને જોડે છે. વપરાશકર્તા સીધી જ રીતે માહિતીઓને યજમાન કોમ્પ્યુટરથી પ્રત્યાયન જોડાણનો ઉપયોગ કરીને બે - રસ્તે ક્રિયા કરીને પોતાનાં કોમ્પ્યુટરમાં સમાવેશ કરાવે છે. આ માહિતીઓ તેનાં માલિકો દ્વારા ઓનલાઈન મુકવામાં આવે છે. કેટલાંક મહત્ત્વનાં ઓનલાઈન ઐતિહાસિક સંશોધન સેવાનાં નેટવર્કોમાં સમાવેશ થાય છે. ડાયલોગ, ઓરબીટ, એસટીએન, BRS, અને ડેટાસ્ટાર યુ.એસ.એ. બ્લેઈસ અને પ્રેગામોન ઇન્ફોલાઈન, યુ.કે.માં, ડીમ્ડી જર્મનીમાં, યુરોપમાં યુરોનેટ અને ડાઈન, ઇટલીમાં ઈસા-ઈસ્રા, કેનાડામાં QLE , ઘણાં ઓનલાઈન સંશોધન સેવા નેટવર્ક સહેલાઈથી ઇન્ટરનેટ પર વેબથી મેળવી શકાય છે

**સેવા-નેટવર્ક કેન્દ્ર** સેવા નેટવર્ક કેન્દ્ર સંચારીત વાતાવરણમાં રહેલા સભ્ય ગ્રંથાલયોને સેવા પુરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આવી સેવાઓમાં પત્રિકાઓ, સાહિત્ય, શોધ, સહેલી માહિતી, સમાચાર સેવાનો સમાવેશ થાય છે. આ નેટવર્કો ઓનલાઈન માહિતીઓને વહેંચવાનું કાર્ય કરે છે. પેનશ્લાવેનિયા ગ્રંથાલય નેટવર્ક (PENLIN) અને ઇલીનોઈસ ગ્રંથાલય અને માહિતી નેટવર્ક(ILLINGT), સેવા નેટવર્ક કેન્દ્રનાં ઉદાહરણો છે.

**ગ્રાહકોનાં યાંત્રિક સ્રોતો માટે નેટવર્ક :** ઘણા ગ્રંથાલય નેટવર્ક ઘણી બધી પ્રવૃત્તિઓ કરતા હોવા છતાં, આધુનિક ગ્રંથાલયો માટે યાંત્રિક સ્રોતો એ મુખ્ય બાબત બની ગઈ, તેને સંયોજન કહેવાય છે. ઓહિયોલિન્ક રાજ્ય વ્યાપી નેટવર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. કે જેણે પ્રથમ વખત પોતાની મેળે ચાલતી શૈક્ષણિક ગ્રંથાલયની યુ.એસ.એ.ના ઓહિયો રાજ્યમાં સ્થાપના કરી અને ત્યારબાદ માહિતીનો ઉમેરો ચાવીરૂપ બાબત બની ગઈ છે. હવે ઓહિયોલિન્ક બીજા ગ્રંથાલયોનો પણ તેમાં ઉમેરો કરે છે અને સંગઠિત ખરીદી કરી, યાંત્રિક માહિતીઓ પુરી પાડે છે. યાંત્રિક સ્રોતો માટેની જૂથ અનુમતિ એ ભારતના ઇન્ડેસ્ટ (INDEST) માટે ચાવીરૂપ બાબત છે.

શોધખોળ સ્રોતને આધારે સભ્ય ગ્રંથાલયોને નિશ્ચિત તબક્કામાં મુકવામાં આવે છે. કારણ કે તે સહકારથી જોડાયેલું હોય છે. ઉદા.ત. CSIR લેબોરેટરી, તે CSIR યોજનનું સભ્ય છે. કારણ કે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગની ભારત સરકારે તેની શોધ કરી છે. બીજી રીતે ફોરસા મંડળ ભારતનું એક સ્વૈચ્છિક સંસ્થા છે. અને તેનું સભ્યપદ પુરાતન ક્ષેત્રો ધરાવતા હોય તેના માટે ખુલ્લું છે. ઇન્ડેસ્ટ સંયોજન સરકારી સાહસ છે અને તેથી તેનું સભ્યપદ, ITI, NIT અને III માટે મર્યાદિત છે.

## 12.8 ગ્રંથાલય નેટવર્કની પ્રવૃત્તિઓ અને સેવાઓ (ACTIVITIES AND SERVICES OF LIBRARY NETWORKS)

ગ્રંથાલય નેટવર્ક તેના હેતુઓને આધારિત ઘણી સેવાઓ પુરી પાડે છે. તેમાં એક ફાયદો નેટવર્ક માટે એ છે કે જે વધારે પ્રમાણમાં સેવાઓ અને પ્રવૃત્તિઓ પુરી પાડી શકે. આ ઉપરાંત ગ્રંથાલય નેટવર્ક

મોટા પ્રમાણમાં સંસ્થાઓને શક્તિમાન બનાવે છે ગ્રંથાલય નેટવર્ક પુષ્કળ પ્રમાણમાં ઓછા ખર્ચે ઘણી સેવાઓ પુરી પાડે છે, તેની મહત્ત્વની કામગીરી નીચે મુજબ છે.

### 12.8.1 પત્રકોને સક્રિય કરવા (Co-Operative Cataloguing)

ગ્રંથાલયનું પત્રક તેનાં સંગ્રહની સૂચિ છે. આવી રીતે સામુહિક પત્રક એ ગ્રંથાલય નેટવર્કની સૂચિ છે. આ માટે સામુહિક પત્રક પ્રવૃત્તિ, સ્રોત વહેચણી પ્રવૃત્તિ કરતા પણ પ્રથમ કરવામાં આવે છે. પત્રક વહેંચણી સેવાની શરૂઆત કોંગ્રેસ ગ્રંથાલય 1901 દ્વારા છાપેલા કાર્ડ પત્રકની વહેંચણીથી થઈ. તેમ છતાં કોંગ્રેસ ગ્રંથાલય કરતાં તેનું કાર્ય મર્યાદિત હતું. સંપૂર્ણ સ્વયંસંચાલિત ગ્રંથાલય નેટવર્ક તેના સભ્યોને ઓનલાઈન પત્રક બનાવવાની તક આપે છે. જેનાંથી ગ્રંથાલય માત્ર માહિતી સંગ્રહ નથી કરતી પરંતુ ઐતિહાસિક દસ્તાવેજની રચના પણ કરે છે, તેમજ નવી બુક અથવા સંગ્રહાયેલા બુકનાં દસ્તાવેજને સંગ્રહ કરે છે. કેન્દ્રિય પત્રક સમય બચાવે છે. નકલ અટકાવે છે, આંતર ગ્રંથાલય ધિરાણને પ્રેરણા પુરી પાડે છે અને સ્થાનિક ગ્રંથાલય પત્રકની માહિતી સીધી જ રીતે મેળવી લેવાની સુવિધા કરી આપે છે. આવા સમયે સાર્થક ગ્રંથાલયોએ નક્કી થયેલાં કેટલાંક નિયમો અને ધોરણોને અનુસરવું પડે છે. કેટલીક વખત એકલા ગ્રંથાલયને બધી વિગતની જરૂર ન હોય કેટલીક મહત્ત્વની પત્રક આધારિત સેવાઓ કે જે ગ્રંથાલય નેટવર્કમાં સમાવેશ છે તે

- નિબંધ, શ્રેણી અને પુસ્તક વિનાનું સાહિત્ય પત્રકમાં વહેંચવું.
- પુસ્તક શ્રેણી, સંશોધન, પુસ્તક વિનાના સાહિત્યનાં સામુહિક પત્રકો
- ઓન લાઈન પત્રકની વહેંચણી અને સ્થળની ઓળખ
- પત્રક ઉત્પાદન કાર્ડમાં, પુસ્તકમાં, કેસેટમાં, ફ્લોપીમાં, સીડીમાં.
- ભૂતકાળનું પ્રત્યાયન
- મુશ્કેલ ફાઈલ માટેની તૈયારી

### 12.8.2 ઈન્ટરનેટ સ્રોતો માટે પત્રકો સક્રિય કરવા : વિષય પ્રવેશદ્વાર (Co-Operative Cataloguing of Internet Resources : Subject Gateways)

પ્રવેશદ્વાર વપરાશકર્તાને ધારક પાસેથી સીધી રીતે આધુનિક સાહિત્ય લાવી આપે છે. વિષય પ્રવેશદ્વાર એક એવી સુવિધા છે કે જેના વડે સહેલાઈથી ચોક્કસ વિષયનાં ક્ષેત્રમાં સ્રોત મેળવી શકાય. સરળ પ્રકાશકનો વિષય પ્રવેશદ્વાર વેબ પેજ પર યાદી તરીકે સ્રોતમાં મુકાયેલો હોય છે. કેટલાંક પ્રવેશ દ્વાર યાદી દ્વારા આપણને સારી શોધની સુવિધા આપે છે. ખૂબ જ અત્યાધુનિક પ્રવેશ દ્વાર યોજના દ્વારા ઉત્તમ સેવા, માહિતીનાં સ્રોતો અને વિવિધ સૂચિઓ આપણને પૂરી પાડે છે.

વિષય પ્રવેશદ્વારા એ અતિ મહત્ત્વનો ઘટક છે, જેનાં દ્વારા ગ્રંથાલયનાં વપરાશકર્તાને ઉચી ગુણવત્તાવાળી માહિતી ઈન્ટરનેટ દ્વારા ખૂબ જ ઝડપી અને અસરકારક રીતે મળી શકે છે. પરંપરાગત માહિતીના પર્યાવરણમાં માનવીય અંતરાયો જેવી કે પ્રકાશક અને ગ્રંથપાલ, વપરાશકર્તા ને ન નડે એ સિદ્ધાંત પર વિષય પ્રવેશદ્વાર કામ કરે છે. ઊદા. ત. તે વિષય નિષ્ણાંત અને વ્યવસાયિક, માહિતગારને પસંદ કરે છે, તેનું વર્ગીકરણ કરે છે, અને ઈન્ટરનેટ દ્વારા પત્રક સ્વરૂપે વપરાશકર્તાને મળે છે. વપરાશકર્તાને સરળતાથી ઈન્ટરનેટ સ્રોતોનાં વર્ણનો પ્રાપ્ત થાય છે કે જે તે ચાવીરૂપ શબ્દો દ્વારા શોધી શકે. નિશ્ચિત વિષય ક્ષેત્ર દ્વારા દરેક સ્રોતનું વર્ણન વપરાશકર્તાને ઝડપથી તેની મૂળવસ્તુ, જથ્થા, અને પ્રમાણ પૂરી પાડે છે કે જેનાથી વપરાશકર્તા નિર્ણય કરી શકે કે તે કિંમતી છે કે નહિ. આ પ્રક્રિયામાં ઉપયોગકર્તા, તજજ્ઞ ગ્રંથપાલ અને વિષય - નિષ્ણાંત દ્વારા લાભ મેળવી શકે છે. તે સ્રોતને પોતાના મતે મૂલ્યાંકિત અને આયોજીત કરી શકે છે. ગ્રંથાલય નેટવર્ક તેનાં સભ્યોને આમંત્રિત કરે છે. જેનાથી સંગ્રહિત પત્રકો, ઈન્ટરનેટ સ્રોતોમાં તેનો ભાગ થાય. વિશિષ્ટ સોફ્ટવેરો ઉપલબ્ધ છે. અથવા તો કિંમતી સોફ્ટવેરની રચના અને

જાળવણી વ્યવસાયિક ધોરણે કરી શકાય જેનાથી સામુહિક પર્યાવરણમાં નકલી પ્રયત્નોને અવગણી શકાય.

### 12.8.3 માહિતી આધારિત કાર્યો (Database Services)

સભ્ય સંસ્થાઓના ખર્ચની વહેંચણી માટે, ગ્રંથાલય નેટવર્ક યાંત્રિક સ્રોતોને સમાવી શકે, તેનો કાર્યક્રમ સ્થાનિક સ્તરે તેમનાં કોમ્પ્યુટરમાં જ ચાલે અને તેઓને સ્રોતોની સરળતા ચૂકવણીને આધારે પૂરી પાડવામાં આવે. આ ઉપરાંત આર્થિક રીતે સસ્તુ, સ્થાનિક પ્રાપ્યતા, આંતરરાષ્ટ્રીય સ્રોતોની સરળ ઝડપી અને વ્યાજબી બને છે. જે નેટવર્કના ગીર્દી ઓછી કરે છે. સંમતિ આયોજનને આધારે સ્થાનિક માહિતીનું પૃથક્કરણ થઈ, સ્થાનિક સ્તરે માહિતી પ્રાપ્યતામાં વધારો થાય છે. વિકસિત દેશોમાં ઘણા ગ્રંથાલય નેટવર્કો દ્વારા નિયમિત માહિતીની તૈયારી થતી જ્યારે ઇન્ટરનેટ અને વેબ આધારિત યાંત્રિક સ્ત્રોતોનો વિકાસ પણ નહોતો થયો. હજી પણ તે ઘણા ગ્રંથાલય નેટવર્કો અને ગ્રંથાલય સંયોજન જેવા કે કાલિસ (ચીન) કોન્સર્ટ(તાઈવાન) અને ઓહિયોલિનું અને ઓસીએલસી (OCLC) કરી શકે છે. યુ.એસ.એ.માં તૈયાર થાય છે. સભ્ય સંસ્થાઓ માટે ગ્રંથાયલ નેટવર્કો પોતે સમાવેલાં સ્રોતોની અત્યંત ઉપયોગી સેવા પૂરી પાડે છે. જેમાં સંશોધન, પૃથક્કરણ, વર્તમાન જાગૃતતા, જેવી સેવાઓનો સમાવેશ થાય છે.

### 12.8.4 દસ્તાવેજ/પુરાવા પહોંચાડવાના કાર્યો (Document Delivery Services)

ગ્રંથાલયો આંતર ગ્રંથાલય ધિરાણ અને દસ્તાવેજ પહોંચાડવાના કાર્ય પર આધારિત હોય છે. કે જેનાથી તેઓ પોતાના સંગ્રહનાં ન હોય તેવા સંશોધન લેખોની વપરાશકર્તાની માંગને સંતોષી શકે, ગ્રંથાલયો બીજા ગ્રંથાલયો સાથે સુસંયોજીત થઈ પોતાના વપરાશકર્તાને સારી સેવા પૂરી પાડે છે. ગ્રંથાલય નેટવર્ક સભ્ય ગ્રંથાલયોને પહોંચાડવાનાં કાર્ય જેવી એક સેવા પૂરી પાડે છે. ગ્રંથાલય નેટવર્ક દસ્તાવેજ નેટવર્ક સેવા, સામાન્ય લેખો, કે જેઓ સહેલાઈથી સભ્ય ગ્રંથાલય પાસે પ્રાપ્ત હોય તેવી માહિતીનો વિકાસ કરે છે. ભારતમાં ઇન્ડેસ્ટ સંયોજન ઉદા. તરીકે જેગેટ સંયોજીત જથ્થો 4500 પ્રાપ્ય સામયિકનો જથ્થો IITS, IISC અને IIM ને આપમેળે પૂરો પાડે છે. આ ઉપારંત IISC, IIT, અને IIM સરળતાથી JCCC બીજા સભ્યોને ઇન્ડેસ્ટમાં સંયોજીત કરે છે.

### 12.8.5 આંતર ગ્રંથાલય ધિરાણ (Inter Library Loan)

ગ્રંથાલયમાં સ્રોતોનો સંગ્રહ વિસ્તૃત સ્વરૂપે બે જૂથમાં કરવામાં આવે છે. જેમ કે એક જૂથ જેમાં સંસ્થાને રસ હોય અને બીજું જે વપરાશકર્તાને રસ હોય. આર્થિક મર્યાદાને કારણે ગ્રંથાલયનું કાર્ય નિશ્ચિત ક્ષેત્રની આસપાસ રહે છે. અને આંતરિક ગ્રંથાલયનાં ધિરાણ કોઈપણ ગ્રંથાલય તેનાં વપરાશકર્તાનાં રસનાં ક્ષેત્રની આસપાસ રહે છે અને તેની જરૂરિયાતને સંતોષે છે.

સાહિત્ય વહેંચણીની પ્રાથમિક વ્યવસ્થા સદીઓથી અમલમાં છે. જે ગ્રંથાલયો વચ્ચે સાહિત્ય વહેંચણી તેમજ ઉછીનું લેવાની પદ્ધતિથી ચાલતું હતું. અને તેણે આંતરિક લાયબ્રેરી ધિરાણનો સમાવેશ કર્યો છે. ઔપચારિક અને અનૌપચારિક રીતે સ્રોત વહેંચણી ગ્રંથાલયને વિપુલ પ્રમાણમાં સેવા કરવાની તક પુરી પાડે છે. ગ્રંથાલય નેટવર્ક તેનાં સામુહિક પત્રક પુસ્તકનાં અને સામયિકનાં આંતર ગ્રંથાલય ધિરાણ પુરું પાડે છે. આવાં નેટવર્ક સભ્ય ગ્રંથાલયોની પુસ્તકની પ્રાપ્યતા તેને પરત કરવાની સુવિધા જોઈ તેને આંતરીક ધિરાણ પુરું પાડે છે. ગ્રંથાલય નેટવર્કમાં વિશિષ્ટ હેતુ તરીકે કર્મચારી તાલીમ, ખેપિયાની સેવા, અને વાહન-વ્યવહારની સેવા પુરી પાડવાનો છે.

પ્રદ્યોગિકીનો વિકાસ ઐતિહાસિક દસ્તાવેજની વહેંચણી તેમજ યાંત્રિક વહેંચણી દ્વારા સ્રોત વહેંચણીને નવી ક્ષિતિજ પુરી પાડે છે. ઘણા યાંત્રિક પ્રકાશકો ગ્રંથાલય ગ્રાહકોની વિનંતીને ધ્યાનમાં રાખી કાગળ પર છાપ રાખી આંતર ગ્રંથાલય ધિરાણ

પુરું પાડે છે. સંપૂર્ણ સ્વયંસંચાલિત આંતરિક લાયબ્રેરી ધિરાણ અને દસ્તાવેજ પહોંચાડવાની યોજના VDX અને એરીયલ જેવી વપરાશકર્તાને ગ્રંથાલય વચ્ચે સ્રોત વહેંચણી અને સીધા જ દસ્તાવેજ પ્રાપ્ત થાય તેવી સુવિધા પુરી પાડે છે.

### 12.8.6 યાંત્રિક સંદર્ભોની વહેંચણી (Shared Electronic Reference / Real-time Reference Services)

યાંત્રિક સંદર્ભ સેવા / જીવન સંદર્ભ સેવા ગ્રંથાલય નેટવર્ક દ્વારા પુરી પાડવામાં આવે છે. યાંત્રિક સંદર્ભ સેવા અને તેને "નિષ્ણાંતને પૂછો" અથવા "ગ્રંથપાલને પૂછો" પણ કહી શકાય છે. જે આખી ઈન્ટરનેટ આધારિત સેવા છે, આ દ્વારા વપરાશકર્તા પોતાના ચોક્કસ વિષયનું પ્રશ્ન જવાબ અને કૌશલ્યો યોગ્ય શોધ દ્વારા પ્રાપ્ત થાય છે. આંકડાકીય વેબ પેજની વિરુદ્ધમાં, યાંત્રિક સંદર્ભ સેવા લોકોને જોડવા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. કે જેનાંથી લોકોને ચોક્કસ પ્રશ્નોનાં જવાબ મળે છે અને વપરાશકર્તા ને કૌશલ્ય વિકાસની સૂચના મળે છે. જે લોકો યાંત્રિક સંદર્ભ નિષ્ણાંત તરીકે ઓળખાય છે. તેઓ મોટા ભાગનાં સમયમાં માહિતી નિષ્ણાંત તરીકે વિવિધ ગ્રંથાલયમાં કામ કરે છે.

"ગ્રંથપાલ ને પૂછો" ની સેવામાં વેબ આધારિત પ્રશ્નોનું ઉમેરણ અથવા ઈ-મેલનું સરનામું અથવા બંને વસ્તુની પ્રાપ્યતા ગ્રંથાલય નેટવર્ક દ્વારા કરવામાં આવી હોય છે. આમા પત્રકનો ઉપયોગ કરી વપરાશકર્તા પ્રશ્નોને ઉમેરી શકે. એકવાર આ સેવા દ્વારા પ્રશ્ન વંચાય જાય, તે નિષ્ણાંત વ્યક્તિ જવાબ આપવા ચોક્કસ થઈ જાય. નિષ્ણાંતને પ્રશ્નનાં જવાબો વાસ્તવિક માહિતી અથવા માહિતી સ્રોતની સૂચિમાંથી પ્રાપ્ત થાય છે. વપરાશકર્તાને તેનો જવાબ તેના ઈ-મેલ ખાતામાંથી અથવા વેબ દ્વારા મળે છે. ઘણી સેવાઓને માહિતીપ્રધાન વેબસાઈટ હોય છે કે જેમાં પ્રશ્ન અને જવાબનાં ગ્રંથો હોય છે. વપરાશકર્તા સામાન્ય રીતે ગ્રંથને વાંચી પ્રશ્ન જમા કરાવ્યા પહેલાં પૂરતી માહિતી મેળવવા પ્રોત્સાહિત થાય છે. ઘણા બધા ગ્રંથાલય સંચારોએ વાસ્તવિક યાંત્રિક સંદર્ભ સેવાની સાથે જીવંત પ્રત્યાયન, પ્રત્યાયન પ્રવૃત્તિઓ, સમાચાર ફલક સેવા ગ્રાહક આદાન પ્રદાન સેવાની પણ શરૂઆત કરી છે. ઈન્ટરનેટ પ્રત્યાયન પ્રદ્યોગિકી પરંપરાગત અને ઘટના વિસ્તારની સંદર્ભ સેવા માહિતી પહોંચાડવાની પદ્ધતિથી જુદી છે. ઈન્ટરનેટ વાતચીત સંદર્ભ ગ્રંથપાલ અને વપરાશકર્તા વચ્ચે વાતચીતનાં સમકાલીન લાભો પૂરા પાડે છે. આદાન પ્રદાન સંદર્ભ દ્વારા વપરાશકર્તા વિશ્વનાં ગમે તે ખૂણેથી ગમે તે સમયે રાત્રે કે દિવસે વાસ્તવિક જીવનં સંદર્ભો વિશે ગ્રંથપાલ સાથે વાતચીત કરી શકે છે. આ ઉપરાંત ઈ-મેલ સંદેશા દ્વારા ગ્રંથપાલ વપરાશકર્તાની જીજ્ઞાસા સંતોષી શકે છે. ગ્રંથપાલ તેના વપરાશકર્તા પાસે તેનાં દ્વારા પૂછવામાં આવેલી માહિતીનો જવાબ યોગ્ય આપ્યો છે કે નહિ તેમજ તેને આ સેવાનો સંતોષ છે તેવાં પ્રત્યાઘાત પત્રકો પણ ભરાવી શકે છે. વર્તમાન સમયમાં ઘણાં ગ્રંથાલયો ગ્રંથાલય નેટવર્કનાં જોડાણ થકી વાસ્તવિક સંદર્ભોની વહેંચણી, કર્મચારી વહેંચણી અને સંદર્ભ સેવા ગમે તે સમયે પુરી પાડે છે. કોંગ્રેસ સંગઠિત ગ્રંથાલય યાંત્રિક સંદર્ભ સેવાનું જ એક ઉદા. છે. ઘણી સંસ્થાઓ કોર્નલ મહાવિદ્યાલય, ઈન્ટરનેટ પબ્લીક ગ્રંથાલય, મીશીગન રાજ્ય વિશ્વવિદ્યાલય નોર્થ કેરલીના મહાવિદ્યાલય, લાઈવ પર્સન, AOI ઈન્ટરનેટ મેસેન્જર કોન્ફરન્સ રૂમ અને નેટસ્કેપ જેવાં સોફ્ટવેરો દ્વારા ઈન્ટરનેટ પ્રત્યાયન પુરું પાડે છે. ગ્રંથાલયો એ નિરીક્ષણ કરેલ છે કે તેની નવી પ્રત્યાયનની સેવા સંતોષકારક રીતે ઘણાં પ્રશ્નોનાં જવાબ ટૂંકા સમયમાં આપે છે.

### 12.8.7 સંગ્રહિત સ્ત્રોતોનું સંપાદન (Collective Acquisition of Resources)

ગ્રંથાલય નેટવર્કનો હેતુ સભ્ય ગ્રંથાલયોને સંગ્રહિત સ્રોતોની વહેંચણી કરવાનો છે. જ્યારે અસ્તિત્વ ધરાવતા સ્રોતોની આંતર ગ્રંથાલય ધિરાણ દ્વારા વહેંચણી કરવામાં આવે છે ત્યારે કેન્દ્રિય સ્રોત સંપાદન અને સ્વૈચ્છિક સંપાદનનો લાભ મેળવી શકે છે. જ્યારે ઘણી બધી નકલોનો ઉપયોગ કરવાનો હોય ત્યારે તે વળતર સ્વરૂપે મળે છે. આથી ખર્ચાળ સ્રોતનો દૂર કરી શકીએ. ગ્રંથાલય નેટવર્ક દ્વારા

થયેલું સ્રોતોનું સામુહિક સંપાદન માત્ર પ્રત્યાપર્ણ જ નથી લાવતું. પણ મોટા જોડાણનું વચન લાવે છે. સંયુક્ત જોડાણ માહિતી સ્રોતોની વહેંચણી પૂરી પાડે છે. જથ્થાને સુધારવાનું સરસ નિરાકરણ અને શિક્ષણનાં સંશોધનનાં જરૂરી સ્રોતો સહેલાઈથી મળી જાય તેવી સેવા પૂરી પાડે છે.

સંયુક્ત રીતે પ્રાપ્ત થયેલી ક્રિયામાં આપણે આ પ્રાપ્ત કરી શકીએ છીએ.

1. પૂર્વ આદેશ શોધ

2.નવા ઐતિહાસિક સાહિત્યનું જોડાણ OPAC ની મદદ છે

3. ખાતાની જાળવણી

4. વહેંચણી કરવાની ફાઈલ સરનામા જાળવણી

5. પુસ્તકની ઘણી નકલોની ખરીદી

6. દસ્તાવેજની માહિતીનું પરીવર્તન

### 12.8.8 સુસંયોજીત ખરીદી (Consortium Purchase)

સંયોજન વધારે ઇ-સ્રોતોનું ઉમેરણ એ ઓછી કિંમતે ઇસ્રોતોને ભેળવવાની પ્રક્રિયા છે. આ સંસ્થાઓમાં યાત્રિક સ્રોતો સરળતાથી અને સસ્તી કિંમતે મળે તેની એક વ્યુહરચના છે. સંયોજનનાં આધારે થયેલા જોડાણથી નિર્ધારીત રકમ વધારે છે, વપરાશકર્તાની માંગ વધારે છે, સામયિકનો ભાવ વધારે છે. વિશ્વભરમાં આવેલા ગ્રંથાલયો સંયોજનનું આયોજન કરે છે. જેનાંથી દરેક સ્તરે તેઓ તેના હેતુઓને પુરા કરી શકે. અને માહિતી લેનારાઓ ઓછા ખર્ચે અસરકારક રીતે ન્યૂનતમ માહિતી પુરી પાડી શકે. સંયોજનનાં સભ્યોની સામુહિક શક્તિ ગ્રંથાલયોના યાંત્રિક સ્રોતોને વ્યાજબી ભાવે વિપુલ લાભ સારી શરતોથી મળે તેવી સુવિધા કરે છે. તદ્ઉપરાંત ટેક્નોલોજીએ સંશોધકોની અપેક્ષામાં પરિવર્તન લાવ્યું છે. સંયોજનની સેવા ગ્રંથાલય નેટવર્કને આ રીતે મદદ કરે છે.

- સભ્ય સંસ્થાઓના જોડાણથી ખર્ચનો નફો વધારવો.
- ભંડોળનો સામુહિક ઉપયોગ
- ગ્રાહકના જોડાણને સતત અને લાંબા સમય સુધી રાખવું.
- સ્થાનિક સંગ્રહ અને માહિતી સ્રોતોને પુરા પાડવાની તક
- સ્થાનિક નિષ્ણાંતને માહિતી સ્રોતો સાથે જોડાણ અને વિકાસની તક
- સંસ્થાને સામુહિક રસથી ઇ-સ્રોતોની સંયોજીત ખરીદી તે પણ ઓછી કિંમતે
- સભ્ય સંસ્થાઓને સુધારેલા નવા-નવા સ્રોતો પુરા પાડવા.

### 12.8.9 પુરાલેખ અને સંયોજીત સંગ્રહ સુવિધાઓનું જોડાણ (Joint Archives and Co-Operative Storage Facilities)

વર્તમાન સમયમાં સામુહિક સંગ્રહની તરાહ છે કે જેનાંથી ગ્રંથાલયનાં સંઘો સુવિધાવાળી નિયંત્રિત યોજના દ્વારા આધુનિક સેવા પુરી પાડે છે. આવી રીતે સંગ્રહ થયેલ સાહિત્ય સંશોધન માટે મહત્ત્વનું સાબિત થાય છે. પરંતુ કેટલીક વખત તે ચોક્કસ ક્ષેત્ર પર કામ નથી આવતું. દસ્તાવેજોની વહેંચણીથી સામુહિક સંગ્રહનો ખ્યાલ વિકસ્યો છે. ત્યારબાદ દસ્તાવેજોની ઘણી બધી નકલોનો નાના પાયે સંગ્રહ થતો હતો. અંતરાય સંગ્રહ સુવિધા ખૂબ જ સરસ સંગ્રહ સેવા છે. કારણ કે તે વપરાશકર્તાની ગેરહાજરીમાં પણ સરળતમ રીતે નિયંત્રિત થયેલી હોય છે. સામુહિક સંગ્રહ સુવિધામાં તિજોરીની જરૂર પડતી નથી. આ એક ક્રિયાન્વિત સુવિધા છે જે સ્વયં - સંચાલિત છે અને તે ખૂબ ખર્ચાળ સાહિત્ય ને આસાનીથી ઉપલબ્ધ કરાવે છે અને વ્યક્તિગત સંપાદનનું કામ સરળ કરે છે.

આ ઉપરાંત છાપેલા દસ્તાવેજોને ગ્રંથાલય નેટવર્કનાં સભ્યો તેના કોમ્પ્યુટરમાં સંગ્રહ કરી શકે. અને તેનો પુરાલેખ બનાવી ઉપયોગ કરે તે તેનાં સભ્યોને સહેલાઈથી

પ્રાપ્ત થઈ શકે છે. ગ્રંથાલય નેટવર્કના સભ્યોને પુરાલેખ નકલ ગોઠવવાની સુવિધા પણ પ્રાપ્ત થાય છે. ગ્રંથાલય નેટવર્કમાં સભ્યો યાંત્રિક દસ્તાવેજોને વિભાજીત કરવાની જવાબદારી પણ નિભાવે છે.

**12.8.10 મુખ્ય સંગ્રહની વહેંચણી (Shared Core Collections)**

યાંત્રિક સ્રોતો અને ઐતિહાસિક માહિતીના સંગ્રહ ઉપરાંત ગ્રંથાલય નેટવર્ક સામયિકના ગ્રંથો અને ખર્ચાળ સંદર્ભ સ્રોતોની ખરીદીમાં પણ રોકાણ કરી શકે. સ્થાનિક સ્તરે સરળતા ખાતર ઘણા બધા પ્રકાશકોએ જેવા કે એસ્સીવર વિજ્ઞાન, વિલી ઈન્ટર વિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર સંસ્થા અને મિકમિલને તેના યાંત્રિક દસ્તાવેજોને ઈન્ટરનેટ પર મૂક્યાં છે. વિલી અને ક્લુવેરે ગ્રંથાલય નેટવર્કનાં સભ્યો માટે ઈ-બુક મુકી છે. આ સભ્યો ચોક્કસ સંખ્યામાં ઈ-બુકની ખરીદી કરી શકે છે અને બધા સભ્યો ઈ-બુકની ચર્ચા કરી શકે છે.

**12.8.11 આધુનિક ગ્રંથાલય યોજના વિકાસની વહેંચણી (Shared Digital Library Project Development)**

ગ્રંથાલય નેટવર્ક ગ્રંથાલય યોજનાની વહેંચણી સુધી તેની પ્રવૃત્તિ વિસ્તારી શકે. ગ્રંથાલય નેટવર્ક દ્વારા કરવામાં આવતી મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

- સંશોધન અને ગ્રંથોનાં યાંત્રિક જોડાણની વ્યવસ્થા.
- નેટવર્કનાં સભ્યો માટે યાંત્રિક છાપેલું સર્વર
- સામયિક અને બીજા શ્રેણી પ્રકાશનનું વેબ આધારિત સામુહિક પત્રક
- બુક નું વેબ આધારિત સામુહિક પત્રક
- યાંત્રિક સ્રોતોનું ઈન્ટરનેટ આધારિત સામુહિક પત્રક

ગ્રંથાલય સંચારની સભ્ય સંસ્થા યાંત્રિક, છાપકામની સેવા પુરી પાડે છે કે જેથી યાંત્રિક ગ્રંથો, સંશોધનો, સંશોધન સાહિત્ય પ્રદ્યોગિકી અને સંશોધન અહેવાલ અને સમાન, સંશોધન સાહિત્ય સસ્તા દરે પ્રાપ્ત થાય છે. સંસ્થાઓને યાંત્રિક સંગ્રહ માટે OAI સોફ્ટવેરનો ઉપયોગ કરવાનું સૂચવવામાં આવે છે. ઘણા OAI સોફ્ટવેરો જાહેર સ્થળોએ ઉપલબ્ધ થાય છે. કેટલાંક મહત્ત્વનાં OAI સોફ્ટવેર જેમાં ડી-સ્પેસ, આધુનિક છાપ રૂપરેખા, સીડી સ્વેર વગેરેનો સમાવેશ થાય છે. ઈગ્નોમુ OAI માટે સંયોજન યોજવાનું નક્કી કર્યું છે. ખુલ્લી રૂપરેખા દ્વારા વેબ દ્વારા સહેલાઈથી તિજોરી, માહિતી સ્રોતોના આદાન-પ્રદાન પ્રકાશિત કાર્ય, પુરાલેખનું કામ સરળ બને છે.

આ ઉપરાંત જ્યારે કોઈ વ્યક્તિગત સંસ્થા ગ્રંથાલય સંચારમાં યાંત્રિક તિજોરી ગોઠવે છે. અને યાંત્રિક પ્રકાશક તરીકે કાર્ય કરે છે. ત્યારે ગ્રંતાલય સંચાર સેવા પુરી પાડનારની ભૂમિકા ભજવે છે. ઉદા.ત. તે OAI સંસ્થાની તિજોરીમાંથી ઐતિહાસિક માહિતી મેળવે છે. અને ત્યારબાદ સભ્ય સંસ્થાઓને તે માહિતીની સૂચિ બનાવી પહોંચાડે છે. આની અસરરૂપે આ સર્વરો સભ્ય સંસ્થાઓને આધુનિક ગ્રંથાલયોની માહિતી પહોંચાડે છે.

**12.8.12 વપરાશકર્તા અને ગ્રંથાલય કર્મચારી માટેની તાલીમ (Training of Users and Library Staff)**

તાલીમ કાર્યક્રમ દ્વારા સમાવેલા યાંત્રિક સ્ત્રોતોનો વધારેમાં વધારે લાભ મેળવી શકાય તે માટે જરૂર છે. આ એક સેતું જેવું કાર્ય કરે છે કે જે ગ્રંથાલય સંચારનાં સભ્યો વચ્ચે પરસ્પર પ્રત્યાયન કરાવે છે. અને તેઓ સામાન્ય સવાલનાં જવાબ પ્રાપ્ત કરી શકે છે. શૈક્ષણિક કાર્યક્રમ ઉપયોગકર્તા તેમજ ગ્રંથાલય કર્મચારીઓ બંને માટે જરૂરી છે. આવા કાર્યક્રમો વપરાશકર્તાને પહેલાની શોધ માટે અસરકારક બનાવે છે. "નોકરી પર" તાલીમ કાર્યક્રમ માત્ર એટલા માટે સારો નથી કે તેનો ઉપયોગ વધારે પ્રમાણમાં વપરાશકર્તા કરે છે. પરંતુ આ દ્વારા સ્થાનિક પ્રદ્યોગિકીની સમસ્યાઓનું સમાધાન થાય છે. કે જે માત્ર નિષ્ણાંત જ કરી શકે.

### 12.8.13 સભ્ય સંસ્થાઓને પ્રદ્યોગિકીનો ટેકો (Technology Support to Member Institutions)

ગ્રંથાલયો માટે આજે મુખ્ય પડકાર એ છે કે બજારમાં ઘણા બધા પ્રદ્યોગિકી કાર્યક્રમ છે તેમાંથી યોગ્ય પ્રદ્યોગિકીની પસંદગી કરવી. બધા ગ્રંથાલયો નવી પ્રદ્યોગિકીનાં અમલીકરણ માટે નિષ્ણાંતની સલાહ લે છે.

ખુલ્લી પદ્ધતિ અને સિદ્ધાંતો આવશ્યક્તાઓને ધોરણો દ્વારા વધારે છે. અસ્તિત્વ ધરાવતી ગ્રંથાલય પદ્ધતિ કે જે સામાન્ય રીતે માલિકીની પદ્ધતિ હોય છે. તેમાં વિકસિત ખુલ્લી પદ્ધતિનાં બંધારણને પહોંચી વળવાની ક્ષમતા નથી હોતી. ઘણી વખત સ્થાનિક ગ્રંથાલય પદ્ધતિ વિકાસ અને બીજા ગ્રંથાલયોનું સામુહિક નિરાકરણ વચ્ચે સંતુલન કરવું અઘરું બની જાય છે. તેમ છતાં ઘણા ગ્રંથાલયો પરંપરાગત પોતાની માલિકીનાં સિદ્ધાંતો પર કામ કરે છે, આમાં કામ કરતી વખતે સમસ્યાનું નિરાકરણ કરવું અને બીજી સેવાઓ સાથે સહેલાઈથી જોડાવું એ જરૂરી હોય છે કે જેમાં વ્યવસાયિક સેવાઓનો સમાવેશ થાય છે. હવે સોફ્ટવેર અને પદ્ધતિ બજારોમાં પણ ઉપલબ્ધ છે.

### 12.8.14 સભ્યો વચ્ચે પ્રત્યાયન સેવા (Communication Services Amongs + Members)

સભ્યો વચ્ચે સતત પ્રત્યાયન એ એક જીવનહાર જેવું ગણાય છે. અસરકારક પ્રત્યાયન સભ્યોને સંગઠન, ગ્રંથાલય સંચારમાં વચન અને સામુહિક દૃષ્ટિ કેળવવામાં મદદરૂપ બને છે. સતત પ્રત્યાયન સભ્યોના જોડાણ સંયોજન, યોજના અને એક સંઘ બનાવવા જરૂરી છે. ગ્રંથાલય સંચાર નીચેના માધ્યમોનો ઉપયોગ કરી પ્રત્યાયનને જન્મ આપે છે.

**યાદી / સંદેશા યાદી :**

યાંત્રિક યાદી એક એવી બાબત છે કે જે ગ્રુપનાં લોકોને યાંત્રિક સંદેશો મોકલી પ્રત્યાયન કરી શકો છો. સંદેશા યાદી ગ્રંથાલય સંચારના સભ્યો વચ્ચે અસરકારક પ્રત્યાયનની સુવિધા પુરી પાડે છે.

**વેબસાઈટ**

ગ્રંથાલય સંચારમાં વેબસાઈટની જાળવણી પ્રત્યાયનની સેવા અને સુવિધા પૂરી પાડે છે. અલબત્ત તેને દરરોજ તપાસી લેવી.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

(2) ગ્રંથાલય અને માહિતી સંચારના જુદા જુદા ઘટકો કયાં છે ? કોઈ સંચાર માટે માનવીય પાસું શા માટે મહત્ત્વનું છે ?

(3) ગ્રંથાલય અને માહિતી સંચારની પ્રવૃત્તિ અને સેવાનાં આધારે તેનાં પ્રકારો જણાવો.

(4) ગ્રંથાલય અને માહિતી સંચારની મુખ્ય પાંચ સેવાઓ જણાવો.

નોંધ : (1) તમારો જવાબ આપેલી જગ્યામાં લખો.

(2) એકમનાં અંતે આપેલ જવાબ સાથે તમારો જવાબ તપાસો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 12.9 આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્રંથાલય નેટવર્ક (LIBRARY NETWORKS AT INTERNATIONAL LEVEL)

### 12.9.1 ઓન લાઈન કોમ્પ્યુટર સાહિત્ય કેન્દ્ર (OCLC) (Online Computer Literary Centre (OCLC))

ચાલુ લાઈન કોમ્પ્યુટર કેન્દ્ર એ વિશ્વની માહિતી સસ્તી કિંમતે પ્રાપ્ત થાય તે હેતુને આધારે સ્થપાયેલી એક નફો ન કરનારી સંસ્થા છે, જે સભ્યો, સેવા અને સંશોધનને આધારે જ ચાલે છે. ઓસીએલસીના સભ્યોમાં પ્રાથમિકતાથી જે ગ્રંથાલયોનું ઓસીએલસીનું સાહિત્ય, ઉત્પાદક વસ્તુ અને સેવાની વપરાશ કરતી હોય તે હોઈ શકે. સંશોધકો, વિદ્યાર્થીઓ, સંશોધકો વિષય નિષ્ણાંતો, વ્યવસાયિક ગ્રંથપાલો, ઐતિહાસિક, માહિતી ગ્રંથો અને બધી જ અન્ય માહિતીઓ માટે ગ્રંથાલયો દ્વારા આ સેવાનો ઉપયોગ કરે છે. વિશ્વમાં ઓસીએલસી પત્રક અને સ્રોત વહેંચણી સેવા સૌથી વધારે વપરાતી સેવા છે. ઓસીએલસી માહિતીનાં ઉદ્યોગમાં કલાકોને જોડનારી સૌથી પ્રથમ સેવા છે. ઓસીએલસીની ઐતિહાસિક માહિતી વર્લ્ડ કેટ (ઓસીએલસી સામુહિક પત્રક) ઉચ્ચ શિક્ષણ માટે ખૂબ જરૂરી છે.

ઓસીએલસી અને તેની સભ્ય ગ્રંથાલય સંસ્થા, વર્લ્ડકેટ પુસ્તકનાં સામુહિક સંગઠન પત્રક પ્રકાશિત કરે છે. અને તેની જાળવણી કરે છે જે તેની સભા-સંસ્થામાં ઉપલબ્ધ હોય છે. ઓસીએલસીનાં સભ્યો વિશાળ કક્ષાની માહિતી અને સેવા પણ મેળવી શકે છે. જેમાં વર્લ્ડકેટનો સમાવેશ થાય છે. ઓસીએલસી એ વિશ્વનું વિશાળ ગ્રંથાલય સંચાર છે.

**OCLC નો ઈતિહાસ :** 1967માં ઓહિયો રાજ્યની મહાવિદ્યાલય અને કોલેજનાં પ્રમુખે ઓહિયો કોલેજ ગ્રંથાલય સંચારની સ્થાપના કરી અને તેમાં શૈક્ષણિક સંસ્થા ઓછા ખર્ચે સ્રોતની વહેંચણી કરી શકે તે હેતુથી કોમ્પ્યુટરીકૃત સેવાની શરૂઆત કરી. ઓહિયો રાજ્ય મહાવિદ્યાલયનાં મુખ્ય ગ્રંથાલયની પાંચ ઓફિસો હતી. શ્રીમાન ફેડરીક જી. કિલગોર ઓસીએલસીનાં પ્રથમ પ્રમુખ હતા કે જેણે ઓસીએલસીની 54 ઓહિયો કોલેજનાં ગ્રંથાલયમાં કોમ્પ્યુટીકૃત સેવા આંતરરાષ્ટ્રીય સંચારમાં કરી હતી. ઓસીએલસીનો મુખ્ય હેતુ તેના લેખમાં મુકવામાં આવેલ છે. ગ્રંથાલય વપરાશકર્તા અને ગ્રંથાલયોને ઉત્પાદનમાં લાભ થાય, તેની જાળવણી યોગ્ય રીતે થાય, ગ્રંથાલય પોતાની સંભાળ જાતે કરી શકે તે હેતુથી અને કોમ્પ્યુટરીકૃત ગ્રંથાલય સંચાર અને ક્રાંતિનો આવિષ્કાર થાય તે હેતુથી સ્થાપવામાં આવેલ છે."

1977માં ઓસીએલસી તેની નીતિમાં ફેરફાર કર્યો તે મુજબ ઓહિયોની બહારનાં ગ્રંથાલયો પણ તેનું સભ્યપદ લઈ શકે છે અને તેનાં બંધારણમાં ભાગ લઈ શકે છે. 1981માં ઓહિયો કોલેજ ગ્રંથાલય કેન્દ્ર OCLC બન્યું. પરંતુ આ સંસ્થાનું યોગ્ય નામ ચાલુ લાઈન ગ્રંથાલય કેન્દ્ર રાખવામાં આવ્યું.

### 12.9.1.2 સભ્યપદ

વિશ્વભરમાં 50,540 ગ્રંથાલયો અને 84 દેશો કરતાં વધારે ઓસીએલસીનાં સભ્યો છે.

**શાસનતંત્ર :** OCLC નાં શાસન બંધારણમાં સભ્યો અને સભ્ય શાસન, સભ્ય યુનિયન અને ટ્રસ્ટીનો સમાવેશ થાય છે. OCLC નાં સભ્યોને સભ્ય યુનિયનના નેતાને ચૂંટવાની સત્તા છે. OCLC નો કોઈપણ સભ્ય તેના નેતાની બલિદાન અને સેવાની ભાવનાને આધારે સભ્ય યુનમિયનનાં નેતાને નક્કી કરી શકે. સભ્યોનું યુનિયન 60 સભ્યો અને 6 આંતરરાષ્ટ્રીય સભ્યો હોય છે, જે સભ્ય સંસ્થાઓને લાયક સેવાઓ પુરી પાડવામાં રસ લે છે. ઘણા પ્રકારનાં પ્રતિનિધિઓ સભ્ય યુનિયન માટે ઘણી બધી યોજનાઓ લઈને આવે છે. 15 સભ્યોનું ટ્રસ્ટીમંડળ તેના પ્રમુખને નીમે છે. અને 8 સભ્યોનો ટ્રસ્ટીમંડળમાં સમાવેશ થાય છે.

**સેવાઓ :** OCLC ઘણી બધી પેદાશ અને સેવાઓ આપે છે, જે નીચે મુજબ છે.

**વર્લ્ડ કેટ :** વર્લ્ડ કેટ એ વૈશ્વિક સામુહિક પત્રકનું સર્જન અને સંચાલન કરે છે. જે 9000 સભ્ય સંસ્થા અને 84 દેશોમાંથી પ્રસ્તુત થયેલ 100 ભાષા અને સંસ્કૃતિનું સર્જન છે. ઐતિહાસિક અને માલિકી માહિતીમાંથી પ્રાપ્ત થયેલા લાખો સાહિત્યને ગ્રંથાલયો વચ્ચે વહેંચે છે, આ એક વિશાળ માહિતી સંચાર છે. ઓસીએલસી સેવાનું વર્લ્ડકેટ મુખ્ય સંસ્થા તરીકે કાર્ય કરે છે જે ગ્રંથાલયનો, પ્રક્રિયા સંચાલન અને સ્રોત વહેંચણીની સુવિધાઓ પુરી પાડે છે.

વર્લ્ડકેટનાં પત્રકમાં હજારો વર્ષોની માહિતી ભરેલી હોય છે. આ માહિતીમાં પથ્થર, દવા, યાંત્રિક પુસ્તક, મીણ, એમપી3, ડીવીડી અને વેબસાઈટને લગતી હોય છે. વસ્તુ શારીરિક અથવા યાંત્રિક પ્રખ્યાત અથવા એકોત્તરી તેની બધી જ માહિતી પત્રકનાં સભ્યો દ્વારા ઓસીએલસીનાં સિદ્ધાંતો અને ગુણવત્તા નિયમનનાં આધારે સચવાયેલી હોય છે.

ઓસીએલસી પત્રક માટે ઘણા સાધનોની સેવા પૂરી પાડે છે. જેમાં જોડાણ, પ્રોમ્ટકેટ અને કેટ એક્સપ્રેસનો સમાવેશ થાય છે કે જેનાંથી ગ્રંથપાલો અસલી પત્રકની નકલ છાપી શકે. વર્લ્ડકેટ બંધારણ અને OCLC અસંખ્ય સંપૂર્ણ સેવાઓ પૂરી પાડે છે. જેમાં ઓનલાઈન પત્રક, પત્રક કોપી, માર્સ નોંધણી, સંગ્રહ, ઓફલાઈન પત્રલ OCLC પત્રક.

**નેટગ્રંથાલય :** OCLC ની નેટ ગ્રંથાલય દ્વારા વિશ્વભરમાંથી વિશ્વભરનાં પ્રકાશકોનાં યાંત્રિક પુસ્તકો મેળવી શકો છો. વિશ્વમાંથી 12,000 કરતાં વધારે ગ્રંથાલયો નેટગ્રંથાલયનાં જોડાયેલા હશે. નેટગ્રંથાલયનું વધતું જતું આલેખ અને સંદર્ભ સાહિત્યના સ્રોતથી હજારો વિષયોનાં ક્ષેત્રમાં તમે સરળતાથી પ્રક્રિયા કરી શકો છો. અને ઉપયોગી માહિતી મેળવી શકો છો.

કદ અને સમયમાં પ્રથમ શોધની અંદર વ્યક્તિગત - માહિતી આધારોમાં વિવિધતા જોવા મળે, પરંતુ તે 1980થી ચાલે છે. પ્રથમશોધ સુવિધા મુખ્ય શોધના સિમ્પલ કાર્યક્રમ દ્વારા અસંખ્ય શોધ કરે છે. પ્રથમશોધ સેવા દ્વારા યાંત્રિક સામાયિક સંગ્રહમાંથી લેખની પૂર્મ છાપ, કાઢી શકીએષ અને વ્યવહાર કરી શકીએ છીએ. ગ્રાહકોને ઉપલબ્ધ ન થતા લેખો માટે તે પ્રથમ શોધ દ્વારા પોતાની વસ્તુની નોંધ પણ કરાવી શકે છે.

**પ્રશ્નાર્થ મુદ્દો : સુગંઠિત વાસ્તવિક સંદર્ભ સેવા :** કોગ્રેસ ગ્રંથાલય અને OCLC નો સામુહિક યોજના સંદર્ભ સાહિત્યમાંથી 7,000 કરતાં વધારે પ્રશ્ન અને જવાબનું બંધારણ કર્યું છે. તેના ગ્રંથો 10 ભાષાઓમાં ઉપલબ્ધ અને તે 1,000 ગ્રંથાલય અને 20 દેશો કરતાં વધારેમાં વપરાય છે. પ્રશ્ન મુદ્દો ગ્રંથાલયનો વ્યક્તિગત અને ઓનલાઈન લેવડદેવડમાં મદદ કરે છે. પ્રશ્ન મુદ્દા શક્તિશાળી બંધારણ સાધન છે. જે ગ્રંથાલયોને પ્રશ્ન આયોજન અને સ્થાનિક, રાજકીય કે રાષ્ટ્રીય ક્ષેત્રે વ્યવસ્થા કરવામાં મદદ કરે છે. તે આંકડાકીય અહેવાલો પુરા પાડે છે. જેના વપરાશકર્તાની દરખાસ્તો પુરી કરી તેને વધુ સંતોષ આપી શકાય છે. ઓસીએલસી પ્રશ્ન મુદ્દો ગ્રંથાલયની વેબસાઈટમાં મુકી શકાય છે. જેથી ગુણવત્તાવાળું સંદર્ભ સાહિત્ય દિવસમાં કોઈપણ સમયે પ્રાપ્ત થઈ શકે. વપરાશકર્તા ચાલુ લાઈને ગુણવત્તાવાળી ચાલુ લાઈન સંદર્ભ ઇ-મેલ મેળવી શકે છે. પ્રશ્ન મુદ્દો તેના નિરાકરણની પણ વહેંચણી કરે છે કે જે સાવચેત પ્રક્રિયા વપરાશકર્તાનાં કોમ્પ્યુટરમાં પુરી પાડે છે. વપરાશકર્તા અત્યાધુનિક ગ્રંથો, સંદર્ભ સ્રોતો, ઔદ્યોગિક અને આર્થિક સ્રોતો સારા વેચાણ ધરાવતા પુસ્તકો અને ઘણું બધું મેળવી શકે છે. નેટગ્રંથાલય વિશ્વનાં અગ્રેસર પ્રકાશકો સાથે કામ કરે છે કે જેથી ઘણા સ્રોતો પુરા પાડી શકે. જેમાં વિદેશી ભાષાનાં સંગ્રહો માહિતીઓ, પત્રકો અને ઓડિયો પુસ્તકોનો સમાવેશ થાય છે.

નેટગ્રંથાલય ગ્રંથાલય દ્વારા પુરી પાડવામાં આવેલા પુસ્તકના ઉપયોગનો અહેવાલ પણ પુરો પાડે છે. તે સંપૂર્ણ રીતે અગ્રેસર ગ્રંથાલય સેવા સાથે સંકલિત છે. જે અન્ય ગ્રંથાલયો નેટગ્રંથાલય સાથે સીધા જોડાણની સુવિધા આપે છે.

**OCLC નું યાંત્રિક સંગ્રહ :** OCLC નું ચાલુ લાઈન યાંત્રિક સંગ્રહ શક્તિશાળી પત્રક સેવા છે કે જે વેબ આધારિત વિશાળ સંગ્રહ પુરો પાડે છે. જેમાં વિશ્વભરનાં 70 પ્રકાશકનોનાં વિશાળ સ્તરમાં વિષયોનાં 5000 ગ્રંથો કરતા વધારેનો સમાવેશ થાય છે. તે રૂપરેખા નિરાકરણ અને સામયિક સોચ પુરી પાડે છે. OCLC એ સામયિક જથ્થા માટે રૂપરેખાની શોધ પૂરી પાડે છે. ઓસીએલસી દ્વારા યાંત્રિક સામયિકનું ઉમેરણ સામાયિકનાં ઉમેરણ માટે સરળ પ્રક્રિયા પૂરી પાડે છે.

**OCLC માહિતી સેવા : પ્રથમ શોધ** : વેબ આધારિત ઓનલાઈન સેવાની પ્રથમ શોધ સામયિક વિશેની પ્રાથમિક માહિતી પુરી પાડવાની છે. આ સેવા સરળ યાંત્રિક પ્રક્રિયા પુરી પાડે છે. જેમાં 80 કરતાં વધારે માહિતી આધારો, 10 લાખ પૂર્ણ અક્ષરો, અને પૂર્ણ છબીઓ, વિષયને લગતી હોય છે. ગ્રંથાલયને તેની જરૂરિયાત મુજબનાં માહિતી આધારો પસંદ કરવાના વિકલ્પ હોય છે. કેટલાક અગત્યનાં માહિતી આધારો જે પ્રથમ શોધમાં સમાવેશ થાય છે. તે નીચે મુજબ છે.

- ABI / માહિતી
- વિજ્ઞાન અમલ પ્રદ્યોગિકી લેખો
- લેખ પ્રથમ : 12,500 સામયિક સો લેખની સૂચિ
- મૂળભુત બાયોસીસ
- જીયોબેઝ
- પ્રથમ જથ્થો : 12,500 સામયિકમાં જથ્થાનું કોષ્ટક
- ઘટસ્ફોટ : લોકો, માલિકી, સંસ્થા, આર્થિક અહેવાલ
- શિક્ષણ સારાંશ : શિક્ષણનાં લેખનાં માહિતી આધારો
- પ્રસંગહાર : પ્રસંગો, મેળાવડાનું આયોજન વૈશ્વિક
- સૂક્ષ્મ કોમ્પ્યુટર લેખ : કોમ્પ્યુટર અમલીકરણ લેખ
- તબક્કાવાર લેખ : 1800 સામયિક લેખની સૂચિ
- સંસ્થા : સંસ્થા મૂલાકાતની સૂચિ
- વર્લ્ડકેટ : 32 લાખ બુક પત્રક અને અન્ય ગ્રંથાલય સ્ત્રોતો
- વર્લ્ડ ક્ષેપ : વિશ્વની સંસ્થાઓનો આર્થિક અહેવાલ

**જથ્થો** (Contentdm) **: યાંત્રિક જથ્થા વ્યવસ્થાપન સોફ્ટવેર :** જથ્થો dm એ યાંત્રિક વ્યવસ્થાપન સોફ્ટવેર છે. તે વેબ પર સાધનો, વ્યવસ્થા, વ્યવસ્થાપન, પ્રકાશન અને શોધ યાંત્રિક સંગ્રહ ઉપલબ્ધ કરાવે છે. તે એક લૌચિક ઘણા બધા કામ કરવાવાળો સોફ્ટવેર છે. જે બધા દસ્તાવેજો જેમાં પીડીએફ, છબી, વિડિયો અને ઓડિયોફાઈલ ને નિયંત્રિત કરે છે. જથ્થોdm યોગ્ય નિરાકરણ વપરાશકર્તાની જરૂરિયાત મુજબનું આપે છે. તે વપરાશકર્તાને કાર્યાત્મક રીતે સંગ્રહનું સર્જન કરવા માટે સરળ પોઈન્ટ ક્લિકની સુવિધા આપે છે.

**આંતર ગ્રંથાલય ધિરાણ વ્યવસ્થાપન સોફ્ટવેર : ILLaid**

OCLC નો ILLaid એ સ્ત્રોત વહેંચણી વ્યવસ્થાપન સોફ્ટવેર છે. જે ગ્રંથાલય ને આપમેળે આંતર ગ્રંથાલય ધિરાણ માટે મદદ કરે છે. આ સોફ્ટવેરથી કાગળકામ ઘટે છે. અને ઉત્પાદકતા વધે છે. આ સોફ્ટવેર ગ્રંથાલય માટે OCLC ILL અને વર્લ્ડફેર દ્વારા ઉપલબ્ધ એક બારીની સેવા દ્વારા જ ગ્રંથાલયને ઉછીનું લેવું કે દેવું કે દસ્તાવેજ પહોંચાડવાની સુવિધા આપે છે. ILLaid આંતર ગ્રંથાલય ધિરાણ માટે સ્વયં સંચાલન પ્રક્રિયા છે જે ઉછીનું લેવું કે આપવું, આર્થિક સુવિધા, દસ્તાવેજ

પહોંચાડવા આ બધી યાંત્રિક સેવા પુરી પાડે છે. વપરાશકર્તા માંગ જ્યારે સંતોષાય ત્યારે તે જાહેર પણ કરે છે. આ ઉપરાંત વપરાશકર્તા વેબ દ્વારા પોતાની વિનંતીને નોંધાવી પણ શકે છે.

**અન્ય સેવાઓ :** OCLC ની અત્યાધુનિકતા સૂક્ષ્મચિત્ર અને રૂપરેખા સેવા સભ્યોનાં સંગ્રહની વહેંચણી અને જાળવણી માટે ગોઠવવામાં આવે છે. OCLC ને રાચરચીલું અને કૌશલ્યવાળા કર્મચારીઓ છે. જો સભ્ય સંસ્થા પૃથક્કરણ સાધન વાપરે તો OCLC નાં સંગ્રહનો વિકાસ સેવામાં શક્તિ અને સંગ્રહમાં થોડીક જગ્યા મળે.

### 12.9.2 સંશોધન ગ્રંથાલયનું મંડળ (RLG) RLIN (www.rlg. org.) (Research Libraries Group (RLG) RLIN)

સંશોધન ગ્રંથાલય મંડળમાં 150 સંશોધન ગ્રંથાલય, સંગ્રહસ્થાન, કલાત્મક સ્થાનો અને સાંસ્કૃતિક સંસ્થાઓનો સમાવેશ થાય છે અને આ મંડળ નફા માટે નથી. આ મંડળનું સભ્યપદ એ અધ્યયન અને સંશોધન માટે યાદગાર સંગ્રહ છે. આ ન્યુયોર્ક લોક ગ્રંથાલય કોલમ્બિયા મહાવિદ્યાલય, હાર્વર્ડ મહાવિદ્યાલય અનપાલ મહાવિદ્યાલય દ્વારા 1974માં શોધાવું, યાંત્રિક યુગમાં માહિતી પ્રક્રિયા અને વ્યવસ્થાપન દ્વારા ઉભી થયેલી સમસ્યાનું નિરાકરણ આ મંડળ કરે છે.

આ મંડળ (RLL) ગ્રંથાલયો, કલાત્મક સ્થાનો અને સંગ્રહ સ્થાનોમાં પડેલા સાહિત્ય દ્વારા વિશ્વભરનાં સંશોધકો અને અધ્યયન કર્તાઓને સંશોધન સામગ્રી પુરી પાડે છે. તે સભ્ય સંસ્થાઓની કાર્યક્ષમતા વધારવા સંશોધન સ્તોત્રો પુરા પાડી તેની સાથે તે તેની માટે કામ કરે છે. આ મંડળ રચનાત્મક માહિતીઓની સેવા, સામુહિક સંગઠન કાર્યક્રમો ઘડે છે ને યોગ્ય ધોરણો, સિદ્ધાંતો ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે સંસ્થા અને વ્યક્તિને ઉપયોગી એવા માહિતીનાં વિવિધ સ્રોતો પુરા પાડે છે.

આ મંડળનું શાસન તેના સભ્યો, કર્મચારીઓ અને પ્રમુખો ચલાવે છે. તેનું મુખ્ય મથક યુ.એસ.એ. કેલિફોર્નિયા છે.

**ઇતિહાસ :** 1970માં ત્રણ મહાવિદ્યાલયો અને ન્યુયોર્ક લોક-ગ્રંથાલય એ એક નવું સ્રોત વહેંચણી સંયોજન બનાવ્યું. જે 1975થી સંશોધન ગ્રંથાલય મંડળ તરીકે સ્થાપિત થયું. ત્યારથી આ મંડળ (RLG) દરેક પ્રકારની સાંસ્કૃતિક યાદગીરી સંસ્થાઓ સ્થાપે છે. જેમાં મહાવિદ્યાલયો, રાષ્ટ્રીય ગ્રંથાલયો, કલાત્મક સ્થાનો, ઐતિહાસિક વિસ્તારો અને સંગ્રહ-સ્થાનોનો સમાવેશ થાય છે.

